# ધનના શાલિભદ્ર



કુમાર મોહનલાલ ધામી

દેસાઇ
વાપી.
૧૮

# ધન્ના શાલિભદ્ર

●

: લેખક :

વિમલકુમાર મોહનલાલ ધામી

●

: પ્રકાશક :

નવયુગ પુસ્તક ભંડાર

બુકસેલર્સ : : પબ્લિશર્સ

નવા નાકા રોડ

રાજકોટ–૩૬૦ ૦૦૧ : : : [સૌરાષ્ટ્ર]

: પ્રકાશક :
નવિનચંદ્ર મોહનલાલ મહેતા
નવયુગ પુસ્તક ભંડાર
નવા નાકા રોડ, ૧લે માળ
રાજકોટ-૩૬૦૦૦૧ [સૌરાષ્ટ્ર]

●

© વિમલકુમાર મોહનલાલ ધામી

●

પુનર્મુદ્રણ : બીજું
[૧૯૮૪]

●

કિંમત
રૂા. ૩૬-૦૦

●

: મુદ્રક :
શ્રી ક્રિષ્ના ટાઈપ સેટીંગ વર્કસ
સાણંદ-૩૮૨૩૨૦
જિ. અમદાવાદ.

મારા વડિલ સમા પૂ. મોટાભાઈ અને પૂ. ભાભી

પૂ. શ્રી. સૌરિન્દ્રકુમાર મોહનલાલ ધામી

પૂ. શ્રી. જ્યોત્સનાબેન સૌરિન્દ્રકુમાર ધામી

ને

સાદર સમર્પણ

—વિમલ ધામી

## વિમલકુમાર મોહનલાલ ધામી રચિત પુસ્તકો

| | |
|---|---|
| બે ડગલાં આગળ | ૨૭–૫૦ |
| અમર બલિદાન | ૨૩–૦૦ |
| ધન્ના શાલિભદ્ર | ૩૬–૦૦ |
| જંબૂકુમાર | ૩૪–૦૦ |
| સુખની ભ્રમણા | ૨૦–૦૦ |
| ચિત્રસેન પદ્માવતી | ૨૮–૦૦ |
| વિધિના વર્તુળ | ૪૦–૦૦ |
| નેમ રાજુલ | ૩૦–૦૦ |
| અમરકુમાર | ૩૦–૦૦ |
| અભયકુમાર | ૨૩–૫૦ |
| સાર આ સંસારનો | ૧૮–૦૦ |
| રૂપનંદિની | ૯–૦૦ |

## સરગમ

ફૂલછાબમાં અતિ લોકપ્રિય થયેલી સંગીતને સ્પર્શતી લેખમાળા 'સરગમ' પુસ્તકાકારે પ્રગટ થયેલ છે. જેમાં ૬૦ રાગોના પરિચય ઉપરાંત અન્ય તદ્દન નવા ૧૫ રાગોના પરિચય આપવામાં આવ્યા છે.

દરેક સંગીત સંસ્થાઓ, સંગીતમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ તેમજ સંગીત રસિકોએ વિમલકુમાર ધામીનું આ પુસ્તક વસાવવા જેવું છે.

પૃષ્ઠ ૨૪૦ : કિંમત રૂા. ૨૭–૦૦

: પ્રકાશક :

**નવયુગ પુસ્તક ભંડાર**

નવા નાકા રોડ, ૧લે માળે,

રાજકોટ–૩૬૦ ૦૦૧ : [ સૌરાષ્ટ્ર ]

## વાંચતા પહેલા...

મારી આ ત્રીજી નવલકથા છે.

ધન્ના શાલિભદ્રની કથા પ્રચલિત છે. વૈભવ, વિલાસ અને ત્યાગ સમર્પણની આ કથામાં કલ્પનાની પીંછી વડે રંગ પૂર્યા છે. કથાને રસમધુર બનાવવા માટે લેખકે કલ્પનાના વિવિધ રંગો પૂરવા જ પડે છે. આમ છતાં ઇતિહાસને બાધારૂપ ન લખાઈ જાય તેની મેં કાળજી રાખી છે.

આ કથા પાછળ પરમપૂજ્ય આચાર્યદેવશ્રી હેમસાગરજી મહારાજ સાહેબનો અત્યંત ઋણી છું. તેઓનું માર્ગદર્શન નિત્ય મળતું રહે છે. આ કથા લખવા માટે અનેક ગ્રંથો જોયા, વિચાર્યા. ત્યાર બાદ કથાનું સર્જન કર્યું છે. મારી પત્ની દીપ્તિ મારા સાહિત્યમાં રસ લે છે અને ચર્ચા પણ કરે છે.

મારા પિતાશ્રીના શુભ આશીર્વાદ અને માર્ગદર્શન પ્રેરણારૂપ બન્યા છે.

ધન્ના શાલિભદ્રની કથા સમૃદ્ધિ, વિલાસ અને વૈરાગ્યની વચ્ચે રમે છે. સુપાત્ર દાન કરવાથી માનવી તરી જાય છે. અંતરમાં દાન દેવાથી કશો હિચકિચાટ ન અનુભવતો હોય, વિશુદ્ધ ભાવથી સુપાત્ર દાન જો આપવામાં આવે તો માનવીનું જીવન મંગલમય બની જાય છે.

ધન્ના શેઠનું ભાગ્ય પ્રબળ છે. સમૃદ્ધિની છોળો, વૈભવ તો આંગણે રમતો જોવા મળે છે. ત્યારે શાલિભદ્રનો ઉછેર અનેક વૈભવશાળી સાધનો વચ્ચે થયેલો છે.

ધન્ના અને શાલિભદ્ર અનેક વૈભવો વચ્ચે રહેતા હોવા છતાં

મુક્તિની એક ચિનગારી સંસારના રંગરાગને બાળી નાખે છે. ધન્નાની પત્ની સુભદ્રાના એક વાક્યથી ધન્ના શેઠ તરત જ મુક્તિના માર્ગે ચાલ્યા જાય છે.

કેવો ભવ્ય ત્યાગ...?

વૈભવ વિલાસ અને સમૃદ્ધિની છોળો પળવારમાં છોડીને જતું રહેવું તે સહજ કાર્ય નથી. એ તો અંતરમાં અનંત સુખ પ્રાપ્તિની ઉત્કંઠા પ્રગટી હોય ત્યારે જ થઈ શકે.

આવા મહાન આત્માઓથી ભારતભૂમિ સભર હતી.

મને શ્રદ્ધા છે કે મારી આ કથા આપને જરૂર પસંદ પડશે.

સંવત ૨૦૩૬ : અષાડ શુદ ૨
કરણપરા, ધામિનિવાસ
રાજકોટ—૩૬૦૦૦૧

—વિમલકુમાર મોહનલાલ ધામી

## બીજી આવૃત્તિ વખતે

મારી 'અમરકુમાર' નામની નવલકથા પછી આ પુસ્તક 'ધન્ના શાલિભદ્ર'ની બીજી આવૃત્તિ પ્રગટ થાય છે એ પ્રસંગે મને આનંદ થાય તે સ્વાભાવિક છે.

પ્રથમ આવૃતિની પ્રસ્તાવનામાં મારા વિચારો, કથા વિષેની નોંધ દર્શાવી છે તેથી વિશેષ કશું લખવું નથી.

આ ગ્રંથની બીજી આવૃત્તિ લોકભોગ્ય બનશે એમાં જરાય સંશય નથી. હું આશા રાખું છું કે મારી દરેક નવલકથાઓ માફક આ કથા પ્રત્યે પણ એવોને એવો વાચકમિત્રોનો પ્રેમભાવ રહેશે. એમાં શંકા નથી.

સંવત ૨૦૪૦ : વિજયાદશમી
કરણપરા : ધામીનિવાસ
કિશોરસિંહજી રોડ
રાજકોટ—૩૬૦૦૦૧

—વિમલકુમાર મોહનલાલ ધામી

# ધન્ના શાલિભદ્ર

[ ઐતિહાસિક નવલકથા ]

●

●

વૈભવ, વિલાસ, અને સમૃદ્ધિની છોળો વચ્ચે મુક્તિની ચિનગારીનો એક સ્પર્શ સંસારના રંગરાગને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે. ત્યાગભાવનાના મર્મને સમજાવતી દિલચસ્પ કથા.

# અનુક્રમ


| પ્રકરણ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ધન્યા રડતી રહી... | ૧ |
| ૨ | પુત્રજન્મ | ૧૨ |
| ૩ | ધન્નાની પરીક્ષા | ૩૨ |
| ૪ | જીવનનું અંગ | ૪૬ |
| ૫ | મધુવંતી | ૬૫ |
| ૬ | રૂપસેનાનું નૃત્ય | ૮૪ |
| ૭ | કલા મંજરી... | ૧૧૦ |
| ૮ | દેવિકાનો પ્રશ્ન...! | ૧૨૧ |
| ૯ | નવી ઉપાધિ | ૧૩૯ |
| ૧૦ | મંત્રીપદ | ૧૫૭ |
| ૧૧ | ઉજ્જેયિનીનો ત્યાગ | ૧૭૬ |
| ૧૨ | પાણિગ્રહણ | ૧૯૫ |
| ૧૩ | કાણો વેપારી | ૨૧૩ |
| ૧૪ | દેવપ્રિયા | ૨૨૭ |
| ૧૫ | રત્નકંબલનો વેપારી | ૨૪૯ |
| ૧૬ | રત્નકંબલની ખરીદી... | ૨૬૬ |
| ૧૭ | શ્રેણિકનું સ્વાગત | ૨૮૨ |
| ૧૮ | વૈરાગ્યની ચિનગારી | ૨૯૭ |
| ૧૯ | સર્વત્યાગના પંથે | ૩૧૨ |
| ૨૦ | અનસન વ્રત | ૩૧૯ |
| | ઉપસંહાર | ૩૨૮ |

**શાલિગ્રામ** નગર સમૃદ્ધિ વૈભવ અને ધન-ધાન્યથી સભર હતું. આ નગરીનો રાજવી ઉદાર, લોકપ્રિય અને દયાળુ હતો. જે નગરીનો રાજા સત્યનિષ્ઠ અને નીતિવાન હોય તો તે નગરની પ્રજા પણ અત્યંત સુખી હોય છે. શાલિગ્રામ નગર નાનું હતું છતાં સમૃદ્ધ હતું. લોકો પરમ સુખી હતા. જ્યારે આપસમાં કોઈ પ્રશ્ન ઊભો થતો ત્યારે નગરીનું મહાજન તે પ્રશ્નનો ઉકેલ લાવી આપતાં... રાજદરબાર સુધી જવાનું ભાગ્યે જ થતું.

આ ગામમાં શ્રીદત્ત નામના શ્રેષ્ઠિની કીર્તિ નગરીના આસપાસના પ્રદેશોમાં પંકાયેલી હતી. શ્રીદત્ત દયાળુ, ઉદાર અને ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા ધરાવતા હતા.

માનવી ધર્મ પ્રત્યે શ્રદ્ધા ધરાવે છે તે પુણ્યશાળી થાય છે અને પરમ સુખી બને છે. શ્રીદત્ત શેઠનું ભવન ભવ્ય અને કલાત્મક હતું. તેમના પત્ની પણ ધર્મના ચુસ્ત નીતિનિયમો પાળતાં હતાં. બંને પતિ–પત્ની નિયમિત નગરીમાં આવેલ શ્રી આદિશ્વર ભગવંતના જિના-

લયમાં જઈને દરરોજ સેવા–પૂજા અને ભાવભરી ભક્તિ કરતાં અને ભાવભર્યાં મધુર સ્વરે સ્તવન ગાતાં ત્યારે વાતાવરણ મંત્રમુગ્ધ બની જતું.

શ્રીદત્ત શ્રેષ્ઠિને ત્યાં ધન્યા નામની દાસી ભવનનું કાર્ય કરતી હતી. તે અત્યંત ભલી હતી. ધન્યા ખાસ કરીને શ્રીદત્તની પત્ની ચિત્રાદેવીના અંગત કાર્યની દેખરેખ રાખતી. ચિત્રાદેવીના કાર્યમાં સહાયક થતી.

એક દિવસ ચિત્રાએ ધન્યા સામે જોઈને મધુર સ્વરે કહ્યું: 'ધન્યા, આવતીકાલે આ નગરીમાં તપસ્વી મુનિરાજ પધારી રહ્યા છે. એથી આવતીકાલે તેમના દર્શન અર્થે હું અહીંથી વહેલી નીકળી જઈશ.'

'ભલે....દેવી....' ધન્યાએ ઉત્તર આપ્યો.

'પણ તું ભવન પર વહેલી આવજે, જેથી દરેક કાર્યની દેખરેખ રાખી શકે...'

'જેવી આજ્ઞા...' ધન્યાએ કહ્યું.

ધન્યા તરત જ પોતાનાં અધુરા રહેલા કાર્ય માટે ચાલી ગઈ. આ ભવનમાં તે ભવનની સફાઈ, અને બીજું દરેક કાર્ય કરતી હતી. તે અત્યંત દરિદ્ર હતી પણ તેનામાં સંસ્કારનાં બીજ હતાં, પ્રમાણિકતા હતી. આથી તે ચિત્રા શેઠાણી સમક્ષ પોતાની દરિદ્રતાની વાત કરી શકતી નહોતી. ધન્યાને ત્યાં સંગમ નામનો આઠ વર્ષનો પુત્ર હતો. ધન્યાનો પતિ અસામાન્ય રોગની ઉપાધિમાં ઝડપાઈ ગયો અને

મૃત્યુને શરણ થયો. આથી ધન્યાને શીરે પોતાના પુત્ર સંગમ અને પોતાનું ગુજરાન ચલાવવાની જવાબદારી આવી પડી.

સંસાર ઉપાધિથી સભર છે. સંસારના દરેક જીવોને કુંઈને કુંઈ ઉપાધિ સતાવતી જ હોય છે. પરંતુ જે સમજે છે તે માથે આવેલ ઉપાધિને અમૃત સમજીને પી જાય છે ત્યારે તેનું હૈયું શાંત બની જાય છે. ઉપાધિ માનવીને કોરી ખાય છે. તેનું ચિત્ત કશા પર લાગતું નથી. પરંતુ માથે પડેલી વિપત્તિનો સામનો કરવો એ જ યોગ્ય રહે છે.

ધન્યા ઉપાધિને ગળી ગઈ હતી અને પતિવિહોણા જીવનને શાંતિ આપવા તે પોતાનું ચિત્ત ચિત્રા શેઠાણીને ત્યાં લગાડી રહી હતી.

સંગમ ધન્યાનો પુત્ર હતો. આઠ વર્ષની ઉંમર છતાં તે બુદ્ધિશાળી અને રમતિયાળ હતો, જયારે ધન્યા શ્રેષ્ઠિને ત્યાં કામકાજ કરવા અર્થે જતી ત્યારે સંગમ પાડોશીઓનાં ગાય-વાછરડાંને લઇને ચરાવવા લઈ જતો. આ નિત્યક્રમ થઈ ગયો હતો. બીજો પુત્ર સંગમથી મોટો હતો.

કોઈકોઇ વાર સંગમ તેની માતાને કહેતો : 'માતાજી, મને ખીર ખાવાની ખૂબ ઇચ્છા થાય છે......'

જયારે ધન્યા પોતાની પરિસ્થિતિનો વિચાર કરીને ના કહેતી ત્યારે સંગમનું હૃદય ભાંગી પડતું અને રૂદન કરવા લાગતો. ધન્યા સંગમને સમજાવતી : ' સંગમ, તું

મોટો છે છતાં સમજતો નથી...આપણી સ્થિતિ એવી નથી કે હું તને ખીર ખવડાવી શકું...'

'ત્યારે સંગમ રડતાં રડતાં કહેતો : 'માતાજી, મારે ખીર ખાવી છે...'

ધન્યા ત્યારે પોતાના પતિનું સ્મરણ કરીને રડવા લાગતી અને મનોમન કહેતી : 'ઓહ...એ જીવતાં હોત તો મારા બાળકોની દરેક ઈચ્છાઓ પૂરી થઈ શકત... હું અભાગી, મારા બાળકોની ઇચ્છા પૂરી કરી શકતી નથી અને કોઇની સામે હાથ લાંબો કરી શકતી નથી...'

સંગમ જ્યારે ખીર ખાવાની ઇચ્છા પ્રગટ કરતો ત્યારે તે બીજો કોઈ પણ ખોરાક લેતો નહિ પરંતુ રાત્રે માતાની બાજુમાં સૂઈ જતો અને માતાના વહાલભર્યા શબ્દોથી નિરાંતની ઉંઘ માણતો. બીજે દિવસે કશું ન હોય...

ધન્યાને અંતરમાં અપાર દુઃખ થતું પરંતુ પોતાની દરિદ્રતાની સામે તે કશું કરી શકે તેમ નહોતી. તે પોતાની શેઠાણીને પણ આ વાત કરી શકતી નહોતી.

*બીજે દિવસે ધન્યા બાળકોને એકલા મૂકીને ચિત્રા* શેઠાણીને ત્યાં ગઈ...ચિત્રા સ્નાનકાર્ય પૂર્ણ કરીને વસ્ત્ર-પરિવર્તન અર્થે ગઈ હતી. થોડી વારમાં તે સાદા છતાં ઉત્તમ વસ્ત્રો ધારણ કરીને બહાર આવી. શ્રીદત્તે કહ્યું: 'દેવી, ચાલો

હું તારી સાથે જ આવું છું, ત્યાંથી સીધો પેઢીએ જતો રહીશ...'

'સ્વામી, હું થોડી વારમાં આવું છું...' ચિત્રા કંઈક કામ યાદ આવી જતાં અંદરના ખંડમાં ગઈ. ધન્યાને કશીક સૂચના આપી ને તે પતિની સાથે ભવનની બહાર નીકળી.

શ્રીદત્ત શેઠનો સારથિ રથ તૈયાર કરીને માર્ગ પર વાટ જોતો હતો. શેઠ-શેઠાણીને જોતાં જ મસ્તક નમાવ્યું. શ્રીદત્ત અને ચિત્રા શેઠાણી એ રથમાં બિરાજમાન થયાં. બંનેએ આજ પ્રાતઃકાળે જ પૂજા કરી લીધી હતી.

તપસ્વી મુનિના દર્શનાર્થે નગરીના અનેક જૈન-અજૈન પરિવારો પધાર્યા હતા. શ્રીદત્ત શેઠ અને ચિત્રા શેઠાણી સમયસર પહોંચી ગયાં હતાં. મુનિરાજ આજ વ્યાખ્યાન આપવાના હતા આથી સૌ દર્શન કરીને શાંતિથી પાથરેલા પાથરણા પર બેસી ગયાં હતાં.

મુનિરાજે કહ્યું: 'ભદ્રે, સંસાર અસાર છે. સંસારમાં વસતા પ્રત્યેક જીવો પોતાના કર્માનુસાર પોતાનું જીવન વ્યતિત કરતાં હોય છે. જો માનવીના અંતરમાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અપાર હોય અને પોતાનું સમગ્ર જીવન તપ વડે તપાવેલું હોય તો તે સંસાર પાર કરી જાય છે. સમજણ વગરનો ધર્મ કશા કામનો નથી. તપ-ત્યાગની સમજણ હોય અને અંતરમાં આ માર્ગની જ્યોત પ્રગટી હોય તો જ માનવી ધારેલા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરે છે.

સંસાર પાર કરવામાં અંતરની જ્યોતને પ્રગટાવવી આવશ્યક છે. સંસારના અનેક જીવો એવા હોય છે કે, કોઇ કરે છે માટે આપણે કરવું...તેને ધર્મ કહેવાતો નથી, તેને તપ કહેવાતું નથી કે તેને ત્યાગ કહી શકાતો નથી. સંસારીઓને અનેક ઉપાધિ વળગી હોય છે જ્યારે સાધુને કશી ઉપાધિ હોતી નથી તેનું મન-અંતર અને વિચારો, જ્ઞાન વગેરે મોક્ષ પ્રાપ્તિમાં રચેલું હોય છે.'

આમ મુનિરાજે પ્રભાવશાળી પ્રવચન આપીને હરેકને તપ-ત્યાગની વિષેની વાત કરી. પ્રવચન પૂરું થયા બાદ સૌ પોતપોતાના સ્થાને જવા વિદાય થયા.

શ્રીદત્ત શેઠ પણ પ્રવચન સાંભળવા બેસી ગયા હતા. ચિત્રા શેઠાણીએ મુનિરાજનું પ્રવચન ઘણા જ ભાવથી સાંભળ્યું હતું. બંને શેઠ-શેઠાણી મહારાજને વંદન કરીને ભવન તરફ વિદાય થયા.

શ્રીદત્ત શેઠે કહ્યું : 'દેવી, મુનિ મહારાજ ઘણા તેજસ્વી છે. બે દિવસ બાદ તેઓ આગળ વિહાર કરવાના છે.'

'હા...નગરીના લોકોનો આગ્રહ છે કે તેઓ આ વખતે ચાતુર્માસ અહીં કરે...'

'પણ તેઓ રોકાશે નહિ. જો તેઓ અત્રે ચાતુર્માસ કરે તો નગરીના લોકોનાં જીવન ધન્ય બની જાય...એમની વાક્શક્તિનો પ્રભાવ કેટલો ઉત્તમ છે...!'

'હા...સ્વામી, તેઓ ઉગ્ર તપશ્ચર્યા કરે છે. મેં આજ સાંભળ્યું કે તેઓ એક માસના ઉપવાસ કરવાના છે.

તેઓની પાંસઠ વર્ષની ઉંમર છતાં મુખ પર તપનું તેજ કેટલું ભવ્ય લાગે છે ?'

આમ બંને વાતો કરતાં કરતાં ભવને પહોંચ્યા ત્યારે દિવસનાં બીજા પ્રહરની બીજી ઘટિકા ચાલી રહી હતી. શ્રીદત્ત શેઠ પેઢી પર ગયા.

બે દિવસ બાદ જાણવામાં આવ્યું કે તપસ્વી મુનિ સંઘના અતિ આગ્રહને કારણે માસખમણ કરવાના નિમિત્તે તેઓ અત્રે રોકાશે...

રાતે શ્રીદત્તે આ વાત પોતાની પ્રિયાને જણાવી ત્યારે ચિત્રા આનંદિત થઈ ગઈ. સ્વામીની વાત સાંભળીને હૈયું પ્રસન્ન બન્યું.

ચિત્રાએ કહ્યું : 'સ્વામી, આ નગરીના પુણ્ય ગણો કે આ મહાન તપસ્વી મુનિરાજ એક માસ પર્યંત અત્રે રોકાશે અને જનસમુદાયને તેમના અલક્ષ્ય પ્રવચનનો લાભ પ્રાપ્ત થશે....'

'પ્રિયે, તારી વાત સાચી છે...તપસ્વી મહારાજને જોતાં જ આપણું મસ્તક નમી પડે છે....ખરેખર તપની આરાધનામાં જ તેઓમાં વિશિષ્ટ પ્રકારનું તેજ સમગ્ર શરીર પર રમી રહ્યું છે.'

દિવસો જવા લાગ્યા.

કાળની ગતિને કોણ રોકી શક્યું છે? કાળ હંમેશાં પોતાનું કાર્ય કરતો જ રહે છે. દિવસ પછી રાત આવ્યા જ કરે છે....દિવસો જતા હોય છે...

પચ્ચીસ દિવસ થઈ ગયા. તપસ્વી મહારાજનું સ્વાસ્થ્ય કથળ્યું નહોતું...તેઓ તપની આરાધનામાં મગ્ન હતા. નગરીના અનેક લોકો મહારાજની સાતા પૂછવા અર્થે જતાં. શ્રીદત્ત અને ચિત્રાદેવી નિયમિત તપસ્વી મહારાજની સાતા પૂછવા જતાં. માસખમણના પારણાનો લાભ કોને મળશે...? તેવી વાતો અંદરોઅંદર થતી હતી.

શ્રીદત્તને થતું આ મહાન તપસ્વીને મારા ભવન પર પારણા કરાવું...જેનાં પુણ્ય સારાં હોય તેને જ મહારાજના પારણાનો લાભ મળશે.

છવ્વીસમો દિવસ પણ પસાર થઇ ગયો. હવે તો ગણ્યાંગાંઠ્યાં દિવસો બાકી રહ્યા હતા.

ત્રીસમો દિવસ પણ આવી ગયો. આવતીકાલે પારણું હતું. નગરના દરેક જૈન પરિવારો અને અજૈનો, મહારાજને પોતાને ત્યાં પારણા કરવા માટે આવવાની વિનંતી કરી...

તપસ્વી સાધુએ 'વર્તમાન જોગ' કહીને કહ્યું: 'આવતીકાલની મને ખબર નથી...પારણું કોઈ પણ ઠેકાણે કરી લઈશ...હું હા પાડીને બંધાતો નથી.'

તે જ દિવસે સંગમે ફરીને ખીર માટેનો આગ્રહ તેની માતા સમક્ષ કર્યો.

ધન્યાએ કહ્યું: 'સંગમ, ફરીને તું ખીર માટેનો આગ્રહ કરે છે...આપણી પાસે ખીર બનાવવાની કોઈ સામગ્રી નથી. તું નાહકની જીદ કરે છે....'

આ વખતે સંગમે બરાબર જીદ પકડી.

સંગમ રૂદન કરવા લાગ્યો. ધન્યાએ પોતાના પ્રિય

બાળકને પોતાની પાસે બેસાડ્યો અને મસ્તક પર વહાલથી હાથ ફેરવવા લાગી અને નમ્ર સ્વરે કહ્યું, 'સંગમ, આપણે દરિદ્ર છીએ. આપણાથી ખીર કઈ રીતે ખાઈ શકાય...?'

પણ સંગમ શાંત રહ્યો નહિ.

નાનો બાળ દરિદ્ર કોને કહેવાય? તે શું સમજે...? તે આજ માતા પાસે ખીરની માગણી કરી રહ્યો હતો.

ધન્યાએ કહ્યું : 'સંગમ, આપણી નગરીમાં એક તપસ્વી મુનિરાજ આવ્યા છે. છેલ્લા એક માસથી ઉપવાસ કરી રહ્યા છે. તેઓ એક મહિનો કોઈ પણ ખોરાક વગર તપની આરાધના કરી રહ્યા છે. તેઓને આવતીકાલે પારણું છે.'

સંગમે આ વાત સાંભળી પણ તેની આંખોમાંથી આંસુ તો નીકળતાં જ હતાં. ત્યાં આજુબાજુના બે-ત્રણ પાડોશી આવી ચડ્યા અને શું થયું? કહીને પૂછવા લાગ્યા.

ત્યાં ધન્યાએ કહ્યું : 'આપ જ કહો હું શું કરું...? આ નાનો બાળ ખીર કરવાનું કહે છે પરંતુ મારી પાસે ખીર બનાવવાની સામગ્રી નથી અને લઈ શકું તેમ નથી. પણ સંગમ સમજતો નથી.'

એક પાડોશીએ કહ્યું : 'અમે આપને ખીરની સામગ્રી આપશું. તમે આવતીકાલે સંગમને સવારે ખીર બનાવી આપજો.'

ધન્યાએ પાડોશીઓનો આભાર માન્યો અને સંગમ પણ શાંત થયો. બીજે દિવસે ખીર પોતાની માતા કરી આપશે તે જાણીને હૈયું આનંદિત બની ગયું.

બીજે દિવસે દિવસના પ્રથમ પ્રહરની બીજી ઘટિકાએ ખીર બનાવવા માટેની સામગ્રીઓ મૂકી ગયા. સંગમની માતા ધન્યાએ ઘણા જ ભાવપૂર્વક ઉત્તમ સ્વાદવાળી ખીર બનાવી.

આ તરફ તપસ્વી મહારાજ પારણા અર્થે નીકળી ગયા હતા. દિવસનો પ્રથમ પ્રહર પૂરો થયો હતો.

ધન્યાએ ખીર બનાવીને એક મોટા થાળામાં કાઢી આપીને સંગમને પીરસીને તે કોઈ કાર્ય અર્થે બહાર ચાલી ગઈ.

હવે બન્યું એવું કે તપસ્વી મુનિરાજ જેમણે એક માસની ઉગ્ર તપશ્ચર્યા સાથે માસખમણ કર્યું હતું.

તેઓ ત્રણ ગુપ્તિવાળા તપસ્વી કહેવાતા હતા.

આજ માસખમણનું પારણું હતું દિવસનો બીજો પ્રહર શરૂ થયો હતો.

આ તરફ ધન્યા કોઈ કામ અર્થે બહાર ચાલી ગઈ અને તપસ્વી મુનિએ ધન્યાના દ્વાર પાસે આવીને કહ્યું: 'ધર્મલાભ...'

ત્યારે ગુણ-સમુદાય એકઠો થયો છે તેવો તે સંગમ વિચારવા લાગ્યો કે: 'ખરેખર મારો પુણ્યોદય શ્રેષ્ઠ છે. આવા અવસરે મહાતપસ્વી સાધુ મહારાજ મારા આંગણે આવ્યા છે. મારી માતા ગઈકાલે જે તપસ્વીની વાત કરી રહી હતી તે જ આ તપસ્વી છે. ઓહ...હું કેટલો ભાગ્યશાળી છું. તો આ શ્રેષ્ઠ સમગ્ર ખીર તેમને જ વહોરાવું. આ જ અમૃત આહાર છે...'

આમ વિચારીને સંગમ થાળ લઇને તપસ્વી મહારાજ પાસે આવે છે. સૌ પ્રથમ વંદન કરે છે પછી સારી રીતે લઇને મુનિને પ્રતિલાભે છે. તપસ્વી મુનિરાજ સંગમના મુખ પરના ભાવ જોઈને ખીર ગ્રહણ કરે છે.

તપસ્વી મુનિ 'ધર્મલાભ' કહીને ચાલ્યા ગયા. સંગમ ખીર આપીને જાણુયે પોતે અત્યંત તૃપ્ત થયો છે તેવું જણાવા લાગ્યું.

સંગમ અનુમોદના કરવા લાગ્યો કે ખરેખર એવા અવસરે મુનિરાજ આવી પહોંચ્યા કે, જે વખતે ખીરનો થાળ ભરેલો જ હતો. અને આનંદની વાત એ બની કે મુનિરાજના પ્રભાવથી દાન આપતાં મારો ભાવ જરા પણ ખંડિત ન થયો.

સંગમ આ પ્રમાણે વિચાર કરતો હતો ત્યારે તેની માતા ધન્યા આવી. થાળી ખાલી જોઈને માતાએ ફરી વાર ખીર પીરસી. સંગમે ખીર ગ્રહણ કરી. તેણે ફરી વાર ખીર ખાધી. તેણે ત્યાં સુધી ખીર ખાધી કે તે ધરાઈ ગયો. ચિત્તમાં આનંદ પ્રવર્તતો હતો.

રાત્રે સંગમથી રહેવાસું નહિ. ખીર પચી નહિ. અને તે જ રાતે વમન થયું અને સંગમ મૃત્યુ પામ્યો.

સંગમે સુપાત્રમાં દાન આપ્યું તેથી ભોગ–સમૃદ્ધિ સહિત મનુષ્યગતિનું આયુષ્ય બાંધ્યું.

સુપાત્ર દાન–કામધેનુ, કલ્પવૃક્ષથી અધિક જગતનું મંગલ કરાવે છે.

ધન્યા આખી રાત રડતી રહી...

રાજગૃહી નગરી...!

સમૃદ્ધ નગરી...! આ નગરીમાં અનેક શ્રેષ્ઠિઓ સાર્થવાહો અને વેપારીઓ વેપાર કરતા હતા. આજુબાજુના નાના ગામોનું હટાણું અહીં થતું. આથી આ નગરીમાં પરગામના વેપારીઓ અને લોકો દરરોજ આવતાં. નગરીની મધ્યમાં ભગવાન નટેશ્વરનું મંદિર આવેલું હતું. જે ખૂબ જ પ્રાચીન ગણાતું હતું.

રાજગૃહી નગરીમાં ત્રણ અતિ કલાત્મક અને ભવ્ય જિનાલયો આવેલાં હતાં.

સોળ જનપદોમાં મગધ સર્વોપરી હતું. શૌર્યમાં, સંપત્તિમાં અનેક સંસ્કારમાં મગધની સાથે સ્પર્ધામાં કોઈ ઉતરી શકે તેમ નહોતું. સોળ જનપદમાં રાજકારણ અને અર્થનીતિમાં પણ મગધનું વર્ચસ્વ અજોડ હતું. મગધના રાજવી શ્રેણિક સરળ, શ્રદ્ધાળુ અને ધર્મનિષ્ઠ હતા.

તેઓ પ્રજાના દરેક કાર્યોમાં ધ્યાન આપતા અને ન્યાયપૂર્ણ રાજ્યકારભાર કરતાં.

મગધની રાજધાની રાજગૃહીમાં ઐશ્વર્ય અને સંપત્તિની છોળો ઉડતી. સાહસિક વેપારીઓ ધંધા અર્થે અત્રે આવતાં અને દૂર દૂરના દેશોમાંથી અઢળક ધન ખેંચી લાવી આ રાજગૃહીમાં ઠલવતાં. નગરીના શ્રેષ્ઠિઓ ખૂબ જ ધનિક હતા. તેઓ રાજગૃહીને જેમ કોઈ પણ મંદિરમાં અસંખ્ય દીપમાળાઓથી શોભાવે તેવી રીતે નગરીની રોનક પણ એવી જ હતી.

પરગામના અનેક દર્શનાર્થીઓ યાત્રાળુઓ નગરીના દર્શન અર્થે અત્રે આવતાં. નગરી જોઈને તેઓનાં હૈયાં નાચી ઉઠતાં. મહારાજા શ્રેણિક પણ પ્રજાના દરેક કાર્યોમાં ધ્યાન આપતો. મહારાજા શ્રેણિકની રાજસભા ભરાય ત્યારે અનેક પરદેશીઓ રાજસભાનો રંગ જોવા આવતા અને રાજસભાની પ્રતિભા જોઈને અત્યંત ખુશ થતાં. મહારાજા શ્રેણિકની રાજ્યસંચાલનની રીત જોઈને અન્ય રાજવીઓ પણ આનંદ પામતા.

મહારાજા શ્રેણિક જૈનમતાવલંબી હોવાથી તેઓ ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા ધરાવતા હતા. રાજગૃહીમાં ભવ્ય જિનાલયો હતાં. મહારાજા અને મહાદેવી ચેલ્લણાદેવી દરરોજ નિયમિત સેવા–પૂજા અર્થે જિનાલયમાં જતા અને મધુર કંઠે ભાવભરી ભક્તિ કરતાં.

મહારાજા શ્રેણિકનો રાજ્યપ્રાસાદ ભવ્ય અને દૈદિપ્યમાન હતો, સપ્તભૂમિથી સુશોભિત રાજભવન કલાત્મક અને શ્રેષ્ઠ હતો. રાજભવનની બાજુમાં રાજ્ય ઉદ્યાન હતું તેમાં ગ્રીષ્મગૃહની પણ રચના કરવામાં આવી હતી. રાજ્યઉદ્યાનમાં વિવિધ જાતનાં વૃક્ષો, પુષ્પો, લત્તાઓ વગેરે વ્યવસ્થિતપણે ઉગાડવામાં આવેલું હતું. ઘણી વાર રાજા શ્રેણિક તેની પ્રિય પત્નીને લઈને રાજ્યઉદ્યાનમાં આવતા અને મનોરંજન મેળવતા. મહારાજા શ્રેણિકને સંગીતનો અનહદ શોખ હતો. તેઓને વીણાવાદન સાંભળવું ખૂબ ગમતું. ક્યારેય રાજ્યમાં કોઈ પરદેશી વીણાવાદક આવી ચડ્યો હોય ત્યારે તેનો જાહેર કાર્યક્રમ ગોઠવતા અને કલાકારને પુરસ્કૃત કરતાં કવિઓ, કલાકારોને રાજસભામાં યોગ્ય સ્થાન મળતું.

મહારાજા શ્રેણિક રાજગૃહીમાં રહીને સમગ્ર પ્રદેશનું રાજ્યસંચાલન કરતાં. ઘણી વાર તેઓ પોતાની પ્રિયા સાથે વનવિહાર કે નૌકાવિહારના પ્રવાસો ગોઠવતાં,...રાજગૃહીમાં તેઓ નિયમિત રાજસભામાં હાજરી આપતાં અને લોકોની કશી ફરિયાદ હોય તો તેનો ન્યાય આપતાં....

રાજગૃહી જ્યાં સમૃદ્ધિની છોળો ઉછળી રહી છે. અનેક કોટયાધિપતિઓ રહે છે, તેમાંના રાજગૃહી નગરીના એક શ્રીમંત શ્રેષ્ઠિ ગોભદ્ર શેઠનું નામ સર્વને પ્રિય થઈ પડ્યું હતું. ચારિત્ર્યવાન, ઉદાર, દયાળુ અને ધર્મ પ્રત્યેની નિષ્ઠા અટલ હતી. તેઓને આંગણે ક્યારેય કોઈ પણ

માણુસ કંઈ પણ માગે તો લીધા વગર જતો નહિ. ગોભદ્રશેઠનું ભવન વિશાળ હતું અનેક ખંડો હતા. તેઓને રાજગૃહીમાં જ નહિ પરંતુ બીજા નગરોમાં પણ પેઢીઓ હતી. બહોળો વેપાર હતો. ગોભદ્રશેઠને દાન–શીલગુણના સૌભાગ્યાતિશયવાળી ભાગ્યવંતી ભદ્રા નામની અતિ રૂપવતી, પ્રેમાળ અને અતિ ચતુર પત્ની હતી. ભદ્રાશેઠાણીના અંતરમાં જૈન સંસ્કારોની છાયા હતી.

સંસ્કાર માનવીનું ઘડતર કરે છે. માનવીને જેવા સંસ્કાર મળે તેવો માણસ બને છે. ધર્મના સંસ્કારો આપવાથી માનવીના અંતરમાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધા જાગે છે. તેનામાં વિનમ્રતા, વિવેકના ગુણો જોવા મળે છે. અસંસ્કારી માનવીમાં ઉદ્ધતાઈ, વૈર, ઇર્ષ્યાભાવ જોવા મળશે. સંસ્કારથી માનવી દીપે છે.

ભદ્રાશેઠાણી અને ગોભદ્રશેઠમાં સંસ્કારનાં બીજ વારસાગત હતાં. ગોભદ્રશેઠ અને શેઠાણી દરરોજ નિયમિત પ્રાતઃકાર્ય પૂર્ણ કરીને સ્નાનવિધિ પતાવીને પૂજાના વસ્ત્રો પહેરીને શ્રીજિનેશ્વર ભગવંતની પૂજા અર્થે જતાં. ત્યાં ભાવભરી સેવા–પૂજા કરતાં. મધુર સ્વરે બન્ને સ્તવન ગાતાં. સાંભળનારનાં હૈયાં પ્રફુલ્લિત બની જતાં.

એક દિવસ ભદ્રાશેઠાણીએ સ્વામીને કહ્યું : 'સ્વામી, આપણે પરમ સુખી છીએ પરંતુ ઘણા દિવસથી એક વાત કહેવાનું મન થાય છે.'

'કહે, તું શું કહેવા માંગે છે?'

'સ્વામી, આપ બીજા વિવાહ કરી લ્યો. આપ જાણો છો કે આટલાં વર્ષો વીત્યા છતાં આપણા ભવનમાં ખોળાનો ખુંદનાર નથી. બાળકના કલરવ વગર ભવન સૂનું સૂનું લાગે છે.'

'દેવી, આપણે જૈન છીએ. ધર્મમાં ચુસ્ત રહીએ છીએ. આપણે બંને સમજીએ છીએ કે જ્યાં સુધી ભોગાવલી કર્મ હશે ત્યાં સુધી બધું જ વ્યર્થ છે. આ અંગે મેં અગાઉ તને જણાવ્યું હતું કે હું બીજા વિવાહ કરીશ તો શું ભવનમાં બાળકનો કલરવ થશે. ના...ના....જો બાળક થવાનું હશે તો તારાથી જ થશે. હવે ફરીને આવા વિચારો કરીને મનથી દુ:ખી થતી નહિ.'

'સ્વામી, આપ સ્રીના હૈયાને ક્યાંથી સમજી શકો?' ભદ્રાએ કહ્યું.

ગોભદ્ર શેઠ આછું હસ્યા અને કહ્યું: 'પ્રિયે, જ્યારે કર્મની છાયા ચાલી જશે ત્યારે તારી ભાવના પણ સાકાર થશે....'

'સ્વામી, આપ દર વખતે આવા આશાસ્પદ શબ્દો કહીને મારા અંતરને શાંતિ આપો છો...' ભદ્રા શેઠાણીએ કહ્યું.

'પ્રિયે, આપણા જૈન શાસ્રોમાં કર્મ પર કેટલી વિસ્તૃત છણાવટ કરી છે! માનવી કર્મને આધિન છે. દરેક

જીવે કરેલાં કર્મો ભોગવવાં પડે છે. માટે તું શાંત થા....'

'સ્વામી, ચાલો હવે આપણે સામાયિક કરી લઈએ...'

'હા.... ચાલો....' ગોભદ્ર શેઠે કહ્યું.

બન્ને પતિ–પત્ની સામાયિક કરવા બેસી ગયા. સામાયિક પૂરું થયા બાદ બન્ને વસ્ત્રપરિવર્તન કરીને શયનકક્ષમાં ગયા. ચોઉવિયાર તો સંધ્યા ટાણે જ વાળી લીધા હતા એટલે કશું ખપે એમ નહોતું. બન્ને નવકાર મંત્રનું સ્મરણ કરીને શય્યામાં પડ્યા.

બીજે દિવસે પ્રાતઃકાર્ય વિધિ આટોપીને ગોભદ્ર શેઠ અને શેઠાણી સેવાપૂજા અર્થે શ્રી જિન મંદિરે ગયા. રાજગૃહી નગરીના દરેક માર્ગો અતિ સ્વચ્છ રહેતા. બન્ને ચાલીને પૂજા કરવા જતાં. શ્રી જિન મંદિર બહુ દૂર નહોતું.

ગોભદ્ર શેઠ અને ભદ્રા શેઠાણી જ્યાં પૂજા કરવા જતાં તે જિનાલય ઘણું જ ભવ્ય અને કલાત્મક હતું. ત્યાં શ્રી જિનેશ્વર ભગવંત મુનિસુવ્રત સ્વામીની આકર્ષક, મનમોહક પ્રતિમાજી બિરાજમાન હતી. નગરીના અનેક જૈન પરિવારો સેવાપૂજા અર્થે અત્રે આવતાં. સુંદર પથ્થરો વડે કલાત્મક શિલ્પથી કંડારવામાં આવેલું આ જિનાલય ભવ્ય હતું. સાથોસાથ જિનાલયના વાતાવરણમાં

પ્રવેશ્યા બાદ અન્ય વિચારો ન આવતાં ભક્તિના જ ભાવો પ્રગટ થતાં. ગર્ભદ્વાર સુવર્ણજડિત હતું. અંદરના ભાગે દિપમાલિકાઓ રાખવામાં આવી હતી. એક અખંડ દીપ જલતો હતો.

ગોભદ્ર શેઠ અને શેઠાણીએ કેસર વાટીને શ્રી મુનિસુવ્રત સ્વામીની ભાવભર્યા હૈયે પૂજા કરી અને ચૈત્યવંદન કર્યું. શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્તવન ગાયું, ખમાસણા લીધા.

લગભગ એક ઘટિકા બાદ બન્ને પૂજા કરીને પાછા ફર્યા ત્યારે ભગવંતની ભક્તિ કરીને હૈયા પ્રસન્ન બની ગયા હતા. માર્ગમાં અનેક પરિચિતો મળતા. ગોભદ્ર શેઠ હરેકના નમસ્કાર ઝીલતા હતા.

માર્ગમાં જ ભદ્રા શેઠાણીએ કહ્યું : 'સ્વામી, આજ તિથિ હોવાથી હું ઉપવાસ કરવાની છું.'

'તો.... હું પણ તને સાથ આપીશ.'

'ના....આપને માથે અનેક જવાબદારીઓ રહેતી હોય છે, આપ એકાસણું કરજો.....'

'પ્રિયે, હું ઉપવાસ કરીશ....અને સંધ્યા બાદ પ્રતિક્રમણ કરીશું...'

'ભલે....સ્વામી, આપની ભાવનાને ઠેશ ન પહોંચાડવી જોઈએ....' ભદ્રાએ કહ્યું.

એમ જ થયું.

બન્નેએ ઉપવાસ કર્યો અને સંધ્યાટાણે બન્નેએ પ્રતિક્રમણ કર્યું.

આમ દિવસો જવા લાગ્યા.

આઠ દિવસ બાદ ભદ્રા શેઠાણીની એક સખી બેસવા માટે આવી અને ભદ્રાએ તેનું સ્વાગત કર્યું અને એક આસન પર બેસવા માટે કહ્યું : ' આવ પ્રિયાંગના, કુશળ છો ને...? '

' હા....આપ હમણાં ભવન બહાર નીકળતા નથી કે શું ? '

' ના....હમણાં નીકળી શકતી નથી...અને આમેય મારું ચિત્ત બહાર ચોંટતું નથી...'

' કેમ ..? આપની તબીયત અસ્વસ્થ રહે છે ? '

' ના...પણ એક ચિંતા કોરી ખાય છે. ' ભદ્રાએ જરા ધીમા અવાજે કહ્યું.

' કઈ ચિંતા...? '

' આટલી સંપત્તિ વિશાળ ભવન છતાં...' ભદ્રા આગળ ન બોલી શકી.

' ઓહ...સમજી ગઈ...દેવી, આપ માનતા માનો તો જરૂર લાભ થશે...આપની ઈચ્છા પૂરી થશે...'

આમ કહીને પ્રિયાંગનાએ ભદ્રા શેઠાણીને બધી વાત સમજાવી. ગોભદ્ર શેઠથી ગુપ્ત રાખીને માનતા માની અને પ્રિયાંગનાનો આભાર માન્યો અને અવારનવાર મળતા રહેવાનું કહ્યું.

પ્રિયાંગના દુગ્ધાનુપાન આહાર લઈ ને વિદાય થઈ.

દિવસો જવા લાગ્યા પરંતુ માનતા ફળી નહિ. આથી ભદ્રા શેઠાણીને મનમાં જરા ઓછું આવ્યું.

સમય થોભતો નથી. તે નિરંતર ચાલ્યા જ કરે છે. સમયની ગતિને કોણ રોકી શક્યું છે. મહિનાઓ પસાર થઈ ગયા.

અને એક દિવસ ભવનમાં ભદ્રા શેઠાણીને ખોળે કન્યા અવતરી. ખૂબ જ રૂપવતી હતી. ભદ્રાની ઇચ્છા પૂરી થઈ. તે કન્યાનું નામ સુભદ્રા પાડવામાં આવ્યું.

સુભદ્રા ચાર વર્ષની થઈ ત્યારે એક દિવસ ભદ્રા શેઠાણીએ પોતાના સ્વામીને કહ્યું : 'સ્વામી, આપણે એકાદ પુત્ર હોય તો સારૂં.'

'પ્રિયે, માનવીની આશાઓનો કદી અંત આવતો નથી. તારી મનોકામના પૂરી થાય તેવું હું ઇચ્છું ખરો પરંતુ એ ભાગ્યમાં હશે તો પુત્ર પ્રાપ્ત થશે જ...'

અને એક દિવસે...

રાત્રિના છેલ્લા પ્રહરની બીજી ઘટિકાએ ભદ્રા શેઠાણીને શાલિક્ષેત્ર જોતાં હોય તેવું સ્વપ્ન આવ્યું. તે સમગ્રે દુઃખનો અંત આવ્યો હોય તેમ હર્ષ પામી પોતાના સ્વામીને જગાડ્યા અને વિનમ્ર સ્વરે કહ્યું : 'સ્વામી, મને એક સ્વપ્ન આવ્યું છે.'

'સ્વપ્નનો સાર જણાવ...' ગોભદ્ર શેઠે કહ્યું.

'સ્વામી, મેં સ્વપ્નમાં શાલિક્ષેત્ર જોયું.'

'પ્રિયે, તને લાંબા હસ્તવાળો પુત્ર પ્રાપ્ત થશે તારી ઇચ્છા પૂરી થશે...'

'સ્વામી, આપના શબ્દો સત્ય પડે...' ભદ્રાએ ભાવભર્યા સ્વરે કહ્યું અને સ્વામીના વિશાળ વૃક્ષઃસ્થળમાં છુપાઈ ગઈ. ગોભદ્ર શેઠે મસ્તક પર વહાલથી હાથ ફેરવવા માંડ્યો.

અને ભદ્રા શેઠાણી સગર્ભા થયા.

ભદ્રા શેઠાણીના ગર્ભમાં સંગમનો ઉચ્ચ જીવ આવ્યો. શાલિક્ષેત્રમાં ભોગ ભોગવવાનો દોહલો થયો હતો.

ભદ્રા શેઠાણી નિરોગી અને શોક વગરની તે પ્રમાણે ભોગ માણવા લાગી.

અને પૂરા દિવસે સારા લગ્નનો યોગ થયો ત્યારે બાળકનો જન્મ થયો.

ગોભદ્ર શેઠ ભવનમાં એક ખંડમાં બેઠા હતા. દાયણે આવીને શુભ સમાચાર આપ્યા : 'શેઠજી, મારા શેઠાણીની કૂખે પુત્રજન્મ થયો...વધાઇ હો...'

ગોભદ્ર શેઠે તરત જ મોતીની માળા દાયણને આપી અને ગોભદ્ર શેઠે પોતાના મુનિમને તાત્કાલિક બોલાવીને આ જન્મોત્સવની ઉજવણી ભવ્ય રીતે થાય તે માટે વ્યવસ્થા કરવાની હતી.

ગોભદ્ર શેઠે એક સેવકને તરત જ પોતાના મુખ્ય મુનિમને બોલાવવા માટે મોકલી આપ્યો. એક સેવકને સંગીત વાદ્યમંડળીને બોલાવવા માટે મોકલી આપ્યો.

અને અર્ધ ઘટિકામાં સંગીતના વિવિધ વાદ્યોના માંગલિક સ્વરો વાગવા લાગ્યા. સુમધુર સંગીતથી વાતાવરણ પ્રસન્ન બન્યું હતું. અનેક પાડોશીઓ અને સ્નેહીઓને ત્યાં જન્મોત્સવનું કહેણ મોકલાવ્યું હતું તે ખુશાલીમાં ભોજન પણ કરવાનું હતું.

મુનિમે આવીને સઘળી વ્યવસ્થા સંભાળી લીધી. ભવનમાં ચારે તરફ દાસ–દાસીઓ જુદા જુદા કાર્યમાં વ્યસ્ત બની ગયા હતા.

દરેકને જુદી જુદી જવાબદારીઓ સોંપી દેવામાં આવી. સમગ્ર ભવન શણગારવામાં આવ્યું. મહેમાનો માટે અલગ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. રાજ્યના મુખ્ય નાગરિકો અને સગા સ્નેહીઓ અભિનંદન આપવા ગોભદ્ર શેઠ પાસે આવતા હતા.

સૈનિકો, ભાટ–ચારણ વગેરે હાથમાં અક્ષતપાત્ર લઈને વધાવવા આવતા હતા. ગોભદ્ર શેઠે ભવન બહાર દાન પ્રવાહ શરૂ કરી દીધો હતો. સર્વત્ર આનંદ આનંદ પ્રવર્તી રહ્યો હતો.

નગરીના અનેક શ્રેષ્ઠિઓ પધાર્યા હતા. બપોરના ભોજન માટે બત્રીસ જાતની વાનગીઓ બનાવવામાં આવી હતી. એટલાં પકવાનો અને અન્ય સામગ્રીઓ તાબડતોબ બનાવવામાં આવી રહી હતી.

ગોભદ્ર શેઠ આ જન્મોત્સવ ઠાઠમાઠથી ઉજવતા હતા. તેઓના હૈયાને હર્ષ એ થયો કે ભદ્રાની ઈચ્છા-આશા પૂર્ણ થઈ.

લોકોને વસ્ત્ર અને મિઠાઈઓ તેમજ કપુર વગેરે ઘણાં સુગંધી દ્રવ્યો આપવામાં આવતાં હતાં.

લગભગ દિવસના ત્રીજા પ્રહરની પ્રથમ ઘટિકાએ મુનિમે ભોજનની વ્યવસ્થા પૂર્ણ કરી અને ગોભદ્ર શેઠ પાસે આવીને નમ્ર સ્વરે કહ્યું : 'શેઠજી, ભોજન તૈયાર છે. સૌ પોતપોતાનું સ્થાન લઈ લે તો ભોજનકાર્ય શરૂ કરી શકાય....'

'હા....તમે સેવકોને કહીને બધાને બેસાડવાનું કહી દો....' ગોભદ્ર શેઠે કહ્યું.

ગોભદ્ર શેઠ પોતાના પરિચિતો—સગાસ્નેહીઓ સાથે ભોજન અર્થે બહાર નીકળ્યા અને જયાં સ્થાન નક્કી કરવામાં આવ્યું હતું ત્યાં સૌ આસન પર બિરાજમાન થયા. અનેક લોકો આ કાર્યમાં મદદ કરી રહ્યા હતા.

ભોજનનાં પાત્રો મુકવામાં આવ્યાં અને સૌપ્રથમ ગોળ-ધાણા આપવામાં આવ્યા અને પછી બત્રીસ જાતનાં પકવાન અને અન્ય સામગ્રીઓ પીરસવામાં આવી.

સૌએ ભોજન શરૂ કર્યું.

દરેક વાનગીઓ ઉત્તમ બની હતી. સૌ ગોભદ્ર શેઠના

ગુણ ગાતાં થાકતાં નથી. પુત્રજન્મ પ્રસંગે સૌએ અંતરથી શુભેચ્છા પાઠવી.

સૌ ભોજનકાર્યથી નિવૃત્ત થયા અને વિદાય થવા લાગ્યા ત્યારે શેઠે સૌને પરભાવના પણ પીરસી અને કહ્યું : 'આજ રાજગૃહીના દરેક જિનાલયોમાં આંગી અમારા તરફથી રચવામાં આવેલ છે. દરેક જંગ્યાએ સ્નાત્રપૂજા ભણાવાશે.... આપ ગમે ત્યાં પધારશો.'

સૌ વિદાય થયા.

બપોર બાદ સ્નાત્રપૂજા ભણાવવામાં આવી અને અનેક ધર્મકાર્યો કરવામાં આવ્યાં. ભદ્રા શેઠાણીનો ઉમંગ માતો નહોતો. પુત્રજન્મ થવાથી તે ઘણી જ પ્રફુલ્લિત બની ગઈ હતી.

ભદ્રા શેઠાણી હજી સ્વામી સાથે બે ઘડી વાત પણ કરી શકી નહોતી. મહેમાનોનો આવરો–જાવરો એટલો વધી ગયો હતો કે એક પળ માટે પણ નવરાશ નહોતી.

સાયંકાળના ભોજન માટે અનેક મહેમાનો આવવાના હતા. સર્વત્ર આનંદ પ્રવર્તતો હતો. ગોભદ્ર શેઠે સૌને સંધ્યા ટાણે વાળુ કરાવ્યું.

પરગામથી વધાઇ દેવા માટે અનેક સ્નેહીજનો આવવા લાગ્યા. આમ જન્મોત્સવ પંદર દિવસ સુધી ચાલ્યો અને ઉત્સવ ઘણી ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

ગોભદ્ર શેઠે કહ્યું : 'પ્રિયે, પુત્ર ઘણો તેજસ્વી અને પુણ્યશાળી છે.'

'હા સ્વામી, પુત્ર ઘણો પુણ્યવંત છે...'

'આ બાળકનું નામ શું પાડશું ?'

'સ્વામી, મેં સ્વપ્નમાં શાલિક્ષેત્ર જોયેલું તેથી તેનું નામ શાલિભદ્ર પાડશું...'

'ઓહ તારી વાત બરાબર છે. શાલિભદ્ર જ નામ રાખીશું અને એ પ્રસંગ પણ ભવ્ય રીતે ઉજવશું. હું આજે જ રાજપુરોહિતને મળીને તેના ગ્રહો વિશે જાણી લઈશ.'

'ભલે સ્વામી, આપ રાજસભામાં જવાના છો?' ભદ્રા શેઠાણીએ પૂછ્યું.

'હા...કહે, શું કંઈ કામ હતું ?'

'ના....પણ આપ વહેલાસર આવી જજો. આપની લાડકી સુભદ્રા આપના વગર રડે છે.'

'ભલે...આજે રાજસભામાં એક વીણાવાદક આવવાનો છે એટલે કદાચ મહારાજના આગ્રહને કારણે બેસવું પડશે. છતાં બનશે તો વહેલો નીકળી જઈશ.' ગોભદ્ર શેઠ તૈયાર થઈને રાજસભા તરફ જવા વિદાય થયા.

રાજપુરોહિતના ભવન પર રથ લઈ જવામાં આવ્યો. રાજપુરોહિતજી રાજસભામાં જવાની તૈયારી કરી રહ્યા હતા ત્યાં શેઠને જોઈને સ્વાગત કરવા સામે આવ્યા અને નમ્ર સ્વરે કહ્યું : 'આવો શેઠજી, આજ સવારે વહેલા અમારા આંગણે ?'

'રાજપુરોહિતજી, મારા પુત્રના જન્માક્ષરો જાણવા આવ્યો છું...'

'શેઠજી, મેં તો હજી બરાબર અભ્યાસ કર્યો નથી પરંતુ એટલું કહીશ કે આ આપનો પુત્ર આપનું કુળ દીપાવશે તે દરેક વૈભવનો સ્વામી થશે. ખૂબ જ શ્રેષ્ઠ ગ્રહો દરેક સ્થાને પડ્યા છે. કરોડો માણસોમાં આવી એકાદ વ્યક્તિ મળે...બાકી તો હું નિરાંતે આપને જણાવીશ.'

'ચાલો...રાજસભામાં આવવું છે ને?'

'હા....ચાલો આપની સાથે જ આવીશ.' રાજપુરોહિતે કહ્યું.

રાજપુરોહિતને લઈને ગોભદ્ર શેઠ રાજસભા તરફ વિદાય થયા. રાજગૃહી નગરીની સાજસભા જોવા અનેક લોકો પરગામથી આવતાં. રાજસભામાં રાજપુરોહિતનું સ્થાન ખૂબ જ વિશિષ્ટ ગણવામાં આવતું.

અને નિયત સમયે રથ રાજસભાના દ્વાર પાસે ઊભો રહ્યો. રાજપુરોહિત અને ગોભદ્ર શેઠ રથ પરથી નીચે ઉતર્યા અને રાજસભામાં પ્રવેશ્યા. બન્ને પોતપોતાના સ્થાને બેસી ગયા.

મહારાજા શ્રેણિક હજુ પધાર્યા નહોતા. રાજસભામાં મહામંત્રીશ્વર પોતાના સ્થાને બેઠા હતા. સભાજનો આવી ગયા હતા. ત્યાં છડીદારે છડી પોકારીને મહારાજાધિરાજ પધારી રહ્યા છે તેવો આગમનસૂચક સ્વર કાઢ્યો.

અને શ્રેણિક મહારાજ અને ચેલ્લણાદેવીએ રાજ-સભામાં પ્રવેશ કર્યો ત્યારે સર્વ સભાજનો ઊભા થઇ ગયા અને મહારાજનો જયનાદ કર્યો. શ્રેણિક મહારાજ અને ચેલ્લણાદેવી સિંહાસન પર બિરાજમાન થયા. સ્વસ્તિવાંચન થયું.

ત્યારબાદ મહામંત્રીશ્વર ઊભા થયા અને સમગ્ર સભાજનો સામે દૃષ્ટિ ફેંકીને નમ્ર સ્વરે કહ્યું : 'મહારાજ, મહાદેવી તથા સભાજનો, રાજગૃહી નગરીનું રાજ્ય-સંચાલન વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે. છેલ્લા કેટલાય સમયથી કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી. તેમજ ચોરી, લૂંટફાટ જેવું કશું થયું નથી. આપને કંઈ પણ ફરિયાદ હોય તો અત્રે રજૂ કરશો. આજ આપણે આંગણે વિદર્ભના કલાકાર શ્રી ચક્રદત્તજી આવેલ છે. તેઓ વીણાવાદનમાં પારંગત છે. આજ સંધ્યા પછી તેઓના કાર્યક્રમની વ્યવસ્થા રાજભવનના સભાખંડમાં કરવામાં આવી છે. જેઓને વીણાવાદનના સ્વરો માણવાની ઇચ્છા હોય તેઓ રાત્રિના પ્રથમ પ્રહરની બીજી ઘટિકાએ આવી જાય...'

સભાજનોમાંથી કોઈ ઊભું ન થયું કોઈને ફરિયાદ નહોતી. જ્યાં રાજ્યનું સંચાલન કુશળ અને તીવ્ર બુદ્ધિ-શાળી વ્યક્તિઓ કરતાં હોય ત્યાં ફરિયાદ હોતી જ નથી.

શ્રેણિક મહારાજા ઊભા થયા. અને વિનમ્ર સ્વરે સભા સમક્ષ જોઈને કહ્યું : 'સભાજનો, ચક્રદત્તજી વીણાવાદનના

શ્રેષ્ઠ કલાકાર છે. તેઓની કલાને દીપાવવી તે આપણો ધર્મ છે. કલાકાર જ્યારે તેની કલામાં ખોવાયેલો હોય છે ત્યારે તેને વાસ્તવિક જગતનું ભાન રહેતું નથી. આજ સંધ્યા પછીના કાર્યક્રમમાં નિમંત્રિતો તથા અન્ય સંગીત રસીકોને આવવા ભાવભર્યું નિમંત્રણ છે...'

ત્યારબાદ રાજ્ય કાર્યવાહીની ચર્ચા ચાલી અને ત્રણ ઘટિકા બાદ રાજસભા વિખેરવામાં આવી. ગોભદ્ર શેઠ પોતાના ભવન તરફ વિદાય થયા. અને ભવન પર આવતાં જ ભદ્રા શેઠાણીએ પૂછ્યું : ' શું કાર્યક્રમ કેવો લાગ્યો ? '

' પ્રિયે, મને હતું કે આજ રાજસભામાં જ વીણાવાદનનો કાર્યક્રમ યોજાશે. પરંતુ આજ સંધ્યા પછી કાર્યક્રમ રાખવાનું નક્કી થયેલ છે. '

' કોણ કલાકાર છે ? ' ભદ્રાએ પૂછ્યું.

' વિદર્ભના ચક્રદત્તજી છે, તેઓ વીણાવાદનમાં શ્રેષ્ઠ હોવાનું કહેવાય છે. જો મહારાજનું કહેણ આવશે તો જઈશ....'

' નિમંત્રકોને બોલાવશે જ...'

' હા...નિમંત્રકોને જવું જ જોઈએ નહિ તો મહારાજાધિરાજને દુઃખ થાય...'

' પરંતુ આપને દરવખતે નિમંત્રણ મોકલી આપે છે, આ વખતે કેમ હજુ નિમંત્રણ આવેલ નથી...? '

'એ કેમ ખબર પડે...?' ગોભદ્ર શેઠે કહ્યું.

'અર્ધ ઘટિકા બાદ રાજનો સેવક નિમંત્રણ પત્રિકા આપી ગયો તેમાં ચક્રદત્તજીના વીણાવાદનની વિગતો હતી.

રાત્રિના પ્રથમ પ્રહરની બીજી ઘટિકાએ ગોભદ્ર શેઠ પોતાનો રથ લઈને રાજભવનના સભાખંડમાં પહોંચી ગયા. જ્યાં સંગીતના અને અન્ય કાર્યક્રમો યોજાતા હોય છે, ત્યાં એક મંચ પણ બનાવવામાં આવેલ. અને કલાકાર મંચ પર બેસીને પોતાની કલા પ્રદર્શિત કરતો...

રાજભવનના સભાખંડમાં નિમંત્રિતો સિવાય અન્ય રસિકજનો આવી પહોંચ્યા હતા. કલાકાર શ્રી ચક્રદત્તજી પોતાની વીણાના સ્વરો મેળવી રહ્યા હતા. મૃદંગવાદક રાજશૃહીનો જ હતો તેણે પોતાનું સ્થાન લઈ લીધું હતું.

ત્યાં મહારાજ અને મહાદેવી આવ્યાં.

ચક્રદત્તે મહારાજને નમન કરીને કાર્યક્રમ શરૂ કરવાની અનુમતિ માંગી.

સર્વ શ્રોતાજનો શાંતચિત્તે બિરાજમાન થયા હતા. મહારાજે અનુમતિ આપી. ચક્રદત્તે સર્વ શ્રોતાજનો સમક્ષ નજર કરીને કહ્યું : 'આજ આપની નગરીમાં મારી કલાને પ્રદર્શિત કરવાનો લાભ આપ્યો છે તે બદલ આપ સૌનો ઋણી છું. કલાકારનું જીવન કલા છે. જ્યારે કલાકાર તેની કલામાં રચ્યોપચ્યો રહે છે, ત્યાં સુધી તેને વાસ્તવિક જીવનના કોઈ પણ સુખની અપેક્ષા નથી. તેમ તે માગતો

પણ નથી. કલાકાર તેની મસ્તીમાં જ રમતો હોય છે. આજ આપની સમક્ષ 'માધુરી' રાગ બજાવીશ. આ રાગની કલ્પના પ્રાચીન છે. મધુર સ્વરોનો સંગમ થવાથી આ રાગમાં મધુરતા દીપી ઉઠે છે. શ્રૃંગારપ્રધાન રાગ છે. આપને એક વાત જણાવી દેવાની અનુમતિ લઉં છું કે હું કંઈ મોટો કલાકાર નથી.. એક કલાનો સાધક છું. હવે 'માધુરી'ને આપની સમક્ષ રજૂ કરું છું...'

આટલું કહીને ચક્રદત્તે વીણા પર 'માધુરી'ના સ્વરો રેલાવા શરૂ કર્યા.

આલાપ... !

માધુરી રાગની મધુરતા વાતાવરણને ભીંજવવા લાગી. શ્રોતાજનો શાંત ચિત્તે સાંભળી રહ્યા હતા. વાતાવરણ આહ્‌લાદક બન્યું હતું.

લગભગ અર્ધ ઘટિકા આલાપ દ્વારા માધુરીને શ્રોતાજનો સામે રમતી કરી.

સર્વનાં હૈયાં પ્રસન્ન બન્યાં.

ત્યારબાદ કલાકારે સોળ માત્રામાં ગત વગાડવી શરૂ કરી. તાલ-લયમાં પૂરેપૂરું ધ્યાન કલાકાર આપતો હતો મૃદંગવાદકે મૃદંગ પર 'જયતાલ' વગાડવો શરૂ કર્યો.

શ્રોતાજનો કલાકારની કલા પર આફરિન થયા અને આનંદભર્યા સ્વરે બીરદાવવા લાગ્યા.

કલાકારે લય વધારી...

શ્રોતાજનો એક ચિત્તે સાંભળી રહ્યા હતા. ગોભદ્ર શેઠ અગ્ર ભાગે બેઠા હતા.

વાતાવરણ સંગીતમય બન્યું હતું. શ્રેણિક મહારાજા પ્રસન્ન ચિત્તે કલાકારની કલા–સાધનાનો રસ માણી રહ્યા હતા.

લગભગ બે ઘટિકા સુધી 'માધુરી'ના સ્વરો ગુંજતા રહ્યા અને ઘણા જ હર્ષનાદો વચ્ચે કલાકારે રાગ પૂર્ણ કર્યો.

મહારાજાએ ઊભા થઈને મોતીની માળા કલાકારના કંઠમાં આરોપી અને તેની કલાને બીરદાવી.

ત્યારબાદ એક હળવો રાગ બજાવીને ચક્રદત્તે પોતાનો કાર્યક્રમ પૂરો કર્યો.

શ્રેણિક રાજાએ તેને બે હજાર સોનામહોર અને સાલ અર્પણ કરી. મહારાજાએ કહ્યું : 'હું આ ભેટ ધરી રહ્યો છું તે કલાકારની કલાને જીવંત રાખવા માટે આપી રહ્યો છું. સૌ શ્રોતાજનોએ કલાકારની કલાને બીરદાવી છે. કલાનું સન્માન કર્યું છે. અહીં આજની સભાનું કાર્ય સમાપ્ત થાય છે.'

સૌ વિખેરાયા અને પોતપોતાના ભવન પર વિદાય થવા લાગ્યા. ગોભદ્ર શેઠ પણ પોતાના ભવન પર વિદાય થયા. આજ તેઓને પણ વીણાવાદન ગમ્યું હતું.

**પ્રતિષ્ઠાનપુર** નગરની જાહોજલાલી ખૂબ જ વિકસી હતી. નગરના દરેક માર્ગો ખૂબ જ સુંદર અને ચોખ્ખા રહેતા. નગરીના માર્ગો પર નિયમિત સફાઈ થતી. નગરમાં અને નગર બહાર ઉદ્યાન કરવામાં આવ્યું હતું. ગોદાવરી નદીને કિનારે આવેલું આ નગર દરેક પ્રકારે સુખી હતું. નગરની બજારો પણ વ્યવસ્થિત રીતે જુદી પાડવામાં આવી હતી. ઝવેરી બજાર, ચાંદી બજાર અને બીજી અન્ય ચીજો વેચનારાની બજાર હતી. પ્રતિષ્ઠાનપુરમાં શ્રી જિન મંદિર હતું ત્યાં શ્રી જિનેશ્વર ભગવંત સંભવનાથની પ્રતિમાજી બિરાજમાન હતાં. નગરીમાં ભગવાન નટેશ્વરનું પણ ભવ્ય અને પ્રાચીન મંદિર આવેલું હતું. પ્રતિષ્ઠાનપુરનો રાજવી ધર્મનિષ્ઠ, ઉદાર અને આરોગ્યસંપન્ન હતો. તે પ્રજાના કલ્યાણનાં કાર્યો કરતો હતો. આથી નગરીમાં તેની પ્રતિષ્ઠા, માન વધ્યાં હતાં.

આ નગરીમાં ધનસાર નામના શ્રેષ્ઠિ રહેતા હતા. તેઓ ધર્મ પ્રત્યે ભાવના રાખનારા હતા. ધર્મ પ્રત્યે

અપૂર્વ શ્રદ્ધા દાખવતા હતા. નિયમીત શ્રી જિનેશ્વર ભગવંતની સેવાપૂજા કરતાં...ધનસાર શેઠની પત્ની પણ ધર્મપ્રત્યે અપૂર્વ શ્રદ્ધા દાખવનારી હતી.

એક દિવસ ધનસાર શેઠે પોતાની પત્નીને કહ્યું, 'પ્રિયે, આપણે ત્યાં ત્રણ બાળકો છે પહેલો પુત્ર મોટો થયો છે હવે તેને અભ્યાસ માટે પાઠશાળાએ મોકલવો જોઈએ.'

'હા સ્વામી, આપની વાત સત્ય છે. તેને અભ્યાસ માટે પાઠશાળાએ મૂકવો જોઈએ...' શિયળવતીએ કહ્યું.

'ભલે...આ વાત હું આવતી કાલે મુનિમજીને જણાવીશ અને તે અંગેની વ્યવસ્થા કરવાનું જણાવી દઈશ.'

એમજ થયું.

મોટા પુત્રને અભ્યાસ માટે પાઠશાળાએ મૂકવાની વ્યવસ્થા થઈ ગઈ. ઉત્તમ દિવસથી શેઠનો મોટો પુત્ર પાઠશાળાએ જવા લાગ્યો. પાઠશાળામાં સર્વ અભ્યાસ કરતાં બાળકોને ધનસાર શેઠે મોટા પુત્રને દાખલ કર્યા પ્રસંગે મીઠાઈઓના પડીકા આપ્યા.

સમય જવા લાગ્યો. છ મહિના પછી એક રાતે ધનસારની પત્ની શિયળવતીએ સ્વામી સામે જોઈને કહ્યું: 'સ્વામી, મને જણાય છે કે આપણા ભવનમાં નવા મહેમાનનું આગમન થનારું છે....'

'કોણ નવા મહેમાન...?'

'ઓહ...સમજી ન શક્યા...' એમ કહીને ધનસારની પત્ની શિયળવતીએ કહ્યું.

'હં...બરાબર...તો તો એ આનંદની વાત છે નવા મહેમાનના સ્વાગતની તૈયારી કરીશું...' ધનસારે કહ્યું.

અને પુરા દિવસે ધનસાર શેઠને ત્યાં ચોથા પુત્રનો જન્મ થયો.

ધનસારે દાયણને એક મુક્તિની માળા આપી. દાયણ શેઠનો જયજયકાર કરીને ચાલી ગઈ.

ધનસાર શેઠને ત્યાં જે દિવસે ચોથા પુત્રનો જન્મ થયો, તે દિવસે જ મુનિમે આવીને ધનસાર શેઠને કહ્યું 'શેઠજી, આજ વેપારમાં બેવડો લાભ મળ્યો છે. મારું માનવું છે કે આજ પુત્રજન્મને કારણે જ આમ બન્યું હોવું જોઈએ. શેઠજી ચોથો પુત્ર ખૂબ જ ભાગ્યશાળી અને પુણ્યશાળી છે...'

ધનસાર શેઠે મુનિમને કહ્યું: 'હા...મુનિમજી, આપની વાત પરથી લાગે છે કે મારે ત્યાં કોઈ પુણ્યાત્મા પધારેલ છે. આજ બપોરના ભોજનની વ્યવસ્થા કરજો અને સૌને પ્રેમપૂર્વક જમાડજો...'

'શેઠ, જમણવારની તૈયારી થઈ ગઈ છે.... સ્નેહીજનો, સંબંધીઓને નિમંત્રણ અપાઈ ગયા છે સૌ સમયસર આવી જશે. પુત્રજન્મના સમાચાર પરગામ સંબંધીઓને પણ મોકલી આપવામાં આવ્યા છે....'

'સારું...' ધનસારે કહ્યું.

બપોરનો જમણવાર સરસ રીતે ઉજવાયો. શેઠે સૌને જમ્યા બાદ ભેટ આપી, સૌએ ગુણગાન ગાયા અને વિદાય થયા.

બે મહિના ચાલ્યા ગયા.

ચોથા પુત્રના જન્મ બાદ ધનસાર શેઠની લક્ષ્મી વધવા લાગી. પ્રતિષ્ઠા વધી અને શેઠ ધન્ય ધન્ય થવા લાગ્યા. આથી શેઠે પોતાના ચોથા પુત્રનું નામ ધન્યકુમાર પાડયું પણ લાડમાં સૌ ધન્ના શેઠ કહેતા હતા, તો કોઈ નાનાશેઠ કહીને બોલાવતા.

ધન્યકુમાર સૌનો લાડકવાયો બની ગયો. તેમાંય ધનસાર શેઠનો પ્રિય પુત્ર થઇ ગયો. તેના આવ્યા બાદ શેઠ અતિ સુખી થયા. વૈભવ વધ્યો આથી તેઓ સમજતા હતા કે આ ધન્નો આવ્યો તેનો પ્રતાપ છે.

આમને આમ પાંચ વર્ષ વીતી ગયાં. ધન્નો પાંચ વર્ષનો થયો. ધન્નાના મોટા ત્રણેય ભાઈઓ પાઠશાળાએ જતાં હતા. ધન્નાને પણ યોગ્ય દિવસે બેસાડવામાં આવ્યો ત્યારે શેઠે પાઠશાળાના બાળકોને જમાડીને એક-એક સૌનેયો ભેટ આપી. શેઠનો જયજયકાર થયો.

ધન્નો સહુનો વહાલો હતો. પાઠશાળામાં પણ તે ખૂબ જ પ્રિય થઈ પડયો હતો. પાઠશાળાના ગુરુનો પ્રિય-

પાત્ર થઈ ગયો હતો તેનું કારણ એ કે તે અત્યંત ચતુર અને બુદ્ધિશાળી હતો.

વર્ષો વીતવા લાગ્યાં.

અભ્યાસકાળ પૂરો થયો.

ત્રણેય મોટા ભાઈઓ પેઢીએ બેસવા લાગ્યા અને વેપાર કરતા હતા ત્યારે ધન્નો ત્રણેય ભાભીઓ સાથે મજાકમસ્તી કરતો. અભ્યાસ પૂરો થયો હોવા છતાં તે પેઢીએ જતો નહિ. છતાં ધન્નાના સૌ વખાણ કરે. એક વખત પેઢી પર પ્રતિષ્ઠાનપુરના વેપારીઓ આવ્યા ત્યારે ધન્નાના મોટાભાઈ બેઠા હતા.

પેલા બન્ને વેપારીઓએ નમ્ર ભાવે કહ્યું, 'શેઠજી, ધન્ના શેઠ દેખાતા નથી. ખરેખર તે ખૂબ જ કુશાગ્ર બુદ્ધિ ધરાવે છે. અમારા વતી પ્રણામ કહેજો...તેઓ ક્યાં છે?'

'ધન્નો તેની ભાભીઓ સાથે વાતો કરતો હશે. તેને વેપારમાં કશી ખબર હોતી નથી. તે જો અહીં બેસે તો અમારો વેપાર બગાડી મૂકે. તે કશું કરતો નથી...' મોટા ભાઈએ ઈર્ષ્યાભાવે કહ્યું.

તે વેપારીઓએ કશો ઉત્તર ન આપ્યો અને જોઈતી વસ્તુઓ લઈને વિદાય થયા.

ત્રણેય મોટા ભાઈઓને ધન્નાની પ્રશંસા થાય તે ગમતું નહોતું.

એક દિવસની વાત છે.

ધન્નાના મોટા ભાઈએ પોતાના પિતા ધનસાર શેઠ પાસે જઈને કહ્યું : 'પિતાજી, આપ ધન્નાને જ મહત્ત્વ આપો છો. ધન્નો કશું કરતો નથી છતાં ગુણગાન ગાઓ છો. આખો દિવસ ભવનમાં પડ્યો રહે છે અને વેપારમાં ધ્યાન આપતો નથી. અમે વેપાર સંભાળીએ છીએ, ત્યારે ધન્નો ખાઈ પીને આનંદ કરે છે...નગરીમાં પોતાનો સમય વ્યતિત કરે છે.'

મોટા ભાઈથી બીજા બે નાના ભાઈઓએ પણ આવું જ કહ્યું ત્યારે ધનસાર શેઠે કહ્યું : 'ધન્નામાં કુશાગ્ર બુદ્ધિ છે તેનું ધ્યાન વેપારમાં ખૂબ રહે છે. તેને જે કાર્ય માટે મોકલીએ તેમાં સફળતા પ્રાપ્ત કરે છે.'

'ના પિતાજી, આપ તેનો પક્ષ લઈને જ આમ કહો છો.' મોટા ભાઈએ કહ્યું.

'ભલે...કોઈ વાર પરીક્ષા કરીશું...' ધનસાર શેઠે મોટા ત્રણેય પુત્રોને કહ્યું.

એક વખત ગોદાવરીને કિનારે પ્રતિષ્ઠાનપુરમાં એક નૌકા આવી. જે ખૂબ વિશાળ હતી. આ નૌકામાં બહુ મૂલ્યવાન કરીયાણું હતું. પણ માર્ગમાં જ તેનો શેઠ મૃત્યુને શરણ થઈ ગયો હતો.

આથી નૌકા પ્રતિષ્ઠાનપુરના રાજવીની ગણાય... ગોદાવરીના કિનારે રાજના એક સેવકે આ નૌકા જોઈ આથી તે ઝડપથી મહારાજા પાસે આવ્યો અને મસ્તક

નમાવતાં કહ્યું : 'મહારાજ, આપણી નગરીના બંદરને કિનારે એક નૌકા છે તેમાં કોઈ માનવી જણાતું નથી એવું લાગે છે કે નૌકાનો શેઠ મૃત્યુ પામ્યો હશે...'

'હું બંદર પર આવું છું. જાતતપાસ કરીને જ જાણીશું કે શું હકિકત છે ?'

મહારાજા પોતાના મહામંત્રીને લઈને બંદર પર આવ્યા ત્યારે દિવસનો બીજો પ્રહર પૂરો થતો હતો.

મહારાજ, મહામંત્રી અને અન્ય સેવકો બંદર પર આવીને મહારાજે કહ્યું : 'મંત્રીશ્વર, ચાલો નૌકામાં તપાસ કરીએ કે નૌકામાં કઈ કઈ વસ્તુઓ છે ?'

'ચાલો મહારાજ...'

મંત્રીશ્વર અને મહારાજ નૌકા પર ગયા અને કરીયાણાની બધી સામગ્રી હતી જે મૂલ્યવાન હતી. મહારાજને ખાસ જાણવા જેવું મળ્યું નહિ. પછી મહારાજે કહ્યું : 'નગરીમાં સંદેશો મોકલો કે નૌકાનો શેઠ જે હોય તે બે દિવસમાં રાજદરબારમાં હાજર થઈ જાય....'

'ભલે. જેવી આપની આજ્ઞા...' મહામંત્રીએ કહ્યું.

સૌ નૌકા નિહાળીને પાછા ફર્યા. મહામંત્રીએ તે જ દિવસે ઢંઢેરો પીટાવ્યો : 'જે કોઈની બંદરના કિનારે નૌકા હોય તે બે દિવસમાં રાજદરબારમાં આવી જાય....'

બે દિવસ પસાર થઈ ગયા.

કોઈ આવ્યું નહિ આથી મહારાજાએ મંત્રીને કહ્યું: 'મંત્રીશ્વર, ખરેખર, આ નૌકાનો શેઠ મૃત્યુ પામ્યો હોવો જોઈએ.'

'હા....મહારાજ, હવે આ નૌકાની સંપત્તિ આપની જ ગણાય...આપ કહો તો આપણે નગરીના વેપારીઓને બોલાવીએ અને ઊંચે ભાવે વસ્તુઓ લઈ જાય...'

'બરાબર...એમ જ કરીએ...' મહારાજે કહ્યું અને સમગ્ર નગરીમાં આ અંગેનો ઢંઢેરો પીટાવવામાં આવ્યો. નૌકા પર સખ્ત ચોકીપહેરો મૂકવામાં આવ્યો હતો.

આ ઢંઢેરો ધનસાર શેઠે સાંભળ્યો અને મનમાં થયું કે મારા પુત્રોને મોકલું કે તેઓ કેવો વેપાર કરે છે. ! તે દિવસે સંધ્યા બાદ સૌ ભવનમાં આવ્યા ત્યારે ધનસાર શેઠે ચારેય પુત્રોને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું: આપ સર્વ જાણો છો કે નગરીના બંદર પર એક નૌકા આવી છે અને તેનો શેઠ મૃત્યુ પામ્યો છે. તે નૌકાની અંદર કરીયાણું છે જે ઘણું મૂલ્યવાન છે. તમારામાંથી કોણ ત્યાં જશે. મહારાજ તરફથી વેંચાણ થવાનું છે. યોગ્ય ભાવ આપીને સામગ્રી લાવવાની છે...'

મોટા ભાઈએ જોયું કે ધન્નાને સપડાવવાની આ યોગ્ય તક છે. આથી તેણે કહ્યું: 'પિતાજી, ધન્નો વેપારમાં પારંગત છે તો ધન્નાને જ મોકલો એટલે આપણને પણ ખબર પડે કે ધન્નો કેવો વેપાર કરી જાણે છે ?'

'ભલે...' કહી ધનસારે પોતાના સૌથી નાના પુત્ર સામે જોઈને કહ્યું: 'ધન્ના, તું બંદર પર જઈશને ..'

'હા...પિતાજી, આપની આજ્ઞા હોય તો જઈશ જ...!'

'ધન્ના, બંદર પર અજાણી નૌકા આવી છે તેમાં મૂલ્યવાન કરીયાણું ભરેલું છે, જેનું લિલામ થવાનું છે. તો તને યોગ્ય લાગે તે રીતે ખરીદ કરવાનું છે ..'

'ભલે...પિતાજી, આપના આશીર્વાદથી હું આ કાર્ય પાર પાડીશ...' ધન્નાએ કહ્યું.

મોટા ત્રણેય ભાઈઓ મનમાં એકદમ ખુશ થયા. તેમના હૈયા પ્રસન્ન બન્યા અને થયું પણ ખરું કે હવે પિતાજીની પણ આંખ ખુલ્લશે કે, કોણ કેટલું હોશિયાર છે ?

ધનસાર શેઠને તો વિશ્વાસ હતો કે પોતાનો નાનો પુત્ર કાર્યમાં ભારે સફળતા મેળવશે જ.

બીજે દિવસે સવારે સર્વ વેપારીઓ બંદર પર ભેગા થવાના હતા. મહારાજાએ બે મંત્રીને લીલામના કાર્ય અંગે બંદર પર મોકલી દીધા હતા.

ધન્નો પણ પ્રાતઃકાર્ય વિધિ પૂર્ણ કરીને માતા-પિતાને વંદન કરીને તે શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા અર્થે શ્રીસંભવનાથ ભગવંતના જિનાલય તરફ પૂજાના વસ્ત્રો પહેરીને ગયો. તે નિયમિત સેવા–પૂજા–ભાવભરી ભક્તિ કરતો હતો. ધન્ના પર ઘણી વાર ત્રણેય મોટા ભાઈઓ કંઇ ને કંઈ કહેતા છતાં મનમાં કશું લાવતો નહિ. નમ્ર ભાવે સાંભળી લેતો.

શ્રીસંભવનાથ ભગવંતના જિનાલયમાં ભાવભરી પૂજા કરી. ચૈત્યવંદન કર્યું અને તે એક ઘટિકા બાદ પોતાના ભવન પર પહોંચ્યો. ત્યારે ધનસાર શેઠ તેની રાહ જોતા હતા. ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના, એક ઘટિકામાં બંદરે પહોંચવાનું છે. હું તને નાણાં આપીશ. મને વિશ્વાસ છે કે તું આપણને લાભ થાય તે રીતે જ વેપાર કરીશ.'

'પિતાજી, આપના આશીર્વાદ જ મારે મન ઘણું છે.' ધન્નો વસ્ત્રપરિવર્તન કરવા પોતાના ખંડમાં ગયો અને થોડી જ પળોમાં તે પિતાજી પાસે આવ્યો. માતાપિતાને વંદન કરીને તે બંદરે પહોંચ્યો.

નગરીના પ્રતિષ્ઠિત અને અગ્રગણ્ય વેપારીઓ આવ્યા હતા. તેમાં ધન્નો સૌથી નાનો હતો.

એક વેપારીએ કહ્યું : 'ધન્ના, તારા પિતાજી ન આવ્યા અને તને મોકલ્યો...'

'હા...મારા પિતાજીએ આ વખતે મને મોકલ્યો છે.'

'તારા ભાઈઓ આવ્યા હોત તો સારું થાત... તેઓ પણ દેખાયા નહિ...'

'ના...ભાઈઓ આવશે નહિ.' ધન્નો વધુ કંઈ ન બોલ્યો...

અને...!

વેપારીઓ વચ્ચે ચડાચડી શરૂ થઈ...કેસર, કસ્તુરી, બરાસ, કપુર, સુખડ, એ સર્વ સામગ્રી ખપી ગઈ. ધન્નો ન કંઈ બોલ્યો ન કશું લીધું.

કરીયાણું સઘળુ વેચાઈ ગયું એટલે વેપારીઓ ચાલતા થયા. હવે તો નૌકામાં ખારી માટી જેવો ઢગલો રહ્યો હતો કોઈ વેપારીએ આ માટી સામે જોયું નહોતું અને કોઈ વેપારીને આવી માટીમાં રસ નહોતો.

ધન્નાએ વિચાર કર્યો કે : 'આ નૌકાનો શેઠ મોટો વેપારી હતો. અનેક કિંમતી કરિયાણું લાવ્યો હતો. બીજી સામગ્રી લાવ્યો હતો. એ કંઈ ખારી માટીનો ઢગલો કંઈ પરદેશથી ઉપાડી લાવે નહિ. માટે આ વસ્તુ જરૂર કીમતી હોવી જોઇએ.'

આમ વિચારીને ધન્નાએ તે માટીની કસોટી કરી લીધી અને ધન્નાએ આખો ઢગલો નજીવી કિંમતે ખરીદી લીધો અને તે માટી લઈને ઘેર આવ્યો.

અદેખા ભાઈઓ ધન્નાની રાહ જોતા હતા. આજ ધન્નો શું લઈ આવે છે તે જોવું હતું અને ધન્નાને કંઈક સંભળાવવું તેવી ત્રણેય ભાઈઓની ઇચ્છા હતી.

અદેખાઇ એ આપણા મનની નબળાઈ છે; બીજાના સુંદર ગુણો જોઈ શકીએ નહિ ત્યારે આપણા અંતરમાં ઈર્ષ્યાભાવ જાગે અને તેને કેમ લોકોની સમક્ષ ઉતારી પાડવો તેવું થયા કરે છે. ખામીઓ દર્શાવવી વગેરે જણાવવામાં પાછળ રહેતા નથી.

ધન્નો માટીનો ઢગલો લઇને પોતાના વિશાળ ભવનમાં આવ્યો. ભવનના એક ખંડમાં ધનસાર શેઠ અને તેના ત્રણ મોટા પુત્રો બેઠા હતા અને ધન્નાની જ વાતો કરી રહ્યા હતા

ધન્નાએ માટીનો ઢગલો સૌની સામે મૂકી દીધો, ત્યાં મોટો ભાઇ બોલી ઊઠ્યો : 'પિતાજી, આ તમારો ધન્નો ! અતિ સુંદર અને શ્રેષ્ઠ કરીયાણું લઈ આવ્યો છે. તેને વેપાર તો આવો જ આવડતો લાગે છે. હવે કહો જોઉં કે તે વેપારમાં ચતુર છે ?'

બીજો ભાઈ બોલ્યો : 'પિતાજી, આપ દર વખતે તેની બુદ્ધિનાં વખાણ કરતા રહો છો...આજ આપ જાતે જ નિહાળી રહ્યા છો કે કરીયાણું લાવવાને બદલે માટી લઈ ને ચાલ્યો આવ્યો છે....'

ત્રીજો ભાઈ બોલ્યા વગર ન રહ્યો તેણે કહ્યું : 'પિતાજી, અમે આપને પહેલેથી જ કહેતા હતા કે ધન્નામાં બુદ્ધિ જ નથી. નહીંતર આપણે મોકલ્યો હતો કરીયાણું લેવા અને ઉપાડી લાવ્યો માટી...આના કરતાં અમે ગયા હોત તો કંઈક કરીયાણું તો લઇ આવત જે વેચવા તો કામ લાગત...'

ધનસાર શેઠે ત્રણેય પુત્રોને શાંત રહેવા જણાવ્યું અને ધન્ના સામે જોઇને કહ્યું : 'વાહ...ધન્ના...વાહ...તું ધન્યવાદને યોગ્ય છે....'

ત્રણેય ભાઈઓએ કહ્યું : 'પિતાજી, અમે માનતા હતા કે આપ ન્યાય સત્ય રીતે આપશો... છતાં આપની વાતને અમે માનતા નથી. ધન્નો માટી લાવ્યો છે છતાં આપ શાબાશી આપો છો....'

મોટાભાઈએ કહ્યું : 'પિતાજી, ધન્નાએ સોના-મહોરો નાંખીને માર્ગની ધૂળ લઇ આવ્યો...પણ એ ધૂળ ખરીદી લાવે તો પણ આપને એ જ વહાલો લાગવાનો છે.

હવે ધનસાર શેઠથી ન રહેવાયું અને જરા ક્રોધિત થઇને કહ્યું : ' અરે...જરા બુદ્ધિ વાપરો...ધન્નો તો તેજંતુરી લાવ્યો છે. તમે એને ઓળખતાં નથી. એટલે માટી માની લો છો. હવે જુઓ તેજંતુરી શું ઉપયોગમાં આવે છે ? '

આમ કહીને ધનસાર શેઠે ધન્ના પાસે તામ્ર મંગાવ્યું. ધન્નાએ તામ્ર લઈ આવીને પિતાજીને આપ્યું. ધનસાર શેઠે તે તામ્ર પર તેજંતુરી માટી લગાડી અને તે લોહદંડ સૌની દેખતાં સુવર્ણનો થઈ ગયો.

મોટા ત્રણેય ભાઈઓ જોતાં જ રહી ગયા અને કંઈ પણ બોલ્યા વગર બીજા ખંડમાં ચાલ્યા ગયા. ધનસારે ધન્નાને ફરી વાર ધન્યવાદ કહ્યા.

ધન્નાને ત્રણેય ભાભીઓએ પણ આનંદથી નવાજ્યો અને આજના જમણમાં પણ પકવાન બનાવવામાં આવ્યા હતા.

હવે વેપારીઓ પણ ધન્નાની સલાહ લેવા લાગ્યા. ધન્નાને લીધે ધનસાર શેઠની કીર્તિ ચોમેર ફેલાવા લાગી. પ્રતિષ્ઠાનપુર નગરના લોકો ધન્નાની બુદ્ધિનાં વખાણ કરતાં થાકતાં નથી પણ ત્રણ મોટા ભાઈઓ ધન્નાની પ્રશંસા સાંભળી શકતાં નથી.

પ્રતિષ્ઠાનપુર નગરમાં ચંદ્રસેન નામના મુનિ બિરાજમાન હતા. તેઓનું પ્રવચન સાંભળવા નગરના અનેક જૈનો આવતા હતા. ધનસાર શેઠનો પરિવાર પણ મુનિરાજના વ્યાખ્યાનનો લાભ લેવા માટે જાય.

આજ દિવસના પ્રથમ પ્રહર બાદ ચંદ્રસેન મુનિ

તપની આરાધના પર વ્યાખ્યાન આપવાના હતા. એ હેતુસર ધન્નો પણ પોતાના માતાપિતા સાથે વ્યાખ્યાન સાંભળવા અર્થે ગયો હતો.

ચંદ્રસેન મુનિને વંદન કરીને શ્રાવક તથા શ્રાવિકાઓ પોતપોતાના સ્થાને બેઠા. ચંદ્રસેન મુનિએ પોતાનું પ્રવચન મધુર સ્વરે શરૂ કર્યું.

ચંદ્રસેન મુનિએ મધુર શૈલીમાં કહ્યું : 'તપની આરાધના એ માનવી માટે મુક્તિનો માર્ગ દર્શાવે છે. કોઈ તપ કરે એટલે આપણે કરવું એને તપ કર્યું ન કહેવાય. અંતરથી અને શ્રદ્ધાપૂર્વક તપની આરાધના કરે, તપનું મહત્ત્વ સમજે. તપ કરવાથી અંતરમાં આનંદ પ્રગટવો જોઈએ. ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા રાખનારાઓ કદી પાછા પડતાં નથી. તપ કરવાથી મન મજબુત થાય છે. આત્મશ્રદ્ધા વધે છે. મનને કાબુમાં લેવાય છે. તપનું તેજ પ્રગટી ઉઠે છે. આત્મસાધના કરવાનો આ એક માર્ગ છે.'

સૌ શ્રોતા બનીને શાંતિથી ચંદ્રસેન મુનિનું વ્યાખ્યાન સાંભળી રહ્યા હતા. મુનિરાજ ખૂબ જ હળવી ભાષામાં તપનું – મહત્ત્વ તેની આરાધના પર બોલી રહ્યા હતા.

લગભગ એક ઘટિકા પર્યંત મુનિરાજ બોલ્યા અને વ્યાખ્યાન પૂરું કર્યું.

સર્વે લોકો મહારાજને વંદન કરીને વિદાય થવા લાગ્યા. ધન્ના શેઠ પણું પોતાના માતાપિતા સાથે ચાલી નીકળ્યો. ધન્નાએ મુનિ મહારાજની વાત અંતરમાં ઉતારી હતી.

**વિદર્ભના** કલાકાર ચક્રદત્તનો સંગીતનો કાર્યક્રમ રાજગૃહી નગરીના શ્રેણિક મહારાજાના રાજભવનના સભાખંડમાં સુંદર રીતે રજૂ થયો હતો. મહારાજાએ કલાકારનું અભિવાદન કર્યું અને તેને પુરસ્કૃત કર્યો. કલાકાર મહારાજાની કલા પ્રત્યેની ભક્તિ નિહાળીને પગે પડી ગયો ત્યારે શ્રેણિક રાજાએ મધુર સ્વરે કહ્યું: 'કલાકાર, કલા કોઈ દિવસે નમતી નથી તેનું સ્થાન ઉચ્ચ છે.'

'મહારાજ, હું મારી ખુશી વ્યક્ત કરું છું... આપની કલાભક્તિને બિરદાવું છું...' ચક્રદત્તે ઉત્તર આપ્યો.

શ્રેણિક મહારાજાએ કલાકારને પોતાની બાહોંમાં સ્થાન આપ્યું. અને ચાર દિવસ પોતાનો મહેમાન બનાવીને પાંચમે દિવસે કલાકારને વિદાય આપી.

સંગીતકલા માનવીના હૃદયનું ઘડતર કરે છે. કલાની મસ્તીમાં રમતો કલાકાર પોતાનું સાનભાન ગુમાવીને રાગના માધુર્યમાં ખોવાઇ જાય છે. તેને વાસ્તવિક જગતનું

ભાન રહેતું નથી. જેમ કલાકાર કલાની પાછળ વધુ ખોવા-યેલો રહે છે અને કલાસાધના અંતરમનથી કરે છે તો તે સાધના સફળ બને છે. તેવું જ મુક્તિમાર્ગનું છે. જો માનવી સંસાર પાર કરવા માટે તપ, ત્યાગ અને જ્ઞાન મેળવે અને તેમાં તદ્દાકાર બને તો તે અવશ્ય સંસાર સાગર પાર કરી શકે છે.

ગોભદ્ર શેઠ અને ભદ્રાણી શેઠાણી શાલિભદ્રની દેખભાળમાં ખૂબ જ ચોક્કસ રહેતા હતા.

સમયને જતાં વાર લાગતી નથી. શાલીભદ્ર પાંચ વર્ષનો થયો ત્યારે પાઠશાળામાં બેસાડવાનું નક્કી થયું ત્યારે ભદ્રા શેઠાણીએ કહ્યું: 'સ્વામી, આપણો શાલિભદ્ર ખૂબ જ નાજુક છે. તે પાઠશાળામાં જઈ શકશે નહિ.'

'પ્રિયે, આપણે અભ્યાસ માટે તો બેસાડવો પડશે જ...'

'સ્વામી, અહીંયાં જ કોઈ ગુરૂ તેને અભ્યાસ કરાવવા આવે તેવું ગોઠવી દો...સુભદ્રાને માટે પણ ગુરૂ રાખી લઈએ. આપણા બન્ને બાળકો આપણી નજર સામે અભ્યાસ કરે તો વધુ ઉત્તમ છે...'

'પ્રિયે, તારી વાતમાં તથ્ય છે. હું આવતીકાલે મુનિમને આ વાત કરીશ અને બન્નેના અભ્યાસની ગોઠવણ કરાવી લઈશ.'

'પણ એક વાતનું ધ્યાન રાખવું પડશે...'

'કઈ વાતનું, પ્રિયે...?'

'સ્વામી, બન્નેનો અભ્યાસ શરૂ થાય તે પહેલાં શાલિભદ્ર માટે ઉત્તમ તિથિ જોઈ રાખજો.'

'હા....એ વાત મારા ખ્યાલમાં જ છે....' ગોભદ્ર શેઠે કહ્યું.

થોડી વાર મૌન સેવીને ગોભદ્ર શેઠે પોતાની પત્નીને કહ્યું: 'દેવી, શાલિ અત્યારે સૂતો છે?'

'સૂતો હતો પણ હમણાં જ જાગ્રત થયો છે. બોલાવું....?'

'હા....દાસીને કહે કે શાલીભદ્રને અત્રે લઇ આવે....' ગોભદ્ર શેઠે કહ્યું.

ભદ્રાએ એક દાસીને બોલાવીને શાલિભદ્રને લઈ આવવાની સૂચના આપી.

થોડી વારમાં શાલિભદ્રને લઈને એક દાસી આવી પહોંચી. ગોભદ્ર શેઠે શાલિભદ્રને પોતાના ખોળામાં બેસાડ્યો અને કહ્યું: 'શાલિ, તું શું કરે છે....?'

'પિતાજી, હું હમણાં જ જાગૃત થયો અને રમતો હતો....'

'સારૂં...સારૂં....તારે હવે અભ્યાસ કરવો છે ને?'

'અભ્યાસ એટલે શું?' શાલિભદ્રે ઉત્સુકતાથી પૂછ્યું.

'શાલિ, અભ્યાસ એટલે આપણામાં જ્ઞાન આવે...

બુદ્ધિ ખીલે અને દરેક શાસ્ત્રોમાં પારંગત થવા માટે જ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ.'

'ભલે....હું અભ્યાસ કરીશ....' શાલિભદ્રે કહ્યું. આમ કહીને શાલિભદ્ર રમવા ચાલ્યો ગયો.

અને ઉત્તમ દિવસે શાલિભદ્ર માટે અને સુભદ્રા માટે ગુરુની વ્યવસ્થા કરાવવામાં આવી. બન્નેને ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, સંગીત, શિલ્પ અને અન્ય શાસ્ત્રોનો અભ્યાસ કરાવવાની વ્યવસ્થા થઇ.

'શ્રેણિક મહારાજાના રાજ્યમાં પાઠશાળાઓ અનેક જગ્યાએ રચવામાં આવી હતી. શાસ્ત્રોક્ત અભ્યાસની સંપૂર્ણપણે વ્યવસ્થા થતી અને પાઠશાળાનો નિભાવખર્ચ રાજ્ય ભોગવતી હતી. પાઠશાળામાં દરેક પ્રકારના શાસ્ત્રો શીખવવામાં આવતા હતા. રાજ્યસંચાલન, નીતિશાસ્ત્ર યુદ્ધ શાસ્ત્ર–સંચાલન વગેરે શીખવવામાં આવતાં.

એક દિવસ ગોભદ્ર શેઠે પોતાની પત્નીને કહ્યું : 'પ્રિયે, આપણે અહીંથી પાંચ કોશ દૂર આવેલા શ્રી આદિશ્વર ભગવંતનું પ્રાચીન મંદિર છે ત્યાં દર્શનાર્થે જઈએ...સાથે આપણે બન્ને બાળકોને લઈ જઈશું.'

'સ્વામી, હું આપને આ અંગે એક–બે દિવસમાં જ કહેવાની હતી કારણકે ઘણો સમય થયો આપણે ત્યાં દર્શન અને સેવાપૂજા કરી નથી...' ભદ્રાશેઠાણીએ કહ્યું.

'તો બે દિવસ બાદ નીકળીએ તે દરમ્યાન આપણે તૈયારી પણ કરવી પડશે....'

'હા....જરા દૂરનો પ્રવાસ છે એટલે બધી વ્યવસ્થા કરવી જ પડશે.'

'મુનિમજીને પ્રવાસ અંગે જણાવી દઈશ. આથી તેઓ તુરત જ સઘળી ગોઠવણ કરવા માંડે....'

'ભલે...મુનિમજી તો આપણી સાથે આવશેને ?'

'હા...તેઓ સાથે જ રહેશે...' ગોભદ્ર શેઠે કહ્યું.

ગોભદ્ર શેઠે તે જ દિવસે મુનિમને બોલાવીને કહ્યું : 'મુનિમજી, આપણે અહીંથી પાંચ કોસ દૂર આવેલ શ્રી આદિશ્વર પ્રભુના દર્શનાર્થે જવું છે તો તે અંગેની તૈયારી કરવાની છે.'

'શેઠજી. આપણે ક્યારે નીકળવું છે ?'

'બે દિવસ પછી...ત્યાં સુધીમાં પ્રવાસની તૈયારી પણ થઇ જશે.'

'હા...હું આજથી પ્રવાસની તૈયારી માટેની જોઈતી સામગ્રીઓ એકઠી કરવા લાગીશ.'

'આપે પણ અમારી સાથે રહેવાનું છે.'

'જી...' મુનિમે ટૂંકમાં ઉત્તર આપ્યો.

'મુનિમજી, આ પ્રવાસ માટે દશ રક્ષકોની પણ વ્યવસ્થા કરશો જેથી માર્ગમાં કશી તકલીફ ઊભી ન થાય...'

'ભલે....શેઠજી, આપ કશી ચિંતા કરશો નહિ...'

મુનિમજી અન્ય વિગતો મેળવીને વિદાય થયા.

અને બે દિવસ પછી ગોભદ્ર શેઠ, ભદ્રા શેઠાણી, સુભદ્રા અને શાલિભદ્ર શ્રી. આદિશ્વર ભગવંતના દર્શનાર્થે પોતાના રસાલા સાથે નીકળી ગયા.

પાંચકોસનો માર્ગ હતો. આથી માર્ગમાં કશી મુશ્કેલી ન પડે તેવી ગોઠવણ મુનિમજીએ કરી હતી. એક પાકશાસ્ત્રી સાથે રાખ્યો હતો અને ચાર દાસીઓ હતી. ત્રણ સેવકો હતા. મુનિમજી પોતે હતા અને દશ રક્ષકો હતા. જે અશ્વારોહી હતા. બીજા સર્વ રથોમાં હતા. માર્ગમાં એક સ્થળે વિરામ કરવાનું નક્કી કર્યું હતું. માર્ગમાં એક જગ્યાએ નદી કિનારા પાસે વિશ્રામ લેવા માટે સર્વ લોકો રોકાયા વૃક્ષની નીચે પાથરણુ પાથર્યું અને શેઠ–શેઠાણી અને તેના બંને પુત્રો વિશ્રામ અર્થે બેઠા. સાથે લાવેલા ભાતાના ડબરામાંથી ભાતુ વાપર્યું પાકશાસ્ત્રીએ અન્ય માટે રસોઈ બનાવી. સૌ જમી પરવારીને આગળ વધ્યા. સંધ્યા પહેલાં નિયત સ્થળે પહોંચી જવાનું હતું.

માર્ગમાં કશી મુશ્કેલી પડેલ નહિ. ગોભદ્ર શેઠનો રસાલો સંધ્યા પહેલાં શ્રી આદિશ્વર ભગવંતના મંદિર પાસેની નાની પલ્લીમાં પહોંચી ગયો. ત્યાં એક જૈન પરિવારનો વસવાટ હતો તેમણે શેઠનું સ્વાગત કર્યું અને સર્વેને રાતવાસા માટેની સગવડતા કરી આપી.

બીજે દિવસે સૌ પ્રાતઃકાર્યથી નિવૃત્ત થયા. ગોભદ્ર શેઠ. ભદ્રા શેઠાણી અને બન્ને બાળકો પૂજાના વસ્ત્રો પહેરીને શ્રી આદિશ્વર ભગવંતની પૂજા અર્થે ચાલતા ચાલતા વિદાય થયા. પક્ષીઓનો મધુર કલરવ વાતાવરણને મધુર બનાવી રહ્યું હતું. સમીરની માફક લહેરો વહી રહી હતી. સૂર્યના તેજસ્વી કિરણો ધરતીને ભીંજવી રહ્યા હતા. આજુબાજુ વૃક્ષોની હારમાળા હતી.

શ્રી. આદિશ્વર ભગવંતનું જિનાલય પ્રાચીન હતું છતાં ઘણું કલાત્મક અને ભવ્ય હતું. દર્શનાર્થીઓને આ પ્રાચીન તીર્થ મનપ્રિય હતું. અનેક દર્શનાર્થીઓ અત્રે આવતાં અને સેવાપૂજાનો લાભ લેતા. જિનાલયમાં શ્રી-આદિશ્વર જિનેશ્વર ભગવંતની પ્રતિમાજી ભવ્ય અને તેજોમય હતી. પ્રતિમા જોઈને વૈરાગના ભાવ જાગે તેવી ભાવભરી પ્રતિમાજી હતા.

જિનાલયના પૂજારીએ ગોભદ્ર શેઠ અને તેના પરિવારને આવકાર આપ્યો અને કહ્યું : ' આવો શેઠજી, આપ અત્રે ઘણાં વખતે આવ્યા છો....! '

' હા...અહીં આવવાની ભાવના ઘણા સમયથી જાગૃત થઈ હતી પરંતુ સંજોગો અનુસાર આવી શકાતું નહોતું...'

પૂજારીએ શેઠના હાથે પ્રક્ષાળ કરાવ્યો...બરાસપૂજા કેસર પૂજાનો લાભ પણ ગોભ દ્રશેઠના પરિવારને જ

મળ્યો. સર્વે એ શાંતિથી પૂજા કરી. ત્યારબાદ આરતી ઉતારી ધૂપ કર્યો.

ગોભદ્રશેઠે ભદ્રાશેઠાણી અને બંને બાળકોએ ચૈત્યવંદન કર્યું. ત્યાર બાદ ભદ્રાશેઠાણીએ ભાવભર્યા સ્વરે શ્રી. આદિશ્વર ભગવંતનું સ્તવન ગાયું...ગોભદ્ર-શેઠે જિનાલયની પેઢીમાં એક હજાર સોનામહોર આપી.

સૌ જિનાલયની બહાર આવ્યા અને બહાર રથ તૈયાર હતો. રથમાં બેસીને સૌ ઉતારે આવ્યા.

મુનિમજીએ કહ્યું: 'શેઠજી, ભોજન માટેની તૈયારીઓ થઈ રહી છે...'

'મુનિમ, ભોજન ઘણું સાદું અને સાત્વિક બનાવવાનું કહેજો...'

'શેઠજી, આપની સૂચના અનુસાર સાદું અને સાત્વિક ભોજનની વ્યવસ્થા થઈ છે...આપને મળવા આ ગામના મુખી આવ્યા હતા.'

'તેઓ ક્યારે પધાર્યા હતા...?'

'તેઓ થોડી વાર પહેલાં જ અહીંથી વિદાય થયા. લગભગ એક ઘટિકા બાદ આવશે...'

ગોભદ્ર શેઠે પચ્ચખાણ પાળીને દંતધાવન કર્યું. ભદ્રા શેઠાણી અને બાળકોએ પણ પચ્ચખાણ પાળીને દંતધાવન કર્યું.

ત્યારબાદ સૌએ દુગ્ધાનુપાન કર્યું. ગોભદ્ર શેઠે મુખવાસ ધારણ કર્યો અને જરા આડે પડખે થયા ત્યાં અર્ધઘટિકામાં જ ગામના મુખીએ શેઠ આગળ પ્રવેશ કર્યો.

ગોભદ્ર શેઠે સ્વાગત કર્યું અને બેસવાનું કહ્યું. બેઠક ગ્રહણ કરતાં કહ્યું : 'શેઠજી, આપ અમારા ગામમાં આવો છો અને અમને મહેમાનગતિનો લાભ આપતાં નથી...'

'મુખી, અમે તો શ્રી. આદિશ્વર ભગવંતના દર્શનાર્થે આવીએ છીએ...અંતરમાં ભક્તિની ભાવના રહેલી હોય છે અને આપને પરેશાન કરવા એ મને યોગ્ય લાગતું નથી. અહીં અમને કોઈ પ્રકારની મુશ્કેલી પડતી નથી...'

'શેઠજી, તો આજ અમારે ત્યાં ભોજન માટે પધારો.'

'નહિ.. ભોજન તો અહીં તૈયાર થઈ રહ્યું છે. આપ જ એમ કરો અહીં અમારી સાથે જ ભોજન કરવાનું રાખો...' ગોભદ્ર શેઠે કહ્યું.

'શેઠજી, આપ અમારા મહેમાન કહેવાવ, અને હું આપની પાસે મહેમાન થઈને આવું તે કેવું વિચિત્ર લાગે ?'

'અરે...એ બધું...છોડો...આજ અમારી સાથે જ ભોજન લેજો...'

ન છૂટકે મુખીએ ભોજન માટે શેઠને હા પાડી... દિવસના બીજા પ્રહર બાદ સૌ ભોજન અર્થે બેસી ગયા..

મુખી પણ આવી ગયો હતો. ભોજન ઘણું સાદું અને સાત્વિક હતું. મુનિમજીએ ભોજન પીરસવાની જવાબદારી લીધી હતી. સૌ ભોજન કરીને ઊભા થયા. મુખી થોડી વાર શેઠ પાસે બેસીને વિદાય થયો.

મુનિમજી અને અન્ય શેઠજી પછી ભોજન અર્થે બેસી ગયા.

સંધ્યા સમયે વાળુ કરવાની ગોભદ્ર શેઠને ઇચ્છા હતી નહિ. ભદ્રા શેઠાણીએ પણ અનિચ્છા દર્શાવી. બન્ને બાળકો થોડું થોડું લેશે...આથી સાંજનું વાળુ અન્ય માટે બનાવવામાં આવ્યું.

બીજે દિવસે તો નીકળી જવાનું હતું...આથી વાળું કર્યા બાદ સૌ આવતી કાલની પ્રવાસની તૈયારીમાં પડ્યાં.

અને બીજે દિવસે સૌ વહેલા દિવસના પ્રથમ પ્રહરની પ્રથમ ઘટિકાએ જ વિદાય થયા. મુખી અને અન્ય ગ્રામજનો વિદાય આપવા આવ્યા હતા. શેઠે મુખીને ગામના કલ્યાણ અર્થે એક હજાર સોનામહોર આપી. મુખીએ આભાર વ્યક્ત કર્યો.

ત્યારબાદ સૌ રાજગૃહીના માર્ગે વિદાય થયા. રાજગૃહી રાત્રિના પ્રથમ પ્રહર બાદ આવી ગયા. માર્ગમાં કશી અડચણ પડી નહોતી. પ્રવાસ સુખરૂપ નીવડ્યો હતો.

શેઠનો પરિવાર ભવન પર આવીને જરા સ્વસ્થ

થઈ ને વિશ્રામ અર્થે શૈયામાં પડ્યા. પ્રવાસનો શ્રમ લાગેલ હોવાથી સૌ તરત જ નિદ્રાધીન થઇ ગયા.

મુનિમજી બધી વ્યવસ્થા કરીને પોતાના રહેઠાણ પર વિદાય થયા.

બીજે દિવસે ગોભદ્ર શેઠ નિયત સમયે જાગૃત થઈ ને પ્રાતઃકાર્ય વિધિ આટોપવા લાગ્યા. ભદ્રા શેઠાણી પણ જાગૃત થઈ ગયા હતા. બન્ને શેઠ-શેઠાણી અને બાળકો સેવાપૂજા અર્થે ગયા.

આમ દિવસો પસાર થવા લાગ્યા. શાલિભદ્ર અતિ કોમળ હોવાથી ભવન બહાર પગ મૂકતો નથી. તેને માટે સેવાપૂજા અર્થે ભવનમાં જ એક ખંડમાં પ્રતિમાજી મૂકવામાં આવ્યા અને શાલિભદ્ર નિયમિત સેવાપૂજા કરવા લાગ્યો.

ગોભદ્ર શેઠ અને ભદ્રા શેઠાણી એક વખત આરામથી હિંડોળે બેઠા હતા. ગોભદ્ર શેઠે કહ્યું : 'પ્રિયે, આપણો શાલિભદ્ર સાત વર્ષનો થયો છે. છેલ્લા બે વર્ષથી ભવન બહાર નીકળતો નથી. તે અતિ કોમળ હોવાથી તે બહારનું વાતાવરણ સહી શકતો નથી.'

'હા...સ્વામી, શાલિભદ્ર હવે ભવન બહાર પગ નહિ મૂકે...તે બહારના વાતાવરણને સહી શકતો નથી.' ભદ્રાએ કહ્યું.

'પ્રિયે, આવતી કાલે તારે તપસ્વી મુનિનું વ્યાખ્યાન સાંભળવા આવવું છે ?' ગોભદ્રશેઠે કહ્યું.

'હા...સ્વામી, હું આપની સાથે જ આવીશ.' ભદ્રાએ કહ્યું.

'આવતી કાલે મહારાજ, ધર્મ એ જીવનનું અંગ છે, એના પર એક પ્રસંગકથા કહેવાના છે જે ઘણી રસદાયક હશે...'

'સ્વામી, તેમની વાણીમાં જ મધુરતા છે....' ભદ્રાએ કહ્યું.

બીજે દિવસે ભદ્રા શેઠાણી અને ગોભદ્ર શેઠ વ્યાખ્યાન સાંભળવા અર્થે ઉપાશ્રયે ગયા. નગરીના અનેક જૈન પરિવારો આવ્યા હતા.

મુનિમહારાજે કહ્યું : 'જીવનમાં જે કોઈ માનવી ધર્મ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા રાખે છે તેને કશી આંચ આવતી નથી. ધર્માચરણ કરવું એ એક જીવનનું મંગલ કર્તવ્ય છે. એવા ઘણાય કિસ્સાઓ છે કે જેમાં ધર્મના પ્રતાપે અનેકનાં જીવન બદલાઇ ગયાં હોય...અને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હોય. ધર્મ એ જીવનનું અમૃત છે. તેમાંય જૈન ધર્મ ઘણો જ શ્રેષ્ઠ અને જ્ઞાનમય છે.

અને જે માનવી ધર્મ પ્રત્યે શ્રદ્ધા ધરાવતો નથી તે ભવોભવ સુધી ભવસાગરમાં અથડાયા કરે છે. તેને કોઈ મુક્તિનો માર્ગ જડતો નથી. અને તે જીવવા પણ કરી શકતો નથી. તેનો આત્મા ઈર્ષ્યાની આગ, વેરના અગ્નિ વગેરે તત્ત્વોમાં રચ્યોપચ્યો રહે છે.

જેનો આત્મા ધર્મમાં થોડેઘણે અંશે પણ શ્રદ્ધા રાખે તો પણ તે સુખનો સ્વામી બને છે.

ચંદ્રાવતી નગરી...ખૂબ જ વિશાળ અને સમૃદ્ધ, ત્યાંની પ્રજા પણ ખૂબ જ સમૃદ્ધ હતી. લોકો શાંતિ અને ન્યાયપ્રિયતાથી રંગાયેલા હતા. આ નગરીમાં ભગવાન નટેશ્વર અને બીજા બે-ત્રણ મોટા મંદિરો આવેલા હતા. જે કલાત્મક હતા.

તીર્થંકર શ્રી. અજીતનાથ પ્રભુનું એક ભવ્ય જિનાલય બરોબર નગરીની વચ્ચે આવેલું હતું. આરસ પત્થરોથી જડેલું એ જિનાલય સૂર્યોદયના સોનેરી પ્રકાશમાં ખૂબ જ દીપી ઉઠતું હતું. તેના એક-એક પથ્થરો ભૂતકાળની યાદ તાજી કરાવતા હતા. તેમાંય શ્રી. અજીતનાથ પ્રભુની પ્રતિમાજી તો ખૂબ જ અદ્‌ભૂત અને આકર્ષક હતી. તે પ્રતિમા તરફ નજર કરીએ ત્યારે આપણું મસ્તક નમી પડે...આંખો તરફ દષ્ટિ કરીએ તો એમજ લાગે કે યુગોના યુગો જોયા જ કરીએ....મુખ પર મુક્તિના ભાવ જગાડયા વગર રહેતા નહોતા.

દરરોજ પ્રાતઃકાળ પછી રાજ્યનો મંત્રી બુદ્ધિસાગર નિયમિત સેવાપૂજા અર્થે આવતો અને તીર્થંકર શ્રી. અજીતનાથ પ્રભુની સ્તુતિ, સ્તવન વગેરે ભાવભર્યા સ્વરે ગાતો.

જયારે રાજ્યના મહામંત્રી બુદ્ધિસાગર સ્તવન, સ્તુતિ ગાતો ત્યારે જિનાલયમાં શ્રાવક અને શ્રાવિકાઓ એકધ્યાને મંત્રીશ્વરના મધુર અવાજે ગવાતાં સ્તવનનો લાભ લેતાં.

સંગીત પણ એક એવી કલા છે કે જે માનવીને રસ-તરબોળ કરી મૂકે છે. મુક્તિના ભાવ પણ પ્રગટ થાય છે. જો મુક્તિના કે ત્યાગના સ્વરો પ્રાપ્ત કરે તો માનવી ભવસાગર પાર કરી શકે છે,

મહામંત્રી બુદ્ધિસાગરનું માન પ્રજામાં ખૂબ જ હતું. લોકો મહામંત્રી પ્રત્યે પૂજ્ય ભાવથી જોતાં. મહામંત્રીનો સ્વભાવ શાંત, સદાચારી અને પ્રેમાળ હતો. તે જિનેશ્વર ભગવંતનો આરાધક હતો. ન્યાય, નીતિધર્મને અગ્ર માનતો.

ચંદ્રાવતી નગરીનો રાજવી ઉગ્રસેન નામ પ્રમાણે જ ગુણ ધરાવતો હતો. તે હંમેશા પોતાના સ્વભાવ પ્રમાણે ઉગ્ર, ક્રોધી અને અધાર્મિક હતો. તેને ધર્મ પ્રત્યે જરા પણ શ્રદ્ધા નહોતી. પરંતુ કંઈક દ્વેષભાવ સેવતો હતો.

આથી રાજ્યના મહામંત્રી ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા દાખવી રહ્યા હતા તે તેમને બિલકુલ પસંદ પડતું નહોતું. છતાં મહામંત્રી બુદ્ધિસાગર રાજ્યના દરેક કાર્યમાં પોતાની જવાબદારી સમજીને તયાર રહેતા. આથી ઉગ્ર-સેનને ઠપકો આપવાનો મોકો મળતો નહિ. આથી તે મહામંત્રીને ઠપકો આપવા માટે તકની રાહ જોતા હતા.

જે વ્યકિત ધર્મ આચરી શકતો નથી. તો શા માટે બીજાની કે જે ધર્મની નિયમિત ભક્તિ કરતો હોય છે તેના પ્રત્યે દ્વેષભાવ રાખે છે? આવા વિચારો ધરાવનાર માનવી કયારે મુક્તિનો યાત્રી બનશે?

સમય ચાલ્યો જાય છે.

રાજા ઉગ્રસેન મંત્રીને ગુન્હામાં લાવવા માટે ઘણા પ્રયત્ન કરે છે અને એક વાર ચૌદશની તિથિ આવી ત્યારે બુદ્ધિસાગર મંત્રીએ પોષધશાળામાં જઈને ગુરૂ પાસે જઈને પૌષધવ્રત લીધું અને તે પોતાનો સમય ધર્મ-ધ્યાનમાં ગાળવા લાગ્યો.

આ તરફ દરબારમાં મહામંત્રીની જરૂર પડી. પરંતુ મહામંત્રી તો પૌષધવ્રત લઈને બેઠા હતા. આથી ઉગ્રસેને મંત્રીને બોલાવવા માટે તેમના ભવન પર સેવકોને મોકલ્યા. મંત્રીના ભવન પર આવ્યા ત્યારે ઉત્તર મળ્યો કે મંત્રી તો ગુરૂદેવ પાસે પૌષધમાં છે...

આથી સેવકો મંત્રી પાસે પહોંચ્યા અને વાત કરી : 'રાજાજી, આપને અત્યારે જ સંભારી રહ્યા છે...માટે આપ ચાલો....'

સામાન્ય માનવી રાજાની આજ્ઞાને ઉથાપતા નથી. તે રાજાની આજ્ઞાનું પાલન કરવામાં હિત સમજતાં હોય છે. પરંતુ મહામંત્રી આવા વિચારો ધરાવતો નહોતો. તેનું હૃદય ધર્મના રંગે બરાબર રંગાયેલું હતું એટલે ધર્મ અગ્રસ્થાને છે. તેણે તો સેવકોને જણાવી દીધું : 'આજ હું આવી શકું તેમ નથી...આજ મારે પૌષધ-વ્રત છે...'

આ સંદેશો સેવકોએ રાજા ઉગ્રસેનને આપ્યો. રાજા ઉગ્રસેન ઉગ્ર થયો...આંખો લાલઘુમ થઈ ગઇ. અને મનમાં થયું કે મારા હુકમનો અનાદર રાજયનો મહામંત્રી કરે....

તે પોતાનું ગુજરાન મારા થકી કરે છે અને સેવા ધર્મની કરે છે. હવે મારે કંઇક કરવું પડશે...'

આમ થોડીવાર વિચારીને રાજા ઉગ્રસેને પોતાના ખાસ અંગરક્ષકને પોતાની પાસે બોલાવ્યો અને મંત્રીને કહેવડાવ્યું કે : 'રાજદરબારમાં આવો અથવા મંત્રી-મુદ્રા પાછી મોકલી આપો...'

મહારાજનો અંગરક્ષક મહામંત્રી પાસે આવ્યો અને રાજાનો સંદેશો જણાવ્યો. મંત્રી માટે આ પળ આકરી હતી. એક તરફ પૌષધવ્રત હતું ત્યારે બીજી તરફ રાજાજ્ઞા હતી. જો તે મંત્રીપદ છોડી દે તો તેની આજીવિકા અને આબરૂનું લિલામ થઈ જાય....છતાં તેઓએ સ્વાર્થનો કોઈ વિચાર કર્યા વગર નક્કી કરી નાખ્યું. મંત્રી બુદ્ધિ-સાગરે જરા પણ ગભરાટ અનુભવ્યા વગર મંત્રીમુદ્રા અંગરક્ષકના હાથમાં મૂકી...

મંત્રી બુદ્ધિસાગરે રાજાના આ પ્રકારના વર્તન સામે મંત્રીપદ છોડી દીધું પણ પૌષધ ન છોડ્યો. ધર્મ ન છોડ્યો. ધર્મ પ્રત્યેની કેવી અડગ શ્રદ્ધા તેમના અંતરમાં પડી હતી...!

મંત્રીશ્વરની વાતો ગુરૂદેવ સાંભળી રહ્યા હતા તેમણે પરીક્ષા લેવા ખાતર પૂછ્યું : 'હે ભદ્ર, તમે આ શું કર્યું ?'

ત્યારે મહામંત્રીએ કહ્યું : 'ગુરૂદેવ, મંત્રીમુદ્રા ગઈ તે મારે મન ભારે ઉપાધિયુક્ત હતી તે ગઈ...તે જ્યારે

મારા હસ્તમાં રહેતી ત્યારે ધર્મધ્યાનમાં કંટકરૂપ હતી. હવે તો નિરાંતે ધર્મધ્યાન સેવા કરી શકીશ....આજ હું ખૂબ જ આનંદિત થયો છું...મહારાજાએ મને આ જવાબદારીમાંથી સામે ચાલીને મુક્ત કર્યો.'

ગુરૂદેવ મંત્રીની ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા નિહાળીને આનંદિત થયા અને ધર્મલાભ આપ્યા.

માનવીના જીવનમાં ધર્મનો અનુરાગ લાગવા માંડે છે ત્યારે તેના પર આવતી કોઈ પણ કસોટીનો સામનો કરવામાં તે પાછી પાની કરતો નથી.

પેલી તરફ રાજાનો અંગરક્ષક તો મંત્રીમુદ્રા જોઈ ને ખૂબ જ હર્ષ પામ્યો. તેના અંતરમાં લોભનો કીડો જાગ્રત થયો. તેણે વિચાર કર્યો કે રાજાની મારા પર વિશેષ લાગણી છે આથી મંત્રીપદ મને જ મળશે...આ મંત્રીમુદ્રા હમણાં જ રાજાને આપું કે પાછળથી આપું એમાં કશો ફરક પડવાનો નથી...આ મુદ્રા પહેરીને મંત્રીપદનો અનેરો આનંદ માણી લઉં...

આમ વિચારીને મહારાજાને પૂછ્યા વગર અંગરક્ષકે મંત્રીમુદ્રા પોતાની અંગુલીમાં ધારણ કરી અને તે મંત્રી થયો છે તે બતાવવા માટે નગરીની મુખ્ય બજાર તરફ ગયો. તેના ચહેરા પર હર્ષની રેખા હતી.

ત્યાં પ્રથમ પકવાનની હાટડી આવી. તે તો મંત્રીને જોઈને ખુશ થઈ ગયો. અંગરક્ષકે મંત્રીમુદ્રા બતાવી તો દુકાનદારે પકવાન ખવડાવ્યા અને આનંદિત થયો કે પોતાને ત્યાં ખુદ મંત્રી પધાર્યા છે.

અંગરક્ષકે તેને કહ્યું: 'તારે જો કંઇ ફરિયાદ હોય તો આવતીકાલે બીજા પ્રહર બાદ મારી પાસે આવજે હું નિકાલ લાવી દઈશ.'

'ભલે....મંત્રીશ્વર...' આમ કહીને તે નમી પડ્યો. આમ અંગરક્ષક પાંચ–છ નાની મોટી પેઢી પર ગયો. સર્વેએ નવા મંત્રીશ્વરને આવકાર આપ્યો.

અંગરક્ષકના હૈયામાં ઉમંગ માતો નથી.

હવે આ બાજુ એવું બને છે કે રાજ્યના કેટલાક સામે તો પોતાની મરજી મુજબ રાજયની અંદર વર્તવાની ભાવનાવાળા હતા. પરંતુ મહામંત્રી બુદ્ધિસાગરની ન્યાય-નિષ્ઠતાને કારણે તે લોકોની વાત મહારાજ સુધી પહોંચતી નહોતી. આ અંગે મંત્રીએ કડક વ્યવસ્થા કરી હતી. એટલે તેઓએ મંત્રીનું કાસળ કાઢવા મારાઓને ઉઘાડી તલવારે મોકલ્યા.

ચારેય મારાઓ નગરીની મુખ્ય બજારમાં આવ્યા ત્યાં સામે જ પેલા પકવાનવાળા પાસે જઈને પૂછ્યું: 'અહીંના રાજાના મંત્રી કઈ તરફ રહે છે? આપ બતાવી શકશો?'

'પેલા સીધે સીધા માર્ગે ચાલ્યા જાય છે તે મંત્રી છે.' પછી મારાઓએ બીજી હાટડીએ પૂછ્યું ત્યારે સૌએ પેલા અંગરક્ષકને મંત્રી તરીકે બતાવ્યો. આથી મારાઓને ખાત્રી થઈ કે 'પેલો જે જાય છે તે જ અહીંના રાજાનો મંત્રી છે....'

એટલે ચારેય મારાઓ તેની પાછળ ગયા. લોકો

સમજ્યા કે આ ચારેય મંત્રીના અંગરક્ષકો હશે. તેથી તેઓ પણ આ ચારેયની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

હવે એક આડા માર્ગે અંગરક્ષક વળ્યો તો મારાઓ તેના પર તૂટી પડ્યા અને અંગરક્ષક મૃત્યુને શરણ થઈ ગયો.

ચારેય મારાઓ નાસી ગયા.

ત્યાં તો સૈનિકો આવ્યા અને બધી બાબતોની પૂછપરછ થઈ...લોકોમાં વાત વહેતી થઈ કે 'મંત્રી મરાયો...મંત્રી મરાયો....'

આ તરફ રાજા વિચાર કરે છે કે હજી સુધી મેં મોકલેલો અંગરક્ષક પાછો કેમ નથી ફર્યો? શું મંત્રીએ તેને દાદ નહિ આપી હોય?

ત્યાં જ રાજાને સઘળી હકિકત જાણવા મળે છે ત્યારે રાજા ઉગ્રસેન મહામંત્રી બુદ્ધિસાગરના ચરણમાં નમે છે અને ક્ષમાયાચના કરે છે.

રાજા ઉગ્રસેનને ત્યારબાદને ધર્મ પ્રત્યે પૂરો રંગ લાગી ગયો હતો. રાજા જિનાલયમાં પૂજા માટે નિયમિત જવા લાગ્યો.

ધર્મ એ એક જીવનનું અંગ છે તે કદી પણ ભુલવું ન જોઈએ...!'

મુનિરાજે પોતાનું વ્યાખ્યાન પૂરું કર્યું અને સૌએ વિદાય લીધી.

ગોભદ્ર શેઠ અને ભદ્રા શેઠાણી પોતાના ભવન પર આવ્યા...!

## ૫ : : મધુવંતી

**પ્રતિષ્ઠાનપુરના** વેપારીઓ ધન્નાની બુદ્ધિનાં વખાણ કરતાં થાકતાં નહિ અને ઘણીવાર વેપારીઓ ધન્ના પાસે સલાહ લેવા પણ આવતાં.

પરંતુ ધન્નાના મોટા ત્રણેય ભાઈઓ ઈર્ષ્યા દાવાનળમાં સળગી રહ્યા છે એ વાત ધનસાર શેઠથી ગુપ્ત નહોતી. ધન્નો જાણતો હતો કે ત્રણેય મોટા ભાઈઓને મારા પર સ્નેહ કે સન્માન નથી. પણ તે આ વાત મન પર લાવતો નહિ. એક કુટુંબમાં જન્મ્યા એટલે સૌનો સ્નેહ સંપાદન થાય તેવું નથી. આ પ્રમાણે વિચારીને ધન્નો સંતોષ માનતો.

ધન્નો ઘણી વાર એવો વેપાર કરતો કે તેમાં અણુધારી સફળતા મળતી...માબાપ તથા ભાઈઓ ખૂબ જ આશ્ચર્ય પામતાં અને વિચારતા કે શું ધન્નો આટલો બુદ્ધિશાળી હશે કે તેનું ભાગ્ય પ્રબળ હશે?

ઘણીવાર ધન્નો જાણી જોઈને અવળા પાસા નાંખતો તો તે પણ સવળા થઈ જતાં. એમાં ધન્નાની દીર્ઘદૃષ્ટિ હશે કે ભાગ્યદેવીનો સાથ, કંઈ સમજાતું નહોતું.

એક દિવસની વાત છે.

દિવસના પ્રથમ પ્રહર પછી ધનસાર શેઠ પોતાના ખંડમાં બેઠા હતા. તેઓએ હમણાં જ દુગ્ધાનુપાન કર્યું હતું. તેણે એક સેવકને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું : 'ચારેય ભાઇઓને મારી પાસે મોકલ...'

સેવક નમન કરીને ચારેય નાના શેઠને બોલાવવા ગયો. થોડી જ વારમાં ચારેય ભાઈઓ ધનસાર શેઠ પાસે આવ્યા અને નમન કર્યું.

મોટા ભાઈએ કહ્યું : 'પિતાજી, આપે અમને યાદ કર્યા ?'

'હા...આપે દુગ્ધાનુપાન કર્યું ?'

'હા...' બીજા ભાઇએ કહ્યું.

'ધન્ના, તેં દુગ્ધાનુપાન કર્યું કે ?'

'હા....પિતાજી, મેં આહાર સાથે દુગ્ધ લીધું છે...' ધન્નાએ કહ્યું.

'આજ હું તમને ચારેયને બત્રીસ-બત્રીસ સોનૈયા આપીશ...જેનામાં જેટલું બુદ્ધિકૌશલ્ય હોય તેટલું અજમાવી જુઓ...'

ચારે ય ભાઈઓએ પિતાજી પાસેથી બત્રીસ બત્રીસ સોનામહોરો લીધી. અને નમન કર્યા.

મોટા ત્રણેય ભાઈઓ બજારમાં ગયા અને ગર્વ સાથે વેપાર કર્યો પણ મૂળ રકમ ખોઈને ખિન્ન મને ભવન પર પાછા આવ્યા.

ધન્નો બજારમાં ગયો. તેણે પોતાની સાથે બત્રીસ સોનૈયા રાખી હતી. તેના મનમાં એવો વિચાર સ્ફુર્યો કે જે વણિક પુત્રને પણ ન શોભે. ધન્નાએ એક સુંદર મજાનો બળવાન ઘેટો ખરીદ કર્યો.

હવે બન્યું એવું કે એ જ વખતે સામેથી રાજકુમાર ચાલ્યો આવે...રાજકુમારને ઘેટા લડાવવાનો ભારે શોખ... તેણે નજીક આવીને ધન્નાને કહ્યું : 'કેમ તારા ઘેટાને મારા ઘેટા સાથે લડાવવો છે ?'

રાજકુમારનો એક સેવક ઘેટાને લઈને ઊભો હતો. રાજકુમાર અને ધન્નાની વાતો આજુબાજુના લોકોને સાંભળવામાં આવી એટલે ભેગા થવા લાગ્યા.

રાજકુમારનો ઘેટો રૂષ્ટપુષ્ટ હતો. ત્યારે ધન્નાનો ઘેટો પણ બળવાન હતો.

ધન્નાએ રાજકુમાર સામે જોઈને કહ્યું : 'રાજકુમાર, ખુશીથી આપની ઇચ્છા હોય તો લડાવી જુઓ...'

રાજકુમારે કહ્યું : 'એક શરત...'

'શરત...? કઈ....?' ધન્નાએ પ્રશ્ન કર્યો.

'જે હારે તે એક હજાર સોનામહોર આપે....'

'ભલે...કબૂલ છે.' ધન્નાએ કહ્યું.

નગરીના લોકો આ કુતૂહલ જોવા ઊભા રહી ગયા અને શું બને છે તે જાણવા ઉત્સુક હતા. રાજકુમારે પોતાના સેવકને કહ્યું : 'આપણો ઘેટો અહીં લાવ....'

સેવક ઘેટો લઈ આવ્યો...

બીજી તરફ ધન્નાનો ઘેટો હતો. અને બંને ઘેટા વચ્ચે લડાઈ શરૂ થઇ.

પરિણામ...!

ધન્નાએ ખરીદેલો ઘેટો બળવાન હશે કે ધન્નાનું ભાગ્ય બળવાન હશે....તે તો કોણ જાણે....! પણ આ શરતમાં ધન્નો જીત્યો.

જે બજારમાંથી તેના ત્રણેય ભાઈઓ નિરાશ હૈયે પાછા ફર્યા હતા તે જ બજારમાંથી ઘેટો ખરીદીને ધન્નો વિજેતા વીર તરીકે ભવન પર આવ્યો સાથે રાજકુમારની એક હજાર સોનામહોર હતી.

માતાપિતાએ અને ભાભીઓએ ધન્નાની બુદ્ધિ પર ખુશ થયા અને પ્રેમભર્યો આવકાર આપ્યો.

ત્યારે ધન્નાના ત્રણેય મોટાભાઈએ કહ્યું : 'આ તો જુગાર ખેલ્યો કહેવાય...આ કંઈ સાચું ધન નથી !'

ધનસાર શેઠને થયું કે આ ત્રણેય મોટા પુત્રોને કયારેય નાના ભાઇ પ્રત્યે સદ્‌ભાવ નહિ જાગે...'

ધનસાર શેઠે કહ્યું : 'પુત્રો, આપને એમ લાગતું હોય તો આવતી કાલે ચારેય બત્રીસ–બત્રીસ સોનામહોર લઈને બજારમાં જજો અને વેપાર કરી આવજો....'

ચારેયે હા પાડી...

બીજે દિવસે બત્રીસ–બત્રીસ સોનામહોર લઈને ચારેય બજારમાં ગયા.

મોટો ભાઇ ઉપડ્યો બજારમાં અને તેણે થોડું ઘણું કરીયાણું લીધું અને જ્યારે તે વેચવા ગયો ત્યારે તેણે ખોટ ખાધી.

તેવી જ રીતે બીજા અને ત્રીજા ભાઈને બન્યું. ધન્નો બજારમાં ઊભો હતો. ત્યાં એક ચાંડાલ નીકળ્યો. તેની પાસે રત્નગર્ભિત શય્યા હતી.

ધન્નાને શું સૂઝ્યું. તેણે ચાંડાલ સામે જોઈને કહ્યું : 'શું આ શય્યા વેચવી છે?'

ચાંડાલે હા પાડી.

ધન્નાએ બત્રીસ સોનૈયા આપી દીધા અને શય્યા લઈને ભવન પર આવ્યો.

ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના, તું શું લાવ્યો છે?'

'શય્યા....પિતાજી...'

ધનસારશેઠે જોયું તો જર્જરિત શય્યા હતી. તેણે પૂછ્યું: 'ધન્ના, આ તો જર્જરિત હાલતમાં છે....!'

'પિતાજી....હવે આપ જોજો...' એમ કહીને ધન્નાએ શય્યાના દરેક ઈસ ઉપળા જુદા કર્યા અને તરત જ જળહળતા તેજસ્વી રત્નોનો ઢગલો થયો.

ધનસાર શેઠના ચિત્તમાં આનંદ પ્રગટ્યો. માતા પણ આનંદિત બની. ધન્નાની ભાભીઓએ પણ આનંદ વ્યક્ત કર્યો. પરંતુ ત્રણેય ભાઈઓ આનંદ ન પામ્યા અને જેમ તેમ કહેવા લાગ્યા.

હવે વાત એમ બની હતી કે આ શય્યા મૂળ તો પ્રતિષ્ઠાનપુર નગરીના શ્રેષ્ઠિ મહેશ્વર શેઠની હતી. મરતાં મરતાં પણ તેણે શય્યાના પાયામાં રત્નો ભર્યાં. અને ઠેઠ સુધી શય્યા ન છોડી. અને આ અંગે તેઓ પોતાના પુત્રોને કશું જણાવી શક્યા નહિ.

ત્યારે પુત્રોને લાગ્યું કે બાપાને શય્યા પ્રિય હતી તો તેમની સાથે જ કાઢો...

અને આ શય્યાં છોકરાઓએ ચાંડાળને આપી. અને ચાંડાળનું ભાગ્ય ક્યાંથી કે આ શય્યા તેની પાસે રહે...? આ શય્યામાં છુપાયેલું ધન ધન્નાના ભાગ્યમાં હતું તેથી તેની પાસે આવ્યું.

ધનસાર શેઠ અને તેની માતાએ ધન્નાને વહાલથી પોતાની પાસે બેસાડયો અને પુત્રનાં વખાણ કરવા લાગ્યા.

ધન્નાએ પોતાના ભાઈઓ પ્રત્યે જરા પણ દ્વેષભાવ કેળવ્યો નહોતો.

માનવી પોતાના જીવનમાં ઈર્ષ્યાભાવને પોષણ આપતો રહે ત્યાં સુધી તે પોતે સુખી થતો નથી અને તેના અંતરને શાતા વળતી નથી. ઇર્ષ્યાનો દાવાનળ માનવીનું ધનોતપનોત કરી નાંખે છે. કોઈનું પલટાયેલું ભાગ્ય જોઈને માનવીએ પુરૂષાર્થ કરવો જોઈએ પરંતુ તેમ ન કરતાં તેના પ્રત્યે ઇર્ષ્યા સેવવામાં આવે છે. વૈર; ક્રોધ, ઈર્ષ્યા, વગેરે જો તજવામાં આવે ત્યારે એક અકલ્પ્ય આનંદનો અનુભવ થશે.

ધન્નાનું ભાગ્ય ગણો કે તેની કુશાગ્ર બુદ્ધિને બિરદાવો પણ તેના કાર્યમાં સફળતા સંપાદન થતી હતી. માતા પિતા અને ધન્નાની ભાભીઓ ધન્નાની સફળતા પર અભિનંદનના સૂર રેલાવતા પરંતુ તેના ત્રણેય ભાઈઓને ધન્નાની કીર્તિ, ધન્નાની લોકપ્રિયતા જરા પણ પસંદ નહોતી. તેઓને પણ આશ્ચર્ય થતું કે ધન્નો દરેક કાર્યમાં સફળતા કેમ મેળવે છે? અને અમને કેમ અપજશ મળે છે?

ત્રણેય મોટા ભાઈની પત્નીઓ પોતપોતાના પતિને આ વાત કહેતી : 'સ્વામી, આપના અંતરમાં નાના ભાઈ પ્રત્યે જે ઇર્ષ્યાભાવ પડયો છે તે આપના ભાગ્ય માટે નડતર રૂપ છે. આપ જાણો છો કે ધન્નાનું ભાગ્ય કેટલું પ્રબળ છે? તેઓ જ્યાં જાય ત્યાં સફળતા જ મેળવે છે. તેઓ બુદ્ધિશાળી છે...'

ત્યારે ત્રણેય ભાઈઓ પોતપોતાની પત્નીઓને કહેતા : 'ધન્નો તમારી ત્રણેય સાથે વાતો–મજાક કરે છે એટલે તમે પણ તેનો પક્ષ લઈને વાત કરશો. બાકી અમારું ભાગ્ય નિર્બળ નથી. ધન્નો કંઈ કરતો જ નથી...તેનામાં કઈ આ વાત છે ? '

'આપ ગમે તે કહો....પરંતુ ધન્નો ક્યારેય પાછો આવેલ નથી. એ તો આપ જાણો છો. પિતાજીએ જ્યારે જ્યારે તમારા ચારેય ભાઈઓની પરીક્ષા કરવા મોકલેલ ત્યારે ધન્ના સિવાય ત્રણેય ભાઇઓ આપેલી સોનામહોરો ખોઈને આવ્યા છો, જ્યારે ધન્નાએ બત્રીસ સોનામહોરની કેટલી કરી તે આપનાથી છૂપું નથી...અમે સત્યને જાણીયે...અને ન્યાયથી કહીએ...આપનામાં ઇર્ષ્યાભાવનો કીડો છે ત્યાં સુધી સત્ય વાત સમજાશે નહિ...'

અને ત્રણેય ભાઈઓની પત્નીઓએ વધુ રકઝક કરવાનું છોડી દીધું. કારણ કે જે માનવી સમજવાની જરા પણ દરકાર ન કરે તે માનવી અંતરમાં કશી વાત ઉતારી શકતો નથી.

ધન્નાને સંગીત પ્રત્યે સારી માયા હતી. નગરીમાં ક્યારેય પણ સંગીતના કાર્યક્રમો હોય ત્યારે ધન્ના તેના મિત્રો લઇને જતો અને સંગીતનો આસ્વાદ લેતો. આજ તેણે સાંભળ્યું હતું કે નગરીમાં શ્રી દેવવ્રત નામના બાંસુરીવાદક પધારેલ છે. તેઓને કાર્યક્રમ આવતીકાલે રાત્રિના પ્રથમ પ્રહર બાદ ગોઠવવામાં આવેલ છે.

ધન્નાએ તેના ત્રણ મિત્રોને આ કાર્યક્રમ અંગેની માહિતી આપી અને આવતીકાલે ધન્નાના ભવન પર ભેગા થવાનું નક્કી થયું.

ધન્નાએ પોતાના પિતાજીને કહ્યું : 'પિતાજી, આવતીકાલે આપણી નગરીમાં શ્રી દેવવ્રતજીનો બાંસુરી-વાદનનો કાર્યક્રમ છે તો હું અને મારા મિત્રો જઈએ....?'

'ધન્ના, તારી સંગીત પ્રત્યેની ભક્તિ નિહાળીને મારાથી ના કેમ પડાય...? તું તારે ખુશીથી જજે...'

બીજે દિવસે ધન્નો તેના મિત્રો સાથે સંગીતના જલસામાં ગયો. ચાર પ્રવેશપત્રિકા લીધી અને અગ્રભાગે બેસી ગયા.

શ્રી દેવવ્રતજી બાંસુરી બજાવવામાં ઉસ્તાદ ગણાતા. તેઓનું વય પીસ્તાલીસ વર્ષનું હતું. છતાં મુખ પર કોઈ પ્રકારની થાકની રેખા દેખાતી નહિ. તેઓની સાથે મૃદંગ પર નગરીનો જ મૃદંગવાદક હતો.

એક મંચ બનાવવામાં આવ્યો હતો. ચારે તરફ દીપમાલિકાઓનો પ્રકાશ ઝળહળી રહ્યો હતો. વાતાવરણ સ્વચ્છ હતું. દીપમાલિકાઓના પ્રકાશથી ખંડમાં અજવાળું પથરાઈ ગયું હતું.

ત્યાં કલાકાર બાંસુરી લઈને મંચ પર આવ્યા ત્યારે સર્વ શ્રોતાજનોએ કલાકારનું ભાવભર્યું સ્વાગત કર્યું અને જયનાદ વડે ખંડ ગાજી ઊઠ્યો. કલાકાર

દેવવ્રતજીએ બે હાથ જોડીને સ્નેહભર્યા સ્વાગત બદલ આભાર માન્યો.

રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો હતો.

દેવવ્રતજીએ કહ્યું : ‘ શ્રોતાજનો, આજના જાહેર કાર્યક્રમમાં આપ સૌ આવ્યા તે બદલ મને અતિ હર્ષ થાય છે. કાર્યક્રમ શરૂ કરતાં પહેલાં થોડુંક કહેવું છે.... માનવી સાંસારિક ઉપાધિઓથી કંટાળે ત્યારે સંગીત તરફ ઢળે છે. સંગીતકલામાં એક જીવંત શક્તિ ભરી છે. અંતરને ઢંઢોળવાની શક્તિ ભરી છે જે વિપુલ કહી શકાય. જે માનવી સંગીતકલા ધારણ કરે છે. તેનો આત્મા સદાય પ્રસન્ન રહે છે. આજ આપની સમગ્ર બાંસુરી પર સૌ-પ્રથમ રાગ ‘ મધુવંતી ’ રજૂ કરીશ. આ રાગની રચના પ્રાચીન છે. પણ ખૂબ મધુર છે. તેના સ્વરો માદક છે.’ આટલું કહીને દેવવ્રતજીએ બાંસુરી હાથમાં લીધી અને મધુવંતી રાગની સુરાવલિ વહેવડાવી.

મધુવંતી...

મધુર રાગ....

દેવવ્રતે મધુવંતી રાગનો આલાપ બજાવવો શરૂ કર્યો. થોડી જ વારમાં રાગની છાયા સમગ્ર સભાખંડમાં ઊભી કરી દીધી. મધુર સુરાવલીઓ વચ્ચે રમતો મધુવંતી રાગ સૌને પ્રિય થઈ પડ્યો. શ્રોતાજનો વારંવાર હર્ષ વ્યક્ત કરતા હતા, પરંતુ કલાકાર તો રાગની મસ્તીમાં ખોવાઈ

ગયો છે. તેનું સમગ્ર ચિત્તતંત્ર રાગના સુમધુર સ્વરોમાં રમતું હતું આસપાસ શું બને છે તેની કલાકારને ફિકર નહોતી...

જ્યારે કલાકાર રાગની મસ્તીમાં ખોવાય જાય ત્યારે તે અતિ મધુર અને સ્પષ્ટ રીતે પોતાના અંતરની વાચા આપી શકે છે. રાગના સ્વરૂપને રજૂ કરવું એટલે અંતરમાં ઘોળાયેલા સ્વરોને પ્રદર્શિત કરવા તેમ કહી શકાય.

ધન્નાને દેવવ્રતજીનું બાંસુરી વાદન ખૂબ જ પ્રિય લાગ્યું. ધન્નાના મિત્રો પણ અતિ પ્રસન્ન બન્યા.

કલાકારે અર્ધ ઘટિકા પર્યંત મધુવંતીનો આલાપ કર્યો. ત્યારબાદ મધ્યલયની માત્રામાં ગત ઉપાડી.

મૃદંગવાદકે મૃદંગ પર સાથ આપવા માંડ્યો. મૃદંગ-વાદક તો બાસુરી સાંભળીને ખૂબ જ હર્ષ પામ્યો હતો. તેણે સોળ માત્રામાં વગાડવા માંડ્યું.

થોડી વાર બાદ અતિ દ્રુતલય કલાકારે બાંસુરી પર બજાવવી શરૂ કરી...

શ્રોતાજનો હર્ષનાદ કરવા લાગ્યા.

મૃદંગવાદક બરાબર સાથ આપી રહ્યો હતો.

અને....!

કલાકારે અતિદ્રુતલયની એવડી લય બનાવી. મૃદંગ-વાદકને લાગ્યું કે હવે મારાથી મૃદંગ વાગી શકશે નહિ.

આથી તેણે મૃદંગને એકબાજુ રાખીને સાંભળવા બેસી ગયો. મૃદંગ વગર પણ બાંસુરીના સ્વરો વાતાવરણમાં માધુર્ય રેલાવતાં હતાં.

શ્રોતાજનોને એમજ જણાતું હતું કે બાંસુરી સાથે મૃદંગ વાગે જ છે...

અને બે ઘટિકા પર્યંત રાગને બાંસુરી પર બજાવીને કલાકારે શ્રેષ્ઠ ન્યાય આપ્યો.

શ્રોતાજનો ધન્ય ધન્ય પોકારવા લાગ્યા.

ધન્નાએ પણ હર્ષ વ્યક્ત કર્યો અને તેની બાજુમાં બેઠેલા પોતાના મિત્ર સામે જોઈને કહ્યું: 'આજનું બાંસુરીવાદન અતિ શ્રેષ્ઠ અને કર્ણપ્રિય છે....'

'હા...મધુવંતી રાગની છબી જાણયે આપણી આંખ સામે રમતી ન હોય...!'

અને રાગ પૂરો થયો.

સૌએ હર્ષ વ્યક્ત કર્યો.

ત્યારબાદ કલાકારે એક નાનો રાગ વગાડીને કાર્યક્રમ પૂરો થયેલો જાહેર કર્યો.

સૌએ પોતપોતાના ભવન-આવાસ તરફ વિદાય થવા માંડ્યા. માર્ગમાં કલાકારની જ વાતો કરતાં હતાં. ધન્નો પોતાના ભવન પર આવ્યો ત્યારે રાત્રિનો ત્રીજો પ્રહર શરૂ થઈ ચૂક્યો હતો. તે પોતાના ખંડમાં આવીને વસ્ત્ર પરિવર્તન કરીને શય્યા પર નિદ્રાધીન થયો.

બીજે દિવસે ભાભીઓએ કહ્યું : 'આપને કલાકારનો કાર્યક્રમ ખૂબ ગમ્યો ?'

'હા....બાંસુરીવાદન ખૂબ જ શ્રેષ્ઠ હતું. આવા કલાકારોને ભાગ્યે જ સાંભળવા મળે છે.'

'એમણે કયો રાગ બજાવ્યો હતો ?' મોટા ભાઈની પત્નીએ કહ્યું.

'કલાકાર દેવવ્રતજીએ મધુવંતી રાગ બજાવ્યો હતો...વાતાવરણમાં રાગનું સ્વરૂપ રજૂ કરી દીધું અને અમારા સૌના હૈયા પ્રસન્ન કર્યા....'

'હવે અમારા હૈયા ક્યારે પ્રસન્ન કરો છો ?' ત્રીજા ભાઈની પત્નીએ આછા હાસ્ય સાથે કહ્યું.

'કેમ....આપના હૈયા અપ્રસન્ન છે ?' ધન્નાએ આશ્ચર્ય સાથે કહ્યું.

'આપને નથી લાગતું...! આમ એકલા ક્યાં સુધી રહેવું છે ? હવે આપનું હૈયું ચોરવા કોણ આવવાનું છે ?' બીજા ભાઈની પત્નીએ હસતાં હસતાં કહ્યું.

'જુઓ, હું રહ્યો અલગારી...મને આપની જેમ વાતો કરતાં ન આવડે...!' ધન્નાએ ભોળા ભાવે કહ્યું.

'હવે રહેવા દો...' મોટા ભાઈની પત્નીએ કહ્યું.

આમ ધન્નો ભાભીઓ સાથે વાતો કરતો હતો

ત્યાં ધનસાર શેઠે મોકલેલો સેવક આવ્યો અને કહ્યું : 'નાના શેઠ, આપને મોટા શેઠ યાદ કરી રહ્યા છે...'

'ચાલો...' ધન્નાએ ભાભીઓની રજા લીધી.

ધન્નો ધનસાર શેઠ પાસે આવ્યો અને નમન કર્યું. ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના, મારી સાથે ઉપાશ્રયે આવવું છે ?'

'હા...પિતાજી, હું આપની સાથે આવીશ.'

'ઉપાશ્રયેથી હું સીધો પેઢી પર જઈશ. તું મારી સાથે પેઢીએ આવશે ને ?'

'આપ કહેતા હશો તો આવીશ....મારું મન ત્યાં લાગતું નથી. ભાઈઓના અંતરને દુઃખ થાય એટલે મારું આવવું યોગ્ય નથી.'

'ધન્ના, તારે મનમાં કશું ન લાવવું જોઈએ.... સંસારમાં આવું ચાલ્યા જ કરે...'

'પિતાજી, મને કોઈ પ્રકારનું દુઃખ નથી. પણ મારા હિસાબે ભાઈઓના અંતરમાં દર્દ પેદા થાય તે મને રુચતું નથી. છતાં આપ કહેશો તો જરૂર આવીશ...'

ધનસાર શેઠ, ધન્નો વસ્ત્ર પરિવર્તન કરીને દર્શનાર્થે ગયા. ત્યારબાદ ઉપાશ્રયમાં મહારાજને વાંદીને પેઢી પર ગયા. માર્ગમાં અનેક સ્નેહીઓ મળતાં. સૌ ધન્ના અને ધનસાર શેઠ સામે હાથ જોડતાં...

ધન્ના અને ધનસાર શેઠ પેઢી પર પહોંચીને એક

આસન પર બિરાજમાન થયા. ત્રણેય મોટા ભાઈઓએ ધન્નાને જોઈને મોં બગાડયું પણ કશું બોલ્યા નહિ. પરંતુ ધન્નાને ખ્યાલ આવી ગયો કે ભાઈઓને હું આવ્યો તે પસંદ પડયું નથી. આથી થોડી વાર બેસીને પિતાજી સામે જોઈને કહ્યું : 'પિતાજી, હું જઉં છું...

'કેમ...? અત્યારે કઇ તરફ જઈશ...'

'એ તો મિત્રમંડળમાં જઇને વાતો કરશે...આવડત વગરનો માનવી શું કરે...?' મોટા ભાઈએ કહ્યું.

'તારે એમ ન કહેવું જોઈએ...!' ધનસાર શેઠે કહ્યું.

'પિતાજી, આપ ધન્નાને ખૂબ માન આપો છો... જેનામાં અણઆવડત છે તેને પ્રોત્સાહન આપવું ન જોઈએ...'

ધન્નો તરત જ પિતાની આજ્ઞા મેળવીને પેઢી છોડી ગયો અને મિત્રમંડળમાં બેસી ગયો.

પ્રતિષ્ઠાનપુર નગરીના મહારાજા ધન્નાથી પ્રભાવિત થયા હતા. કોઈ કોઈવાર મહારાજા ધન્નાને પોતાની પાસે બોલાવતા અને સામાન્ય ચર્ચા કરતાં...

જયારે ધન્નો મહારાજ પાસે જતો ત્યારે ત્રણેય ભાઈઓના મુખ પર ઈર્ષ્યાના ભાવ જોવા મળતા...અને મનમાં થતું કે ધન્નામાં એવું શું છે કે જેનાથી મહારાજ પ્રભાવિત થયા છે.

એક વાર મહારાજાને નૌકાવિહારે જવાની ઇચ્છા થઈ અને મહારાજ સાથે મંત્રીવર્ગ અને અન્ય લોકોને તૈયાર થવાનું કહ્યું. એક સેવકને ધન્નાના ભવન પર મોકલ્યો. સેવકે ભવન પર આવીને વિનમ્ર ભાવે ધનસાર શેઠ બેઠા હતા તેમને કહ્યું: 'ધન્ના શેઠને સંદેશો આપવાનો છે...'

'હમણાં જ ધન્નાને બોલાવી દઉં...' ધનસાર શેઠે કહ્યું.

ધનસાર શેઠે અવાજ કર્યો. ધન્નો તરત જ પિતાજી પાસે આવ્યો અને નમન કર્યા, ત્યાર બાદ પૂછ્યું: 'કહો પિતાજી, શી આજ્ઞા છે?'

'ધન્ના, મહારાજનો સંદેશો લઈને આ સેવક આવેલ છે...'

ધન્નાએ સેવક સામે જોઈને કહ્યું: 'કહો...મહારાજે શું સંદેશો મોકલ્યો છે?'

'ધન્ના શેઠ, મહારાજ અત્યારે આપને યાદ કરી રહ્યા છે અને આપ મારી સાથે જ રાજભવને પધારો... હું આપને તેડવા આવ્યો છું....'

'પણ કંઈ કહેવડાવ્યું નથી?'

'ના....મને આજ્ઞા મળી કે ધન્ના શેઠને રાજભવન પર લઇ આવો...આથી હું આપને લેવા અત્રે આવ્યો... શું વાત છે તેની મને ખબર નથી...'

'ભલે...હું વસ્ત્રપરિવર્તન કરીને થોડી જ વારમાં આવું છું...' ધન્નો અંદરના ખંડમાં ચાલ્યો ગયો.

લગભગ અર્ધ ઘટિકા બાદ ધન્નો રાજના સેવક સાથે રથમાં બેસીને રાજભવન તરફ વિદાય થયો. મહારાજા અતિથિ ખંડમાં બિરાજમાન હતા. સેવક ધન્નાને અતિથિખંડમાં જ લઈ આવ્યો.

મહારાજે આવકાર આપતાં કહ્યું: 'પધારો ધન્ના શેઠ....હું આપનું સ્વાગત કરું છું...'

ધન્નાએ મહારાજને નમન કર્યાં અને કહ્યું: 'મહારાજ, આપે મને યાદ કર્યો?'

'હા...આપણે બે-ત્રણ દિવસ બાદ નૌકાવિહાર માટે જવું છે તેની ગોઠવણ થઈ રહી છે. આપને સાથે આવવાનું છે.'

'મહારાજ, મારું ત્યાં શું કામ હોય....?'

'ધન્ના શેઠ, ત્યાં મારું પણ કામ નથી પરંતુ ચિત્તને પ્રસન્ન કરવા માટે જવાનું વિચાર્યું છે...આપે આવવું જ પડશે. એક દિવસ ગાળીને બીજે દિવસે પાછા ફરવાનું છે...આપને કશી તકલીફ નહિ પડે....'

'મહારાજ, આપ સાથે હો તો મને શી તકલીફ પડવાની હતી...!'

'ધન્ના શેઠ, આપે કશી તૈયારી કરવાની જરૂર

નથી...આપને દિવસના પહેલા પ્રહરે રથ તેડવા માટે આવશે આપ તૈયાર થઈને રહેજો...'

'ભલે...મહારાજ પણ ક્યારે જવાનું છે?'

'પરમ દિવસે જ જવાનું છે...' મહારાજે કહ્યું

'હું આપની આજ્ઞા મુજબ તૈયાર રહીશ' ધન્નાએ કહ્યું.

થોડી વાર સામાન્ય વાતચીત કરીને મહારાજે કહ્યું: 'ધન્નાશેઠ, આજ રાત્રિના પ્રથમ પ્રહર બાદ રાજનર્તકી રૂપસેનાના નૃત્યનો કાર્યક્રમ યોજાયો છે, તેમાં તો આવશોને?'

'મહારાજ, મને સંગીતમાં રસ છે....પરંતુ નૃત્યમાં જરા પણ ખબર ન પડે..કદાચ આપ આગ્રહ કરો તો આવું પણ બધું જ વ્યર્થ...કશી ખબર ન પડે...પછી આવીને શું કરવું....?'

'તો એમ કરો આજ રૂપસેનાનું નૃત્ય જોવા જરૂર પધારો...'

'આપની આજ્ઞા છે તો આવીશ...પરંતુ હું એક તરફ બેઠો રહીશ...' ધન્નાએ કહ્યું.

'એ તો હું આપને મારી બાજુમાં જ બેસાડીશ. નૃત્યના વિવિધ અંગો પણ સમજાવતો રહીશ...'

ધન્નાને થયું કે મહારાજની વાતને ટળાશે નહિ આથી પોતે આજ રાત્રિના પ્રથમ પ્રહરની બીજી ઘટિકાએ

આવી પહોંચશે તેવું જણાવીને ધન્નો પોતાના ભવન પર વિદાય થયો.

જ્યારે ધન્નો ભવન પર આવ્યો ત્યારે ધનસાર શેઠ તેની પ્રતિક્ષા કરતાં દ્વાર પાસે જ ઊભા હતા. ધનસાર શેઠે કહ્યું: 'ધન્ના, મહારાજને ઓચિંતુ શું કામ પડી ગયું ? કંઈ મુશ્કેલી તો નથી ને ?'

'ના...પિતાજી, રાજા–મહારાજાને જે મનમાં કે અંતરમાં ઉગી નીકળે એ કાર્ય થવું જ જોઈએ તેવું બન્યું છે...'

'શું થયું છે ?'

'મહારાજ નૌકાવિહાર માટે જવાના છે સાથે મને લઈ જવાના છે...'

'એ તો સારું કહેવાય...!'

'પિતાજી, આપ જાણો છો કે મને આ કશું ગમતું નથી..સંગીત સાંભળવા જઉં છું તે પણ કોઈ વાર... આજે વળી રૂપસેનાનું નૃત્ય છે તેમાં જવાનું છે. મહારાજે નિમંત્રણ આપ્યું છે..'

'ઓહ...આપણાથી નૃત્ય ન જોવાય...'

'પિતાજી, મહારાજ સાથે હઠ પકડીયે તો મુશ્કેલી સર્જાય આથી મેં હા પાડી છે...પણ મારું મન જરા પણ આવા નૃત્યમાં લાગતું નથી...'

થોડી વાર સામાન્ય વાતચીત કરીને ધન્નો પોતાના ખંડમાં ગયો. ધનસાર શેઠ પેઢી પર ગયા...

રૂપસેના...

પ્રતિષ્ઠાનપુર નગરીની રાજનર્તકી....આજ તેનું નૃત્ય રાજભવનના ખાસ સભાખંડમાં હતું. રૂપસેના નામ પ્રમાણે રૂપ ધરાવતી હતી. તે અતિ રૂપવતી હતી છતાં રૂપનો ગર્વ નહોતો. તેના કલાગુરુ આચાર્ય શીવાનંદ પૂર્વ ભારતના શ્રેષ્ઠ કલાકાર ગણાતા. તેઓની ઉંમર સાઈઠ વર્ષની થવા આવી હતી છતાં મુખ પરનું તેજ, શીવાનંદની પ્રતિભા કોઈ યુવાનને શરમાવે તેવી હતી. વૃદ્ધાવસ્થાનાં કોઈ પણ ચિહ્નો મુખ પર જણાતા નહોતા આચાર્ય શીવાનંદ રૂપસેનાની માતા જીવીત હતાં ત્યારથી રહેતા હતા પછી રૂપસેનાના અતિ આગ્રહને કારણે તેઓએ રૂપસેનાને શ્રેષ્ઠ નર્તકી બનાવવા પાછળ અથાગ પ્રયત્ન કર્યો અને તેમાં તેઓ સફળ થયા.

રૂપસેનાનું ભવન પણ વિશાળ હતું. અનેક દાસ-દાસીઓ ભવનમાં રૂપસેનાની સેવામાં હાજર રહેતી હતી.

રૂપસેનાએ સાત વર્ષની ઉંમરથી નૃત્યનો અભ્યાસ શરૂ કર્યો હતો અને છેલ્લા અગીયાર વર્ષમાં તે નૃત્યમાં પ્રવીણ થઈ ગઈ હતી.

પ્રતિષ્ઠાનપુરના રાજાનું જ્યારે કહેણ આવે ત્યારે તે અચૂક પોતાનાં નૃત્યો રજૂ કરતી. આ સિવાય રાજ-નર્તકીનું માનભર્યું ગૌરવ પણ પ્રાપ્ત થયું હતું. રાજ્ય તરફથી રાજનર્તકી રૂપસેનાને જીવનનિર્વાહ માટે ધન આપવામાં આવતું હતું.

રૂપસેનાને જ્યારે રાજનર્તકીનું પદાગ્રહણ થયું ત્યારે તેણે પોતાના ભવનમાં નૃત્ય ચાહકો માટે સપ્તાહમાં એક વાર પોતાનો જાહેર કાર્યક્રમ યોજાય તેવી શરત નક્કી કરી હતી અને જેને મહારાજાએ મંજૂરીની મહોર મારી હતી. આથી રૂપસેના તેના ભવનના વિશાળ સભાખંડમાં સપ્તાહમાં એક વાર નૃત્યનો કાર્યક્રમ યોજતી અને પ્રશંસાના પુષ્પો મેળવતી. રૂપસેનાના નૃત્ય જોવા થોડેઘણે અંશે રૂપના પ્યાસીઓ જ આવતા રૂપસેનાના રૂપની પાછળ પાગલ થનારા નિયમિત નૃત્ય જોવા આવતા અને તેઓ રૂપસેનાના રૂપ પામવાની માંગણી કરતાં અચકાતાં નહિ.

બે દિવસ પહેલાં જ મહારાજાનો એક મંત્રી તેના ભવન પર ગયો હતો. તે પણ રૂપનો પ્યાસી હતો. રૂપસેના તેને બરાબર સમજી ચૂકી હતી. કારણ કે સ્ત્રીની આંખ એટલી ચકોર હોય છે કે સામેની વ્યક્તિની ઇચ્છા ત્વરિત જાણી શકે છે.

મહારાજનો મંત્રી મહારાજાધિરાજનો સંદેશો આપવા ગયો હતો ત્યારે રૂપસેનાએ ભાવભર્યું સ્વાગત કર્યું. મંત્રીએ કહ્યું : 'દેવી, આપ કુશળ છો ને...?'

'હા.. કહો.... આપના આગમનનું કારણ ?'

'મહારાજાનો સંદેશો આપવા આવ્યો છું...' એમ કહીને મંત્રીએ તાલપત્રની એક ભૂંગળી રૂપસેનાના હસ્તમાં મૂકી. રૂપસેનાએ ભૂંગળી ખોલીને વાંચ્યું કે બે દિવસ બાદ રાજભવનના સભાખંડમાં નૃત્યના કાર્યક્રમમાં રાજનર્તકીએ હાજર રહીને નૃત્ય કરવું...સમયસર આવી જવાની વાત જણાવી હતી.

રૂપસેનાએ પત્ર વાંચન કરીને કહ્યું : 'મહારાજને કહેજો કે રૂપસેના સમયસર આવી જશે...'

'આપનો સંદેશો જણાવી દઈશ. મારે આપને એક વાત કરવી છે.'

'કહો...જરા પણ સંકોચ રાખ્યા વગર જણાવો...' રૂપસેનાએ કહ્યું.

'દેવી, આપ અત્યંત રૂપવતી છો...આપને પાનાર માનવી આપનો ગુલામ થઈ જશે. આપનું તેજ, આપના વૈભવ વિલાસ પર કોઈ પણ માનવી ભાન ભૂલી જાય...'

'મંત્રીશ્વર આપે બે-ત્રણ વખત મારી પ્રશંસા કરી છે અને મેં દર વખતે આપનો આભાર માન્યો છે. મારે એટલું જ પૂછવું છે કે આપ ભાન તો નથી ભૂલ્યાને ?

'ના...ના...દેવી,' મંત્રી મુંઝાણો. મંત્રીને થયું કે રૂપસેનાએ મને પકડી લીધો.

'મંત્રીશ્વર, સ્ત્રીની નજર ઘણી તીવ્ર હોય છે. પુરૂષની શી ઇચ્છા છે તે પળવારમાં જાણી જાય છે. આપને શું ગમે છે તે હું સારી રીતે જાણું છું. આપ કેવળ મારી માગણી કરતાં જ અચકાઓ છો. અહીંયાં રૂપના પ્યાસીઓ અનેક આવે છે એટલે મારે દરરોજ આવા શબ્દો સાંભળવા પડે છે...મારું કહેવું અસત્ય હોય તો જણાવો....' રૂપસેનાએ કહ્યું.

'દેવી, આપનું રૂપ જ એવું છે કે કોઈ પણ માનવી તેને મેળવવા લલચાય...' મંત્રીએ કહ્યું.

'મારે આજ મહારાજને વાત કરવી પડશે... રાજ્યના મંત્રી થઈને આવી વાતો કરતાં અચકાતા નથી....! આપ જાઓ, હું પરમ દિવસે સમયસર આવી જઈશ.' રૂપસેનાએ કહ્યું.

મંત્રી તરત જ રૂપસેનાના ભવન પરથી વિદાય થયો. અને મંત્રીના અંતરમાં રૂપસેનાના છેલ્લા વાક્યનો ડર પેસી ગયો. મંત્રીને થયું કે ખરેખર રૂપસેના મહારાજાને કાને મારી વાત કરશે તો હું ક્યાંયનો નહિ રહું.

રૂપની પાછળ પાગલ થનારાઓ કદી સારાસારનો વિચાર કરતાં નથી. ભવિષ્યની કલ્પના પણ કરી શકતા

નથી. તેનું ચિત્તતંત્ર તેમાં જ વ્યસ્ત રહે છે અને રૂપને પામવા માટે ફાંફાં મારે છે.

આજ રૂપસેના મહારાજના નિમંત્રણથી રાજભવનમાં નૃત્ય માટે જવાની હતી. આચાર્ય શીવાનંદે કહ્યું : 'રૂપસેના, આજ રાજભવનમાં કયું નૃત્ય રજૂ કરવાની છે?'

'ગુરુદેવ, મારી ઈચ્છા 'વિરહિણી' નૃત્ય કરવાની છે....' રૂપસેનાએ કહ્યું.

'બરાબર છે...'વિરહિણી' નૃત્યની ભાવમુદ્રા તું ખૂબ સુંદર રીતે રજૂ કરી શકે છે.' શીવાનંદે કહ્યું.

રાત્રિના પ્રથમ પ્રહર પહેલાં રાજનર્તકી રૂપસેના મહારાજના રાજભવન પર આવી ગઈ, સાથે કલાગુરૂ શીવાનંદ હતા. અને રૂપસેનાથી વાદ્યમંડળી હતી. રાજભવનના દ્વારરક્ષકે સૌનું સ્વાગત કરીને અંદર અતિથિખંડમાં બેસાડ્યા. મહારાજાને રૂપસેનાદેવીના આગમનનો સંદેશો મોકલવામાં આવ્યો.

મહારાજા તરત જ રૂપસેના પાસે આવ્યા અને વહાલભર્યા સ્વરે કહ્યું : 'આવી ગઈ રૂપસેના...એક ઘટિકામાં જ કાર્યક્રમ શરૂ કરવાનો છે તો તું તૈયારી કરવા માંડજે...તારે અન્ય કશી વસ્તુઓની જરૂરત હોય તો વિના સંકોચે કહી આપજે...'

'મહારાજ, હું મારી વાદ્યમંડળી સાથે જ આવી છું છતાં કશી જરૂરત પડશે તો અવશ્ય જણાવીશ.'

'તો તું સભાખંડમાં જ જાય છે ને?'

'હા...મહારાજ.'

'ત્રણ સેવકો તારી સેવામાં રહેશે...' મહારાજાએ એમ કહીને ત્રણ સેવકો રૂપસેનાની સેવામાં મૂકી દીધા.

એક ઘટિકા બાદ આમંત્રિત મહેમાનો આવવા લાગ્યા. બે મંત્રીઓ દરેક આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરતા હતા. અને યથાસ્થાને બેસાડતા હતા. ધન્નો પણ આવી ગયો હતો. ધન્નાને નૃત્યમાં કશી ખબર પડે નહિ છતાં મહારાજનું માન સાચવવા આવ્યો હતો। તેનું સ્થાન અગ્રે રાખવામાં આવ્યું હતું.

સભામંડપ બરાબર સજાવવામાં આવ્યો હતો. સભામંડપમાં રંગમંચની રચના હતી. આ ખંડમાં અનેક કાર્યક્રમો થતાં આથી રંગમંચની રચના કરવામાં આવી હતી.

મહારાજ હજુ આવ્યા નહોતા. મહાદેવી અસ્વસ્થ હોવાથી આ કાર્યક્રમમાં આવવાના નહોતા.

થોડી વારમાં જ મહારાજ, મહામંત્રીશ્વર વગેરે આવી પહોંચ્યા. મહારાજનો સૌએ જયનાદ કર્યો અને ઊભા થયા. મહારાજે આસન ગ્રહણ કર્યા બાદ સૌએ પોતપોતાની બેઠક ધારણ કરી.

ધન્નાને મહારાજાએ પોતાની બાજુમાં બોલાવી લીધો અને કહ્યું: 'ધન્ના શેઠ, આપ આવી ગયા તે સારું કર્યું. રૂપસેનાનું નૃત્ય અદ્‌ભુત હોય છે. તેના ચહેરા પરના

હાવભાવ વગેરે જોતાં આપણને તેની નૃત્યકલા પ્રત્યે માન થઈ જાય...'

'મહારાજ, હું નૃત્યમાં કશું સમજું નહિ. પરંતુ આપના આગ્રહને વશ થઇને અત્રે આવ્યો છું...' ધન્નાએ કહ્યું.

થોડી વારમાં સભાખંડમાં ધુમ્રાવરણ થયું.

કલાગુરૂ શીવાનંદ રંગમંચ પર આવ્યા અને મધુર સ્વરે કહ્યું: 'મહારાજા, મહામંત્રીશ્વર અને પ્રેક્ષકગણ... આજના દેવી રૂપસેનાના કાર્યક્રમમાં આપ સૌ આવ્યા તે બદલ આપ સર્વનો આભાર માનવામાં આવે છે. આજના કાર્યક્રમમાં સૌ પ્રથમ નૃત્ય 'વિરહિણી' દેવી રૂપસેના રજૂ કરશે. આ નૃત્ય અંગેની આપ સૌને થોડી રૂપરેખા આપી દઉં...આ નૃત્યમાં સ્ત્રીનો સ્વામી પરદેશ ગયો હોય છે તેના વિરહમાં ઝુરતી સ્ત્રીની છબી રજૂ થશે. વિરહિણી સ્ત્રીની મનોવ્યથા કેવી હોય છે તેનું સાકાર સ્વરૂપ દેવી રૂપસેના આપ સૌ સમક્ષ રજૂ કરશે.' આમ કહીને આચાર્ય શીવાનંદ મંચના એક ભાગ પર બેસી ગયા.

શરૂઆતમાં રાગ 'માલકૌંષ'ના સ્વરો વાદ્યમંડળીએ પ્રસારિત કર્યા અને દેવી રૂપસેનાએ સાદા વસ્ત્રોમાં મંચ પર આવીને સૌની સામે દૃષ્ટિ કરીને નમન કર્યા.

રૂપસેનાએ નમ્ર સ્વરે કહ્યું: 'મહારાજાધિરાજ,

મહામંત્રીશ્વર અને આમંત્રિત પ્રેક્ષકગણ. આપ સૌની સમક્ષ 'વિરહિણી' નૃત્ય રજૂ કરું તે પહેલાં મા સરસ્વતીની પ્રાર્થના આપની સમક્ષ રજૂ કરીશ...'

આમ કહીને રૂપસેનાએ મંચની મધ્યમાં બેઠક ગ્રહણ કરી અને આંખો બંધ કરીને 'માલકૌંષ' રાગમાં એક પ્રાર્થના સુમધુર સ્વરે શરૂ કરી. પ્રેક્ષકો શ્રોતા બનીને દેવી રૂપસેનાના મધુર કંઠનો આસ્વાદ માણી રહ્યા હતા. ધન્નો પણ રૂપસેનાના સુંદર અવાજ પર મોહિત થયો હતો. જોનારને એમ જ લાગે કે દેવી સરસ્વતી જ ન હોય...! સાદા વસ્ત્રોમાં પણ રૂપસેનાનું રૂપ ખીલ્યું હતું અંગ પર આભુષણો નહોતા છતાં રૂપસેનાનું તેજ છૂપાતું નહોતું.

પા ઘટિકા પર્યંત પ્રાર્થના ચાલી અને રૂપસેના પ્રાર્થના ગાઈને અંદરના ખંડમાં ચાલી ગઈ. રૂપસેનાની સખી મનોરમા વસ્ત્રપરિવર્તન માટે મદદ કરવા લાગી. 'વિરહિણી' નૃત્ય માટેના વસ્ત્રો એક પાત્રમાં મૂકેલા હતા. અર્ધ ઘટિકામાં રૂપસેના વસ્ત્ર પરિવર્તન કરીને તૈયાર થઈ ત્યારે મનોરમાએ કહ્યું : 'દેવી, આજ આપ ખરેખર વિરહિણી સ્ત્રી જ લાગો છો...'

'મનોરમા, જે નૃત્ય રજૂ કરવાનું છે તેમાં તેવાં જ વસ્ત્રો પહેરવા જોઈએ. જેથી નૃત્ય સજીવન બને છે... શ્રૃંગાર પ્રધાન નૃત્ય હોય તો તે પ્રકારના ચમકદાર વસ્ત્રો પહેરવા જોઈએ.'

'આપની વાત સત્ય છે....' મનોરમાએ કહ્યું.

અને રૂપસેના રંગમંચ પર આવી અને 'વિરહિણી' નૃત્ય શરૂ થયું. વાદ્યકારોએ વાદ્ય વગાડવા શરૂ કર્યા. મધુર છતાં ગંભીર સ્વરો વાતાવરણમાં રેલાવા લાગ્યા. પ્રેક્ષકો મૌન રહીને નર્તકીના હાવભાવ જોઈ રહ્યા હતા. વાતાવરણમાં ગમગીની પ્રસરી ગઈ હતી. નૃત્યમુદ્રા જોઈને ધન્નો પણ આશ્ચર્ય પામી ગયો તેને થયું કે નૃત્યમાં પણ શક્તિ ભરી છે...

અર્ધ ઘટિકામાં દેવી રૂપસેનાએ વિરહવ્યથાના અંગો રજૂ કર્યા.

મહારાજ પણ આનંદિત થયા.

ધન્નો શાંતચિત્તે નર્તકીના અંગભાવ નિહાળી રહ્યો હતો. દેવી રૂપસેના નૃત્ય દ્વારા વિરહમાં ઝુરતી હોય તેવા ભાવો પ્રગટ કરતી હતી. સ્વામી પરદેશ ગયો હોય ત્યારે તેનું ચિત્ત આકુળવ્યાકુળ બની ગયું હોય અને સ્વામીની વાટમાં તે પોતાની વ્યથા કેવી રીતે પ્રદર્શિત કરે તે દેવી રૂપસેનાના નૃત્ય પર ફલિત થતું હતું.

એક ઘટિકા બાદ નૃત્ય પૂરું થયું.

સૌએ હર્ષનાદ કર્યો.

મહારાજાએ પોતાના કંઠમાંથી મુક્તાનો હાર કાઢીને દેવી રૂપસેનાના કંઠમાં આરોપ્યો. દેવી રૂપસેના મહારાજના ચરણમાં નમી પડી.

મહારાજે ધન્ના સામે જોઈને કહ્યું : 'ધન્ના શેઠ, નૃત્ય ગમ્યું ને ?'

'હા... મહારાજ, નૃત્ય ઘણું જ સજીવન લાગ્યું. મેં પ્રથમ વાર નૃત્ય નીહાળ્યું છે એટલે વધુ શું કહી શકું ?' ધન્નાએ કહ્યું.

થોડી વારમાં સૌ વિદાય થવા લાગ્યા. ધન્નો પોતાના ભવન પર વિદાય થયો. દેવી રૂપસેના તેના સાથીઓ સાથે વિદાય થઈ.

એ દિવસ બાદ નૌકાવિહાર માટે જવાનું હતું એટલે મહારાજાએ તેની તૈયારી માટે બે મંત્રીઓ રોકી દીધા હતા.

નિશ્ચિત દિવસે દિવસના પ્રથમ પ્રહર પહેલા સૌ નૌકાવિહાર માટે વિદાય થયા. હંસનૌકા રાજ્યની માલિકીની હતી તેમાં સૌ આવી ગયા. ધન્નો પણ સમયસર મહારાજ સાથે નૌકા પર આવી ગયો હતો. વીસ રક્ષકો, ચાર પાકશાસ્ત્રીઓ દસ દાસીઓ અને સેવકો સાથે હતા.

સૌ નૌકામાં ગોઠવાઈ ગયા બાદ નૌકાચાલકે શંઢવાથી નૌકાને કિનારે બાંધી હતી તેનાથી અલગ પાડીને વહેતા પ્રવાહમાં લાવીને મૂકી.

હંસનૌકા ધીરે ધીરે આગળ ચાલવા લાગી. મહારાજનું ચિત્ત પ્રસન્ન હતું. ધન્નો મહારાજની પાસે જ બેઠો

હતો. મહારાજે ધન્ના સામે જોઈને કહ્યું : ‘ધન્ના શેઠ, આજનું હવામાન ઘણું અનુકૂળ છે.’

‘હા...મહારાજ, આજનું વાતાવરણ ઘણું જ સાનૂકુળ છે....’ ધન્નાએ કહ્યું.

મહારાજ અને ધન્નો આજુબાજુ કુદરતી સૌંદર્યનો સ્વાદ ચાખી રહ્યા હતા. સુમધુર પવન...ધીમી ગતિએ જતી નૌકા...!

મહારાજનું ચિત્ત અતિ પ્રસન્ન બની ગયું... મહારાજે ધન્ના સામે જોઈને કહ્યું : ‘ધન્ના, મહાદેવી અને તેની સખીઓ નૌકાવિહાર માટે આવવાના હતા પરંતુ મહાદેવી અસ્વસ્થ છે તેથી તેઓ આવ્યા નહિ.’

‘મહારાજ, તેઓ આવ્યા હોત તો નૌકાવિહારનો આનંદ લૂંટી શક્યા હોત....વાતાવરણ મધુર અને પ્રસન્ન છે તેથી તેઓનું ચિત્ત અતિ પ્રસન્ન બનત..’ ધન્ના શેઠે કહ્યું.

ત્યાં એક મંત્રીએ આવીને કહ્યું : ‘મહારાજ, આપને દંતધાવનની સામગ્રી મોકલાવી દઉં...સમય થઈ ગયો છે....’

‘હા...મોકલાવો...ધન્ના શેઠ માટે પણ મોકલશો...’ મહારાજાએ કહ્યું.

ધન્નો કિનારા પરના સોહામણા દૃશ્યો નિહાળી

રહ્યો હતો. થોડી વારમાં સેવક આવ્યો અને દંતધાવનની સામગ્રી મૂકી ગયો સાથે જળનું પાત્ર પણ હતું.

મહારાજાએ અને ધન્નાએ દંતધાવન કર્યું. ધન્નાએ ત્રણ નવકાર ગણીને દંતધાવન કર્યું હતું. થોડી વાર બાદ દુગ્ધના બે પાત્રો અને એક પાત્રમાં પકવાન હતા, તે સેવક મહારાજની સમક્ષ મૂકી ગયો.

મહારાજાએ ધન્ના સામે જોઈને કહ્યું: 'ધન્ના શેઠ, હવે આપ દુગ્ધાનુંપાન અને પકવાન ગ્રહણ કરો...'

'મહારાજ, આપ મને ધન્ના શેઠ કહો છો તે મને રુચતું નથી. હું આપના દિકરા સમાન છું...આપ કેવળ ધન્નો જ કહો તો વધુ યોગ્ય લાગશે...'

'ભલે....ધન્ના, હવે તને તું કહે છે તે પ્રમાણે જ બોલાવીશ, હવે તું દુગ્ધનું પાત્ર હાથમાં લે...'

બન્નેએ દુગ્ધાનુંપાન કર્યું.

મહારાજાએ થોડી વાર પછી કહ્યું: 'ધન્ના, તને ચોપાટ રમવાનો શોખ ખરો કે નહિ....?'

'ના...મહારાજ, અમારા ધર્મમાં ચોપાટ રમવાની ના કહી છે આથી હું રમીશ નહિ. આમેય મેં બાધા લીધી છે...' ધન્નાએ કહ્યું.

'સારું....તો આપણે વાતો કરીએ...' મહારાજાએ કહ્યું.

'હા....મહારાજ, એ જ વધુ સારૂં રહેશે.'

અમે બન્ને વાતોએ વળગ્યા.

દિવસના બીજા પ્રહર બાદ એક સેવકે આવીને નમ્ર સ્વરે કહ્યું : 'કૃપાનાથ, ભોજન તૈયાર થઈ ગયું છે.... આપ આજ્ઞા કરો તો અત્રે લઈ આવું...'

'હા...મારું અને ધન્ના શેઠના ભોજનના પાત્રો અહીં જ લઈ આવ...' મહારાજે કહ્યું.

સેવક વિદાય થયો.

થોડીવારમાં એક સેવક ભોજનના બે પાત્રો, જળના બે પાત્રો તથા અન્ય સામગ્રીઓનું એક પાત્ર મૂકી ગયો. મહારાજે ધન્ના સામે જોઈને કહ્યું : 'ધન્ના, હવે આપણે ભોજનને ન્યાય આપીએ...'

'હા...મહારાજ.' ધન્નાએ કહ્યું.

અને બન્ને ભોજન કરવા લાગ્યા. ભોજનકાર્યથી નિવૃત્ત થઈને બન્ને થોડીવાર વામકુક્ષી અર્થે નૌકાના એક ખંડમાં બે શૈયા ગોઠવવામાં આવી હતી તેમાં વિશ્રામ અર્થે આડે પડખે થયા.

લગભગ બે ઘટિકા પર્યંત વિશ્રામ લઈને બંને જાગૃત થયા. સ્વસ્થ થઈ ને નૌકાની કિનારે આવીને ઊભા રહ્યા.

આમ આખી રાત નૌકામાં ગાળીને બીજે દિવસે

નગરી તરફ પાછા ફર્યા. મહારાજા અને ધન્નાને નૌકા-વિહારના ભ્રમણમાં આનંદ પ્રાપ્ત કર્યો હતો. અને ચિત્ત પ્રસન્ન અને સ્વસ્થ થયા હતા.

ધન્નો મહારાજાની આજ્ઞા મેળવીને પોતાના ભવન પર વિદાય થયો. ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના, તારે મહા-રાજ સાથે અનુકૂળ અને ગાઢ સંબંધો બંધાતા જણાય છે...'

'પિતાજી, મને પણ આશ્ચર્ય થાય છે કે મહારાજ મને શા માટે દરેક કાર્યક્રમમાં સાથે રાખે છે...!' ધન્નાએ કહ્યું.

મોટા ભાઈએ કહ્યું : 'પિતાજી, જે માનવી કાર્ય ન કરતો હોય તેને સૌ બોલાવી જાય...'

ધન્નો કશું કહ્યા વગર બીજા ખંડમાં ચાલ્યો ગયો. મોટા ભાઈએ કહ્યું : 'પિતાજી, ધન્નાને કંઈક કામ સોંપો ...અમે પેઢી પર જઈએ છીએ અને વેપાર કરીએ છીએ જ્યારે ધન્નો કશું કરતો નથી અને આનંદથી દિવસો પસાર કરે છે...'

ધનસાર શેઠે કહ્યું : 'તું ઘરમાં સૌથી મોટો પુત્ર છે...તારે વારંવાર આ પ્રમાણે ન કહેવું જોઈએ. ધન્ના હજુ બાળક છે...'

'પિતાજી, આપ આવું કહીને જ ધન્નાને કશું કરવા દેતા નથી...'

'તું તો જાણે છે કે તે જ્યારે વેપાર કરી આવે છે ત્યારે તે અનેકગણું કરીને પાછો વળે છે...'

'પિતાજી, આવતી કાલે અહીંથી થોડે દૂર સામગ્રી ખરીદવા જવાની છે તો તેને ત્યાં મોકલો...જોઈએ તે શું કરી આવે છે?'

ધનસાર શેઠને થયું કે ધન્નાના ત્રણેય મોટા ભાઈઓને ખબર છે કે ધન્નો ઘણો જ પુણ્યશાળી છે છતાં વારંવાર તેની ટીકા કરીને ઈર્ષાભાવ વ્યક્ત કરે છે.

ધનસાર શેઠે કહ્યું : 'ભલે...આવતી કાલે ધન્નો જશે...'

ધનસાર શેઠે પોતાના નાના પુત્ર ધન્નાને બોલાવીને કહ્યું : 'ધન્ના, તારે આવતી કાલે પેઢીની અમુક સામગ્રીઓ લેવા જવાનું છે તો તું લઈ આવીશ ને?'

'પિતાજી, આપની આજ્ઞા હોય પછી મારે શું કહેવાનું હોય...!'

બીજે દિવસે ધન્નો અશ્વ પર સવાર થઈને દિવસના પ્રથમ પ્રહર બાદ નીકળી પડયો. મનમાં નવકાર મંત્રનું સ્મરણ કર્યું અર્ધ ઘટિકામાં નિશ્ચિત સ્થળે પહોંચી ગયો. અને ધન્નાએ ખૂબ સોંઘા ભાવે સામગ્રીઓ ખરીદી અને તે સામગ્રી લઈને તે પાછો પોતાની નગરીમાં આવ્યો. તે સામગ્રીઓ નગરીમાં વહેંચી તો ખૂબ જ ધન મળ્યું. સઘળું ધન ધનસાર શેઠને આપ્યું. ધનસાર શેઠ આનંદ

પામ્યા. મોટા ભાઈએ કહ્યું : 'ધન્નો હજુ વેપાર માટે યોગ્ય નથી...તેનામાં આવડત નથી...'

ધન્નાને મનમાં ખૂબ લાગી આવ્યું. તે કશું બોલ્યો નહિ. તે દિવસે રાત્રિના પ્રથમ પ્રહર બાદ ધનસાર શેઠે ધન્નાને પોતાની પાસે બોલાવીને કહ્યું : 'ધન્ના, તું અંતરમાં કશું દુઃખ લગાડતો નહિ. દરેકના સ્વભાવ સરખા હોતા નથી.'

'પિતાજી, મોટા ભાઈએ જે કહ્યું હશે તે મારા માટે યોગ્ય હશે તો જ કહ્યું હશે...મારા અંતરમાં કોઈ પણ જાતની ગ્લાની પેદા થઈ નથી ..' ધન્નાએ કહ્યું.

'ધન્ના, તારું હૃદય વિશાળ છે....તું નાનો છે છતાં બુદ્ધિ તીવ્ર છે....'

ધન્નાએ કંઈ પણ ઉત્તર ન આપ્યો. ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના, આવતી કાલે મુનિમહારાજનું પ્રવચન સાંભળવા માટે આવવું છે ?'

'હા...પિતાજી, આવતી કાલે મહારાજ કથાપ્રસંગ કરવાના છે....' ધન્નાએ કહ્યું.

બીજે દિવસે ધનસાર શેઠનો પરિવાર મહારાજના પ્રવચનનો લાભ લેવા માટે દિવસના પ્રથમ પ્રહર બાદ નીકળ્યો. ત્રણેય મોટા ભાઈઓ પેઢી પર ગયા.

ઉપાશ્રયમાં અનેક શ્રાવક-શ્રાવિકાઓ મહારાજનું

રસીલી શૈલી યુક્ત પ્રવચન સાંભળવા એકત્ર થયા હતા. સૌ શાંતચિત્તે બેઠા હતા.

મુનિ મહારાજે ‘ ધર્મલાભ ’ જણાવીને શાંત અને પ્રસન્ન ચિત્તે કહ્યું: ‘ માનવી જીવનમાં ધર્મ પ્રત્યે અડગ-શ્રદ્ધા રાખે તો તેની સામે આવતી દરેક વિપત્તિના વાદળો દૂર થઈ જાય છે. આજની પ્રસંગકથા નાની છે છતાં ધર્મ એક જીવનનું અંગ છે, બળ છે. તે વાત સમજાવે છે.

અલકાપુરી નગરી...ઘણી જ વિશાળ નગરી. જાત-જાતના લોકો ત્યાં વસે. લોકો ધાર્મિક હતા. ત્યાં શીવ અને જૈન ધર્મ મુખ્યત્વે પળાતો, લોકો સુખી હતા. નીતિ, ધર્મ, સદાચાર વ્યવહાર વગેરે ગુણો પોતાના જીવનમાં ઉતારી લીધા હતા.

જ્યાં નીતિ, સદાચાર અને અહિંસાને સ્થાન મળે છે તે રાજ્ય ઘણું જ સમૃદ્ધ બને છે. ત્યાં કદી ચોરી થતી નથી અને લોકો શાંતિથી પોતાનું જીવન ગુજારતા હોય છે.

અલકાપુરી આવા ગુણોથી મઢાયેલી હતી. ત્યાંનો રાજા ચંદ્રસેન સાત્ત્વિક વૃત્તિવાળો, સદાચારી અને જૈન-ધર્મનો અનુયાયી હતો. તેની પત્ની રત્નાવલી રાણી જૈન-ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા દાખવતી હતી. તેમને વિજયસેન નામનો એક પુત્ર હતો. તે માતાપિતાની છાયા નીચે

ઉછર્યો હતો. તેથી તેનામાં જૈન ધર્મ પ્રત્યે ભાવના જાગી હતી.

રાજા, રાણી અને યુવરાજ વિજયસેન દરરોજ પ્રાતઃકાર્ય પૂર્ણ કરીને નિયમિત શ્રી. વાસુપૂજ્યસ્વામીની પૂજા કરતાં.

યુવરાજ વિજયસેનની ઉંમર સત્તર વર્ષની હતી. તે શસ્ત્રમાં પારંગત હતો. શાસ્ત્રો, ધનુર્વિદ્યા, સંગીતકલા વગેરેમાં પ્રવીણતા મેળવી હતી. તે એક કુશળ રાજનીતિજ્ઞ બની ગયો હતો.

પ્રજામાં પણ એક સંતોષ હતો કે અમારા ભાવિ રાજા ઘણા જ સદ્‌ગુણોથી યુક્ત છે. તેમનામાં રાજ્ય-સંચાલનની આવડત છે. આથી પ્રજા પણ પોતાના ભાવિ રાજા વિજયસેનના ગુણો ગાતી હતી.

જેના પ્રાણમાં સદાચાર, અહિંસા પ્રત્યે મમતા, ન્યાય, નીતિ અને ધર્મ હોય છે તેની હંમેશાં પૂજા થતી હોય છે.

પરંતુ એક દિવસ આ સુંદર રળીયામણી નગરીમાં એક ઉપદ્રવ આવી પડચો. અલકાનગરીથી દૂર એક વનમાં યુયુત્સુ નામનો એક રાક્ષસ રહેતો હતો. તે ઘણો જ ક્રૂર, ઘાતકી અને અધાર્મિક હતો. તે આસ-પાસની પ્રજાને રંજાડતો હતો. અને ખૂબ જ ત્રાસ આપતો હતો.

માનવીના જીવનમાં સુખ અને દુઃખના વાદળો આવી જતાં હોય છે. પરંતુ સુખ આવે ત્યારે છકી ન જવું અને દુઃખ આવે ત્યારે હિંમત ન હારવી...

યુયુત્સુ નામે રાક્ષસ હવે શાંત અલકાનગરીને ત્રાસ આપવા લાગ્યો. પ્રજા પણ ત્રાહિ ત્રાહિ પોકારી ગઈ....

રાજા ચંદ્રસેને ખૂબ જ મહેનત કરી પરંતુ યુયુત્સુ તો માયાવી રાક્ષસ હતો. ચંદ્રસેને મંત્રીઓને ભેગા કર્યા અને મંત્રણાગૃહમાં યુયુત્સુના પ્રશ્ન પર ચર્ચા કરી, ત્યારે વિજયસેન પણ હાજર હતો અને નક્કી કર્યું કે રાજ્ય-સભામાં આ અંગે પાનનું બીડું ફેરવવું અને જે કોઈ રાક્ષસને મહાત કરશે તેને રાજ્ય તરફથી મોટું ઇનામ આપવામાં આવશે.

બીજે દિવસે પ્રધાનમંત્રીએ સમગ્ર નગરીમાં જાહેરાત કરી દીધી અને તે જ દિવસે ત્રીજા પ્રહર બાદ રાજ-સભા ભરવામાં આવી. સભા ખીચોખીચ ભરેલી હતી. રાજા ચંદ્રસેન હજુ આવ્યા નહોતા. લોકોમાં આપસ-આપસમાં રાક્ષસ યુયુત્સુને પકડવા કોણ જશે? તેવી વાતચીતો થઈ રહી હતી.

ત્યાં છડીદારે રાજા પધાર્યા તેની આગમન સૂચક છડી પોકારી. સર્વ સભાજનો ઊભા થયા અને રાજાને પ્રણામ કર્યા.

રાજા ચંદ્રસેન રાજસિંહાસન પર બેઠા ત્યારે સભા-

જનોએ પોતાની બેઠક ગ્રહણ કરી. રાજપુરોહિતે મંગલાચરણ ગાયું. રાજાને આશીર્વાદ આપ્યા. પછી મહામંત્રી ઊભા થયા અને કહ્યું : ' મહારાજાધિરાજ શ્રી ચંદ્રસેન મહારાજની આજ્ઞાથી જે કોઇ પ્રજાજન યુયુત્સુ રાક્ષસને મહાત કરવાનું બીડું ઝડપશે અને તેમાં જે વિજય મેળવશે તેને રાજ્ય તરફથી મોટું ઈનામ આપવામાં આવશે.

આજ આપણાં રાજ્ય પર વિપત્તિના વાદળ કોઈ કર્મ સંયોગથી આવી ચડ્યા છે અને તેને નિવારવું તે આપણો ધર્મ છે. આપ સૌને યાદ હશે કે બે વર્ષ પહેલાં પાસેના રાજ્યની કુંવરી મેનાને રાક્ષસ યુયુત્સુ ઉપાડી ગયો છે છતાં તે રાજ્યના રાજા યુયુત્સુને મહાત કરી શક્યા નહિ.

આપણે બે ફરજ બજાવવાની છે, એક તો રાક્ષસને મહાત કરવાનો છે અને બીજું રાજકુંવરીની ભાળ મેળવવાની છે...' આમ કહીને મહામંત્રી પોતાના આસન પર બેસી ગયા.

એક સેવક સુવર્ણના પાત્રમાં બીડું મૂકીને સભામાં ચારે તરફ જવા લાગ્યો. પરંતુ કોઈ મોતના મુખમાં જવા તૈયાર ન થયું. છેવટે યુવરાજ વિજયસેન ઊભો થયો અને બીડું લીધું. પછી તેણે કહ્યું : ' મહારાજાધિરાજ, અને સર્વ પ્રજાજનો, આથી હું પ્રતિજ્ઞા લઉં છું કે રાક્ષસ યુયુત્સુને મહાત કરીશ અને રાજકુંવરી મેનાવતીની ભાળ મેળવીશ...'

સભાજનો હર્ષનાદ કરવા લાગ્યા.

રાજભવનમાં રાણી રત્નાવલીએ જ્યારે જાણ્યું કે યુવરાજ, રાક્ષસ યુયુત્સુ પાસે જઈ રહ્યો છે ત્યારે તેને મૂર્છા આવી ગઈ. જ્યારે તેમની મૂર્છા વળી ત્યારે રાજા ચંદ્રસેન અને યુવરાજ વિજયસેન અને મહામંત્રી વગેરે ઊભા હતા.

યુવરાજે વિનયભર્યા સ્વરે કહ્યું : 'માતાજી, જ્યારે પ્રજા પર કોઈ વિપત્તિ આવે ત્યારે રાજાએ તેની રક્ષા કરવી જોઈએ. અને તે ફરજ અને કર્તવ્યનું પાલન કરવું તે આપણો ધર્મ થઈ પડે છે. આપના અંતરના આશીર્વાદથી મારો વિજય થશે.'

રાણી રત્નાવલી મૌન રહી. પરંતુ યુવરાજે આગળ બોલતાં કહ્યું : 'માતાજી, આપને ખ્યાલ છે કે નવકાર મહામંત્ર આપણું રક્ષણ કરે છે....આપે જ મને આ મહાન પરોપકારી મહામંત્ર શીખવ્યો હતો. પછી શીદને ચિંતા કરો છો ? આપ ચિંતામુક્ત બની જાઓ...'

ત્યારબાદ રત્નાવલીએ કહ્યું : 'વિજય, તારી સઘળી વાત સત્ય છે. પરંતુ હજુ તારી ઉંમર માત્ર સત્તર વર્ષની છે. યુયુત્સુ માયાવી રાક્ષસ છે.'

'માતાજી, ધર્મ આગળ કોઈ માયાવી શક્તિ કામ કરતી નથી.' મધુર સ્વરે વિજયસેને કહ્યું.

અને બીજે દિવસે રાણી રત્નાવલીએ રડતા હૃદયે

રજા આપી. રાજા ચંદ્રસેનનું હૃદય સહેજ ઢીલું થયુ હતું. છતાં તેમણે પુત્રનો વિજય થાય તેવા આશીર્વાદ આપ્યા હતા. *પ્રજાજનોએ યુવરાજને કહ્યું કે અમે વિજયમાળા* તૈયાર રાખીશું...આપ વિજયી બનીને આવો....

વિજયસેને પોતાની સાથે એક તેજદાર અશ્વ, બાણનું ભાથું, ધનુષ્ય. તલવાર વગેરે શસ્ત્રસામગ્રી ખોગીરમાં રાખી હતી, સર્વ લોકોની રજા મેળવી અને ધૈર્ય આપીને તે યુયુત્સુનો મહેલ હતો તે તરફ પોતાના અશ્વને દોરી ગયો.

અઘોર વનમાં અનેક ભયંકર પશુઓનો સામનો કરતો કરતો તે એક સરિતા નજીક રાત ગાળવા થોભ્યો. સરિતાની પાસે એક વૃક્ષ હતું તેના પર ચડી ગયો અને મનમાં નવકાર મંત્રનું સ્મરણ કર્યું અને નિંદ્રાધીન થઈ ગયો. પશુઓના ચિત્કારભર્યા અવાજો વનના વાતાવરણને બિહામણું બનાવતાં હતાં.

પરોઢ થયું...

પક્ષીઓનો મધુર કલરવ વિજયસેનને સંભળાયો. વનપ્રદેશ હતો તેથી અહીંથી કોઇ વટેમાર્ગુ ભાગ્યે જ નીકળતો. સૌને યુયુત્સુનો ભય રહેતો આથી આ માર્ગે નીકળવાનું સાહસ કરતાં જ નહિ.

સૂર્યોદય થયો. સૂર્ય પોતાનાં તેજસ્વી કિરણોથી ધરતીને ભીંજવી રહી હતી.

યુવરાજ વિજયસેને પ્રાતઃકાર્ય વિધિ પૂર્ણ કરીને

થોડો અલ્પાહાર લીધો ત્યારપછી તે અશ્વ પર સવાર થઈને આગળ વધ્યો.

અને તે જ દિવસે સંધ્યા સમયે નિશ્ચિત સ્થળે પહોંચી ગયો. યુયુત્સુનો મહેલ વિશાળ હતો. તેની પાસે ધન પુષ્કળ હતું. આ સઘળું ધન વટેમાર્ગુનું અને પ્રજાજનોનું હતું. અનીતિનું ધન પચતું નથી. વિજયસેન સીધો રાજમહેલમાં ગયો.

રાક્ષસરાજ યુયુત્સુ પોતાની વિશાળ શય્યા પર નિરાંતે નિદ્રા માણી રહ્યો હતો. તેને એવી કલ્પના પણ નહોતી કે મારું મોત નજીક છે...! જો તેણે કાળદર્પણમાં જોયું હોત તો તેને જાણવા મળત કે વિજયસેન કાળ બનીને મારી તરફ આવી રહ્યો છે....પરંતુ યુયુત્સુને ગર્વ હતો કે આ સંસારમાં મારાથી વધુ શક્તિશાળી કોઈ નથી. અને મને મૃત્યુને ખોળે પોઢાડવાની શક્તિ કોઈનામાં નથી.

જ્યારે માનવી ગર્વના નશામાં નાચતો હોય છે ત્યારે તે અન્ય કંઈ વિચારી શકતો નથી. ધરતી પર પટકાતાં વાર લાગતી નથી. ગર્વ એ માનવીના જીવનને પાયમાલ કરે છે.

વિજયસેને બે પળ વિચારીને રાક્ષસ રાજની મસ્તક પર શોભી રહેલી કેશરાશિને તલવારના ઝાટકાથી કાપી નાખી...

યુવરાજે જોયું કે આ રાક્ષસની માયાવી શક્તિ ચાલી ગઈ છે...હવે તે કંઈ કરી શકે તેમ નથી. યુયુત્સુ જાગૃત

થયો અને કંઈક ગણગણીને યુવરાજ સામે પોતાનો વિશાળ હસ્ત ફેલાવ્યો પણ નિષ્ફળ...કશું થયું નહિ.

યુવરાજ નવકારમંત્રનું સ્મરણ કરી રહ્યો હતો...

યુયુત્સુએ પોતાના મસ્તક પર હસ્ત ફેરવ્યો તો તેની વિશાળ કેશરાશિ જોવામાં ન આવી...કેશરાશિની સાથે જ તેની સમગ્ર શક્તિ ચાલી ગઈ હતી.

અને બન્ને વચ્ચે તલવારબાજી શરૂ થઈ...

છેવટે યુવરાજે યુયુત્સુને મહાત કરીને તેને યમસદન પહોંચાડી દીધો.

વિજયસેન આનંદિત બન્યો. તે યુયુત્સુના વિશાળ ખંડો જોવા લાગ્યો. અને એક ખંડમાં મેનાવતી રાજ-કુંવરી જોવા મળી.....

રાજકુંવરી મેનાવતી કેવળ સ્વરૂપવાન હતી તેમ નહોતું તે ઘણી જ ગુણશીલ અને ધાર્મિક વૃત્તિવાળી હતી. તે અત્યંત સુંદર હતી. બે વર્ષ બાદ માનવીના દર્શન થતાં તે બોલી : 'આપ જ્યાંથી આવ્યા છો ત્યાં ચાલ્યા જાઓ.....નહીંતર હમણાં જ યુયુત્સુ તમારો નાશ કરી નાંખશે....'

'આપ રાજકુમારી મેનાવતી છો...?'

'હા...પણ તમે ચાલ્યા જાઓ...' મેનાવતીએ કહ્યું.

'રાજકુમારી, તે મારો નાશ કરે તે પહેલાં જ ખૂંખાર જંગમાં મેં તેને યમસદન પહોંચાડી દીધો છે...' વિજયસેને મધુર સ્વરે કહ્યું.

'ઓહ...! આપે તે વિકરાળ આકૃતિ ધરાવતા રાક્ષસને મૃત્યુને ખોળે પોઢાડી દીધો છે?'

'હા...હું તેનો વિનાશ કરવા આવ્યો હતો. અમારી પ્રજાને તે ખૂબ રંજાડતો હતો. અને સાથોસાથ આપની ભાળ પણ મેળવવાની હતી...'

'આપનો પરિચય...!' રાજકુમારીએ મધુર સ્વરે કહ્યું.

'મારું નામ યુવરાજ વિજયસેન છે. અલકાનગરીના રાજવી ચંદ્રસેનનો પુત્ર છું.'

'આપ મારા સ્વામી થયા છો.' રાજકુમારીએ મધુર સ્વરે કહ્યું અને રાજકુમારના ચરણમાં નમી પડી.

યુવરાજ વિજયસેન આશ્ચર્યચકિત થયો અને મેનાવતી સામે જોઈને કહ્યું : 'હું આપનો સ્વામી...' મને કશું સમજાતું નથી....'

'યુવરાજશ્રી, મારી એક પ્રતિજ્ઞા હતી કે જે કોઈ મને આ રાક્ષસના બંધનથી છોડાવશે તે મારા સ્વામી બનશે. અને આપે મને રાક્ષસના બંધનમાંથી મુક્ત કરી...' અને રાજકુમારી મેનાએ તરત જ ઉદ્યાનમાં જઈને બે પુષ્પની માળા તૈયાર કરી અને ગાંધર્વવિવાહ કર્યો.

અને બે દિવસ બાદ તેઓ અલકાનગરી આવી પહોંચ્યા. બન્નેનું નગરીના લોકોએ ભાવભર્યું સ્વાગત

કર્યું. યુવરાજની માતાએ કહ્યું: ‘વિજય, ધર્મ આપણું રક્ષણ કરે છે. તારી નવકાર મંત્ર પ્રત્યેની શ્રદ્ધાએ જ વિજયમાળા પહેરાવી છે....’

વિજયસેને આ વાત માની અને માતાપિતાના ચરણમાં નમી પડ્યો.

આમ કથા પૂરી કરતાં મહારાજે કહ્યું: ‘ધર્મ એ જીવનનું અંગ છે....’

પ્રવચન પૂરું થયું.

જૈન મુનિ જે કંઇ વાત કરે અથવા જે કંઈ વાણી સંભળાવે તે સર્વત્યાગના હેતુથી જ મઢેલી હોય છે. સંસારના સુખોપભોગને પંપાળનારી અથવા ક્ષુદ્ર કામોને ટેકો આપનારી અથવા તો સંસારમાં રસ ઉત્પન્ન કરાવનારી કદી હોય જ નહિ. જો જૈન મુનિ આ રીતે સંસારના રસને પોષનારી વાણી વાપરે તો તે મુનિના પ્રાણને સર્વત્યાગરૂપી પારસમણિનો સ્પર્શ થયો જ નથી એમ માનવું પડે...કારણ કે ત્યાગમાર્ગના પથિકો રંગરાગને કદી પંપાળતા નથી તેમજ, અન્યના હિતને નામે પણ તેને પોષતા નથી.

સૌ મુનિરાજને વંદન કરીને વિદાય થવા લાગ્યા. ધનસાર શેઠનો પરિવાર પણ ભવન પર જવા વિદાય થયો.

**કાળની** ગતિને કોઈ રોકી શકયું નથી. કાળનો પ્રવાહ નિરંતર છે. આ પ્રવાહને કોઇ અટકાવી શકયું નથી. જન્મમરણનો દોર અનંતકાળથી ચાલ્યો આવે છે. કાળ પોતાનું કાર્ય કરતો જ રહે છે.

શાલિભદ્ર બાલ્ય અવસ્થા પસાર કરીને યૌવનના પ્રાંગણમાં આવી ચૂકયો હતો. તેણે રાજનીતિ, ધર્મશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર વગેરેનો વિશાળ અભ્યાસ કર્યો હતો. ગોભદ્ર શેઠે શાલિભદ્રને દરેક પ્રકારનો વૈભવ મળી રહે તે હેતુસર સપ્તભૂમિનો પ્રાસાદ તૈયાર કરવાની યોજના તૈયાર કરી. આ અંગે ગોભદ્ર શેઠે પોતાની પત્ની ભદ્રા શેઠાણીને કહ્યું : 'પ્રિયે, આપણા શાલિભદ્રને દરેક પ્રકારનો વૈભવ મળી રહે તે હેતુસર સપ્તભૂમિનો પ્રાસાદ બનાવવાની યોજના કરી છે....'

'સ્વામી, આપની વાત સાચી છે. શાલિભદ્ર બહારનું વાતાવરણ સહી શકતો નથી....સંપત્તિ એટલી છે કે સાત પેઢી સુધી ખૂટે તેમ નથી...'

ગોભદ્ર શેઠે બીજે જ દિવસે નગરીના શ્રેષ્ઠ શિલ્પીઓને પોતાની પાસે બોલાવ્યા અને સપ્તભૂમિ પ્રાસાદની યોજના કહી સંભળાવી. શિલ્પીઓ અને ગૃહ શિલ્પીઓએ ગોભદ્ર શેઠની યોજના સાંભળીને કહ્યું: 'શેઠજી, આ સપ્તભૂમિ પ્રાસાદમાં ખર્ચ ઘણો વધી જાય તેમ છે... ધન પાણીના મૂલે વહેવડાવવું પડશે...'

ગોભદ્ર શેઠે કહ્યું: 'આપ મૂંઝાશો નહિ. નિર્માણ પાછળ જેટલું ધન વપરાશે તે હું આપી શકીશ...પરંતુ પ્રાસાદ અત્યંત સોહામણો અને આકર્ષક થવો જોઈએ...

શિલ્પીએ કહ્યું: 'શેઠ, આપ પણ અમારું કાર્ય જોઈને દંગ થઈ જશો. ખૂબ જ ભવ્ય સપ્તભૂમિ પ્રાસાદ બનશે અને સમગ્ર મગધ દેશમાં આપના જેવું ભવન કોઈ નહિ હોય...'

અને ગોભદ્ર શેઠે રાજપુરોહિત પાસે મુહૂરત જોવડાવીને સપ્તભૂમિ પ્રાસાદનું કાર્ય શરૂ કરાવ્યું. અનેક ગૃહ-શિલ્પીઓના અથાગ પરિશ્રમ બાદ એક વર્ષ બાદ સપ્તભૂમિ પ્રાસાદ તૈયાર થઈ ગયો.

ગોભદ્ર શેઠ અત્યંત આનંદ પામ્યા અને શિલ્પીઓને સારૂં એવું ધન આપ્યું. ઉત્તમ દિવસ જોઈને ગોભદ્ર શેઠ, ભદ્રા શેઠાણી અને શાલિભદ્ર, સુભદ્રા વગેરે નવા પ્રાસાદમાં રહેવા માટે આવ્યા ત્યારે તે દિવસે પ્રસંગની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી.

નગરીના અનેક શેઠીયાઓ, શ્રષ્ઠિઓ, સાર્થવાહો વગેરેને ભોજનના આમંત્રણ અપાયા હતા.

ગોભદ્ર શેઠનો મુનિમ સ્વાગતમાં રોકાયો હતો. બીજા કામદારો, વાણોતરો અલગ અલગ વ્યવસ્થામાં રોકાયા હતા.

દિવસના બીજા પ્રહરની અંતિમ ઘટિકા બાદ આમં-ત્રિતો ભોજન અર્થે આવવા લાગ્યા. રાજ્યની વાદ્ય-મંડળી પ્રસંગને અનુરૂપ વાતાવરણમાં સ્વર વહેવડાવી રહી હતી. સમગ્ર વાતાવરણ પ્રસન્નતાથી શોભી ઊઠ્યું હતું. સર્વના મુખ પર આનંદની છાયા વરતાતી હતી.

અનેક શ્રેષ્ઠિઓ ગોભદ્ર શેઠ સામે આ ભવ્ય પ્રાસાદ બનાવ્યા બદલ આનંદ વ્યક્ત કરતા હતા.

અને ત્રીજા પ્રહરની પ્રથમ ઘટિકા બાદ સૌ ભોજન અર્થે બિરાજમાન થયા. સ્વાદિષ્ટ અને મધુર ભોજનસામગ્રી પીરસવામાં આવી. ઉત્તમ જાતના દ્રવ્યોથી બનાવવામાં આવેલી મીઠાઈઓ પણ પીરસવામાં આવી.

ગોભદ્ર શેઠે સર્વની સામે જોઈને કહ્યું : 'આજ આપ સૌ મારે આંગણે પધાર્યા અને આ પ્રસંગને દીપાવીને ખુશી વ્યક્ત કરી છે તે મારા માટે આનંદદાયક બાબત ગણાય...મારો એકનો એક પુત્ર શાલિભદ્ર ક્યારેય ભવનની બહાર ગયો નથી, તે અતિ કોમળ છે... તે બહારનું વાતાવરણ સહી શકતો નથી. આ પ્રાસાદ

શાલિભદ્ર માટે બનાવવામાં આવ્યો છે. આજ રાત્રિના પ્રથમ પ્રહર બાદ નગરીના વીણાવાદક ધનનંદ આ પ્રસંગની ખુશાલી વ્યક્ત કરવા અર્થે પધારવાના છે. ત્યારે તેઓ વીણાવાદન કરશે. આપ સૌને અત્રે રાત્રિના પ્રથમ પ્રહર બાદ પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે....'

ભોજનકાર્ય સમાપ્ત થયા બાદ સૌ ગોભદ્ર શેઠને અભિનંદન આપીને વિદાય થયા.

સપ્તભૂમિથી સુશોભિત ભવ્ય મહાલયની રચના વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી. શિલ્પીઓએ પોતાની કલા પીરસી ને પ્રાસાદને ભવ્ય બનાવ્યો હતો. આ નિર્માણ પાછળ અઢળક ધન વપરાયું હતું પરંતુ ગોભદ્ર શેઠ પાસે ધનની કોઈ ખોટ નહોતી...

આ પ્રાસાદમાં એવી વ્યવસ્થા કરવામાં આવી હતી કે શાલિભદ્રને પ્રત્યેક વસ્તુઓ મળી રહે....અને શાલિભદ્રને બહાર જવું ન પડે...આનંદપ્રમોદના પ્રત્યેક સાધનો મુકવામાં આવ્યા હતા.

પ્રથમ ભૂમિમાં દાસદાસીઓને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભવનની બહાર ઉદ્યાનની રચના કરી હતી અને નિરંતર જળપ્રવાહ વહેતો રહે તેવા કૃત્રિમ જળાશય રચવામાં આવ્યા હતા. વિવિધ પ્રકારના પુષ્પો, લતાઓથી વાતાવરણને સુગંધમય બનાવવામાં આવ્યું હતું.

દ્વિતીય ભૂમિ પર સેવકો-રક્ષકોનો વાસ હતો. જે

સુવ્યવસ્થિત અને સુશોભિત હતો. તેમાં અનેક ખંડની રચના કરવામાં આવી હતી. સુવર્ણજડિત આસનો ગોઠવેલા હતા.

તેવી જ રીતે તૃતિય ભૂમિની રચના કરવામાં આવી હતી. સપ્તભૂમિ પર શાલિભદ્રનો નિવાસ હતો. તેમાં સુવર્ણજડિત આસનોને મૂકવામાં આવ્યા હતા. તેના દ્વારો સુવર્ણના અને હીરા માણેકથી મઢેલા હતા. ગ્રીષ્મગૃહની રચના કરી હતી. મનને પ્રસન્ન કરવા માટે સંગીતની વ્યવસ્થા કરી હતી તેનો અલગ ખંડ હતો. અનેક દાસદાસીઓ શાલિભદ્રની સેવા માટે હાજર રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી.

આમ શાલિભદ્ર માટે ગોભદ્ર શેઠે ગગનચુંબી ઈમારતની રચના કરી. દરેક પ્રકારની ઉત્તમ સગવડ મળી રહે અને દેવોને પણ દુર્લભ હોય તેવા ખાનપાન મળતા રહે...સમધુર સંગીતની સુરાવલિઓ....બહારના વાતાવરણમાંથી આછા સમીર સાથે ટકરાઈને મઘમઘતી પુષ્પોની સુગંધ શાલિભદ્રના ખંડમાં નિરંતર વહેતી રહે....

દિવસના ચતુર્થ પ્રહર પછી ગોભદ્ર શેઠ અને ભદ્રા શેઠાણી ચર્ચા કરી રહ્યા હતા. ભદ્રા શેઠાણીએ મધુર સ્વરે કહ્યું : 'સ્વામી, આપ હવે ભવન નિર્માણના કાર્યમાંથી મુક્ત બની ગયા છો...હવે આપે આપણા પુત્રો પ્રત્યે દૃષ્ટિ કરવી જોઈએ.'

'કેમ....?' ગોભદ્ર શેઠે કહ્યું.

'નાથ, સુભદ્રા અને શાલિભદ્ર યૌવનના ઉંબરે પહોંચ્યા છે...આપણી ફરજ છે કે બન્નેના યોગ્ય સ્થળે વિવાહ કરવા જોઈએ...'

'ઓહ...એ તો યાદ રહેતું નથી....આજકાલ કરતાં આપણાં બન્ને બાળકો મોટા થઈ ગયા...અને આપણે જીવનની સંધ્યા તરફ જઈ રહ્યા છીએ...દેવી, ખરેખર કાળની ગતિ વણથંભી છે. આજકાલ કરતાં સમય ક્યાં અને કયારે ચાલ્યો જાય છે તેની ખબર પડતી નથી.'

'આપે સત્ય વાત કહી...પરંતુ માતાપિતાએ પોતાના બાળકો પ્રત્યેના કર્તવ્યનું ભાન સદાય રહેવું જોઈએ....'

'દેવી, હવે તું ચિંતા કરીશ નહિ...આ અંગે હું ગંભીર બનીને તારી ઇચ્છા પૂરી કરીશ....'

'કેવળ મારી ઇચ્છા?' ભદ્રા શેઠાણીએ હસીને કહ્યું.

'દેવી, મારી ઇચ્છા તો બંને બાળકોને સંસારના બંધનમાં હમણાં ધકેલવાની નથી...'

'નહિ...સ્વામી, જીવનમાં કેટલાક પ્રસંગો અનિચ્છાએ પણ આવકારવા પડે છે. અને ન છૂટકે કેટલીક વ્યથાઓ અપનાવી લેવી પડે છે...જો આમ ન કરીએ તો સંસારજીવનની ગતિ થંભી જાય...'

ગોભદ્ર શેઠ પોતાની પત્ની સામે જોઈ રહ્યા અને વાતનો વિષય બદલતાં કહ્યું : 'દેવી, આજ ભવનના પ્રાંગણમાં ધનનંદજીનો વીણાવાદનનો કાર્યક્રમ ગોઠવેલ છે. શાલિભદ્ર લોકો વચ્ચે નહિ બેસી શકે!'

'હા...સ્વામી, તે આવી શકશે નહિ....પરંતુ નગરીના શ્રેષ્ઠિઓ, સાર્થવાહો અને અન્ય સંબંધીઓ પધારશે. આપે મહારાજાને પધારવાનું આમંત્રણ પાઠવ્યું હતું ?'

'હા...દેવી, મહારાજા અન્ય કામકાજમાં રોકાયેલા હોવાથી આવી શકે તેમ નથી....' ગોભદ્ર શેઠે નમ્ર સ્વરે કહ્યું.

અને....

રાત્રિના પ્રથમ પ્રહર બાદ ગોભદ્ર શેઠના અત્યંત મોહક અને આકર્ષક ભવનમાં નગરીના શ્રેષ્ઠિઓ અને આમંત્રિતો આવી ગયા અને ગોઠવેલી બેઠક વ્યવસ્થા પ્રમાણે સૌએ પોતપોતાનું સ્થાન ગ્રહણ કરી લીધું.

કલાકાર ધનનંદની કલા સાધના અપૂર્વ હતી. જયારે કલાકાર એકરસ બનીને પોતાની મસ્તીમાં ખોવાઈ જાય ત્યારે તેની કલા અપૂર્વ અને અંતરની અભિવ્યક્તિ રજૂ કરતી સાધના બની જાય છે. કલા સામાન્ય વસ્તુ નથી પરંતુ અંતરના અગમ્ય પ્રવાહોને ઝણઝણાવી મુકતી સાધના છે. જયારે કલા સાધ્ય થાય છે ત્યારે કલાકારને કોઈ બંધનો નડતાં નથી. તે પોતાની મસ્તીના માધુર્યમાં જ રચ્યોપચ્યો રહે છે.

ગોભદ્ર શેઠના ભવનના પ્રાંગણમાં ગોઠવાયેલાં કાર્ય-ક્રમમાં ધનનંદનું વીણાવાદન સર્વને પ્રિય થઈ પડે તેવું હતું. ગોભદ્ર શેઠે સર્વ આમંત્રિતોને યોગ્ય સ્થાને બેસાડ્યા. પછી મંચ પાસે આવતાં કહ્યું : ' આપ સૌ મારા નિમં-ત્રણનો સ્વીકાર કરીને આવ્યા તે જાણી હું આનંદિત બન્યો. આ પ્રસંગને અનુલક્ષીને ધનનંદજીનું વીણા-વાદન રાખેલ છે જે આપ સૌને પસંદ પડશે જ.... ધનનંદજી પોતાની કલાનો રસાસ્વાદ આપણને સૌને કરાવે....'

એમ કહીને ગોભદ્ર શેઠ પોતાના સ્થાને બેસી ગયા. ધનનંદ મંચના મધ્ય ભાગમાં ગોઠવાયેલા એક આસન પર બેસી ગયા. પોતાની જમણી બાજુએ મૃદંગવાદક બેઠો હતો. મંચની આજુબાજુ ત્રિપદી પર દિપક ગોઠવવામાં આવ્યા હતા. વાતાવરણ પ્રસન્ન હતું...

ધનનંદે સર્વને વંદન કરીને નમ્ર સ્વરે કહ્યું : 'આજના મારા આ કાર્યક્રમમાં સૌ પ્રથમ રાગ ' કલામંજરી ' બજા-વીશ... આ રાગ ઘણો પ્રાચીન છે. શૃંગારપ્રધાન રાગ છે. આજના આનંદભર્યા પ્રસંગને અનુલક્ષીને આ રાગ આપ સૌ સમક્ષ રજૂ કરવાની આજ્ઞા મેળવું છું....'

એમ કહીને ધનનંદે વીણાના તાર સૂરમાં મેળવ્યા. અને માધુર્યથી છલકાતો રાગ ' કલામંજરી ' શ્રોતાજનો સમક્ષ રજૂ કર્યો.

કલામંજરીનો આલાપ....

શ્રૃંગારપ્રધાન રાગ....!

શ્રોતાજનો એકચિત્તે કલામંજરીને માણી રહ્યા હતા. રાગના મધુર અને માદક સ્વરોએ વાતાવરણમાં શાંતિ પ્રસરાવી દીધી.

કલાકાર રાગની મસ્તીમાં ડૂબીને રાગના સ્વરૂપને પ્રગટ કરતો હતો.

મસ્તીનું માધુર્ય તો તે જ માણી શકે, જેને હૈયે સ્નેહના ઘેન વસ્યા હોય, સ્નેહના રસઘેન સંસારની હસ્તી ભૂલાવે અને જીવનવ્યવહાર પરની શ્રદ્ધાને પણ ડગાવે...! તેમ સંગીતના ઘેન પણ જીવનમાં અમૃત સિંચે... સંગીત એ આત્માનું દિવ્ય સ્ફુરણ છે. સંગીતકાર જ્યારે રસધૂનમાં મસ્ત હોય કે કલાની મસ્તીમાં ડૂબેલો હોય ત્યારે સંગીતકારનો આત્મા રાગ અને લયમાં રમતો હોય, ત્યારે સાંભળનારાનાં પ્રાણ, મન પર પરવશતા આવી પડે છે. એ પરવશતા મીઠી છે, મધુર છે, આનંદદાયક છે. જંજીર હોવા છતાં મુક્તિની મોજ છે.

કલાકાર વગાડી જાણે કે બજાવી જાણે તે કલા કહેવાતી નથી પરંતુ જ્યારે કલામાં પ્રાણનો સંચાર થાય. અંતરની ઊર્મિ જાગૃત થાય, કલા પોતે જીવંત બને ત્યારે જ કલાકારની કલા મહેંકી ઉઠે...

આજના પ્રસંગને અનુલક્ષીને ધનનંદે 'કલામંજરી' રજૂ કર્યો અને જાણયે યૌવનના ઉંબરે ઉભેલી સુકન્યા

હર્ષવિભોર બનીને પોતાનો ઉમળકો ફલિત ન કરતી હોય તે રીતે કલામંજરી શ્રોતાજનોના અંતરમાં પ્રવેશી ચૂકી હતી. અને સૌ હર્ષ વ્યક્ત કરવા લાગ્યા.

કલાકારની કલાસાધનાને બીરદાવવા લાગ્યા.

ધનનંદે હજુ આલાપ વગાડીને રાગના સ્વરૂપને રજૂ કર્યું હતું...પણ કલામંજરીએ સર્વના હૈયા ચોરીને કલાકારની સાધનાને દાદ આપવા માંડયા હતા.

ધનનંદ એની મસ્તીમાં હતો. શ્રોતાજનો પ્રત્યે તેની દૃષ્ટિ નહોતી...તે તો કલાના રસસાગરમાં ડુબકી મારીને જે કંઈ મળતું તે બજાવતો હતો.

આલાપ પૂરો થયો.

મધ્યલય શરૂ થઈ....

મૃદંગવાદકે મૃદંગ પર બત્રીસ માત્રાનો ‘જયતાલ’ બજાવવો શરૂ કર્યો.

અર્ધઘટિકા પર્યંત મધ્યલય ચાલી ત્યારબાદ કલાકારે અતિ દ્રુતલય શરૂ કરી....

ઓહ....!

આ કલાકાર છે કે કોઈ ગાંધર્વ છે....! આટલું ભવ્ય વાદન અને વીણા પર નાચતી આંગળીઓ...!

શું કલાકારને થાક જણાતો નથી.

ના...ના...ના...

કલાકાર રાગની મસ્તીમાં બધું ભૂલી ગયો છે....! શ્રોતાજનો હર્ષના પોકાર કરવા લાગ્યા.

મૃદંગવાદકે જોયું કે હવે પોતે આટલી અતિ દ્રુત-લયમાં બજાવી શકશે નહિ અને તેનું ચિત્ત પણ સાંભળ-વામાં રહી જતું તેથી તે સારી રીતે બજાવી શકતો પણ નહોતો. આથી મૃદંગવાદકે મૃદંગ એકબાજુ મૂકીને વીણાવાદન સાંભળવા બેસી ગયો અને થોડી વારમાં તે પણ કલાકારની સાધનાને ધન્યવાદ દેવા લાગ્યો.

અને થોડી વાર પછી ધનનંદે કલામંજરીને વિદાય આપી ત્યારે દોઢ ઘટિકા જેટલો સમય ચાલ્યો ગયો હતો.

ગોભદ્ર શેઠે ઊભા થઈને પોતાના કંઠમાંથી મોતીનો હાર કાઢીને કલાકારના કંઠમાં આરોપી દીધો અને મધુર સ્વરે કહ્યું: 'કલાકાર, તું સાક્ષાત ગાંધર્વ છો...આજના તારા વીણાવાદનનું રસપાન કર્યા પછી જણાયું કે તારા અંતરમાં કલા જીવંત છે...અમને સૌને ખૂબ જ હર્ષ થયો છે...'

શ્રોતાજનોએ પણ કલાકારને વધાવી લીધો. અને કાર્યક્રમ પૂરો થયેલો જાહેર કરવામાં આવ્યો. સૌ પોત-પોતાના ભવન પર વિદાય થવા માંડ્યા.

રાત્રિનો બીજો પ્રહર પૂરો થવાની તૈયારી હતી.

**પ્રાતઃકાળનો** સમય હતો. સૂર્યદેવનાં સોનેરી કિરણો ધીમે ધીમે પ્રખર બનીને ધરતીને ભીંજવી રહ્યા હતા. નગરીના લોકો પ્રાતઃકાર્યની વિધિ આટોપવા લાગ્યા હતા. મધુર સમીરની લહેરીઓ વહેતી હતી. પક્ષીઓ મુક્તપણે ગગનવિહારી બની ગયા હતા. વાતાવરણ પ્રસન્ન અને શીતળ હતું.

ધનસાર શેઠના ભવનમાં પણ સર્વ જાગૃત થઈને પ્રાતઃકાર્યની વિધિ આટોપવા લાગ્યા હતા. ધન્નાના ત્રણેય મોટા ભાઈઓની પત્નીઓ પણ ભવનના કાર્યમાં ગુંથાચલી હતી. ધન્નો જાગૃત થઈ, સ્નાનપૂજાથી નિવૃત્ત થઈ ગયો હતો, ભવન પર આવીને ચોઉવિહાર પાળવાનો સમય થતાં દંતધાવન કર્યું. ધનસાર શેઠ પણ તેની બાજુમાં બેઠા હતા.

ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના, આજ તારે મણિનગરમાં જવાનું છે અને ત્યાંથી પટ્ટક, કૌશેય, ઉત્તરીયની ખરીદી કરવાની છે...તારા ત્રણેય મોટા ભાઈઓની ઇચ્છા એવી

છે કે ધન્નો લઈ આવે અને ધન્નો કેવું કાર્ય કરે છે તે જોવું....પરંતુ તારા પ્રબળ ભાગ્ય છે તેઓ જાણે છે છતાં સહન કરી શકતાં નથી અને ઈર્ષ્યાના દાવાનળમાં સળગ્યા કરે છે... તું આજે મણિનગર જજે અને ત્યાંની બનાવટના પટ્ટકો વગેરે વ્યાજબી દામે ખરીદ કરીને લઈ આવજે...બે દિવસ તારે ત્યાં નિવાસ કરવો પડશે.'

'પિતાજી, આપની આજ્ઞાને માન આપીને જઈશ. મારા મોટા ભાઈને મારા પ્રત્યે પ્રેમ, લાગણી ઉત્પન્ન થતાં નથી તેમાં હું મારા ભાગ્યનો દોષ સમજું છું. મને મારા ત્રણેય ભાઈઓ પ્રત્યે જરા પણ વૈરભાવ કે ઈર્ષ્યાભાવ નથી...' ધન્નાએ કહ્યું.

ત્યાં મોટા ભાઈની પત્નીએ આવીને નમ્ર સ્વરે ધન્નાને કહ્યું : 'ચાલો...દુગ્ધાનુપાન અને અલ્પ આહાર લેવા...ભોજનકક્ષમાં આવો છો ને ?...'

'હા...' ધન્નો ઊભો થયો અને ભાભીની પાછળ ચાલવા લાગ્યો. ભોજનગૃહમાં ત્રણેય ભાભીઓ બેઠી હતી. મોટી ભાભીએ આછા હાસ્ય સાથે કહ્યું : 'ધન્નાકુમાર, આપ યૌવનનાં આંગણે આવી ગયા છો હવે તો આ ભવનમાં કોઈ નવતર વ્યક્તિના આગમનની પ્રતિક્ષામાં અમે બધા છીએ. આશા, ઊર્મિ અને ઉમંગ ભરેલી, પ્રેમ લાગણીના રસથાળ ભરેલી દેરાણીની જરૂર છે.'

'વાહ...ભાભી...વાહ...આપના મુખે કવિતા મઢયા

શબ્દો સાંભળીને મારું હૈયું હર્ષવિભોર થયું છે...શું દેરાણી લઈ આવવાની તીવ્ર ઇચ્છા દાખવો છો ? '

'હા....આમ એકલા અટૂલા ક્યાં સુધી રહેશો ?' વચલી ભાભીએ કહ્યું.

'નહિ...હું હમણાં તો એવાં બંધનમાં ઝકડાવા માંગતો નથી પરંતુ એટલી ખાત્રી આપું છું કે આ અંગે હું વિચાર જરૂર કરીશ...'

'ઓહ....! ત્યારે તો થઈ રહ્યું. હજુ તમે વિચાર કરશો...? ત્યારે તો અમારે કોઈ આશા જ નહિ રાખવાની....!' ત્રીજી ભાભીએ છણુકા સાથે કહ્યું.

ત્યાં મોટી ભાભીએ મધુર સ્વરે કહ્યું: 'આ પ્રકારના દિયર હોય તેને તો પાંચ–છ સ્ત્રી પરણાવી હોય તો જિંદગીભર સ્ત્રીના ગુલામ રહે અને પછી આવું બોલતાં પણ વિચાર કરે...!'

'સાવ સત્ય વાત કરી...આપણે પિતાજીને વાત કરીને જણાવીશું કે અમારા દિયર માટે એક કન્યા જોવા ન જતાં પણ સાત–આઠ કન્યાઓ જોવી પડશે....કારણકે ચાર–પાંચ સ્ત્રીઓ આવશે ત્યાં સુધી તેઓ કોઈના બંધનમાં નહિ રહે...!'

ધન્નો અત્યાર સુધી મૌન હતો. તેણે કહ્યું: 'અત્યારે સુપ્રભાતમાં જ આપ ત્રણેય ભાભીઓ મારી પાછળ

પડ્યા છો ? આપના સગા સંબંધીની કોઈ કન્યા તો મને વળાવવી નથી ને ?'

ત્રણેય ભાભીઓએ હાસ્ય રેલાવ્યું. વચલીએ કહ્યું : 'કેમ....એવું હોય તો પણ શું વાંધો છે ?'

'વાંધો કશો નથી...પણ મારે વિચાર તો કરવો જ પડે...'

'આમને આમ રહી જવાના...જોજોને...!' નાની ભાભીએ કહ્યું.

'તમે ત્રણેય ભાભીઓ મારી આટલી ચિંતા કરતા રહો ત્યારે હું કેમ રહી જવાનો...! હવે હું વસ્ત્રપરિવર્તન કરીને મણિનગર જઈશ...' ધન્નાએ શીરામણ પૂરું કરીને કહ્યું.

એમજ થયું.

ધન્નાએ વસ્ત્રપરિવર્તન કરીને પિતાજીની આજ્ઞા મેળવીને અશ્વ પર બેસીને ચાલી નીકળ્યો. માર્ગમાં વાપરવા માટે ભાતું લીધું હતું અને સોનામહોર માટે હુંડી લખાવી લીધી હતી.

ધન્નો પ્રતિષ્ઠાનપુર નગરી છોડીને આગળ વધ્યો. દિવસનો ત્રીજો પ્રહર પૂરો થયો. ત્યારે એક સરિતાને કિનારે વિશ્રામ લેવા એક વૃક્ષની નીચે બેઠો. જળ વહેતું હતું. પક્ષીઓનો કલરવ સામાન્ય હતો. સૂર્યનો પ્રકાશ તેજસ્વી હતો. વાતાવરણ શાંત હતું.

ધન્નાએ અશ્વને એક વૃક્ષની સાથે બાંધ્યો હતો ત્યાં એક નારીનો અવાજ આવ્યો.

ધન્નાએ આજુબાજુ નજર કરી પરંતુ કશું દેખાયું નહિ...ધન્નાને લાગ્યું કે કોઈ સ્ત્રી રડતી જણાય છે...મારે મદદ કરવી જોઈએ. એમ વિચારી સાથે રાખેલી તલવાર લઈને અશ્વ પર બેસીને આગળ વધ્યો. થોડે દૂર જતાં એક કુટિર જેવું દેખાયું. ખૂબ જ જીર્ણ થઈ ગયેલી હતી.

ધન્નાને લાગ્યું કે આ કુટિરમાંથી જ અવાજ આવતો લાગે છે...તે સાવધાનીપૂર્વક આગળ વધ્યો.

કુટિર પાસે આવતાં જ ધન્નાએ કહ્યું : 'કોણ છે? શા માટે આંસુ સારો છો?'

રડતી બાઈ શાંત થઈ ગઈ પણ કશો જવાબ ન આપ્યો. આથી ધન્નાએ ફરીથી એનો એ જ સવાલ પૂછ્યો.

ત્યારે કુટિરમાં બેઠેલી સ્ત્રીએ જવાબ આપ્યો : 'ભાઈ, તું અંદર આવ અને મારી વીતકકથા સાંભળ...'

ધન્નો નવકાર મંત્રનું સ્મરણ કરીને કુટિરના દ્વાર પાસે ગયો અને હળવે રહીને દ્વાર ખોલ્યું તો એક અતિ રૂપવતી સ્ત્રી જમીન પર બેઠી હતી.

ધન્નો તે સ્ત્રીનું રૂપ જોઈને આશ્ચર્ય પામી ગયો અને મનમાં થયું કે આ રૂપવતી નારીને શું દુઃખ હશે...?

ધન્નાએ પૂછ્યું : 'બેન, તારું નામ શું?'

'લક્ષ્મી....'

'તું શા માટે રડતી હતી...?'

'મારા પતિ સાથે હું યાત્રાર્થે નીકળી હતી.

અને રાતવાસો ન છુટકે અહીં આ કુટિરમાં કરવો પડ્યો પણ કશું કારણ દર્શાવ્યા વિના તેઓ પ્રાતઃસમય પહેલા મને મૂકીને ચાલ્યા ગયા...'

'તમારા બન્ને વચ્ચે કશો કલહ થયો હતો ?'

'ના...એવો કલહ થયો નથી...' લક્ષ્મીએ કહ્યું.

'તો તું ક્યાં રહે છે...?'

'હું મણિનગરની બાજુમાં એક પલ્લી છે ત્યાં રહું છું...પણ હવે મને મારો પતિ નહિ સાચવે....આ સંસારમાં મારું કોઈ નથી...મારે જીવવું નથી...' આમ કહીને લક્ષ્મી ફરીને રડવા લાગી...

ધન્નાએ કહ્યું : 'બેન, આમ રડવાથી કશું વળશે નહિ. જો તું શાંત ચિત્તે વિચાર કરીશ તો જ કંઈક માર્ગ સૂઝશે....ચાલ ઊભી થા...હાથમુખ જળ વડે સ્વચ્છ કર...હું મણિનગર જઉં છું. મણિનગર હવે દૂર નથી. એકાદ ઘટિકામાં પહોંચી જવાશે...જો તારે મારી સાથે આવવું હોય તો ચાલ...'

'પરંતુ મારે ભોજન કરવું છે તમારી પાસે કંઈ છે ?'

'હા...મારી પાસે ભાતાનો ડબરો છે. તેમાં થોડી ઘણી મીઠાઈઓ, પકવાન વગેરે છે જો તને ફાવે તો ગ્રહણ કરજે...' ધન્નાએ કહ્યું.

લક્ષ્મી તરત જ ઊભી થઈ અને કુટિરમાંથી બહાર નીકળીને સરિતાને કિનારે બન્ને આવ્યા. લક્ષ્મીએ હાથમુખ જળ વડે સ્વચ્છ કર્યું અને ધન્ના પાસેથી ભાતાનો ડબરો લઈ લીધો અને આરોગવા લાગી...

ત્યાં ચાર રક્ષકો ખુલ્લા હથિયાર સાથે ઝડપથી ધન્ના ઊભો હતો ત્યાં આવ્યા અને લક્ષ્મીને જોતાં બોલી ઊઠયા : 'તું ગમે ત્યાં જઈશ પણ અમે તને છોડીશું નહિ...તારી સાથે આ વ્યક્તિ કોણ છે ?'

'એ મારા પતિ છે. એમની સાથે યાત્રાએ જઈ રહી છું. મારે તમારા રાજાની દાસી બનવું નથી.... મને શા માટે હેરાન કરો છો. મને મારા પતિ સાથે જવા દો...' લક્ષ્મીએ કહ્યું.

ચારેય રક્ષકોએ ધન્ના સામે જોયું અને ધન્નાને સવાલ કર્યો : 'આ સ્ત્રી તારી પત્ની છે...'

'પરંતુ બન્યું છે શું એ તો જણાવો...' ધન્નાએ સામો સવાલ પૂછયો.

'સાંભળો, આ લક્ષ્મી અમારા ગામમાં આવી હતી તે ગણિકાભવનમાંથી છટકીને ગમે ત્યાં જાય છે. અમારા ગામના રાજાને આ લક્ષ્મી અંતરમાં વસી ગઈ અને રાજાએ તેને તેડાવવા સેવકો મોકલ્યા ત્યારે તેણે અમને એમ કહ્યું કે હું તો મારા પતિ સાથે યાત્રાએ નીકળી છું...આમાં સાચું શું છે તે કોઈ જાણતું નથી...' એક રક્ષકે કહ્યું.

'પરંતુ લક્ષ્મીની ઇચ્છા નથી છતાં તમે શા માટે તેને લઈ જવા માંગો છો ?'

લક્ષ્મીની ઇચ્છા હોય કે ન હોય પરંતુ અમારા

રાજવીને જે પંખી ગમી ગયું તેને પકડાવીને પોતાના મહેલમાં મૂકે છે...' બીજા રક્ષકે કહ્યું.

'લક્ષ્મી, તું મારી સાથે આવે છે કે આ લોકોની સાથે જવું છે.'

લક્ષ્મીએ મધુર સ્વરે કહ્યું : 'નાથ, આપને છોડીને હું ક્યાંય ન જાઉં...મારે આપની સાથે જ આવવું છે. મારી રક્ષા કરવી એ આપનો ધર્મ છે...'

ધન્નાએ તરત જ રક્ષકોને કહ્યું : 'તમે તમારા રાજા પાસે જાઓ અને કહેજો લક્ષ્મી મળી નથી...જો આ વાત તમારા અંતરમાં ઉતરતી ન હોય તો હું મારી તાકાતનો પરચો દેખાડું...'

એક રક્ષકે કહ્યું : 'ભાઈ, તું આ રૂપવતી નારીના લોભે જ આમ બોલી રહ્યો છે, પણ આ તનેય છોડીને ભાગી જશે....એ કરતાં લક્ષ્મીને અમે લઈ જઇએ તે જ યોગ્ય છે...'

'નહિ...એણે મારી પાસે રક્ષાની માંગણી કરી છે...અને સ્ત્રીનું રક્ષણ કરવું એ મારું કર્તવ્ય છે. હું મારા કર્તવ્ય આગળ જરા પણ પાછી પાની નહિ કરું...'

'તો આવી જા મેદાનમાં...' એક રક્ષકે ખુલ્લી તલવાર હવામાં વીંઝી.

અને...

ધન્નાએ નાનપણમાં લીધેલું તલવારબાજીનું શિક્ષણ અમલમાં મૂકવું પડ્યું.

ધન્નાએ પડકાર કર્યો : 'તમે ચારેય અને હું એકલો છું...પણ જોજો છટકતા નહિ. એક પછી એક સર્વને ધરતી પર પટકાવી દઈશ...' એમ કહીને નવકાર-મંત્રનું સ્મરણ કર્યું.

એક રક્ષકે તલવારનો ઘા કર્યો પરંતુ તે ઘા અસફળ રહ્યો. ધન્નાએ તે ઘા ચૂકવી દીધો.

ધન્નાએ કહ્યું : 'હવે મારો પહેલો ઘા ઝીલી લેજો' આમ કહીને ધન્નાએ ઘણાં જ જુસ્સાપૂર્વક અને બળથી બે રક્ષકો સામે ફરતી તલવાર ચલાવી.

બન્ને રક્ષકોની તલવાર ઉડીને દસ હાથ છેટે પડી. ત્યાં બીજા બે રક્ષકો આગળ આવ્યા. તેની પણ તલવાર હવામાં ઉડાડી...

ધન્નાએ કહ્યું : 'રક્ષકો, તમારા રાજાએ તમને તલવારબાજીનું જ્ઞાન શીખવ્યું લાગતું નથી. ચાર-ચાર તલવાર છે છતાં દુશ્મનને હંફાવી શકતાં નથી...! તો પછી પ્રજાનું રક્ષણ કેવી રીતે કરતાં હશો ?'

એક રક્ષક આ શબ્દો સાંભળીને લાલપીળો થઈ ગયો અને કહ્યું : 'હવે સંભાળજે...મારો આ ઘા તારું સુંદર મસ્તક ધડથી અલગ કરશે.'

એમ કહીને ઘા કર્યો, ખૂબ જ તાકાતથી સભર ઘા હતો, જો ધન્નો સહેજ ખસી ગયો ન હોત તો અચૂક ધન્નાનું મસ્તક ધડથી અલગ થઈ ગયું હોત.... પરંતુ ઘા અસફળ જવાથી રક્ષક બે ગુલાંટ ખાઈ ગયો.

પછી ધન્નાને લાગ્યું કે આમ રમત કરીશું તો સંખ્યા

થઈ જશે. હવે રમત કરવી જોઈએ નહિ આથી વારા-ફરતી એક પછી એક રક્ષક પર ઘા કરીને ચારેયને સામાન્ય ઘાયલ કર્યા અને ચારેયના શસ્ત્રો આંચકી લીધા અને ચારેયને ત્યાં એમને એમ રાખીને લક્ષ્મીને લઇને ધન્નો અશ્વ પાસે આવ્યો.

ધન્નાએ કહ્યું : 'બેન, મેં મારું કર્તવ્ય પૂરું કર્યું છે...હવે તારે જયાં જવું હોય ત્યાં જા...તારે અશ્વ જોઇતો હોય તો આ ચાર અશ્વોમાંથી એક લઈ લે....'

'ભાઈ, આપ મહાન છો...આજ આપે મારું રક્ષણ કર્યું. હું આપની સાથે મણિનગર આવીશ ત્યાંથી હું ગમે ત્યાં ચાલી જઈશ.'

'ભલે...પણ ઝડપ કર...' ધન્નાએ કહ્યું. લક્ષ્મીએ એક રક્ષકનો અશ્વ લઇ લીધો અને તેના પર સવાર થઇને ધન્નાની સાથે ચાલી નીકળી.

દિવસના ચોથા પ્રહરની બીજી ઘટિકા ચાલી રહી હતી. સંધ્યા થવાને થોડી વાર હતી આથી ધન્નાએ પાણી પીને ચોઉવિહાર લઈ લીધા.

માર્ગમાં લક્ષ્મીએ પોતાની વાત કરતાં કહ્યું : 'ભાઇ, હું એક વિપ્ર કન્યા છું. મણીનગર પાસેના ગામમાં મારા માતાપિતા રહે છે તેવું મને હમણાં જ જાણવા મળ્યું આથી હું ગણિકાભવનમાં છેલ્લા બાર વર્ષથી હતી... મારા માતાપિતાનો પત્તો મળ્યો એટલે ત્યાં જવા મારું મન તલસી ઊઠયું.

'પણ તું ગણિકાભવનમાં આવી ક્યારે? અને કેવી રીતે આવી ?' ધન્નાએ પૂછયું.

'ગણિકાભવનમાં હું પાંચ વર્ષની હતી ત્યારે આવી. એક વાર હું મારા પિતા સાથે મેળામાં ગઈ હતી. મારું રૂપ જોઈને એક ગઠીયો મારા માતાપિતાને કંઈક સમજાવી મને લઈ ગયો...મારી ઉંમર ત્યારે પાંચ વર્ષની હતી. મારા માબાપ મને ખૂબ જ પ્રેમ કરતાં હતાં. મારું નામ ત્યારે દેવિકા હતું...આ બધો ઈતિહાસ ગણિકાભવનમાં એક ઉતારૂ આવ્યો ત્યારે તેના મુખે સાંભળ્યો. આથી હું ત્યાંથી ભાગી નીકળી...અથડાતી-કુટાતી હું અહીં સુધી પહોંચી પણ મારા રૂપ પાછળ પાગલ થનારા મને મૂકતા નથી. પણ આજે આપે મારી આબરૂ બચાવી...ગણિકાભવનમાં મારું કાર્ય આવનાર ઉતારૂઓને આનંદમાં રાખવાનું હતું...મેં મારું શીયળ જાળવી રાખ્યું છે ..'

'સારું...હવે હું તને તારે ગામે જ મૂકી જઈશ.'

'તો તો આપના જેવો ઈશ્વર પણ નહિ...'

'લક્ષ્મી, તારા માતાપિતા તને આવકારશે તો ખરાને ?'

'હા...પણ આપ હવે મને દેવિકા કહીને જ બોલાવો ...એ ભૂતકાળના સ્મરણો, મારું એ સમયનું નામ વગેરે ખૂંચે છે...'

'ભલે હવેથી હું તને દેવિકા કહીશ ..પણ તને તારા

માતાપિતાને ત્યાં ગમશે...! મારો કહેવાનો આશય એ છે કે તને અત્યાર સુધી જે સુખસાહ્યબીમાં રહેવાનું મળતું હતું તેવું સુખ માતાપિતાને ત્યાં નહિ હોય તો !'

'ભાઈ, હું જ્યાં હતી ત્યાં તો કરમાઈ ગયા પછી કશી કિંમત નથી પ્રેમ...! જેમ ગુલાબનું તાજું ફૂલ ચૂંટીને પોતાની પાસે રાખનારો માનવી એ ફૂલ પ્રત્યે અનેક સદ્ભાવ ધરાવતો હોય છે. પરંતુ કરમાઈ ગયા પછી એ ફૂલને પગ તળે પીસી નાંખતાંય જરાયે કંપતો નથી...ત્યારે માતાપિતાનો અપાર સ્નેહ જ મારા માટે પરમ સુખનો અણકલ્પિત આનંદ આપનારો બનશે...'

ધન્નો બીજો સવાલ કરવા જતો હતો ત્યાં મણિનગરનું પાદર દેખાયું...

દેવિકાએ કહ્યું : 'ભાઈ, આપનું નામ શું ?'

'પથિક...'

'ના...આપ નામ જણાવો...આપ મારા જીવનરક્ષક બન્યા છો...' દેવિકાએ કહ્યું.

'બેન, મારું નામ ધન્યકુમાર છે...'

'ઓહ...ઘણું જ ઉત્તમ નામ છે...' દેવિકાએ કહ્યું...

'દેવિકા, નગરી આવી ગઈ. હવે કઇ બાજુ જવું છે ?' ધન્નાએ કહ્યું.

'ભાઈ, અહીંથી અર્ધ ઘટિકામાં પહોંચી જવાશે....

શ્રી પલ્લી નામની પલ્લી છે...તેમાં ત્રીસ–ચાલીસ ખોરડાં છે...'

'સારું...આપણે ઝડપ કરીએ...' ધન્નાએ અશ્વને ગતિમાન કર્યો.

અને અર્ધ ઘટિકામાં દેવિકાની પલ્લીમાં આવી ગયા અને બે-ત્રણ જગ્યાએ તપાસ કરતાં દેવિકા પોતાના માતાપિતાના ખોરડાં પાસે આવીને ઊભી રહી. અને ધન્ના સામે જોઈને કહ્યું : 'ભાઈ, થોડું ઘણું યાદ આવે છે...બાર વર્ષ પછી આ તરફ આવું છું...આપે મારું જ રક્ષણ નથી કર્યું પરંતુ મારા જીવનનું રક્ષણ કર્યું છે...હું આપને શી રીતે આનો બદલો વાળી શકીશ?'

'દેવિકા, એક પ્રશ્ન પૂછું...'

'પૂછો...'

'જ્યારે હું કુટિરમાં આવ્યો ત્યારે તું રડતી હતી અને તેં મને કહ્યું કે મારા પતિ મને મૂકીને જતા રહ્યા છે તો તેં ત્યારે શા માટે એવી વાત કરી...!'

'ભાઈ, હું મારે ગામ પહોંચવા માટે ઉતાવળી હતી જ અને પેલા ગામના રાજાના સેવકોનો ભય હતો...ત્યાં દૂરથી સરિતાકિનારે મેં આપને જોયાં અને હું કુટિરમાં બેસીને રડવા લાગી જેથી કરીને આપ મારી પાસે આવો અને શાંતિથી વાત સાંભળો...ઘણા દિવસથી ભોજન નહોતું કર્યું તેથી તમારા ભાતાના ડબરામાં રહેલી દરેક વસ્તુઓ ખાઇ ગઈ...જળ પીધું ત્યાં રક્ષકો આવ્યા...પછી તો આપ જાણો છો...'

'પણ તેં તો મને એમ કહ્યું હતું કે મારા પતિ મને મૂકીને જતા રહ્યા છે...'

'ભાઈ, હું એકલ નારી...તરત જ પુરુષ પર કેવી રીતે વિશ્વાસ કરી શકું....આથી તે પ્રમાણે કહેવું પડયું... મારે કોઈ પતિ નથી...અને બીજું એ કે રક્ષકોની સાથેની વાતચીતમાં મારે નાથ કહીને આપને સંબોધવા પડ્યા. એ સારું થયું કે આપ ત્યારે કશું બોલ્યા નહિ...આપે એક અભાગી નારીની રક્ષા કરી છે...'

'નહિ બેન, એમ નહિ...એક બહેનની રક્ષા કરી છે...' ધન્નાએ ભાવભર્યા સ્વરે કહ્યું.

'હા...ભાઈ, મને એક ભાઇ મળ્યો...' દેવિકાના આંખમાંથી આંસુ સરવા લાગ્યા.

'હવે આંસુ લુછીને દ્વાર ખખડાવ...'

દેવિકાએ પોતાના ઉત્તરીય વડે આંસુ લુછયા અને દ્વાર પર હસ્ત વડે અવાજ કર્યો.

ત્યાં અંદરથી કોઈ પ્રૌઢ સ્ત્રીનો અવાજ આવ્યો: 'એ કોણ...?'

દેવિકા બોલી : 'મારા માતાજીનો અવાજ જણાય છે...'

ધન્નો મૌન રહ્યો.

દેવિકા બોલી : 'માતાજી, હું દેવિકા બોલું છું...'

'કોણ...?' દેવિકાની માતા આશ્ચર્ય પામી ગઈ... અત્યારે દેવિકા કયાંથી હોય...દેવિકાને કોઈ પાંચ વર્ષની ઉંમરે ઉપાડી ગયું હતું. ઘણી શોધખોળ કરવા છતાં મળી નહિ...ના....એ ન હોય...હજી વધુ વિચાર કરે તે પહેલાં જ

દેવિકાએ કહ્યું : ' મા દ્વાર ખોલો...હું આપની ખોવાયેલી પુત્રી દેવિકા છું...'

અને દેવિકાની માતાએ દ્વાર ખોલ્યું...

બાર વર્ષ પછીનું મા–પુત્રીનું મિલન થયું.

માતાની આંખમાં આંસુ ઉભરાયા...

દેવિકાની આંખોમાં અશ્રુધારા વહેવા લાગી...બંને એકબીજાને ભેટી પડયા.

માતાએ ખૂબ જ લાગણીભર્યા સ્વરે કહ્યું : ' મારી દિકરી...તું આટલો સમય કયાં હતી...તારા વગરનું અમારું જીવન શૂન્ય બની ગયું હતું. દિકરી, તારી શોધખોળ કરવામાં અમે પાછા પડયા નથી...અને તું અહીં આવી કેવી રીતે...! '

' મા, સંસારમાં ઘણી વાર એવી ઘટનાઓ બને છે જેનો ઉત્તર આપી શકાતો નથી. બાર વર્ષથી મેં શાંતિથી નિદ્રા માણી નથી...આપને અને મારા પિતાને મળવા ઝંખતી જ રહી...અને પ્રાર્થના કરતી રહી...એક મુસાફર આવ્યો અને હકિકત જાણી અને એ પીંજરામાંથી મુક્ત થઈને આવી ગઈ. મા, અંતરની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી...આજ મારું હૈયું અપૂર્વ હર્ષ અનુભવે છે...'

દેવિકાની આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે.

માતાની આંખોના અશ્રુ સુકાણા નથી. પણ ધન્નાને ઉભેલો જોઇને દેવિકાની માતાએ કહ્યું : ' પુત્રી, આ ભાઈ કોણ છે? '

'મા, આ મારા ભાઈ છે...તેણે મારું જ નહિ પણ મારા શિયળનું, મારા જીવનનું રક્ષણ કર્યું છે...'

થોડી વારમાં દેવિકાના પિતા આવ્યા અને તેઓ દેવિકાના આગમનથી અત્યંત ખુશ થયા. ધન્નાને ખૂબ જ ધન્યવાદ આપ્યા.

ધન્નાએ વિનમ્ર સ્વરે કહ્યું : દેવિકા, મેં મારું કર્તવ્ય બજાવ્યું હવે હું વિદાય લઈશ...'

'ભાઈ, અમને મહેમાનગતિનો લાભ આપ્યા વગર જશો ?'

'પણ હું અહીંથી જઈશ અને ધર્મશાળામાં રાતવાસો કરીશ...ઘણો વિલંબ થઈ જશે...'

'ભલે વિલંબ થાય...અહીં રોકાઇ જજો...દિકરી, હવે તું તારા ભાઇ માટે દુગ્ધના પાત્ર અને ભોજનના થાળ લઈ આવ...'

'માતાજી, મેં ચોઉવિહાર લીધા છે...મારે જળ પણ ન ખપે...આપની લાગણી બદલ મારું હૈયું આનંદ પામ્યું છે...દેવિકા હું જઉં છું...'

'ભાઇ, હવે કયારે આવશો ?'

'બેન, હું પ્રતિષ્ઠાનપુરમાં રહું છું. કયારેય પણ તું વિપત્તિમાં આવે ત્યારે મારે ત્યાં આવી જજે. મારા પિતાનું નામ ધનસાર શેઠ છે...'

'ભલે...ભાઇ, તમે વળતાં આવતી કાલે આવશોને ?'

'ના...બેન, મારે તુરત જ પ્રતિષ્ઠાનપુર પહોંચવાનું છે...નહિંતર બેનને ત્યાં આવવાનો આગ્રહ ન કરાવું...!'

અને ધન્નાએ પ્રેમભરી વિદાય લીધી.

દેવિકાએ પોતાના માતાપિતાને બાર વર્ષ કેવી રીતે ગાળ્યા તે કથા કહેવા માંડી.

કથા સાંભળતા સાંભળતા દેવિકાના માતાપિતા આંસુ સારતા હતા અને વિચારતા હતા કે પોતાની એકની એક પુત્રીને આટલું દુઃખ પડયું...!'

માતાપિતા અને પુત્રી વારંવાર ધન્નાનો આભાર વ્યક્ત કરતા હતા...સંસારમાં પણ આવા મહાન આત્માઓ રહેલા હોય છે.

ધન્નાએ મણિનગરની વાટ પકડી...જોકે દેવિકાની પલ્લીથી મણિનગર દૂર નહોતું.

રાત્રિનો પ્રથમ પ્રહર શરૂ થઇ ચૂક્યો હતો. આથી ધન્નાએ અશ્વને તેજ ગતિમાં સ્થિર કર્યો.

અને...!

અર્ધ ઘટિકામાં ધન્નો મણિનગરની એક ધર્મ-શાળામાં રાતવાસો કરવા માટે ઉતર્યો.

ધર્મશાળાના મુનિમે ધન્નાના નામઠામ લખ્યા અને નમ્ર સ્વરે પૂછ્યું: 'ધન્ના શેઠ, આપને કેટલા દિવસનો મુકામ છે?'

'મુનિમજી, બે દિવસ તો રહેવું પડશે...'

'ભલે...આપ અંદર પધારો...આપની પાસે કોઇ પેટિકા હોય તો...!'

'નહિ મુનિમજી, એટલી બધી ઉપાધિ નથી લાવ્યો. બે વસ્ત્રોની જોડય લાવ્યો છું...પણ મારે થોડું ઉષ્ણજળ જોઈશે.'

'એ અંગેની વ્યવસ્થા કરાવી આપું છું...પણ ભોજન...?'

'મુનિમજી, એની ફિકર કરશો નહિ...મેં ચોઉવિહાર લઈ લીધો છે...રાત્રિભોજન ત્યાગ છે...'

'ઓહ ધન્ય છે...' મુનિમજી બોલ્યા.

ધન્નાએ અશ્વને ધર્મશાળાની અંદર એક રસ્સી લઈને વૃક્ષને ફરતી બાંધી અને નિરણ નાંખ્યું.

મુનિમજીએ થોડી જ વારમાં ઉષ્ણજળ સ્નાનાગારમાં મૂક્યું અને સેવક મારફત ધન્નાને બોલાવીને સ્નાનાગારમાં મોકલ્યો.

ધન્નો હાથ પગ મુખ ઉષ્ણ જળ વડે સ્વચ્છ કરીને સ્વસ્થ થયો. આજ ધન્નાને શ્રમ પડયો હતો આથી તેણે મુનિમજીને કહ્યું : 'મુનિમજી, હવે હું નિદ્રાધીન થઈશ... અહીં નજીક કયું જિનાલય છે ?'

'શેઠ, અહીં બાજુમાં જ શ્રી ઋષભદેવ ભગવંતનું ભવ્ય જિનાલય છે...'

'આવતી કાલે મારે સેવાપૂજા અર્થે જવું છે...'

'ભલે...આપને માટે પ્રાતઃસમયે જ ઉષ્ણજળની વ્યવસ્થા કરાવી આપીશ...આપ ખૂબ જ શ્રમિત થયા છો...આપને વિશ્રામ લેવાની જરૂર છે....પૂજાના વસ્ત્રો અહીંથી મળશે...'

'ભલે...મુનિમજી....' કહીને ધન્નો નક્કી કરેલા ખંડમાં ગયો અને પાથરેલી શય્યા પર નિદ્રાધીન થયો...

**પૂજાના** મુખ્ય બે પ્રકાર છે. એક પૂજા દ્રવ્યથી થાય છે અને બીજી પૂજા ભાવથી થાય છે. બંને પ્રકારની પૂજા મંગલદાયક છે. આવશ્યક છે અને પ્રેરક છે. પરંતુ એટલું ચોક્કસ કે દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજા વધારે બળવાન છે, તેજસ્વી છે. ભાવથી માણસ તરે છે અને ડૂબે પણ છે. ભાવથી તો માનવી મુક્તિનો મંગળ માર્ગ દર્શાવનારૂં કેવળ જ્ઞાન પ્રાપ્ત કરે છે. અને ભાવથી માનવી અજ્ઞાત ઘેરા અંધકારમાં પકડાઈ પડે છે.

ધન્ના શેઠ અંતરમાં કશા વિચારોને પ્રવેશ આપ્યા વિના ભાવથી પૂજા કરી રહ્યા હતા અને તેનું અંતરમન શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરતાં દ્રવી ઊઠયું હતું... અને વિચારતાં હતાં કે આ જીવને ભવના ફેરામાંથી ક્યારે મુક્તિ મળશે ? મુનિ મહારાજાઓ પોકારી પોકારીને કહે છે કે સંસારના ભૌતિક સુખો પાછળ દોડો નહિ....જે સુખ ક્ષણ માત્રનું છે તે મધુર જણાય છે જ્યારે શાશ્વત સુખ પામવા માટે જરા પણ પ્રયત્ન કરતાં

નથી. ભૌતિક સુખ, લાલસાની માયાજાળમાં ભમતો જીવ ક્યારેય મુક્તિની આરાધના માટે પ્રયત્નશીલ થતો નથી.

ધન્નાએ ભાવથી પૂજા કરી, શ્રી ઋષભદેવ ભગવંતનું સ્તવન મધુર સ્વરે ગાયું...લગભગ એક ઘટિકા બાદ તે ધર્મશાળા તરફ પાછો આવ્યો અને ચોઉવિહાર પાળીને દંતધાવન કર્યું.

મુનિમજીએ ધન્ના પાસે આવીને કહ્યું : 'ધન્ના શેઠ, આપ દુગ્ધપાન સાથે કંઇ શિરામણ કરશો ?'

'ના....મુનિમજી, કેવળ, દુગ્ધનું પાત્ર મોકલજો....'

'ભલે...' મુનિમજી ચાલ્યા ગયા.

અને મુનિમજીએ એક સેવક મારફત દુગ્ધનું એક પાત્ર મોકલ્યું. ધન્નાએ દુગ્ધાનુપાન કર્યું.

ધન્નાએ વસ્ત્રપરિવર્તન કરીને મુનિમજીને દિવસના બીજા પ્રહરની અંતિમ ઘટિકાએ આવી જશે તેમ જણાવ્યું. તે નગરની બજાર તરફ વળ્યો.

મણિનગર બહુ વિશાળ નગર નહોતું પરંતુ અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય ઉત્તમ પ્રકારના કૌશેય, ઉત્તરીય બનાવવાનો હતો. ધન્નાએ ત્રણ ઘટિકા મુખ્ય બજારમાં ફરીને ખરીદી કરી...અને ખૂબ જ સસ્તી ખરીદી કરી હતી.

ધન્નાનું કાર્ય કેવળ ખરીદવાનું હતું તે પૂર્ણ થયું આથી ધર્મશાળાએ જઈને ભોજનકાર્ય પતાવીને થોડી વાર વિશ્રામ લઇને નગરી નીહાળવા અર્થે

નીકળ્યો. તેણે આવતીકાલે પોતાની નગરી તરફ પાછું જવાનું નક્કી કર્યું હતું.

બીજે દિવસે ધન્નો પોતાની નગરી તરફ પાછો વળ્યો. માર્ગમાં કશી મુશ્કેલી નડી નહિ. દિવસના ત્રીજા પ્રહર બાદ તે પોતાની નગરીમાં આવી ગયો...

ધનસાર શેઠ ભવનમાં જ હતા. માતા શિયળવતી પણ ધન્નાને જોઈને હર્ષ પામી. ધન્નાના ભાઈઓ પેઢી પર ગયા હતા. ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના, તું ખરીદ કરી લાવ્યો ?'

'હા....પિતાજી, હું ખૂબ જ ઓછા દામથી ખરીદી કરી આવ્યો છું...'

'ઘણું સુંદર...હવે એ નગરીમાં જઈને વહેંચી આવ...' ધનસાર શેઠે કહ્યું.

'ભલે...હું હમણાં જ ઉત્તમ પ્રકારના કૌશેયપટ્ટક વગેરે વહેંચીને આવું છું....' આમ કહીને તે નગરીમાં ગયો. ત્યાં ભાગ્યયોગે બાજુના ગામનો એક મોટો વેપારી તેની સામે આવ્યો અને તેણે ભાવભર્યા સ્વરે પૂછ્યું : 'ભાઈ, આ કૌશેય વગેરે વેચવાના છે... ?'

'હા...આપને ખરીદવાના છે ?'

'હા...' પેલા વેપારીએ કહ્યું.

'તો લઈ જાઓ....' ધન્નાએ કહ્યું.

અને સઘળાં વસ્ત્રો, પટ્ટક વગેરે તે વેપારી લઈ

ગયો અને ચાર ગણું ધન પ્રાપ્ત થયું. તે સોનામહોર લઈને ધનસાર શેઠ પાસે આવ્યો અને આપી દીધી.

ધનસાર શેઠ ખૂબ જ આનંદ પામ્યા. તેના ભાઈઓ નારાજ થયા અને જેમ તેમ બોલવા લાગ્યા.

સંસારમાં ઈર્ષ્યાનો દાવાનળ ક્યારેય બુઝાશે નહિ શું....? માનવી ઈર્ષ્યાની આગમાં સેકાતો જાય પરંતુ તેના અંતરમાં તે આગને ઓલવવાનું ઈંધણ નથી શું...! ધન્નાના ભાઈઓ ક્યારેય પણ ધન્નાના કાર્યને વખોડવામાં પાછા પડતા નહિ અને ઈર્ષ્યા તેમના ચહેરા પર પ્રગટ થતી. ધન્નો મનમાં આ અંગે દુઃખ લગાડતો નહિ. તે માતાપિતાના સ્નેહને કારણે રહેતો હતો. તે સમજતો હતો મારા ભાઈઓને મારી સાથે નહિ ગમતું હોય તેથી આવા કટુ વેણ કહેતા હશે....એમાં મારો જ દોષ છે.

એક દિવસની વાત છે.

ધન્નો ભવનમાં પોતાના ખંડમાં એક આસન પર બેઠો હતો. મોટી ભાભી તેની સાથે વાતો કરતી હતી ત્યાં ધન્નાનો મોટો ભાઈ આવ્યો અને તેની પત્ની સામે જોઈને કહ્યું : 'તું અહીં શું કરે છે ? ચાલ ઊભી થા...'

મોટીભાભી ઊભી થઈ અને કહ્યું : 'સ્વામી, હું નાના દિયર સાથે વાતો કરું છું....'

'તારો દિયર કશું કામ કરતો નથી એટલે ભાભીઓ જોડે મજાકમશ્કરી અને વાતો કરીને સમય પસાર કરે છે...કંઈ કામ આવડતું નથી....'

'સ્વામી, આપ ગમે તે કહો પણ મારા દિયર ભાગ્ય-

શાળી છે. તે જે કાર્ય કરે છે તેમાં સંપૂર્ણ વિજય પામે છે જ્યારે તમે મોટા ત્રણેય ભાઈઓ સોંપેલા કાર્યમાં પાછા પડો છો...'

'તારી જીંહા સારી ચાલે છે...' મોટા ભાઈએ ગુસ્સાપૂર્વક કહ્યું.

'સ્વામી, સત્ય નથી જીરવાતું....' આજ આપણી સુખ-સંપત્તિ, વૈભવ-વિલાસ કોના પુણ્યથી છે તે આપ નથી જાણતા કે હું જાણતી નથી...સંસારમાં વૈર અને ઈર્ષ્યા તો માનવીનું ધનોતપનોત કાઢી નાંખે છે તે માનવી ક્યારેય સુખી બનતો નથી કારણ કે તેના અંતરમાં હંમેશ વૈરની જ્વાળા, ઇર્ષ્યાનો દાવાનળ સળગતો જ રહે છે....'

'ઓહ...મારે તારા કોઈ શબ્દો સાંભળવા નથી.... અને ધન્ના, તને કહી દઉં છું કે તારે પણ કયારેય ભાભીઓ જોડે બેસીને મજાક મશ્કરી ન કરવી...' મોટો ભાઇ આટલું કહીને ગુસ્સાપૂર્વક તે ખંડ છોડીને ચાલ્યો ગયો.

આ તરફ ધન્નો વિચારમાં પડ્યો : ઓહ....! મારે કારણે ભાભીને સાંભળવું પડયું...ખરેખર મારે અહીં ન રહેવું જોઈએ...મારે આ ભવન, આ નગરી છોડીને ચાલ્યા જવું જોઈએ. જો હું જઈશ તો તેમાં સર્વનું હિત છે ત્રણેય ભાઈઓ સુખેથી રહેશે...

આમ વિચારીને પોતાના માતાપિતા પાસે ગયો

અને નમ્ર સ્વરે કહ્યું : 'પિતાજી, મારે આપને એક વાત કરવી છે...'

'કહે...તું શું કહેવા ઇચ્છે છે ?'

'પિતાજી, આપ તો જાણો છો કે મારા ભાઈઓને મારા પર જરા પણ પ્રેમ લાગણી કે વિશ્વાસ નથી....

'હા...પણ એ તો ચાલ્યા કરે....તું નાનો છે તેથી તારે એવું વિચારવું ન જોઈએ...સંસારમાં આવું બન્યા જ કરતું હોય છે...'

'પિતાજી, મને એ વાતનું દુઃખ નથી. મને મારા ભાઈઓ અને આપ સર્વ પ્રત્યે અત્યંત લાગણી છે. અત્યાર સુધી આપને છોડીને જવાનો વિચાર કરતો નહોતો પરંતુ છેલ્લા થોડા સમયથી ભવનમાં એવું બને છે કે મારા કારણે અન્ય લોકો દુઃખી થાય છે. આપ દુઃખી છો...ભાભીઓ દુઃખી છે...ભાઈઓ દુઃખી છે... 'મને લાગ્યું કે હવે હું બોજારૂપ થઈ પડયો છું...'

'ના...ના...તું એવું વિચારીશ નહિ...તું મારો સૌથી નાનો અને પ્રિય પુત્ર છો...' ધનસાર શેઠે કહ્યું.

ધન્નાની માતા શિયળવતી રડી પડી. શિયળવતીએ રડતાં રડતાં કહ્યું : 'ધન્ના, અમને તારા પર તારા સગા ભાઈઓ જે પ્રકારનો વર્તાવ કરે છે તેથી અત્યંત દુઃખ થાય છે પરંતુ જે સમજી શકે તેમ નથી તેનું શું દુઃખ લગાડવું...'

'માતા, મને એવું કોઇ દુઃખ લાગ્યું નથી પણ

મારા કારણે આપ સૌના હૈયા દુઃખી રહેતા હોય... મને આજ્ઞા આપો...'

'પુત્ર, તું શેની આજ્ઞા માંગે છે?'

'મા, હું ભવન છોડીને મારા ભાગ્ય રળવા જઈશ. મને મારા ભાગ્ય પર છોડી દો...'

'નહિ...ધન્ના...નહિ...તારા પિતાને તારા પર અપાર સ્નેહ છે...તે તારા વગર જીવી નહિ શકે...' શિયળવતીએ કહ્યું.

'મા, મારા ભાઈઓ ભવનમાં મારી હાજરી જોઈને જ ભડકે છે અને ગમે તેવા કટુવેણ કાઢે છે...અને આપના અંતરને દુઃખ પહોંચે છે...હું અત્યાર સુધી આપની પાસે રહ્યો હોઉં તો પ્રેમ, લાગણી હોવાથી જ...આપને છોડીને જતાં મારું હૈયું વલોવાતું નહિ હોય તેમ માનતાં નહિ. કયો પુત્ર પોતાના માતાપિતાની શિતળ છાંયડી છોડીને જાય...કયો પુત્ર માતાપિતાના અગાધ સ્નેહને છોડીને જાય...! જતાં પહેલા મારે પણ મારું હૈયું મજબુત કરવું પડશે...'

ધનસાર શેઠે કહ્યું: 'પુત્ર, તું માતાપિતાની લાગણીને સમજતો નથી...મને તારા પ્રત્યે અપાર સ્નેહ છે તેથી તને બીજે ક્યાંય જવા દેવાની ઇચ્છા થતી નથી તેવી રીતે તારા ભાઈઓનું તારા પ્રત્યેનું વલણ જોઇને તું અહીંથી બીજે જઇને તારું ભાગ્ય અજમાવ તેવી ભાવના થાય છે. ધન્ના, તું ક્યાંય દુઃખી

નહિ રહે કારણ કે તારા જન્મ બાદ જ આ ભવનમાં લક્ષ્મીએ સાથ આપ્યો છે તે પહેલાં આપણી સ્થિતિ સારી ન હતી.'

'તો પિતાજી, આપ હસતા હૈયે મને વિદાય આપો....'

'ધન્ના, હસતું હૈયું તો ક્યાંથી હોય...! પણ તારા ભાઈઓના વિચિત્ર વલણથી હું ત્રાસી ગયો છું...તેઓ સમજતાં નથી.. ગતભવના કોઈ કર્મ બંધાયા હશે તો જ આવું બનતું હોય છે...'

'મા...હવે આપ તો આજ્ઞા આપો છો ને ?'

'ધન્ના, કઈ માતાને પોતાનો પુત્ર નજર સામેથી દૂર જાય તે ગમે...! પરંતુ તારા પિતાશ્રીની વાત સાંભળીને અંતરમાં એમ થાય છે કે તું તારું ભાગ્ય અજમાવ...અને અમને ભૂલી જતો નહિ...'

'માતા, આપ આ શું બોલ્યા ? ઉત્તમકુળ, ઉત્તમ ધર્મ પાળનારા જીવોને શાસ્ત્રકારોએ પણ બિરદાવ્યા છે. કારણ કે કુળ અને ધર્મની છાયા ઘડતર પર પડતી હોય છે. શું હું મારો ધર્મ ભૂલી જઈશ...'

માતા શિયળવતીની આંખમાં આંસુ આવ્યા. તે પોતાના પુત્રની વિદાય જોઈ શકતી નથી. તે વિચારતી હતી કે કર્મરાજાના કેવા ખેલ છે ?'

ધનસાર શેઠનું કઠણ હૈયું પણ આજ દ્રવી ઊઠ્યું અને બે મોતી જેવા અશ્રુઓ ધન્નો જોઈ શક્યો. ધન્નો

પિતાની આંખમાં આંસુ જોઈને પોતાનું હૈયું કઠણ રાખી શકયો નહિ. તેની આંખમાંથી પણ અશ્રુઓ વહેવા માંડયા.

સંસારમાં માતાપિતાનો સ્નેહ, લાગણી, પ્રેમ પોતાના સંતાનો પ્રત્યે અપાર હોય છે. પુત્ર ગમે તેવો હોય છતાં અપૂર્વ લાગણીના બંધનો, મમતા અને સ્નેહ છૂટી શકતા નથી.

ધન્નાએ માતાપિતાને નમન કર્યા. અને તે ત્રણેય ભાભીઓ પાસે આવ્યો અને ભાવભર્યા સ્વરે કહ્યું : ' ભાભી, આપની મારા પરની લાગણી અપાર છે. આપની છાયા હેઠળ મને શાંતિ હતી છતાં આપ જાણો છો કે મારા ભાઈઓને મારા પર જરા પણ મમત્વ નથી. હું તેમાં મારા ભાગ્યનો દોષ સમજું છું...તેમનો દોષ નથી જોતો....મેં આજે નિર્ણય લીધો છે કે હું મારું ભાગ્ય અજમાવવા આ નગરી છોડીને અન્યત્ર ચાલ્યો જઈશ. મને આ કહેતાં દુઃખ અને દર્દ થાય છે. અહીં આપ સૌ મારા કારણે મારા ભાઈઓ થકી દુઃખ સહન કરો તે યોગ્ય નથી...'

' ધન્નાકુમાર, આપ હજુ યુવાન છો...આપે સંસારનાં રંગ નીહાળ્યા નથી....સંસારના રસ માણ્યા નથી ...આપ કયાં જશો ને શું કરશો? આપના કારણે અમને ભલે દુઃખ પડે...તમારા ભાઈને કહેવાની આદત પડી ગઈ છે...અમે ત્રણેય મનમાં કશું લેતાં નથી...આપ જશો...

પછી અમે વાતો કોની સાથે કરીશું....દિવસ પસાર કેવી રીતે કરીશું...?'

'ભાભી, આજ સુધી આપની મમતાએ જ મને અત્રે રોકી રાખ્યો છે...પણ હવે આપ સૌ દુઃખી થાઓ તે મને યોગ્ય લાગતું નથી...આપ મને જવાની આજ્ઞા આપો...'

ત્રણેય ભાઈઓ ધન્નાના શબ્દો સાંભળીને રડી પડી...મોટી ભાભીએ રડતાં રડતાં કહ્યું: 'ધન્નાકુમાર, આપ અમને છોડીને ન જશો...આ ભવન આપના વગર સૂનું પડી જશે...ભાઈઓનો દોષ જતો કરો...'

'ભાભી, હું મારા ભાગ્યનો દોષ જોઉં છું...! મારો જ દોષ જોઉં છું...' ધન્નાની આંખમાં આંસુ આવી ગયાં.

ત્યાર બાદ ધન્નો પોતાના ત્રણેય ભાઈઓ પાસે ગયો અને ત્રણેયને નમન કર્યા. મોટાએ કહ્યું: 'અત્યારે શું આવ્યો છે? કંઈ કામકાજ નહિ એટલે ભવનમાં આનંદથી ભાભીઓ સાથે મજાકમશ્કરી કરતો રહે...'

બીજો ભાઈ બોલ્યો, 'હા....મોટાભાઈ, પિતાજી પણ કશું કહેતા નથી અને સૌથી વધુ લાગણી તેના પર દાખવે છે...'

ત્રીજો ભાઈ બોલ્યો: 'સાચી વાત છે....આપણે મહેનત કરીને કમાઈએ અને ધન્નો ખાઈપીને લહેર કરે...આપણે પિતાજીને કહીને આ અંગેનો માર્ગ કાઢવો જોઈએ...'

ધન્નાએ ત્રણેય ભાઈઓ સામે વારાફરતી જોઈને નમ્ર સ્વરે કહ્યું : 'વડિલબંધુઓ, આપની વાત સાચી છે. માતાપિતાને મારા પ્રત્યે વધુ લાગણી છે...હું કશું કરતો નથી અને ભવનમાં બેસીને સુખોપભોગ માણું છું.... પણ હવે આપને પિતાજી પાસે જવું નહિ પડે...!'

'કેમ...?' ત્રીજો ભાઈ બોલ્યો.

'ઉકેલ મેળવવા...' ધન્નાએ કહ્યું.

'ઉકેલ...?' મોટા ભાઈએ કહ્યું.

'હા...વડિલબંધુઓ, તેનો ઉકેલ થઈ ગયો...હું આ ભવનમાંથી કાયમ માટે જઈ રહ્યો છું. હું આપની આજ્ઞા પ્રાપ્ત કરવા માટે આવ્યો હતો....

'તું શું સાચું કહે છે?'

'હા...વડિલબંધુઓ, આપ આનંદ પામ્યાને?' ધન્નાએ કહ્યું.

'અમને ઘણો જ હર્ષ થયો...પણ પાછો આવતો નહિ. તને ફુટી કોડી પણ નહિ મળે...કારણકે આ ભવન, લક્ષ્મી અને સુખોપભોગના સાધનો મેળવવામાં અમે ત્રણ ભાઈઓએ જ મહેનત કરેલ છે...'

'ભાઈ, મારે કશું જોઈતું નથી...હું મારા ભાગ્ય પર બધુંય છોડી દઉં છું...'

'ભાગ્ય....' મોટો ભાઈ હસવા લાગ્યો.

'ભાગ્ય...કશું કામ કરવું નહિ તેને ભાગ્ય ક્યાંથી સાથ આપવાનું છે? રખડીને માંગીને પેટ પૂરું કરજે...

પણ આ નગરી છોડીને અન્યત્ર જજે, જેથી અમારી આબરૂને ધક્કો ન લાગે...' બીજા ભાઈએ કહ્યું.

'ભલે...આપ મને અહીંથી વિદાયની આજ્ઞા આપો...'

'જા...ધન્ના...તું બહાર નીકળીશ તો તને બે પૈસા કેમ રળાય છે તેની કલ્પના આવશે, અત્યાર સુધી તેં બેઠાબેઠ ખાધું છે એટલે જરા મહેનત કરવી પડશે...' બીજા ભાઈએ હસતાં હસતાં કહ્યું.

'ભાઈ, એતો જેવા મારા ભાગ્ય...'

'પાછો ભાગ્યને વચ્ચે લાવે છે. તારા ભાગ્યમાં પથ્થર સિવાય કશું નથી એટલું તું યાદ રાખજે....' મોટા ભાઈએ કહ્યું.

'વડિલબંધુઓ, આજ દિવસ સુધી મારાથી કોઈ વેણ ઉચ્ચારાઈ ગયા હોય જેનાથી આપને દુઃખ થયું હોય તો આ પળે ક્ષમા માગી લઉં છું...'

'જા.... ભાઈ જા...અમે ક્ષમા આપી દીધી. પણ તું અહીંથી જા....તારા જવાથી અહીં બધા વધારે સુખી થશે.' ત્રીજા ભાઈએ કહ્યું.

ત્રણેય ભાઈઓ ધન્નાની વિદાય પર હસતા હતા ત્યારે ધન્નાની આંખમાં આંસુ ઉપસી આવ્યા ..ભલે ગમે તેવો ભાઈઓનો સ્વભાવ હોય પણ પોતાના જ ભાઈ-ઓને છોડીને જવાનું થાય એટલે જરૂર દુઃખ થાય...

ધન્નો ફરીને ત્રણેય વડિલબંધુઓને પગે લાગ્યો. ત્યારે મોટા ભાઈએ કહ્યું: 'ધન્ના, અહીંથી કશું લઈ

જતો નહિ. કારણ કે અહીં જે છે તે અમારા પરિશ્રમનું ફળ છે...'

'મોટાભાઈ, હું અહીંથી એક પણ સામગ્રી નહિ લઈ જાઉં...આપ ચિંતા કરશો નહિ. છતાંય આપને અવિશ્વાસ હોય તો હું જઉં ત્યારે મારી તપાસ કરી લેજો...'

'ભલે...પણ તું ક્યારે જાય છે?'

'લગભગ અર્ધઘટિકામાં જ અહીંથી નીકળું છું...ક્યાં જવાનો છું...શું કરીશ એની મને ખબર નથી. માટે એવું પૂછશો નહિ...' ધન્નાએ કહ્યું.

અને અર્ધઘટિકામાં ધન્નો સર્વની આજ્ઞા મેળવીને પ્રતિષ્ઠાનપુર નગરી છોડીને ચાલ્યો ગયો. તેણે કોઈ પણ જાતની સામગ્રી લીધી નહોતી અને કશું ધન પણ નહોતું. ધન્નો ભાગ્યના ભરોસે ચાલી નીકળ્યો.

દિવસનો ત્રીજો પ્રહર શરૂ થઈ ગયો હતો. સૂર્યનો પ્રખર તાપ વરસી રહ્યો હતો. ધન્નો માત્ર પગરખાં પહેરીને ચાલી નીકળ્યો.

સંસાર ખરેખર વિચિત્ર છે. માનવી પાસે ધન હોય, વૈભવ હોય અને માન હોય ત્યાં સુધી સંબંધ જાળવે. જો આ ત્રણેય વસ્તુઓનો અભાવ હોય તો તેની સામે થુંકતા પણ અચકાતો નથી...ઈર્ષ્યા અને વૈરની આગમાં સેકાતાં જીવો સારાસારનો વિચાર કરી શકતા નથી...તેઓ તો પોતાના સ્વાર્થમાં જ રચ્યાપચ્યા રહે છે. જીવનમાં સંસારના અનેક રંગ જોવા મળે છે.

ધન્નો નવકારમંત્રનું સ્મરણ કરીને નીકળી ગયો હતો. ચાલતાં ચાલતાં સંધ્યા થઈ ગઇ. એક સ્થળે જળ પીને ચોઉવિહાર વાળી લીધા. થોડે દૂર જતાં એક નાનું પલ્લી આવ્યું ત્યાં એક નાની ધર્મશાળા હતી ત્યાં જઇને તેના મુનિમને કહ્યું : 'મારે રાતવાસો કરવો છે...'

'મુનિમદાદા, હું નિર્ધન છું...મારી પાસે ધર્મ-શાળાના કોઈ પણ સત્કાર્ય માટે લખાવવા જેટલું ધન નથી...'

'ભાઈ, તું પરદેશી છો...અંદર આવ અને તારે અહીં કેટલા દિવસનો મુકામ છે ?'

'દાદા, પરદેશીઓનો કંઈ ભરોસો નથી...આવતી-કાલે પ્રાતઃકાર્ય પૂર્ણ કરી સેવાપૂજા કરીને આગળ ચાલ્યો જઈશ.'

'વાહ...તું અહીં ગમે તેટલું રહી શકે છે...'

એમ જ થયું.

ધન્નો શ્રમિત થયો હતો તે સ્વસ્થ થઇને પાથરેલી શય્યા પર નિદ્રાધીન થઇ ગયો.

ધન્નાને એવો વિચાર નહોતો આવ્યો કે આગળ જતાં મારું શું થશે ? નથી કોઈ રહેવાનું સ્થળ...! નથી પોતાની પાસે કોઈ મૂડી...

ધન્નો શય્યામાં કોઈ પણ જાતની ચિંતા કર્યા વગર નિદ્રાને આધિન થઇ ગયો હતો.

બીજે દિવસે ધન્નો સેવાપૂજા કરીને આગળ વધ્યો. મુનિમદાદાનો આભાર માન્યો.

દિવસનો બીજો પ્રહર થયો.

ધન્નો થાકી ગયો હતો આથી માર્ગમાં એક ખેતર આવ્યું. ધન્નો ખેતરના માલિક પાસે ગયો. ખેતરનો ખેડૂત ભાત ખાવા બેઠો હતો. અને ધન્નાને જમવાનું નિમંત્રણ આપ્યું.

ધન્નો ભૂખ્યો તો થયો હતો પણ તેણે ખેડૂતને કહ્યું: 'ભાઇ, કશા કામ કર્યા વગર આપ મને જમાડો તે યોગ્ય લાગતું નથી. મારે કામ કરીને ભોજન કરવું જોઈએ.'

'ભાઈ, તું શું કરીશ....?'

'હું આપનું ખેતીનું કાર્ય કરીશ...' એમ કહીને ધન્નો ખેડૂતની જમીન ખેડવાના કાર્યમાં ગૂંથાયો ત્યાં જમીન સાથે કશું ટકરાયું. આથી ધન્નાએ પેલા ખેડૂતને ભાવભર્યા સ્વરે કહ્યું: 'ભાઇ, જમીનમાં કશું લાગે છે.'

'ના...ના...જમીનમાં વળી શું હોય?' આમ કહીને ખેડૂત અને ધન્નાએ વાંકા વળીને જોયું તો એક પછી એક સોનાના સાત ચરૂ દેખાયા.

ખેડૂતે કહ્યું: 'આ ચરૂ આપના કહેવાય...મારો કશો હક ન ગણાય...'

'ના.. ભાઈ, આ ખેતર મારું નથી અને ધન મારું ક્યાંથી કહેવાય...આપ આ ધનની સંભાળ લેજો...'

'પરંતુ હું વર્ષોથી ખેતર ખેડું છું છતાં કોઇ દિવસ ચરૂ ન નીકળ્યા...માટે આપ સાતેય ચરૂનો સ્વીકાર કરો...'

'ભાઈ, તમારી ભાવના હું સત્કારી શકીશ નહિ... મારે તમારું ધન જોઈતું નથી.' ધન્નો બોલ્યો.

ખેડૂતે ઘણો આગ્રહ કર્યો છતાં ધન્નાએ તે સાતેય ચરૂ સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો. ત્યારબાદ ધન્નો અને ખેડૂત ભોજન કરવા બેઠા. વાતવાતમાં ખેડૂતે ધન્નાનું નામ પૂછ્યું ત્યારે ધન્નાએ કહ્યું : 'હું એક પથિક છું...'

'આપ નામ કેમ કહેતા નથી...આપ ખૂબ જ ભાગ્યશાળી છો...આપના દર્શનથી અને આપના પગલાંથી મને વિપુલ સંપતિ પ્રાપ્ત થઈ છે...જો હું આપ જેવા મહાન આત્માનું નામ ન જાણી શકું તો મારું જીવતર એળે જાય...'

'મારું નામ ધન્યકુમાર છે...' ધન્નાએ કહ્યું. ભોજનકાર્ય પતાવીને ધન્નાએ આગળ જવાની રજા માંગી...અને ખેડૂતે પોતાને ત્યાં રાતવાસો કરવાની ઘણી વિનંતી કરી પણ ધન્નો ચાલી નીકળ્યો આગળ...

પણ ખેડૂતે ત્યાં પ્રાપ્ત થયેલ ધનમાંથી ગામ વસાવ્યું. અને નામ રાખ્યું ધન્યપુર..!

ધન્યકુમાર આગળ ચાલ્યા જાય છે.

ત્યાં માર્ગમાં વિપત્તિનાં વાદળ ધસી આવ્યાં...! પાંચ સશસ્ત્ર લુંટારાઓ અશ્વ પર સવાર થયેલા સામા મળ્યા અને મોટેથી અવાજ કર્યો: 'એય...ઊભો રહે...'

ધન્નો ઊભો રહી ગયો.

લુંટારાના સરદારે નજીક આવીને કહ્યું : 'તારી

પાસે જે કંઇ ધન હોય તે અમને કશી પણ ચાલાકી કર્યા વગર આપી દે...નહીંતર મારી કટાર તારો જીવ લઈ લેશે...'

ધન્નાએ શાંત સ્વરે કહ્યું: 'મારી પાસે કશું નથી છતાં આપને તલાશી કરવી હોય તો કરી શકો છો...'

સરદારે રણમલ સામે જોઈને કહ્યું: 'રણમલ, જરા આગળ આવીને એને તપાસી લે...'

રણમલ આગળ આવ્યો અને ધન્નાના વસ્ત્રો તપાસવા લાગ્યો પણ કશું મળ્યું નહિ...રણમલે મસ્તક હલાવીને સરદારને કહ્યું: 'સરદાર, આની પાસે કશું નથી...'

'આપણે એને સાથે લઈ જઈએ...દેવીને ભોગ આપીશું...છે તેજસ્વી...આપણા ગુરૂદેવ આનંદ પામશે... બે જણાં નીચે ઉતરીને રજ્જુ વડે બાંધી દો...'

ધન્નાએ નમ્ર સ્વરે કહ્યું: 'સરદાર, મારો કશો વાંક ગુન્હો નથી છતાં આપ શા માટે લઈ જાઓ છો...? મને છોડી મૂકો...!'

'તું તો ભાગ્યશાળી છો કે માતાજી તારા બલિદાનથી ખુશ થશે...કામાક્ષીદેવીની કૃપા તારા પર વરસી છે સમજ્યો...સાવ મૌન બનીને અમારી સાથે ચાલ્યો આવ...વધુ બોલીશ તો મારા જેવો ક્રૂર કોઈ નથી...'

ધન્નાએ માન્યું કે આ નવી ઉપાધિ આવી પડી.... તેણે નવકારમંત્રનું સ્મરણ કરવા માંડયું.

સરદાર અને તેના સાથીઓ ધન્નાને લઈને એક લુંટારાની પલ્લી પાસે આવ્યા. પલ્લીમાં દસથી પંદર પરિવાર રહેતા હતા.

સરદારે કહ્યું : ‘ ચાર દિવસ બાદ આ આવનાર અતિથિનો બલિ માતાજીને આપવામાં આવશે...ગુરૂદેવ ક્યાં છે ? ’

સરદારની પુત્રી રંભાએ કહ્યું : ‘ પિતાજી, ગુરૂદેવ એમની કુટિરમાં જ છે...બલિ ઘણો સુંદર લઈ આવ્યા છો...’

રંભા તો ધન્નાના તેજસ્વી ચહેરા પર જ મોહિત થઇ ગઈ...

ધન્નાએ વિચાર્યું કે હવે અહીંથી છટકવું કેવી રીતે ? કશીક યુક્તિ લડાવવી પડશે...!

સરદાર ગુરૂદેવ પાસે ગયો ત્યારે ગુરૂદેવ મંત્રોચ્ચાર કરી રહ્યા હતા. સરદાર એક આસન પર બેઠો અને થોડી વારમાં ગુરૂદેવ ધ્યાનમુક્ત થયા. સરદારને બેઠેલો જોઈને ગુરૂદેવે કહ્યું : ‘ અરે...તું ક્યારનો આવીને બેઠો છે? ’

‘ ગુરૂદેવ, આપની કૃપાથી માતાજી માટે એક બલિ લઈ આવ્યો છું...અત્યંત સુંદર છે...આપ મારી સાથે આવો...’

‘ ચાલ.. હું તારી સાથે જ આવું છું...’ ગુરૂદેવે કહ્યું.

સરદાર ગુરૂદેવને લઈને કુટિરની બહાર નીકળ્યો. ધન્નાને એક કુટિરમાં ચાર રક્ષકોની વચ્ચે રાખ્યો હતો. રંભા એક વાર ધન્ના પાસે આવીને મોહક સ્મિત રેલાવી ગઈ હતી.

અને...!

અન્યાયપૂર્ણ આજ્ઞાની જ્યાં પ્રતિષ્ઠા થતી હોય ત્યાં જ્ઞાનની આરાધના અશક્ય બની જાય છે. લુંટારું ટોળીના સરદારનું નિર્દય હૃદય પાષાણ જેવું હતું. જ્યાં પ્રેમ, લાગણી, મમતા ને જીવનમાં સ્થાન અપાતું નથી તે માનવીનું જીવન પશુ કરતાં પણ ભયાનક હોય છે. તેનામાં દયા જેવો શબ્દ હોતો નથી.

ધન્યકુમારે જાણ્યું કે આ ટોળીનો સરદાર ખતરનાક અને ભયંકર છે. ત્યારે અહીંથી છટકવાનું દુષ્કર લાગ્યું...ધન્નાને ધર્મ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા હોવાથી તે નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો.

નવકારમંત્રની આરાધના અનાદિ કાળથી થતી આવે છે...તે મહામંત્ર છે. આ મંત્રમાં અજબ શક્તિ ભરેલી છે. ધન્નાને મહામંત્ર પર અડગ શ્રદ્ધા હતી...

થોડી વારમાં સરદાર અને ગુરૂદેવ ધન્ના પાસે આવ્યા. ગુરૂદેવે ત્રાડ નાંખીને કહ્યું : 'બોલ...તારું નામ શું છે ?'

ધન્નાએ ખૂબ જ વિચારીને ઉત્તર આપ્યો : 'જેનો આપ બલિ આપવાના છો તેનું નામ જાણીને શું કરશો ?'

'હું જે પ્રશ્ન કરું તેના ઉત્તર આપ...' ગુરૂદેવ બોલ્યા...

'જે અજ્ઞાની છે...તેને શું ઉત્તર આપું...આપ બલિ ચડાવીને કોઈનો જીવ લ્યો છો તેનાથી દેવી પ્રસન્ન થાય છે...કેટલું હળાહળ અસત્ય છે...પાખંડ માનવીઓ સંસારમાં આવા પ્રકારના જૂઠ ચલાવતાં જ રહે છે...ગુરૂદેવ, એક વાત આપને જણાવું...!'

'શું કહેવા માગે છે...?'

'ગુરૂદેવ, સંસારમાં જ્ઞાન અને અજ્ઞાન બંને બળો છે. બંનેમાં ચેતના છે અને બન્નેમાં તેજ છે...જ્ઞાન સિવાય સિદ્ધિ નથી કે મુક્તિ નથી...જ્ઞાન સિવાય અનંત સુખની પ્રાપ્તિ નથી...જ્યારે આપે જે માર્ગ લીધો છે તે અજ્ઞાનને જ્ઞાનરૂપે નીહાળો છો...અને અજ્ઞાનને જ્ઞાન માનીને પૂજા કરો છો, બલિ ચડાવો છો...ત્યારે દુઃખ અને પરિતાપની સૃષ્ટિ ગાઢ બનવા માંડે છે...'

'સરદાર, આ તેજસ્વી છે...દેવી ખરેખર આ બલિથી પ્રસન્ન થશે...આ છટકી ન જાય તેની તકેદારી રાખજો...' ગુરૂદેવ ચાલ્યા ગયા.

સરદારે પોતાની પુત્રી રંભાને ધન્ના પાસે બેસાડી ...રંભાએ ધન્ના સામે જોઈને કહ્યું : 'આપ કેટલા સોહામણા અને સુંદર છો...!'

'બેન, માનવીનું મૂલ્યાંકન રૂપથી થતું નથી પરંતુ તેના ગુણથી થાય છે...સંસારમાં રૂપની પૂજા કરનારાઓનો તોટો નથી તારા પિતાજી મને પકડી લાવ્યા... મારો કશો વાંકગુન્હો નથી...'

'હું આપને અહીંથી રવાના કરી શકીશ...આપે એક દિવસ પર્યંત અત્રે રહેવું પડશે...'

'ભલે...પણ ચારે તરફ આપના માણસો ફરતા રહે છે...'

'જુઓ, આવતીકાલે પ્રાતઃકાર્ય નિમિત્તો શૌચ માટે હું આપને જરા દૂર લઈ જઈશ અને પછી આપ ચાલ્યા જજો...મને આપના પ્રત્યે લાગણી થઈ છે એટલે આ કાર્ય કરવા તૈયાર થઈ છું...'

'બેન, તારો ઉપકાર નહિ ભૂલું...પણ તું સરદારને પછી જણાવીશ...?'

'હું જણાવીશ કે તે અજાણ્યો અતિથિ શૌચક્રિયા માટે ગયો હતો. એક ઘટિકા પર્યંત રાહ જોઈ પણ આવ્યો નહિ એથી તેની તપાસ કરાવો.. અને જ્યારે તપાસ માટે રક્ષકો મોકલશે ત્યારે અવળી દિશા દેખાડીશ...'

'ઓહ ધન્ય છે...બેન.' ધન્નાએ કહ્યું.

'અતિથિ, આજ રાત્રિના પ્રથમ પ્રહર બાદ અમારું જાણીતું નૃત્ય થશે...આપને જરા ચિત્ર–વિચિત્ર લાગશે. આપનો ભોગ દેવાનો હોવાથી અમારી પલ્લીના લોકો આનંદોત્સવ અર્થે નૃત્ય કરશે...'

ધન્નો કશું બોલ્યો નહિ.

રંભાએ કહ્યું : ‘ આપને દેવીની પ્રતિમા પાસે બંધનઅવસ્થામાં રાખશે અને આપની પૂજા કરશે અને ચિત્કારભર્યા સ્વરોમાં સ્ત્રી–પુરૂષો નાચ કરશે....આ અમારી પ્રાચીન પ્રણાલિકા છે. જે આપ જોઈ શકશો. પરંતુ આપ ગભરાશો નહિ.’

ત્યાં સરદાર આવ્યા. રંભાને વાત કરતી જોઈને બોલી ઊઠયો : ‘ રંભા, અતિથિ સાથે શું વાત કરે છે ? ’

‘ પિતાજી, અતિથિને માતાજીનાં પ્રસંગની વાત કરીને પ્રસન્ન કરું છું અને સમજાવું છું કે તારા બલિથી દેવીમાતા ઘણાં જ પ્રસન્ન બનશે...અતિથિ મારી વાત સાંભળીને આનંદ પામે છે...’

‘ વાહ...હવે તું જ આ અતિથિની સંભાળ રાખજે...તેને એકલો મૂકતી નહિ. રક્ષકો બહાર ઊભા રહેશે...’

‘ પિતાજી, રક્ષકોની જરૂર નહિ રહે....બલિ પોતે જ આનંદમાં છે અને પોતાનો બલિ દેવાય તેમાં તે રાજી છે...’

‘ ઘણું જ સુંદર...હું આ વાત ગુરૂદેવને કરીશ...’ કહીને સરદાર ચાલ્યો ગયો.

રંભાએ ધન્ના સામે જોઈને કહ્યું : ‘ હવે આપ પ્રસન્ન રહેજો જેથી એ લોકોની આપના અંગે થોડી-

ઘણી શંકા છે તે પણ જતી રહે.'

'ભલે....પણ તેં સારી યુક્તિ લડાવી છે....' ધન્નાએ પ્રસન્ન સ્વરે કહ્યું.

ધન્નાએ અહીં આવીને કશી વસ્તુ ગ્રહણ કરી નહોતી. રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો. પલ્લીવાસીઓ મસ્તીમાં ઝુમતાં વિકરાળ કામાક્ષીદેવીની ભવ્ય પ્રતિમા પાસે આવવા લાગ્યા...

સૌ મદિરાપાનમાં મસ્ત હતા. ધન્નાને એક સ્થંભ સાથે બાંધવામાં આવ્યો હતો....ધન્નો આ બધું જોઈને આશ્ચર્ય પામતો હતો.

અને થોડી વારમાં નાચ શરૂ થયો.

રંભા પણ મદિરાની મસ્તીમાં રમતી હતી અને માતાની કૃપાદૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે પ્રસન્નભર્યા ઉદ્ગારો કાઢવા લાગ્યા.

સરદારે પણ મદિરાપાન કર્યું હતું....!

સૌના ચિત્તમાં આનંદની લહેરી પ્રસરી ગઈ હતી...

ધન્નો નવકારમંત્રનું સ્મરણ કરતો આ ચિત્ર-વિચિત્ર દૃશ્યો નીહાળતો હતો. એક પલ્લીવાસી મૃદંગ લઈને પોતાની રીતે બજાવતો હતો.

લગભગ આ નાચ રાત્રિના ત્રીજા પ્રહરે પૂરો થયો અને સૌ ડોલતાં ડોલતાં પોતાના સ્થાને જવા લાગ્યા.

સૂર્યોદય થયો.

સૂરજના કિરણોએ જગત પર પોતાની સોનેરી

ચાદર પાથરી દીધી.

રંભા હોંશમાં આવી ગઈ હતી. ઝડપથી ધન્ના પાસે આવી અને ધન્નાને બંધનમુક્ત કરીને સરદારની રજા મેળવીને શૌચ માટે ધન્નાને લઈ ગઈ...

માર્ગમાં રંભાએ કહ્યું : 'કુમાર, મને યાદ કરશોને ?'

'હા...બેન, કયો ભાઈ પોતાની બહેન ભૂલી જાય... તારા અપાર સ્નેહ, લાગણીથી આજ હું મુક્ત બન્યો છું...'

'ભાઈ...' રંભા રડી પડી...ધન્નાને લાગ્યું કે આ નિર્દોષ બાળાને મારા પર અપાર લાગણી થઈ ગઈ છે...

રંભા બોલી : 'ભાઈ, આપે મને ગૌરવભર્યું સ્થાન આપ્યું....હું આપને મારા સ્વામી બનાવવા ઇચ્છતી હતી પરંતુ આપે તો તેનાથી પણ ઉચ્ચ સ્થાન આપ્યું...આપે મને બહેન કહી...કઈ બહેન પોતાના ભાઈની રક્ષા ન ઇચ્છે...!'

'બહેન, તારી લાગણી હંમેશા મને સતાવ્યા કરશે...હવે તું મને વિદાય આપ...'

'ભલે ભાઈ, આપ જાઓ...આ નાની બહેન યાદ આવે તો આવી જજો...' રંભા રડતાં રડતાં બોલી...

ધન્ના પાસે કંઈ દેવા જેવું હતું નહિ...ધન્ના રજા મેળવીને તરત જ આગળ જવા વિદાય થયો. જતી વખતે રંભાએ એક તેજસ્વી અશ્વ અને અન્ય સામગ્રીઓ આપી હતી....

ધન્નો અશ્વારોહી થઈને તરત જ આગળ વધ્યો.

એક નગરથી બીજે નગર જતાં દસ દિવસે તે ઉજ્જેયિની પહોંચ્યો. માર્ગમાં ધન્નાને ભોજન વગેરે ભાગ્યયોગે મળી જતું અને તે જ્યાં જતો તેનો વેપાર અનેકગણો થઈ જતો. આથી અનેક શ્રેષ્ઠિઓ તેને રોકી રાખવા માટે મથતા હતા પરંતુ ધન્નો ક્યાંય રોકાયો નહિ.

ધન્નો ઉજ્જેયિની આવતાં વિચારવા લાગ્યો કે આ નગરી ઉત્તમ છે. અહીં સ્થિર થઈ જાઉં...પ્રવાસ દરમ્યાન તેની પાસે થોડી સુવર્ણમુદ્રાઓ આવી હતી. ધન્નાએ તે સુવર્ણમુદ્રાઓ કાર્ય કરીને મેળવી હતી.

ધન્નો ઉજ્જેયિની મધ્યમ કક્ષાની ધર્મશાળા તરફ ગયો અને ત્યાં નિવાસ કર્યો. ધર્મશાળાના મુનિમે ધન્નાનો આદર સત્કાર કર્યો. મુનિમે ધન્નાના નામઠામ લખ્યા.

મુનિમે પૂછ્યું : ‘ આપ અહીં કેટલા દિવસ રહેવાના છો ? ’

‘ મુનિમજી, મારું કંઈ નથી...આ નગરીમાં મન લાગશે ત્યાં સુધી રહીશ. નહિ ગમે તો આગળ ચાલ્યો જઈશ. ’

‘ ભલે...આપને કશી જરૂરત પડે તો અવશ્ય જાણ કરશો...’

‘ ભલે...આપની લાગણી બદલ આભાર...’

‘ ધન્યકુમાર, આપ ભોજનમાં શું લેશો ? ’

‘ જે હશે તે ચાલશે....હું સાદો અને સાત્ત્વિક

ખોરાક જ લઉં છું...'

'અહીં સાદું જ ભોજન મળશે...આપને માટે ઉષ્ણ જળ તૈયાર કરાવીને સ્નાનગૃહમાં મૂકાવું છું... આપ સ્નાન માટે થોડી વાર બાદ પધારજો...'

'ભલે...સ્નાનકાર્યથી નિવૃત્ત થઇને હું શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા અર્થે જઈશ. હા, અહીંના રાજવી કોણ છે?'

'અહીં ચંડપ્રદ્યોત નામના રાજવી છે. તેઓએ હમણાં વિચિત્ર પ્રકારનો ઢંઢેરો પીટાવ્યો છે......!'

'વિચિત્ર પ્રકારનો ઢંઢેરો? મને સમજાયું નહિ...'

'કુમાર, તેઓએ એવી ઘોષણા કરી છે કે સરોવરના કાંઠે ઊભા રહી સરોવરની મધ્યમાં રહેલા સ્તંભને રજ્જુ વડે બાંધી દે તેને મંત્રીપદ આપવામાં આવશે...'

'ઓહ વિચિત્ર છતાં સુંદર પરીક્ષા છે....મંત્રીના બુદ્ધિકૌશલ્યની પરીક્ષા છે...'

'હા...કુમાર,' મુનિમે કહ્યું.

ધન્નો પોતાના ખંડમાં ગયો. થોડી વારમાં એક સેવકે આવીને નમ્ર સ્વરે કહ્યું: 'શેઠ, ઉષ્ણજળ સ્નાનાગારમાં મૂકેલ છે આપ સ્નાન અર્થે પધારો...'

'ચાલો આવું છું....' કહીને ધન્નો ઊભો થયો અને સેવક ધન્નાનું અંગલૂછણુ સ્નાનગૃહમાં મૂકવા ગયો. ધન્નાએ સ્નાન કર્યું અને વસ્ત્રપરિવર્તન કર્યું. પૂજાના વસ્ત્રો પહેરીને નજીકના જિનાલય તરફ સેવાપૂજા

અર્થે ગયો.

ઉજ્જેયિની નગરી વિશાળ હતી. નગરીના માર્ગો સ્વચ્છ અને સુંદર હતા. દરેક ભવનોની બાંધણી વ્યવસ્થિત અને સુઘડ હતી. અહીંનો વ્યાપાર પણ વિકસિત હતો. રાજા ચંડપ્રદ્યોતની ધાક સારી હતી. રાજા ચંડપ્રદ્યોત શક્તિશાળી રાજવી હતો.

ધન્નાએ જિનાલયમાં પ્રભુની સેવા-પૂજા ભાવભરી રીતે કરી...મધુર કંઠે સ્તવન ગાયું...લગભગ એક ઘટિકા બાદ ધર્મશાળાએ પાછો ફર્યો ત્યારે ભોજન માટે મુનિમે કહેણ મોકલ્યું.

ધન્નો તરત જ ભોજનકક્ષમાં આવ્યો અને પાથરેલા આસનો પર બેસી ગયા. ભોજનગૃહના સેવકે ધન્ના પાસે ભોજનના પાત્રો મૂક્યા. પાત્રમાં સાદો અને સાત્ત્વિક ખોરાક પીરસવામાં આવ્યો હતો. ધન્નાને આજનું ભોજન સ્વાદિષ્ટ લાગ્યું ભોજનથી નિવૃત્ત થઈને જળપાન કરીને મુખ સ્વચ્છ કર્યું.

દિવસના ત્રીજા પ્રહર બાદ તે નગરી નીહાળવા નીકળ્યો અને માર્ગમાં એક જિનમંદિર આવતાં તે દર્શન કરવા ગયો...ત્યાં નગરીના એક નગરજને ધન્ના સામે જોઈને કહ્યું : 'આપ પરગામનાં લાગો છો ?'

'હા...હું પરગામનો છું...નગરી નીહાળવા અર્થે આવ્યો છું...'

"ત્યારે તો આપ જાણતાં જ હશો કે અમારી નગ-

રીના રાજાએ મંત્રીપદ માટે વિચિત્ર પ્રશ્ન લોકો સમક્ષ મૂકયો છે...'

'હા પરંતુ એ કઠિન નથી...એ તો ત્યાં જઈને જોઉં તો હમણાં જ સ્તંભને ગાંઠ વાળી દઉં...'

'ભાઈ, આપ પરદેશી છો...કહેવું સહેલું છે પરંતુ અમલમાં મૂકતાં વિચાર કરવો પડે...'

'હું એ કાર્ય કરી આપું...' ધન્નાએ કહ્યું.

'તો ચાલો રાજદરબારમાં...હમણાં જ આપની બુદ્ધિની કસોટી થશે.'

'ચાલો...આમેય મારે આ નગરીમાં કશું કાર્ય નથી...' ધન્નાએ કહ્યું : ધન્નાએ વાતવાતમાં પેલા નગરજનનું નામ જાણી લીધું.

ધન્નાએ કહ્યું: 'દીપચંદશેઠ, મહારાજા અત્યારે મળશે ?'

'હા...તેઓને મળી શકીશું' દીપચંદે કહ્યું. ધન્નો અને દીપચંદ રાજભવન તરફ વિદાય થયા.

રાજભવન અતિ વિશાળ હતું. રાજભવનના દ્વાર પાસે દ્વારરક્ષક ઊભો હતો. દ્વારરક્ષકે ધન્ના અને દીપચંદને આવેલા જોઈને પૂછ્યું : 'કહો, શું કહેવું છે ?'

'દ્વારરક્ષકજી, અમારે મહારાજાને તાત્કાલિક મળવું છે...'

'પણ શા માટે ? અત્યારે તેઓ મળતા નથી...'

'આપ મહારાજાને જઈને કહો કે આપ નગરીમાં જે મંત્રીપદ માટે ઘોષણા કરી રહ્યા છો તે માટે તેનો એક

ઉમેદવાર આપને મળવા આવેલ છે...'

'ભલે...હું એક સેવક મારફત આજ્ઞા મેળવી લઉં છું...' એમ કહીને દ્વારરક્ષકે એક સેવકને પોતાની પાસે બોલાવ્યા અને ઉપરોક્ત હકિકત કહીને મહારાજની આજ્ઞા લઈ આવવા જણાવ્યું.

સેવક તરત જ મહારાજ પાસે જવા વિદાય થયો. ચંડપ્રદ્યોત મહારાજા ત્યારે વિશ્રામખંડમાં એક આસન પર બેઠા હતા : 'સેવકે ત્યાં જઈને મહારાજનો જયનાદ કરતાં કહ્યું : 'મહારાજનો જય થાઓ...'

'કહે...શું કાર્ય અંગે આવ્યો છે?'

'મહારાજની આજ્ઞા હોય તો બે નગરજનો આપશ્રીને મળવા માંગે છે તેમાં એક મંત્રીપદનો ઉમેદવાર છે....!'

'બંનેને મારી પાસે મોકલ....' ચંડપ્રદ્યોત રાજાએ કહ્યું.

એમજ થયું.

ધન્યકુમાર અને દીપચંદ બંને ચંડપ્રદ્યોત મહારાજા પાસે આવ્યા.

મહારાજાએ બંનેનું સ્વાગત કર્યું. એક સેવક જળના બે પાત્રો મૂકી ગયો.

ધન્નાએ અને દીપચંદે મહારાજને ભાવભર્યા નમન કર્યા અને દીપચંદે નમ્ર સ્વરે કહ્યું : 'મહારાજનો જય થાઓ...આપણી નગરીમાં એક પરગામનો યુવક આવેલ છે જે આપના પ્રશ્નનું નીરાકરણ જાણે છે...'

'કયા પ્રશ્નનું ?' મહારાજે સામો સવાલ કર્યો.

'મહારાજ, આપ થોડા દિવસ થયા નગરીમાં જે પ્રકારની ઘોષણા મંત્રીપદ માટે કરાવો છો તેનો ઉકેલ આ ધન્યકુમાર લાવી શકે તેમ છે.'

'ઓહ...પણ મારે એક વાત કરવી છે...' ચંડ-પ્રદ્યોત રાજાએ કહ્યું...

'કહો મહારાજ...' ધન્નાએ કહ્યું.

'મારો પ્રશ્ન તો બરાબર સમજે છે ને!'

'હા...મહારાજ...' ધન્નાએ કહ્યું.

'તો આવતી કાલે દિવસના પ્રથમ પ્રહર બાદ તારો જાહેર કાર્યક્રમ રાખીશું...જેથી નગરીના લોકો પણ જોઈ શકે અને માણી શકે!'

'ભલે મહારાજ...' ધન્નાએ કહ્યું.

ત્યાં એક સેવક દુગ્ધના બે પાત્રો લઈ આવ્યો. ધન્નાએ અને દીપચંદે દુગ્ધના પાત્રો લીધા.

થોડી વાર બાદ બંને વિદાય થયા. મહારાજા ચંડપ્રદ્યોતે નગરીના લોકોને ઢંઢેરા મારફત જણાવ્યું કે આવતી કાલે દિવસના પ્રથમ પ્રહર બાદ સરોવરના કિનારે યોજેલ મંત્રીપદ માટેની પરીક્ષાના જાહેર કાર્યક્રમમાં આવવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

ધન્નો અને દીપચંદ રાજભવનની બહાર નીકળી ગયા. ધન્નાએ કહ્યું: 'દીપચંદ શેઠ, મારા પર એક કૃપા કરશો....'

'કહો...'

'મારે અત્યારે સરોવર અને સ્તંભ જોવા જવું છે.' ધન્નાએ કહ્યું.

'ચાલો...આપણે આવતી કાલે તો આવવાનું છે છતાં આપ જોઈ લ્યો...' દીપચંદે કહ્યું.

ધન્નો અને દીપચંદ બંને નગરીના સરોવર તરફ ગયા. સરોવર પાસે આવીને ધન્નાએ આજુબાજુ નિરીક્ષણ કર્યું' દીપચંદે કહ્યું: 'કેમ બુદ્ધિ પરીક્ષામાં સફળ તો થઈ જશોને!'

'હા...દીપચંદશેઠ, આ કાર્યમાં બુદ્ધિ દોડાવવી પડે તેમ નથી આ તો મારે સ્થળ જોવું હતું...! આવતી કાલે મહારાજના સહેલા પ્રશ્નનું નિરાકરણ લાવી દઈશ.'

બંને પાછા વળ્યા. દીપચંદે ધન્ના પાસેથી જાણવા માટે ઘણી કોશીષ કરી ત્યારે ધન્નાએ કહ્યું: 'દીપચંદ શેઠ, આવતી કાલે જ બધાની સાથે આપ નીહાળજોને...!'

ધન્નો ઝડપથી ધર્મશાળા પર આવ્યો અને સંધ્યા થાય તે પહેલા વાળુ પતાવી લીધું. વાળુ પતાવીને ધન્નો જિનેશ્વર ભગવંતના દર્શને નીકળ્યો.

ધન્યકુમાર એક ઘટિકામાં પાછો ધર્મશાળા પર આવી ગયો. થોડી વાર મુનિમ પાસે બેઠો. ધન્નાએ મુનિમને કહ્યું: 'હું આવતી કાલે મહારાજના વિચિત્ર પ્રશ્નનો ઉકેલ લાવવાનો છું...'

'તો તો અમે પણ સરોવર પર આવશું...' મુનિમે કહ્યું થોડી વાર ધન્નાએ આ વિષય અંગે ચર્ચા કરીને

મુનિમની રજા મેળવીને પોતાની શય્યા પર નિદ્રાધીન થઈ ગયો તે પહેલાં તેણે નવકારમંત્રનું સ્મરણ કર્યું હતું.

બીજે દિવસે ધન્નો વહેલો જાગૃત થઈને શૌચક્રિયા વગેરે પતાવ્યું. સ્નાનથી નિવૃત્ત થઈને શ્રી જિનેશ્વર ભગવંતની સેવાપૂજા કરી. ધર્મશાળાએ આવીને દુગ્ધાનું-પાન કર્યું અને તે ત્રણ વાર નવકારમંત્રનું સ્મરણ કરીને સરોવર તરફ જવાની તૈયારી કરતો હતો ત્યાં દીપચંદ આવ્યો. દીપચંદ પણ તરત જ ધન્નાની સાથે નીકળ્યો. ધર્મશાળાનો મુનિમ પણ પોતાના પરિવારના સભ્યો સાથે નવું કુતૂહલ નીહાળવા માટે નીકળી ગયો.

આ તરફ સરોવર પાસે નગરીના હજારો સ્ત્રીપુરુષો એકત્ર થયા હતા. મહારાજા ચંડપ્રદ્યોત પણ આવી ગયા હતા. ધન્નો અને દીપચંદ મહારાજની પાસે ઊભા હતા.

મહારાજે પ્રજાજનોને શાંત કરીને કહ્યું : 'આજ આપણી નગરીમાં પરગામનો પ્રવાસી આવેલ છે અને મંત્રીપદ માટે જે શરત રજૂ કરી છે તે પૂરી કરી આપશે. જોકે તેને મંત્રી થવામાં રસ નથી પરંતુ જો આ કાર્યમાં સફળ થશે તો ધન્યકુમારને ચોક્કસ મંત્રીમુદ્રા પહેરાવવામાં આવશે...'

સૌએ મહારાજનો જયનાદ કર્યો.

ધન્નાએ આગળ આવીને કહ્યું : 'નગરજનો, આપ સૌની પાસે એક વિનંતી કરવાની કે હું મારા કાર્યમાં સફળ થઈ જાઉં તો મારે મંત્રીપદ જોઈતું નથી.

પણ નગરજનોએ આ વાત સ્વીકારી નહિ...અને કુતૂહલ નીહાળવા માટે અધીરા બની ગયા હતા...તેઓ વિચારતા હતા કે ધન્યકુમાર આ વિચિત્ર પ્રશ્નનું કેવી રીતે નિરાકરણ લાવે છે!'

કુતૂહલ ઘણી વાર માનવીને મુશ્કેલીમાં મૂકે છે. કુતૂહલ પાછળ એક તીવ્ર આશાનો વાસ હોય છે અને જ્યાં સુધી જાણવા કે માણવા ન મળે ત્યાં સુધી ચેન પડતું નથી.

ધન્યકુમારે કહ્યું: 'મહારાજ, આપ આજ્ઞા આપો તો મારું કાર્ય શરૂ કરું...'

મહારાજે મસ્તક હલાવીને આજ્ઞા આપી.

અને...!

સૌ કોઈની દૃષ્ટિ ધન્ના પર મંડાયેલી હતી.

અંદરોઅંદર એમ વાતો થતી હતી કે આ ઉગતો યુવાન શું આ સ્તંભને રજ્જુ વડે ગાંઠ વાળી શકશે અને તે પણ સરોવરના કાંઠે ઊભા ઊભા...ઘણું જ દુષ્કર કાર્ય છે...

ધન્નાએ તરત જ સેવકો પાસેથી વિશાળ રજ્જુ લઈને સરોવરની પાળને ફરતી બાંધી અને એક છેડો સરોવરના પાળ પાસે રહેલાં એક વૃક્ષને બાંધ્યો.

અને બીજો જે સરોવરને ફરતો છેડો હતો તેનો આગળીયો કરી વૃક્ષવાળો છેડો તેમાં ભરાવ્યો. પછી ઝાડ સાથેનો છેડો છોડી નાખ્યો પછી સામસામા ખેંચ્યા.

અને રજ્જુની ગાંઠ સ્તંભમાં બંધાઈ ગઈ...

નગરજનો હર્ષનાદ કરવા લાગ્યા. મહારાજાએ ઊભા થઈને ધન્નાને ધન્યવાદ આપ્યા. અને કહ્યું : 'પ્રજાજનો, આજથી આપણી નગરીના મંત્રી તરીકે ધન્યકુમાર...'

ધન્નાએ મહારાજને કહ્યું: 'મહારાજ, આપે મને ઉપાધિમાં મૂકી દીધો...'

લોકો ધન્નાનો જયનાદ કરવા લાગ્યા. દીપચંદ પણ અતિ હર્ષિત થયો.

અને બીજા દિવસથી ધન્નો મંત્રીના ભવ્ય ભવનમાં રહેવા આવી ગયો. ધર્મશાળાના મુનિમે ધન્યવાદ આપ્યા અને કહ્યું : 'ધન્યકુમાર, આપનું ભાગ્ય તેજસ્વી છે...'

ધન્નાના ભવનમાં અનેક સામગ્રીઓ મૂકવામાં આવી. ધન્નાની સેવા માટે અનેક દાસ–દાસીઓ, સેવકો રાખવામાં આવ્યા. ભવનના દ્વારે રક્ષકો મૂકવામાં આવ્યા.

ધન્નો જ્યારે આ નગરીમાં આવ્યો ત્યારે તેણે કલ્પના પણ કરી નહોતી કે પોતે આ નગરીનો મંત્રી બનશે ...ખરેખર સંસારમાં ક્યારે શું બનશે તે જાણી શકતા નથી.

સમયનો પ્રવાહ રોકી શકાતો નથી. કાળ કાળનું કામ કર્યે જ જાય છે. કાળનો અંત નથી...

એક દિવસ મહારાજા ચંડપ્રદ્યોતે ધન્નાને કહ્યું : "ધન્નાકુમાર, આપના આગમન પછી નગરીમાં સુખ અને શાંતિ છે...પરદેશી આક્રમણનો ભય જણાતો નથી.'

'મહારાજ, આપની વાત સત્ય છે પરંતુ આપણે સજાગ રહેવું જોઈએ...'

'આપની વાત હું સમજું છું....' રાજા ચંડપ્રદ્યોતે કહ્યું.

દિવસો જવા લાગ્યા.

એક દિવસ ધન્યકુમાર પોતાના ભવનની અટારીએ બેઠો હતો અને આસપાસ દૃષ્ટિ કરતો હતો ત્યાં દૂરથી દીન અવસ્થામાં પોતાના કુટુંબને જોયું. તે અત્યંત આનંદ પામ્યો...કારણ કે તેને ઘણા દિવસોથી પોતાના માતા-પિતા, ભાઈઓ, ભાભીઓને મળવાની ભાવના થઈ હતી.

ધન્નો તરત જ ભવનની બહાર આવ્યો. અને તે દોડતો પોતાના માતાપિતા પાસે આવ્યો અને નમન કર્યાં. ધન્નાના ત્રણેય ભાઈઓ પણ સાથે હતા. ધન્ના તેને પણ પગે લાગ્યો. ભાભીઓને નમન કર્યાં.

ધન્નાએ કહ્યું : 'પિતાજી, આપ સૌને જોઈને મારું હૈયું હરખથી સમાતું નથી. ઘણા સમયથી મારો જીવ આપને મળવા તલસી રહ્યો હતો અને મારા ભાગ્ય યોગે આપ અહીં આવ્યા.'

ધન્નાએ જોયું કે પોતાના કુટુંબના દરેક સભ્યોના વસ્ત્રો જીર્ણ થઇ ગયા હતા.

માતાપિતાની આંખમાંથી આંસુ પડ્યા. ધન્નાને હૈયા સરસો લીધો. ધન્નો બધાને પોતાના ભવનમાં લઈ આવ્યો.

ધન્નાએ તાબડતોબ સેવકોને આજ્ઞા કરવા માંડી... પિતા ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના, તું અહીં શું કરે છે?'

'પિતાજી, અહીંની નગરીનો મંત્રી છું....હવે મને મહારાજ જવા દેતા નથી...આપને ન મળવાથી મારો જીવ લાગતો નહોતો...આપના આગમનથી મને ખૂબ જ હર્ષ થયો છે...આપ સૌ પ્રથમ સ્નાન કરી વસ્ત્ર પરિવર્તન કરી લો...ત્યારબાદ બીજી વાતો કરીશું...'

એમ જ થયું.

સૌ સ્નાનકાર્ય પૂર્ણ કરીને વસ્ત્રો બદલાવીને ધન્ના પાસે આવ્યા ત્યારે બે ઘટિકા વીતી ગઈ....

ધન્નાના ત્રણેય ભાઈઓ ધન્નાને આ વૈભવવિલાસ કેવી રીતે મળ્યો હશે ! એમ મનમાં વિચારવા લાગ્યા.

મોટા ભાઈએ કહ્યું : 'ધન્ના, આ ભવન તારું છે...?'

'હા....મોટાભાઈ, મહારાજે મને આપી દીધું છે... અઢળક સંપત્તિ આપી છે...'

શિયળવતીએ કહ્યું : 'ધન્ના, હવે તું અમને છોડીને જતો નહિ...તું ગયા પછી અમારા પર શું વીત્યું છે તેની તને કયાંથી ખબર હોય...!'

ધન્નાએ પોતાની માતા સામે જોઈને કહ્યું : 'માતાજી, આપ એ વાત ભોજન કર્યા બાદ કરજો...'

અને ધન્નો સૌને પ્રેમથી ભોજનગૃહમાં લઈ ગયો. ત્યાં બત્રીસ જાતના પકવાન અને વિવિધ સામગ્રી બનાવવામાં આવી હતી.

સૌ ભોજન કરવા બેઠા.

મોટી ભાભીને આંખમાં આંસુ આવ્યા. આંસુ જોઈ ને ધન્નાએ કહ્યું : 'કેમ ભાભી, આપની આંખમાં આંસુ...!'

'ધન્યકુમાર, આજ એ દિવસો યાદ આવે છે...જ્યારે તમે ભવન છોડીને જતા રહ્યા...!

'અત્યારે એ વાતો યાદ ન કરો અને નિરાંતે ભોજન કરો...' ધન્નાએ કહ્યું.

લગભગ અર્ધ ઘટિકા બાદ સૌ ભોજન કરીને ઊભા થયા. અને વિશ્રામખંડમાં આવ્યા.

ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના, હવે તું અમારી કથા સાંભળ...'

ધન્નો પિતાજી સામે જોઈ રહ્યો....દુઃખદર્દની છાયા અને ઉંમરનો થાક જણાતો હતો. માતાનો સદાય હસતો ચહેરો આજ કેટલો થાકી ગયેલો જણાતો હતો....

ત્રણેય ભાઈઓ પણ પરિસ્થિતિને અનુરૂપ બની ગયા હતા. પોતાની ત્રણેય ભાભીઓ પણ આજ આવેલી પરિસ્થિતિને ગળી ગઈ હતી....

ક્યાં ગયો એ વૈભવ ને વિલાસ !

ક્યાં ગયું એ સોહામણું હાસ્ય...! ભાભીઓના હસતા ચહેરા પર આજ દીનતાનો ભાસ થાય છે...!

ઓહ...! મારા જ ભાઈઓ, મારા જ માતાપિતા... મારી જ ભાભીઓ આજ વિપત્તિમાં છે...મને ખ્યાલ જ ન રહ્યો...! વિધિની રમત ક્યારે અને કોને પોતાનો શિકાર બનાવે છે તે કોઈ જાણી શકતું નથી.

ધન્નો વધુ વિચાર કરે તે પહેલાં ધનસાર શેઠે પોતાની કથની કહેવી શરૂ કરી.

ખરેખર સંસારનો માર્ગ જ એવો છે કે એનો કોઈ અંત નથી. કોઈ છેડો નથી, અને છેડા વગરનો આ માર્ગ ક્યારેય પૂરો થતો નથી. આ માર્ગ પણ એવો ગોળાકાર અને વિચિત્ર છે કે એના પર ચાલતાં પ્રાણીઓ ફરીફરીને ત્યાંને ત્યાં જ આવે છે!

સંસારનો પંથ સોહામણો, આકર્ષક અને અલબેલો હોવા છતાં તેનો પણ કોઇ છેડો નથી. સુખ અને દુઃખ એ બંને માનવીના મનની જ એક ભ્રમણા છે. એક વસ્તુ જેને સુખરૂપ હોય છે એજ વસ્તુ અન્યને દુઃખરૂપ લાગે છે.

ધનસાર શેઠે પોતાની વાત કરતાં કહ્યું : 'ધન્ના, તારા ગયા બાદ અમે ખૂબ જ મુશ્કેલીમાં મૂકાઇ ગયા... આપણી પેઢીમાં નુકસાની આવી અને પેઢી કાઢી નાખવી પડી. મહારાજાને તારા પર અતિ સ્નેહ હતો અને તારા ભાઈઓએ નગરીમાં એવી વાત ફેલાવી ધન્નાને અમે નગરીમાંથી કાઢી મૂક્યો છે...થોડા દિવસોમાં મહારાજના કાને આ વાત આવી. મહારાજે મને બોલાવ્યો અને મેં

સઘળી હકિકત જણાવી ત્યારે તારા પરના અપાર સ્નેહને કારણે આપણું જીવન અને સંપત્તિ આંચકી લીધી અને ઘરબાર વગરના કરી દીધા...આમ આથડતાં આથડતાં તારી ભાળ મેળવવા અહીં તહીં ભટકીયે છીએ...'

'પિતાજી, હવે આપ અહીં જ રહો...મારા ભાઈઓ, ભાભીઓ માતાજી વગેરે આનંદથી રહો...મને આપની સૌની સેવા કરવાનો લાભ મળશે....' ધન્નાએ ભાવભર્યા સ્વરે કહ્યું.

ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના તું એક કામ કરજે....'

'આજ્ઞા કરો પિતાજી....'

'તારા ભાઈઓને કામધંધે વળગાડી દે...જેથી તેઓને એવું ન લાગે કે અમે બોજારૂપ છીએ....'

'પિતાજી, અહીં મારી પાસે પુષ્કળ ધન સંપત્તિ છે...મારા ત્રણેય ભાઈઓને જે કાર્ય કરવાની ઇચ્છા હોય તે કરી શકે છે...'

એમ જ થયું.

થોડા દિવસોમાં ત્રણેય ભાઈઓએ અલગ પેઢી શરૂ કરી. ધન્નાએ લાખો સોનામહોર આપી. અને ત્રણેય ભાભીઓ ધન્નાના વખાણ કરવા લાગ્યા.

એક દિવસ નગરીમાં આર્ય ધનનંદ રાજગૃહીથી પધાર્યા હતા અને તેમનું વીણાવાદન એક શ્રેષ્ઠિને ત્યાં રાખવામાં આવ્યું હતું. શ્રેષ્ઠીએ નગરીના મુખ્ય મુખ્ય આગેવાનોને આ કાર્યક્રમ સાંભળવા માટેનું નિમંત્રણ

મોકલ્યું. ધન્નાને પણ ખાસ પધારવાનું નિમંત્રણ આપ્યું ત્યારે ધન્નાએ કહ્યું : 'શેઠ, હું ધર્મનો રાગી છું...મને સંગીતમાં વિશેષ સમજણ ન પડે પરંતુ આપ ખાસ આમંત્રણ આપવા આવ્યા છો એટલે મારાથી ના કહેવાશે નહિ...'

'મંત્રીશ્વર, આપ આવશો તો અમારી શોભા ઝળકી ઉઠશે...અમને અત્યંત આનંદ થશે...'

ધન્નાએ કહ્યું : 'શેઠ, આપનું નિમંત્રણ સ્વીકારૂં છું. આવતી કાલે રાત્રિના પ્રથમ પ્રહર બાદ આવી જઈશ...'

શ્રેષ્ઠી ધન્નાને નમન કરીને વિદાય થયો. ધનસાર શેઠે ધન્નાને બોલાવીને કહ્યું : 'ધન્ના, કોણ આવ્યું હતું ?'

'પિતાજી, અહીંની નગરીના એક શ્રેષ્ઠી આવ્યા હતા અને આવતી કાલે ત્યાં ધનનંદ નામના રાજગૃહીના કલાકારનું વીણાવાદન છે. તે અંગે નિમંત્રણ આપવા આવ્યા હતા...'

'તું જવાનો છે...?'

'હા, પિતાજી કોઈનું હૈયું દુઃભવવું યોગ્ય ન ગણાય...' ધન્નાએ કહ્યું.

ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના, તારે જવું જ જોઈએ. તું પ્રતિષ્ઠાનપુર નગરીના રાજાને ત્યાં થતાં આ પ્રકારના કાર્યક્રમમાં જતો હતો ને ?'

'હા....પિતાજી, આપને ભૂતકાળની વાતો યાદ છે...?'

'હા...ભૂતકાળની દરેક વાતો ભુલાતી નથી... વૈભવ, વિલાસ પણ યાદ છે. આપણે સમજીએ છીએ કે સુખ એક ભ્રમણા છે છતાં માનવી તેના તરફ ઘસડાયા વગર રહેતો નથી...' ધનસાર શેઠે કહ્યું.

એ દિવસે ધન્નો પોતાના પરિવારને લઈને રાજા ચંડપ્રદ્યોતના રાજભવનમાં જાય છે અને પરિચય કરાવે છે ચંડપ્રદ્યોત ત્યારે ધનસાર શેઠને ધન્નાના ગુણની અને બુદ્ધિની પ્રશંસા કરે છે.

ધન્નો ત્યારે મૌન પ્રેક્ષક બનીને બેસી રહે છે ત્યારે રાજાએ ધન્ના સામે જોઈને કહ્યું : 'ધન્નાકુમાર, આપ કેમ કંઈ બોલ્યા નહિ...'

'મહારાજ, જ્યારે માણસની વધુ પ્રશંસા થતી હોય ત્યારે કશું ન બોલવું જોઈએ...આપ તો મારા ગુણ જ ગાઓ છો...'

થોડી વારમાં ધન્નો પોતાના પરિવારને લઈને ભવન પર પાછો ફર્યો. ત્રણેય ભાઈઓ પેઢી પર ગયા. મોટાભાભીએ ધન્ના પાસે આવીને કહ્યું : 'ધન્નાકુમાર, હવે તો અમારું કહ્યું માનો....!'

'શું...?' ધન્નાએ પ્રશ્ન કર્યો.

'હવે આપને એકલા ક્યાં સુધી રહેવું છે?'

'ભાભી, હું આપની વાત સમજ્યો નહિ...!'

'વાહ...આપ મારી વાત સમજો નહિ એટલા ભોળા તો નથી જ...'

'ભાભી, એવી શી ઉતાવળ છે....?' ધન્નાએ કહ્યું.

'ધન્યકુમાર, સાચું કહું...આપને એવી સ્ત્રી મળશે કે આપને ક્યાંય જવા પણ નહિ દે ત્યારે અમને ઉત્તર આપજો....'

ધન્નાએ હાસ્ય રેલાવ્યું

ત્યાં બીજી બંને ભાભીઓ આવી ગઈ અને ધન્નાની મશ્કરી કરવા લાગી ત્યારે ધન્નાએ સહજભાવે કહ્યું : 'ભાભી, આ રીતે સાથે બેસીને વાતો કરવાનો દીર્ઘકાળ વીતી ગયો નહિ...'

ત્રણેય ભાભીઓ પણ થોડી પળ માટે ભૂતકાળના સ્મરણોમાં લીન થઈ ગઈ...

અને આમ અર્ધ ઘટિકા પર્યંત વાતો કરીને ધન્નો મહારાજા પાસે જવા વિદાય થયો.

બીજે દિવસે રાત્રિના પ્રથમ પ્રહર બાદ ધન્નો શ્રેષ્ઠિ સુશર્માને ત્યાં પહોંચી ગયો. આજ ત્યાં આર્ય ધનનંદનું વીણાવાદન હતું.

નગરીના અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ, સાર્થવાહો વગેરે આવ્યા હતા. સુશર્માએ બેઠકવ્યવસ્થા પોતાના ભવનના એક વિશાળ ખંડમાં જ કરી હતી. ધન્નાકુમાર જ્યારે પોતાના સુવર્ણજડિત રથમાં આવ્યો ત્યારે સુશર્મા અને અન્ય શ્રેષ્ઠિઓએ ભાવભર્યું સ્વાગત કર્યું. ધન્ના સર્વને

હાથ જોડીને ભવનમાં આવ્યો.

સુશર્માએ નમ્ર સ્વરે ધન્નાને કહ્યું : 'મંત્રીશ્વર, આપ આવ્યા એથી અમને ખૂબ જ હર્ષ થયો છે...અમે આપના આગમનની પ્રતિક્ષા જ કરતા હતા.'

ધન્નાએ કહ્યું : 'શ્રેષ્ઠિવર્ય, મેં આપને વચન આપ્યું હતું એટલે તેમાંથી મારે ચલિત ન થવાય...'

સૌ ભવનના વિશાળ ખંડ તરફ ગયા. ધન્ના માટે અગ્રભાગે આસન મુકવામાં આવ્યું હતું. ધનનંદ પોતાની વીણા લઈને આવી ગયો હતો. મૃદંગ પર ઉજ્જેયિની નગરીનો જ મૃદંગવાદક હતો. સૌએ બેઠક ગ્રહણ કરી લીધી.

સુશર્માએ સર્વની સામે જોઈને કહ્યું : 'આજ મારા ભવન પર મંત્રીશ્વર ધન્યકુમાર પધાર્યા છે. બુદ્ધિના સાગર સમા ધન્યકુમારનું સ્વાગત કરતાં હર્ષ અનુભવું છું. આર્ય ધનનંદજી મારા મિત્ર છે તેઓ સંગીતમાં ખૂબ જ અગ્ર રહ્યા છે. તેઓ મારા મહેમાન બન્યા... હાલ તેઓ રાજગૃહમાં રહે છે અને ત્યાંના મહારાજાના પ્રિતીપાત્ર છે. આજ આપ સૌ મારા નિમંત્રણનો સ્વીકાર કરીને પધાર્યા છો તે બદલ હર્ષ અનુભવું છું. હવે આર્ય ધનનંદજી આપણને તેમની કલાનો રસાસ્વાદ કરાવે તેવી તેઓને આપણા સૌ વતી વિનંતી કરું છું...'

આર્ય ધનનંદે બેઠા બેઠા જ કહ્યું : 'મંત્રીશ્વર, અને શ્રોતાજનો, હું એક નાનો કલાકાર છું. કલાની

ભક્તિ કરું છું....કલા વિષે વધુ ચર્ચા નહિ કરું પરંતુ એટલું જરૂર જણાવીશ કે કલાએ હૃદયનું ઘડતર કરે છે અને અવર્ણનીય આનંદની અનુભૂતિ કરાવે છે. આજ આપ સૌ સમક્ષ શ્રૃંગાર પ્રધાન છતાં સહેજ ગંભીર રાગ રજુ કરું છું રાગનું નામ ‘ માધુરી ’ છે...આ રાગને હું કેટલો ન્યાય આપી શકું છું તે આપ સૌ પર છોડું છું.’

એમ કહીને આર્ય ધનનંદે વીણા હાથમાં લીધી અને ‘ માધુરી ’ રાગમાં સ્વરબંધ કર્યા...

વીણાના સ્વરો મેળમાં થવાથી જ વાતાવરણમાં પ્રસન્નતા છલકાઈ ઊઠી.

માધુરી...!

માધુર્ય છલકાવતો મધુરો રાગ....!

આર્ય ધનનંદે ‘ માધુરી ’ રાગનો આલાપ શરૂ કર્યો. મૃદંગવાદક શાંતિથી બેઠો હતો.

શ્રોતાજનો મંત્રમુગ્ધ બનીને એક ચિત્તે રાગનું માધુર્ય માણી રહ્યા હતા. જાણ્યે કોઈ શ્વસુરગૃહે પ્રથમ વાર નવવધૂ બનીને આવતી યૌવનાના મુખ પર જે ભાવ ઉપસતા હોય...પ્રસન્નતા છલકાતી હોય....તેવી પ્રસન્નતા માધુરીના આગમનના આલાપમાં સ્પષ્ટપણે વરતાતી હતી. હૈયા ચોરવા આવી હતી...

ધનનંદ કલાનો સાધક હતો...વીણાના સૂરથી વાતાવરણ આનંદમય બની ગયું. મૃદંગવાદક પણ શાંત

ચિત્તે સાંભળી રહ્યો હતો.

સંગીતમાં એક પ્રકારનો જાદુ છે...શ્રોતાજનોના હૈયા હરી લે તેવી સંગીતમાં મધુરતા છે.

અર્ધઘટિકા બાદ ધનનંદે આલાપ પૂરો કર્યો.

અને વિલંબિત માત્રાની લય શરૂ કરી...

મૃદંગવાદકે મૃદંગ લીધું અને નમ્રસ્વરે પૂછ્યું : ' ધનનંદજી, કેટલા માત્રાનો તાલ બજાવું...? '

' ચોસઠ માત્રાનો તાલ...! '

' ઓહ...એ તો મારા માટે મુશ્કેલ છે...! '

' તો બત્રીસ માત્રાનો વગાડી શકશો ને ! ' ધનનંદે કહ્યું.

' હા...એમાં મુશ્કેલી નહિ પડે...! '

અને...

ધનનંદે મૃદંગના સાથમાં વીણા વગાડવી શરૂ કરી...શ્રોતાજનો વારંવાર કલાકારની સાધનાને ધન્ય ધન્ય કહીને ખંડ ગજાવી મૂકતા....પણ ધનનંદ કલાની મસ્તીમાં રમતો હતો.

વિલંબિત લય પૂરી થઈ...

ધનનંદે દ્રુતલય શરૂ કરી...

મૃદંગવાદક સજાગ બન્યો...વાતાવરણમાં માધુરીના માદક સ્વરોએ સર્વ શ્રોતાજનોના અંતરમાં સ્થાન મેળવી લીધું હતું. ધન્ના મંત્રી પણ કલાકારની સાધના જોઈને આનંદ વ્યક્ત કરતા હતા.

ધનનંદે થોડીવાર દ્રુતલય બનાવીને અતિ દ્રુતલય શરૂ કરી. હવે મૃદંગવાદકને જણાયું કે આ લયમાં તો મૃદંગ પર અખંડ સાધના કરી હોય તો જ આ લયમાં વગાડી શકાય.

મૃદંગવાદકે એક બે વાર આ લયમાં બજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે લયમાં વગાડવામાં પાછળ રહી જતો હતો તેથી શાંતિથી મૃદંગ એક બાજુ મુકીને સાંભળવામાં લીન થઈ ગયો.

ધનનંદે 'માધુરી'ને બરાબર જમાવી...શ્રોતાજનો હર્ષવિભોર બની ગયા...એટલું ખરું કે કલાકારે શરૂઆતથી રાગ પર પક્કડ જમાવી હતી...

અને દોઢ ઘટિકા બાદ 'માધુરી'એ વિદાય લીધી.

શ્રોતાજનો આનંદવિભોર બની ગયા હતા. કલાકારને હર્ષથી વધાવી લીધો.

ધનનંદે ત્યારબાદ એક જાણીતો રાગ વગાડયો. ધન્નાએ પ્રસન્ન સ્વરે કહ્યું: 'કલાકાર, આપની કલા ભક્તિ, સાધના અદ્દભૂત છે. અમે સર્વ ખૂબ જ પ્રસન્ન બન્યા છીએ...'

સુશર્માએ ઊભા થઈને કલાકારનો આભાર માન્યો અને સર્વનો આભાર માનીને વિદાય આપી. સૌ પોતપોતાના ભવન પર વિદાય થયા રાત્રિનો બીજો પ્રહર ક્યારનો પુરો થઈ ગયો હતો.

ધન્નો પણ પોતાના સુવર્ણજડિત રથમાં બેસીને

વિદાય થયો. ધન્નો ભવન પર આવીને પોતાના ખંડમાં વસ્ત્રપરિવર્તન કરીને નીંદ્રાધીન થઈ ગયો.

થાડા દિવસો બાદ ધન્નાના ત્રણેય ભાઈઓની પેઢીએ ઘણો વિકાસ કર્યો. અને ત્રણેય ભાઈઓ પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયા. ધન્નાને ત્રાસ આપવા લાગ્યા. અને જેમતેમ કહેવા લાગ્યા.

ધન્નાને થયું કે મારા ભાઈઓ પાછા મૂળ સ્વભાવ પર આવી ગયા. કર્મરાજાની ગમેતેટલી લાત લાગે છતાં સ્વભાવ જતો નથી...ધનસાર શેઠ અને શિયળવતીએ પણ જોયું કે ધન્ના પર તેના મોટા ત્રણેય ભાઈઓએ ઈર્ષ્યા શરૂ કરી છે-

ધનસાર શેઠે કહ્યું : 'ધન્ના, સંસાર ખરેખર નિરાળો છે...વિદ્યા હોય, શક્તિ હોય, સુખ હોય છતાં વૈર અને ઈર્ષારૂપી અંધકાર ઉભરાતો હોય તો માનવી કદી પણ પોતાના કલ્યાણ માર્ગને નીહાળી શકતો નથી.... તારા ત્રણેય ભાઈઓએ તે મેળવેલી લક્ષ્મી પર પેઢી શરૂ કરી અને આજ ગર્વના ગહેરા સાગરમાં ડુબકી મારીને કહી રહ્યા છે...ધન્નો કશું કરતો નથી.'

'પિતાજી, સંસારમાં દરેક માનવી સરખાં હોતા નથી. જો બધા સમજતા હોય તો અહીં સ્વર્ગનું સુખ પ્રાપ્ત થઈ શકે...આપ ચિંતા નહિ કરો...બધું થઈ રહેશે....' ધન્નાએ કહ્યું.

'ધન્ના, હવે અમે ખર્યું પાન કહેવાઈએ... છેલ્લા કેટલાય વર્ષોથી ધર્મ આરાધના સિવાય હું અને

તારી માતા કશી પ્રવૃત્તિ કરતાં નથી. ક્રિયા, સેવાપૂજા અને તપ, આરાધના એ જ અમારા બંનેના જીવનનું ધ્યેય બની રહ્યું છે. આપણા જિનેશ્વર ભગવંતો કહી ગયા છે કે ભવનો ફેરો ટાળવો હોય તો તપ, ત્યાગ અને આરાધના જ મુક્તિના માર્ગની સાચી દિશા છે... મારી અને તારી માતાની ભાવના દીક્ષા અંગીકાર કરવાની છે પરંતુ પુત્રો પ્રત્યેની ફરજ અને કર્તવ્ય એમ કરતાં રોકે છે.'

'પિતાજી માનવીના જીવનમાં ધર્મ અને કર્તવ્યનું પણ મહત્ત્વ હોય છે એ સાચું પરંતુ કર્તવ્ય મોહ વગરનું હોવું જોઇએ...જ્યારે ધર્મ, કર્તવ્યનો સાદ પડે ત્યારે તમામ સ્વાર્થને દૂર ધકેલીને માનવીએ કંઈક કરી છુટવું જોઇએ...જો એમ ન કરીએ એનામાં અને પાષાણમાં શું ભેદ?'

'ધન્ના, હું અને તારી માતા ઘણા વર્ષથી શ્રી જિનેશ્વર ભગવંતે ચીંધેલા માર્ગે જવા ઇચ્છીએ છીએ...'

'પિતાજી, આપની ભાવના મહાન છે...પરંતુ આપ સંસારમાં રહીને ત્યાગ, તપ, આરાધના વિશેષ કરો છો...'

ધનસાર શેઠે કહ્યું: 'ધન્ના અમારી અને તારી માતાની ભાવના સર્વત્યાગના પંથે જવાની છે...પણ તારા પ્રત્યેના મોહને કારણે અમે સર્વત્યાગનો પંથ અપનાવી શકતાં નથી.'

'પિતાજી, આપ સંસારમાં રહીને જ જે ધર્મક્રિયા

કરો છો તે સર્વોત્તમ છે. આપ અને મારી માતા અમારી વચ્ચે છો તે જ અમારા માટે આશીર્વાદ રૂપ છે.'

ધનસારશેઠ કશું બોલ્યા નહિ.

ધન્નાએ કહ્યું : 'પિતાજી, આ નગરીમાં મુનિમહારાજ ગઈ કાલે જ પધાર્યા છે.'

'હા...હેમનંદનમુનિ પધાર્યા છે...અમે દર્શન કરી આવ્યા...આજે દિવસના પ્રથમ પ્રહર બાદ તેઓનું ભાવભર્યું પ્રવચન છે. તારે આવવું છે ?'

'પિતાજી, હું આપની સાથે આવીશ. મારા ભાઇઓ આવશે કે નહિ ?'

'ના...તેઓ નહિ આવે...' ધનસાર શેઠે કહ્યું.

'દિવસના પ્રથમ પ્રહરે ધનસાર શેઠ, માતા શિયળવતી ધન્નો અને ધન્નાની ત્રણેય ભાભીઓ વ્યાખ્યાન સાંભળવા અર્થે ગયા.

નગરીના જૈન પરિવારના સભ્યો હેમનંદન મુનિની વાણી સાંભળવા આવ્યા હતા. તેઓની પ્રેરક વાણી હૃદયસ્પર્શી હતી. તેઓના શબ્દોમાં પ્રાણ હતો...મુનિમહારાજ નગરી બહારના ઉદ્યાનમાં ઊતર્યા હતા...આથી નગરીના લોકો ઉદ્યાનમાં હર્ષભર્યા હૈયે દિવ્યવાણીનો લાભ લેવા ગયા.

હેમનંદન મુનિએ સર્વની સામે જોઈને કહ્યું : 'ભાગ્યવંતો, સંસાર ચાલ્યો જાય છે...અનેક જીવો ઉત્પન્ન થાય છે અને પોતાના કર્મ પ્રમાણે ફળ મેળવીને તે એક

યા બીજી રીતે જન્મ લે છે...પરંતુ માનવીએ આત્મ-કલ્યાણ અર્થે પ્રયત્ન કરવો જોઈએ...માનવીના ચિત્તને જ્ઞાનરૂપી અમૃતનો સ્પર્શ થાય તો અવશ્ય નિર્મળ બની શકે છે. આત્માને મુંઝવતા અજ્ઞાનરૂપી આવરણો દૂર થાય એટલે માનવી માનવતાના સોપાન ચડી શકે છે...અને ચડતા ચડતા જ્ઞાનનાં તેજમાં આત્માનું તેજ મેળવી શાશ્વત-સુખ સુધી પહોંચી જાય છે. આ સંદર્ભમાં આપને આરાધના પર કહીશ...'

એમ કહીને મુનિમહારાજે આરાધના વિષે કહેવાની શરૂઆત કરી. શ્રાવક-શ્રાવિકાઓ શાંતિથી એક ચિત્તે સાંભળી રહ્યા હતા. હેમનંદન મુનિએ ભાવભર્યા સ્વરે કહ્યું: 'માનવીએ આત્મકલ્યાણ અર્થે અને મંગલકારી મુક્તિના પંથે જવા માટે આરાધના, ત્યાગ અને તપ વગેરે અત્યંત આવશ્યક છે. ધર્મ આરાધના માનવીના મનને સ્થિર રાખે છે...એ માર્ગ માટે સૌ પ્રથમ મોક્ષ પામ-વાની ભાવના હોવી જરૂરી છે. મુક્તિ મેળવવા માટે સંસારના સુખોપભોગ, વૈભવ વિલાસનો ત્યાગ કરવો પડે છે. મોહ, માયાને ત્યજવા પડે છે.

જ્યાં સુધી માનવીનું મન અંતર સંસારના રાગમાં ગુંથાયેલું છે ત્યાં સુધી તે મુક્તિનો સ્વામી બની શકતો નથી...જ્યારે સંસારના બંધનો સાપની કાંચળી માફક છોડીને સર્વત્યાગના પંથે આવે અને મુક્તિની આરાધના

કરવા માંડે ત્યારે જ તે પરમ મંગલકારી પદ મેળવી શકે છે...'

અને મહારાજે થોડી વાર આરાધના પર વિશેષ ધર્મબોધ આપ્યો અને પ્રવચન પૂરું કર્યું.

ધન્નો તેના પરિવાર સાથે ઊભો થયો અને મુનિ મહારાજને વંદન કરવા સૌ ગયા. હજારો જૈન શ્રાવક-શ્રાવિકાઓ આવ્યા હતા. સૌ મુનિરાજને વંદન કરીને નગરી તરફ વિદાય થતા હતા.

ધન્નો પણ પોતાના પરિવાર સાથે પોતાના ભવન પર આવ્યો ત્યારે દિવસનો બીજો પ્રહર પૂરો થઈ ગયો હતો. ધન્નાના ભાઈઓ પેઢી પર ગયા હતા.

સૌ ભવન પર પહોંચીને ભોજન અર્થે બેસી ગયા. ભોજનકાર્યથી નિવૃત્ત થઈને ધન્નો મહારાજા ચંડપ્રદ્યોતને મળવા રાજભવન તરફ ગયો.

મહારાજા ચંડપ્રદ્યોતે કહ્યું : 'આવો ધન્યકુમાર, હું આપની જ રાહ જોતો હતો...'

'કહો...શી આજ્ઞા છે?'

'એક પાડોશી પ્રદેશનો દૂત આવ્યો છે અને ત્યાંના મહારાજાએ સીમા પ્રશ્ન ઉકેલી લેવા માટે કહેણ મોકલ્યું છે. એક બે દિવસમાં જ વરિષ્ઠ અધિકારીઓ આવશે...હવે આ પ્રશ્નનો ઉકેલ આપે લાવવો પડશે. વર્ષોથી આ પ્રશ્નનો ઉકેલ આવતો નથી...'

'ભલે મહારાજ, મને એ અંગે વિગતવાર કહેશો

એટલે હું મારા વિચારો પાછળથી પ્રદર્શિત કરીશ...'

'ધન્યકુમાર, સૌ પ્રથમ તો એ જણાવું કે આપણું સૈન્યબળ એટલું પ્રબળ છે કે તેની આગળ તે રાજ્યનો રાજવી આપણે તાબે થઈ જાય...પણ ન્યાયપૂર્વક ઉકેલ લાવવાનો છે....'

'મહારાજ, આપની વાત સત્ય છે...' ધન્નાએ કહ્યું.

મહારાજે ધન્નાને ટુંકમાં સીમા પ્રશ્ન અંગે જણાવ્યું, બે દિવસ બાદ પાડોશી રાજ્યના વરિષ્ઠ રાજ્યકર્મચારીઓ આવ્યા અને ધન્નાએ વર્ષો જુનો સીમા પ્રશ્ન ખૂબ જ સહેલાઈથી ઉકેલી આપ્યો. બંને રાજ્યોના પ્રતિનિધિઓ સહમત થયા...

રાજા ચંડપ્રદ્યોતે ધન્નાને ધન્યવાદ આપ્યા. ધન્નો પોતાના ભવન તરફ વિદાય થયો ત્યારે ધનસાર શેઠ અને શિયળવતી દેવી ધન્નાની રાહ જોઈ રહ્યા હતા.

ધનસાર શેઠ અને શિયળવતી છેલ્લા ઘણા વર્ષોથી પોતાનું જીવન ધર્મઆરાધના પાછળ લગાડયું હતું. ત્રણેય ભાભીઓ ધન્નાની રાહ જોઈ રહ્યા હતા.

મોટી ભાભીએ સ્નેહભર્યા સ્વરે કહ્યું : 'ધન્યકુમાર, હવે તો અમારા માટે દેરાણી લાવો...'

'ભાભી, આપની ભાવનાને સાકાર બનશે કે કેમ તે હું જાણતો નથી, પણ સંસારમાં પડવાની મારી ઇચ્છા જ નથી...'

'ધન્યકુમાર, હજુ તો યૌવન અવસ્થામાં પગ માંડયા

છે અને સંસારથી વિરક્ત થઈ જવાનું કહો છો...'

'ભાભી, જયારથી માનવી સંસારના રંગ નીહાળતો થઈ જાય અને એ પણ જાણે કે સાચું સુખ શેમાં છે ત્યારે સંસારના સુખોપભોગને પામવાની ઇચ્છા થતી નથી...જેનું ચિત્ત સંસારના બંધનો તોડીને મુક્ત બનવા માંગતું હોય ત્યારે તેને સંસારના આકર્ષણો લલચાવી શકતા નથી...'

મોટી ભાભી ધન્નાની વાતનો ઉત્તર આપે તે પહેલાં જ ત્રણેય ભાઈઓ આવી પહોંચ્યા.

મોટા ભાઈએ કહ્યું : 'ધન્ના, તારે કશું કાર્ય કરવું નહિ અને અહીંની નગરીના મહારાજાની ખુશામત કરવી...અને આનંદથી ભાભીઓ સાથે વાતો કરવી...આ તારા માટે જરા પણ શોભાસ્પદ નથી....'

ધન્નો કશું બોલ્યો નહિ. મોટી ભાભીએ ધન્નાનો પક્ષ લઈને કહ્યું : 'સ્વામી, ધન્યકુમારની પ્રતિષ્ઠા અને તેમની બુદ્ધિની પ્રશંશા કેવળ મહારાજ નથી કરતાં પણ આ નગરીના લોકો પણ ધન્યકુમારની પ્રસંશા કરતાં થાકતાં નથી...

અને..!

મોટા ભાઈએ ધન્નાને ખૂબ કહ્યું...ન કહેવા જેવા શબ્દો કહ્યા. ધન્નો મૌન રહીને સાંભળતો રહ્યો. તેનું મન આ નગરીમાંથી...ભાઈ ઓના શબ્દોથી ઊઠી ગયું...બીજે દિવસે કોઇને કશી જાણ કર્યા વગર ધન્નો ઉજ્જેયિની

નગરી છોડીને ચાલી નીકળ્યો. ધન્નાએ મહારાજને પણ જાણ કરી નહોતી. ભાભીઓને પણ પોતે આ નગરીનો ત્યાગ કરવાનો છે, તે ન કહ્યું. ધન્નાએ જે અઢળક સંપત્તિ મેળવી હતી તે ત્રણેય ભાઈઓને સોંપીને ચાલી નીકળ્યો.

માનવીનું મન કેવું વિચિત્ર છે...! સંસારમાં સ્વાર્થની જ સગાઇ હોય છે. જ્યારે ધન્નાના ત્રણેય ભાઈઓ ઉજ્જેયિની આવ્યા ત્યારે ફુટી કોડી પણ નહોતી. અને ધન્નાએ ત્રણેય ભાઈઓને પોતાના જીવનમાં ઉચ્ચ સ્થાન આપ્યું. વેપાર માટે લાખો સૌનેયા આપી....

પણ ઈર્ષાના વાદળ વચ્ચે ઘેરાયેલો માનવી સારાસારનો વિચાર કરી શકતો નથી. તે નિરંતર પોતાના સ્વાર્થમાં જ રચ્યો પચ્યો રહે છે.

માનવીનું મન જ પાંગળું છે. ઈર્ષા, વૈરભાવ, તેજોદ્વેષ તજી દે તો તે સુખી બની શકે છે પરંતુ એવું થઈ શકે ખરું....? મન માને ખરું....'

ધન્નો જ્યારે પ્રાતઃસમયે ભવન પરથી નીકળ્યો ત્યારે દ્વારરક્ષકને એટલું જ જણાવ્યું હતું કે પોતે લટાર મારવા જાય છે.

દિવસના પ્રથમ પ્રહર બાદ રાજ્યનો સેવક ધન્નાના ભવન પર આવ્યો અને ધન્નાના મોટા ભાઈને કહ્યું : ' મંત્રીશ્વરને મહારાજ યાદ કરી રહ્યા છે. તાકીદનું તેડું છે...

'પણ ધન્નો છે નહિ...!' મોટા ભાઈએ મુખ પર અણગમતા ભાવ દર્શાવીને કહ્યું.

'મંત્રીશ્વર નથી...? તેઓ ક્યાં ગયા છે?' સેવકે બીજો સવાલ કર્યો.

'ભાઇ, એ તો કોણ જાણે...? અમને કશું કહીને ગયો નથી...!'

'આપે તપાસ કરાવી...?'

'ના...'

'ભલે...હું મહારાજને આ વાતની જાણ કરું છું...' સેવકે કહ્યું.

રાજભવનમાં મહારાજા ચંડપ્રદ્યોત ધન્ના મંત્રીની રાહ જોતા બેઠા હતા. ધન્નાને બોલાવવા માટે મોકલેલો સેવક એકલો પાછો ફરેલો જોઈને મહારાજાને આશ્ચર્ય થયું. સેવકે મહારાજનો જયનાદ કર્યો અને નમ્ર સ્વરે કહ્યું: 'મહારાજ, મંત્રીશ્વર ભવન પર નથી...'

'નથી..?' તો મંત્રીશ્વર ક્યાં ગયા છે? તપાસ કરાવો...'

'મહારાજ, મને ધન્ના મંત્રીશ્વરના મોટા ભાઈએ કહ્યું કે મંત્રીશ્વર પ્રાતઃ સમયે કોઈને કહ્યા વગર ચાલ્યા ગયા છે....'

'ઓહ...આમ એકાએક કેમ બન્યું? તપાસ કરાવો... અને ધન્નાના અંગરક્ષકને બોલાવો તે કંઈક જાણતો હશે...'

'જી મહારાજ, જેવી આપની આજ્ઞા....'

એમજ થયું. અંગરક્ષકે મહારાજને જણાવ્યું કે ગઈ કાલે ધન્નાના મોટા ભાઈ ધન્ના પર વગર વાંકે ઉકળી ઊઠયા હતા અને ન બોલવા જેવા શબ્દો બધાની વચ્ચે કહ્યા હતા...

મહારાજે તરત જ ધન્નાના મોટા ભાઈને બોલાવ્યા અને ધન્ના અંગેની હકિકત પૂછી...

ત્યારે ધન્નાના મોટા ભાઈએ કહ્યુ : 'મે' એવું કશું કહ્યું નથી કે જેથી ધન્નાના હૈયાને ઠેશ પહોંચે...'

મહારાજે કહ્યું : 'હું ધન્ના મંત્રીનું ભવન અને મિલ્કત આંચકી લઉં છું...આપ અન્યત્ર રહેવાનો બંદોબસ્ત કરી લેજો. એ ભવન ધન્ના મંત્રીનું છે અને મિલ્કત પણ તેમની જ છે તેથી આપને ત્યાં નિવાસ કરવાનો કોઈ અધિકાર નથી...'

મોટા ભાઈએ ઘણી વિનંતી કરી પરંતુ મહારાજા પોતાના નિર્ણયમાંથી જરા પણ ડગ્યા નહિ....

અને ત્રણેય ભાઈઓએ ધન્નાનું ભવન ખાલી કરવું પડયું અને ઉજ્જેયિનીમાં જ એક નાનું ભવન ગોતીને રહેવા લાગ્યા.

જીવન એક એવો તખ્તો છે કે ત્યાં હાસ્ય, આનંદ, કરુણા, પ્રેમ, ક્રોધ, વૈર, ઈર્ષ્યા, કામ, રૂદન, વિયોગ વગેરે પ્રકારના અનેક શુભાશુભ તત્ત્વો આવતાં જતાં હોય છે. અને તે પ્રમાણે પોતાની ભૂમિકા ભજવતાં હોય છે. સંસારમાં એક પળે માનવી હસે છે તો બીજી પળે રડવું પડે છે, અને જો આવું કોઈ વૈવિધ્ય ન હોય તો માનવી કદી પણ જીવનના અદૃશ્ય તત્ત્વોને શોધવાનો પ્રયત્ન ન કરે...

ધન્યકુમારે ઉજ્જેયિની છોડીને એક પલ્લીમાં નિવાસ કર્યો અને ત્યાં થોડા દિવસો વિતાવીને રાજગૃહીનો માર્ગ પકડયો...ધન્નાએ વિચાર્યું કે રાજગૃહીમાં સ્થિર થઈ જવું.

રાજગૃહી નગરી...!

મગધની રાજધાની રાજગૃહીમાં ઐશ્વર્ય અને સંપત્તિની છોળો ઉછળતી...ધનધાન્યથી સભર આ નગરી...મગધના મહારાજા શ્રેણિક આ રાજ્યના સ્વામી હતા. રાજગૃહી નગરીના લોકો પરમ સુખી હતા. સુંદર

અને કલાત્મક મંદિરો, અનેક દીપમાળાઓથી સુશોભિત જિનાલયો, નગરીના શ્રેષ્ઠીઓ અને સાર્થવાહો આ નગરીને દૈદિપ્યમાન રાખવાના પ્રયત્નો કરતાં. આ નગરીમાં કોટયાધિપતિઓ વસતા હતા.

ધન્નો રાજગૃહી આવ્યો અને આ નગરીની સમૃદ્ધિ જોઈને અત્યંત આનંદ પામ્યો. ધન્નો રાજગૃહીની એક ધર્મશાળામાં ઉતર્યો ત્યારે જાણ્યું કે નગરીના મંત્રી અભયકુમારને ઉજ્જેયિનીના મહારાજા ચંડપ્રદ્યોત લઈ ગયા છે...આથી નગરીમાં ગમગીની પ્રવેશી ગઇ છે. ચંડપ્રદ્યોત રાજાએ અભયકુમારનું બળથી નહિ પરંતુ છળથી અપહરણ કર્યું છે.

અભયકુમારના અપહરણથી રાજગૃહીની બુદ્ધિ અને શક્તિ જાણે હણાઈ ગયા હોય એવું લાગતું હતું. રાજ્યના કઠિન પ્રશ્નો તેમજ અન્ય સમસ્યાઓ અભયકુમાર સિવાય ઉકેલાતી નહિ. મંત્રી અભયકુમાર બુદ્ધિનો ભંડાર હતો...જો અભયકુમારનું અપહરણ થયું હોય ત્યારે વિકટ પ્રશ્નો પણ એમને એમ પડયા રહેતા. તેનું સ્થાન કોઈ લઈ શકે તેવું પણ કોઈ મળ્યું નહોતું.

ધન્નો રાજગૃહીમાં આવ્યાને આઠ દિવસ થયા હશે ત્યાં શ્રેણિક મહારાજાનો માનીતો હસ્તિ સચેનક પાગલ થઇ ગયો...

સચેનક હાથી મહારાજા શ્રેણિકનો માનીતો...! એકાએક તે પાગલ થઇ જવાથી મહારાજા અને અન્ય

કર્મચારીઓ મુશ્કેલીમાં મૂકાયા....મહાવતોએ અનેક પ્રયત્ન કર્યા પણ હાથી શાંત થાય નહિ...

અને બન્યું એવું કે હાથી હસ્તીશાળામાંથી નીકળીને નગરીમાં ઘુમવા લાગ્યો અને નગરીના લોકોનું નુકસાન કરવા લાગ્યો.

શ્રેણિક મહારાજા આ અંગે ચિંતા વ્યક્ત કરતાં હતાં. ધન્નો નગરીમાં જ હતો.

ચાર દિવસ પસાર થઇ ગયા.

સચેનક હાથી વશ થયો નહિ અને તેની ધમાલ વધવા લાગી....આથી મહારાજાએ ઢંઢેરો પીટાવ્યો....

ધન્નાએ હાથીને વશ કરવાનું માથે લીધું. ધન્નાએ ત્રણ વાર નવકાર મંત્રનું સ્મરણ કરીને હાથીની સામે તેજ દષ્ટિ કરી...હાથી ક્ષણભર માટે ઊભો રહી ગયો.

અને ધન્નાની આંખમાંથી વાત્સલ્યના પૂર વરસાવા લાગ્યા....હાથીનું ગાંડપણ ચાલ્યું ગયું. અને સ્થિર બનીને ઊભો રહ્યો. ધન્નો તેને લઈને મહારાજા શ્રેણિકની હસ્તિશાળામાં લઈ આવ્યો.

એક સેવકે મહારાજને સંદેશો પહોંચાડયો કે આપનો માનીતો હાથી શાંત થઈ ગયો છે અને આ કાર્ય એક પરગામના યુવાને કર્યું છે. મહારાજે સેવકને જણાવ્યું કે તત્કાળ તે યુવાનને મારી સમક્ષ હાજર કરો...

ધન્નાને લઈને સેવક હાજર થયો. નગરીના લોકો ધન્નાની શક્તિ પર ધન્યવાદ વરસાવવા લાગ્યા.

ધન્નો શ્રેણિક મહારાજના વિશાળ રાજભવનમાં આવ્યો અને મહારાજને નમન કરતાં કહ્યું : 'મહારાજ, શી આજ્ઞા છે?'

'આવો...અહીં આસન પર બીરાજો...'

ધન્નો આસન પર બેસી ગયો. મહારાજે કહ્યું : 'તારું નામ શું છે?'

'ધન્યકુમાર...'

'શું કરો છો?'

'મહારાજ, હું અજાણ્યો પરદેશી છું.'

'તારે આ નગરીમાં નિવાસ કરવો પડશે અને મારા અંગત સલાહકાર તરીકે રહેવું પડશે.'

'પણ મહારાજ, હું તો....'

'મારે કોઈ વાત સાંભળવી નથી. પણ મને એ જણાવ કે તેં હાથીને વશ કેવી રીતે કર્યો?'

'મહારાજ, હાથી કેવી રીતે વશ થયો એ મને ખબર નથી પરંતુ મેં તેની સામે વાત્સલ્યભરી નજરે જોયું હતું. અને હાથી શાંત થયો.'

શ્રેણિક મહારાજાએ સેવકને અલ્પાહાર લઈ આવવાનું જણાવ્યું. પછી મહારાજે પૂછ્યું : 'ધન્યકુમાર, તારી પાસે સામગ્રીઓ તો હશે તે તું સેવક મારફત મંગાવી લે....અને અત્યારે અતિથિગૃહમાં નિવાસ કર. પંદરેક દિવસમાં તને આકર્ષક અને ભવ્ય ભવન આપવામાં આવશે...'

ધન્નાએ મસ્તક હલાવ્યું.

ધન્નાએ વિચાર્યું આઠ–દસ દિવસ પહેલાં આ આ નગરીમાં મને કોઈ ઓળખાતું નહોતું અને આજ નગરીના મહારાજાએ શ્રેષ્ઠ સ્થાન આપ્યું જ્યાં મારે અહીં આવીને શું કરવું તે પ્રશ્ન હતો અને આજ...!

માનવીનો પુણ્યોદય ચાલતો હોય ત્યારે કલ્પનામાં પણ ન આવે તે રીતે સંજોગો સાથ આપતાં હોય છે. ને સમયે શુભકર્મનો ઉદયકાળ ચાલતો હોય ત્યારે તે સમયે માનવીના જીવનમાં અણધાર્યા લાભ થતાં રહે છે. ધન્ના પુણ્યશાળી હતો, ધન્નાના પગની પાનીએ પદ્મનું સુંદર ચિહ્ન હતું....ભાગ્યશાળી આત્માઓને જ આવા ચિહ્નો હોય છે.

ધન્નાને મહારાજાએ ભવ્ય ભવન આપ્યું અને તેમાં તમામ પ્રકારની સામગ્રીઓ મૂકવામાં આવી. સેવકો, દાસ–દાસીઓ મૂકવામાં આવ્યા.

એક દિવસ મહારાજે કહ્યું : 'ધન્નાકુમાર, આપ એકલા ક્યાં સુધી રહેશો. સંસારની માયા નથી વળગી...?'

'મહારાજ, એ અંગે મેં વિચાર કર્યો નથી.' ધન્નાએ કહ્યું.

'તો મારી એક ઇચ્છા સત્કારવી પડશે...'

'કહો મહારાજ...'

'મારી પુત્રી સોમશ્રી સાથે તારે વિવાહ કરવા પડશે...' શ્રેણિક મહારાજાએ કહ્યું. ધન્નાએ થોડી આનાકાની કરી પણ મહારાજનું મન દુભવાય નહિ આથી તેણે છેવટે શ્રેણિક મહારાજાની વાતનો સ્વા-કાર કર્યો.

શ્રેણિકે કહ્યું : 'હું આજે જ રાજપુરોહિતને પૂછીને મુહુરત કઢાવી લઈશ...'

'જેવી આપની ઇચ્છા...' ધન્નાએ કહ્યું.

શ્રેણિકે ચેલ્લણાને વાત કરી. ચેલ્લણાદેવી રાજી થયા જ્યારે સોમશ્રીની સખીઓએ આ વાત જાણી એટલે તરત જ સોમશ્રી પાસે જઈને કહ્યું : 'દેવી એક આનંદ-દાયક સમાચાર જણાવું તો આપ શું આપશો ?'

'માલિની, એવા શું સમાચાર છે કે તું આટલી આનંદિત બની ગઈ છો ?'

'દેવી, વાત જ એવી છે કે આપ સાંભળીને મન-ગમતી કલ્પનાઓ કરવા લાગશો...'

'જો તમારે કહેવી હોય તો કહી દો...મારે હજુ સ્નાન કરવા જવું છે...'

'સ્નાન કરીને આપ વસ્ત્રપરિવર્તન કરવા આવો ત્યારે કહીશ.' માલિનીએ આછા હાસ્ય સાથે કહ્યું.

'ભલે...' કહીને સોમશ્રી સ્નાન અર્થે વિશાળ અને આકર્ષક સ્નાનાગારમાં સ્નાન કરવા ગઈ.

સ્નાનગૃહમાં તેની ત્રણ સખીઓ પણ ગઈ.

તૈલમર્દન ઉબટન વગેરે કરતાં કરતાં માલિનીએ કહ્યું: 'વાહ...દેવી વાહ...શું આજ આપનું રૂપ નીખરી આવ્યું છે! ખરેખર પ્રત્યક્ષ કામદેવ આવે તો પણ તે આપનું હરણ કરી જાય...પણ કામદેવને બદલે એક બીજા દેવ આવવાના છે....તે તો આપના રૂપ પાછળ પાગલ બની જશે.'

'માલિની, સાચું કહું તો દેવીનું રૂપ જ માદક અને મસ્તીભર્યું છે દેહમાં યૌવનની મહેંક વરતાય છે... ઓહ...અમારા દેવીને પાનારો કેટલો ભાગ્યવંત હશે...!' લતાએ કહ્યું.

'ઓહ...આજ તમે ત્રણેય મારી મજાક મશ્કરી કેમ કરો છો?' સોમશ્રીએ કહ્યું પણ કોમળ સ્વરે.

'દેવી, આપને ગમતું નહિ હોય તો નહિ કહીએ...' સુવર્ણાએ કહ્યું.

સોમશ્રી સ્નાનકાર્ય પૂર્ણ કરીને સ્નાનાગારમાંથી બહાર નીકળી. આજ માથાબોળ સ્નાન કરેલ હોવાથી સોમશ્રીના પગની પાની સુધી પહોચતા દિર્ઘ કેશ ખુલ્લા હતા. બે સખીઓ સોમશ્રીના કેશ પકડીને પાછળ પાછળ આવી રહી હતી. માલિનીએ તો કહ્યું પણ ખરું: 'દેવી, આપના આ દીર્ઘ કેશ અત્યંત સુંદર અને મોહક છે...'

સોમશ્રીએ ત્યારે કશો ઉત્તર ન આપ્યો. સોમશ્રી તરત જ વસ્ત્રપરિવર્તન અર્થે એક ખંડમાં ગઈ. એક દાસી ઉચ્ચ પ્રકારના વસ્ત્રો મૂકી ગઈ હતી. સુવર્ણના આભુષણોનો થાળ એક ત્રિપદી પર પડયો હતો.

લગભગ અર્ધ ઘટિકામાં સોમશ્રી શણગાર સજીને તૈયાર થઈ ગઈ...ત્યાં એક દાસીએ આવીને કહ્યું : 'રાજકુમારીજી, આપને મહારાજા યાદ કરી રહ્યા છે...'

'હું હમણાં જ આવું છું...' સોમશ્રીએ કહ્યું. તેની સખીઓએ કહ્યું : 'દેવી, અમે કહેતા હતાને આનંદદાયક સમાચાર આપવાના છે તે હવે મહારાજ આપશે...

'પણ છે શું...?'

'દેવી, મહારાજે આપના માટે એક શ્રેષ્ઠ, ભાગ્યવંત, બુદ્ધિશાળી અને આરોગ્યનિષ્ઠ મુરતીયો ગોત્યો છે...'

'કોણ છે?'

'આપ જાણો છો....'

'ના...હું કશું જાણતી નથી...' સોમશ્રીએ કહ્યું.

'દેવી, હમણાં મહારાજના અંગત સલાહકાર તરીકે કોણ છે?'

'ધન્યકુમાર...' સોમશ્રી બોલી ગઈ....

'અમે આપની જેમ ન બોલીએ...!' માલિનીએ હસતાં હસતાં કહ્યું.

સોમશ્રીની આંખો શરમથી ઝૂકી ગઇ અને મુખ લાલ થઈ ગયું.

ત્યાર પછી સખીઓને એકલી મૂકીને મહારાજ પાસે ગઈ. શ્રેણિક મહારાજા સોમશ્રીની પ્રતિક્ષા કરતા હતા.

શ્રેણિક રાજાએ સોમશ્રીને એક આસન પર બેસવા

કહ્યું. સોમશ્રી પિતાને વંદન કરીને એક આસન પર બેસી ગઈ. અને શ્રેણિક મહારાજે કહ્યું : 'પુત્રી, માતાપિતાએ સંસારના જે કાર્યો છે તે પુરા કરવા પડે છે...જો તે પોતાની ફરજ કે કર્તવ્ય ચૂકી જાય તો યોગ્ય લેખાતું નથી...તું યૌવનના પ્રાંગણમાં આવી ગઇ છે. તું દરેક શાસ્ત્રમાં પ્રવીણ બની છો...સંગીતનો અભ્યાસ કર્યો છે...તને પાનાર ખૂબ જ ભાગ્યવંત હોય...અને તારા માટે એક સ્થળ ગોતી રાખ્યું છે...'

મહારાજ આગળ કંઈ કહે તે પહેલાં જ સોમશ્રીએ નમ્ર સ્વરે કહ્યું : 'પિતાજી, આપ જે કંઈ કરશો તે સમજીવિચારીને કરશો. માતાપિતા હંમેશા પોતાના સંતાનોનું કલ્યાણ ઇચ્છતા હોય છે આપને જેમ યોગ્ય લાગે તેમ કરશો....'

'પુત્રી, તારી ઇચ્છા જાણવી હતી....?'

'પિતાજી, આપ મને ગમે ત્યાં મોકલશો ત્યાં હું જવા તૈયાર છું...કોઈ પણ પિતા પોતાની પુત્રીનું બૂરું વાંચ્છી શકતો નથી. આપની જે પસંદગી હોય તેમાં મારી સંમતિ છે જ...!' સોમશ્રીએ કહ્યું.

શ્રેણિક મહારાજ પુત્રીનો ઉત્તર સાંભળીને હર્ષિત બન્યા અને રાજપુરોહિતને બોલાવીને ઉત્તમ તિથિ કઢાવી.

રાજપુરોહિતે પંદર દિવસ પછીનો સર્વશ્રેષ્ઠ દિવસ કહ્યો અને સોમશ્રીના વિવાહ માટે તે દિવસ નક્કી થયો. ધન્નાએ પણ આ વાત સ્વીકારી. વિવાહની સમગ્ર તૈયારી

મહારાજ કરવાના હતા. ધન્નાને સામાન્ય તૈયારી કરવાની હતી. ધન્ના તરફથી કોઈ આવે તેમ નહોતું.

અને એ દિવસ આવી ગયો...

મહારાજે ઘણી જ ધામધૂમથી સોમશ્રીના વિવાહ ધન્યકુમાર સાથે કરાવ્યા. નગરીના અનેક શ્રેષ્ઠીઓ આવ્યા હતા અને લગ્નોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

મહારાજે સોમશ્રીને ભાવભરી વિદાય આપી. સોમશ્રી સ્વામીના ભવન પર આવી.

સુહાગ રાત...!

નરનારીનું પ્રથમ મિલન...!

બે આત્માનું સુભગ મિલન...!

ધન્નાના ભવનમાં ધન્નાનો ખંડ સુંદર રીતે સજાવવામાં આવ્યો હતો. રાત્રિના પ્રથમ પ્રહર બાદ ધન્નો પોતાના ખંડમાં પોતાની પ્રિયા પાસે ગયો. સોમશ્રી મસ્તક નીચું રાખીને શય્યા પર બેઠી હતી.

ધન્નાએ સૌમ્ય સ્વરે કહ્યું : 'પ્રિયે સંસારમાં નરનારનું મિલન અપૂર્વ હોય છે. આપણા આજના મિલનથી એક પ્રતિજ્ઞા લઈએ જો તને સ્વીકાર્ય હોય તો?'

સોમશ્રીએ સ્હેજ મસ્તક ઊંચું કરીને પોતાના તેજસ્વી પતિ સામે જોયું–બોલી નહિ. ખંડમાં દિપમાલિકાઓનો આછો પ્રકાશ પ્રજ્વલિત હતો.

ધન્નાએ પત્ની પાસે ગયો ત્યારે સોમશ્રી ઊભી થઈ

અને મધુર સ્વરે કહ્યું : 'સ્વામી, મારો ધર્મ મને બજાવવા દો...' એમ કહીને એક પુષ્પહાર પતિના કંઠમાં આરોપ્યો અને પગે નમન કર્યું ત્યારે ધન્નાએ કહ્યું : 'પ્રિયે, તારા આગમનથી મારું જીવન સ્થિર બનશે...આજ દિવસ હું અહીંતહીં રહ્યો છું.'

'સ્વામી, આપ કશું કહેવાના હતાને ?' સોમશ્રીએ મૃદુ સ્વરે કહ્યું.

'પ્રિયે, મારા અંતરની એક ભાવના છે જો તું તેનો સત્કાર કરે તો...'

સ્વામી, આપના અંતરની ભાવના આજથી એ મારી બને છે....આપ જે કહેશો તે સ્વીકારવા તૈયાર છું...'

'પ્રિયે, હું જૈન છું...તું પણ જૈન ધર્મની અનુયાયી છો. જો આપણે બન્ને આજથી જ પાંચ તિથિ પાળવાની પ્રતિજ્ઞા લઈએ તો ?'

'સ્વામી, આપે મારા મનની વાત કરી...' સોમશ્રીએ હર્ષભર્યા સ્વરે કહ્યું.

બે દિવસ બાદ તિથિ આવતી હતી. આમ બંને વાતો કરતાં કરતાં સોહાગ રાત ઉજવી.

પતિ–પત્નીની વાતોનો અંત નથી...સોહાગ રાતનો કાળ ક્યાં ચાલ્યો જાય છે તેની ખબર પડતી નથી. રાત્રિના ચોથા પ્રહર બાદ બંને નિદ્રાધીન થયા.

આમ ધન્ના અને સોમશ્રી સુખેથી રહેવા લાગ્યા અને પ્રતિજ્ઞાનું પાલન કરવા લાગ્યા.

એક દિવસ નગરીના એક શ્રેષ્ઠિ કુસુમપાળ પોતાના ઉદ્યાનમાં પોતાના માળી સાથે ચર્ચા કરતો હતો કે આ ઉદ્યાનમાં બધા વૃક્ષો, ફૂલો, લત્તાઓ કરમાઇ કેમ ગયા છે!

ત્યારે માળીએ કહ્યું: 'શેઠ, ઉદ્યાનમાં આમ કેમ બન્યું તે કળી શકાતું નથી...'

ત્યાં ધન્યકુમાર ત્યાંથી પસાર થતો હતો. કુસુમપાળે માળીને કહ્યું: 'જા...ધન્યકુમારને આપણે ત્યાં બોલાવી લાવ...વિવેકથી વાત કરજે...'

માળી તરત જ ધન્નાને બોલાવવા ગયો. ધન્નો કુસુમપાળના ઉદ્યાનમાં ગયો. ધન્નાએ જોયું કે ઉદ્યાન કેમ કરમાયેલા હશે? પણ જેવો તેણે પગ મૂકયો ત્યાં ઉદ્યાનમાં જીવ આવ્યો...ઉદ્યાન નવપલ્લવ થઈ ગયો.

કુસુમપાળ આ આશ્ચર્ય જોઈ જ રહ્યા...તેને થયું કે આ ધન્યકુમાર ખરેખર પુણ્યશાળી છે. કુસુમપાળે ધન્યકુમારનું સ્વાગત કર્યું અને કહ્યું: 'ધન્યકુમાર, આપના જેવા પુણ્યશાળી આત્માના આગમનથી મારો ઉદ્યાન પણ મહેંકી ઊઠયો. મારી એક વિનંતી છે...'

'કહો...'

'પણ આપ નકારશો તો નહિ ને...!'

'ના...આપની જે ઇચ્છા હોય તે જણાવો....હું સ્વીકારી લઈશ.'

'તો ધન્યકુમાર, આપ મારી પુત્રીનો હસ્ત પકડો... કુસુમપાળે કહ્યું.

અને વચને બંધાયો ધન્યકુમારને કુસુમપાળ શ્રેષ્ઠીની પુત્રી પુષ્પવતી સાથે વિવાહ કરવા પડયા.

સોમશ્રીએ પુષ્પવતીનું સ્વાગત કર્યું અને પોતાની બહેન તરીકે માની.

એકવાર શ્રેણિક મહારાજાએ કહ્યું : 'ધન્યકુમાર, આપને કોશામ્બી જવું પડશે...'

'કયા કારણોસર...?'

'ત્યાંના મહારાજા શતાનિકને કંઈક વિકટ પ્રશ્ન થઈ પડ્યો છે. નિરાકરણ થતું નથી આપ જાઓ અને તુરત જ પાછા આવી જજો...'

'જેવી આજ્ઞા...' ધન્નાએ કહ્યું.

અને બીજે દિવસે એક અશ્વ પર સવાર થઈને ધન્નો કોશામ્બી નગરી તરફ જવા વિદાય થયો. માર્ગમાં કશી મુશ્કેલી પડી નહિ.

અને નિશ્ચિત દિવસે ધન્નો કોશામ્બી પહોંચી ગયો. ત્યાં એક ધર્મશાળામાં ઊતર્યો. અને બે દિવસ નગરી નીહાળી. શ્રીજીનેશ્વર ભગવંતના દર્શન કર્યા અને પછી તે મહારાજા શતાનિકને મળવા માટે ગયો.

મહારાજા શતાનિકનો રાજભવન વિશાળ અને ઉત્તમ હતો રાજભવનની પાછળ વિશાળ ઉદ્યાન હતું જે રાજઉદ્યાન હતું તેમાં મહારાજા અને તેના પરિવારના સભ્યો જ આવી શકતા...રાજભવનમાં અનેક દાસદાસીઓ હતા...જે રાજ્યપરિવારના સભ્યોની

સેવા માટે આઠેય પ્રહર તત્પર રહેતા. રાજભવનના મુખ્ય દ્વાર પાસે સશસ્ત્ર ચોકીપહેરો રહેતો હતો.

ધન્નો જ્યારે રાજભવનના મુખ્ય દ્વાર પાસે આવ્યો ત્યારે દ્વારરક્ષકે ધન્નાને રોકીને પૂછ્યું : 'કહો...આપને કોને મળવું છે ?'

'મારે મહારાજને મળવું છે...!'

'આપે થોડી વાર પ્રતિક્ષા કરવી પડશે...હું મહારાજને આપના આગમનનો સંદેશો મોકલીને તેમનો ઉત્તર મેળવું છું.'

'ભલે...હું અહીં બેઠો છું...' કહીને ધન્નો ત્યાં એક બેઠક જેવું હતું ત્યાં બેસી ગયો.

દ્વારરક્ષકે તરત જ એક સેવકને બોલાવ્યો અને રાજગૃહીથી ધન્યકુમાર પધારેલ છે અને આપને મળવા માગે છે. તેવો સંદેશો મોકલ્યો.

જ્યારે મહારાજા શતાનિકે જાણ્યું કે ધન્યકુમાર પધારેલ છે તેથી ઊભા થઈને ધન્યકુમારનું સ્વાગત કરવા આવ્યા.

મહારાજે ધન્નાનું ભાવભર્યું સ્વાગત કર્યું અને રાજભવનના અતિથિખંડમાં લઈ ગયા.

મહારાજ શતાનિકે ક્ષેમકુશળ પૂછ્યા. એક સેવકને મોકલીને જળ મંગાવ્યું અને દુગ્ધના પાત્રો મંગાવ્યા.

મહારાજાએ કહ્યું : 'આપ ક્યાં ઉતર્યા છો ?'

'મહારાજ, મારે નગરીના દર્શન કરવા હતા એટલે

એક ધર્મશાળામાં ઉતર્યો છું...હવે આપ મને જે વિકટ પ્રશ્ન હોય તે જણાવો...'

'ધન્યકુમાર ..આપણે એ માટે આવતી કાલે બેસીશું... રાજભવનના મંત્રણાગૃહમાં દિવસના પ્રથમ પ્રહર બાદ બેસીશું અને આવતી કાલે બપોરનુ ભોજન મારી સાથે લેવાનું છે.'

'જેવી આજ્ઞા...' ધન્નાએ કહ્યું.

ધન્નાએ દુગ્ધનું પાત્ર મોઢે માંડ્યું...દુગ્ધાનુપાન કરીને મુખવાસ ગ્રહણ કર્યો અને કહ્યું : 'મહારાજ, હું આવતી કાલે દિવસના પ્રથમ પ્રહર બાદ આવી જઈશ...'

'એ તો બરાબર છે...પણ આપનો સામાન વગેરે કઈ ધર્મશાળામાં છે ?'

ધન્નાએ ધર્મશાળાનું સ્થળ બતાવ્યું. મહારાજે એક સેવકને તાત્કાલિક બોલાવીને ધન્નાની સામાન-સામગ્રી લઈ આવવાની આજ્ઞા કરી અને રાજ્યના અતિથી-ભવનમાં વ્યવસ્થા કરવાનું એક બીજા સેવકને સૂચવ્યું.

ધન્નાએ કહ્યું : 'મહારાજ, આટલી બધી ઉતાવળ શા માટે ? આવતી કાલે તો આવવાનો જ હતોને ?'

'નહિ....આપ મારા મહેમાન છો...જો આપનું યોગ્ય સ્વાગત ન થાય તો મારા અંતરને શાંતિ ન મળે...' મહારાજે કહ્યું.

અને બીજે દિવસે દિવસના પ્રથમ પ્રહર બાદ રાજ-ભવનના મંત્રણાગૃહમાં ધન્નો શ્રી જિનેશ્વર ભગવંતની સેવાપૂજા કરીને દુગ્ધાનુપાન કરીને આવી ગયો હતો. મહારાજ હજુ

આવ્યા નહોતા. નગરીના મહામંત્રી આવી ગયા હતા. અને અન્ય મુખ્ય રાજ્ય કર્મચારીઓ આવી ગયા હતા.

હવે બન્યું એવું કે ધન્યકુમાર જ્યારે રાજભવનના જિનાલયમાં સેવાપૂજા અર્થે ગયા ત્યારે રાજભવનની અટારીએથી મહારાજા શતાનિકની રાજપુત્રી સૌભાગ્ય-મંજરીની નજર સ્વાભાવિક રીતે ધન્યકુમાર પર પડી અને તેના પર મોહિત થઈ ગઈ....આ વાત તેણે તેની સખીને કરી....સખીએ તે અંગે તપાસ કરી તો જાણવા મળ્યું કે તે યુવાન રાજગૃહી નગરીના મહારાજા શ્રેણિકના સલાહકાર છે. નામ ધન્યકુમાર છે....

સૌભાગ્ય મંજરીએ મનોમન ધન્યકુમારને પતિ તરીકે સ્વીકારી લીધા. સૌભાગ્ય મંજરીએ પોતાની પ્રિય સખી દેવિકાને જ આ વાત કરી. દેવિકાએ મહાદેવીને વાત કરી...

મહાદેવીએ વિચાર્યું કે મહારાજ ભોજન અર્થે પધારે તે પછી વાત કરીશ. આજ ભોજન અર્થે તે યુવાન પધારશે એથી પુત્રીની પસંદગી પણ નીહાળી શકાશે....

મંત્રણાગૃહમાં ધન્યકુમાર મહામંત્રી પાસે શાંતિથી બેઠા હતા.

ત્યાં મહારાજ આવ્યા. સૌએ ઊભા થઈને મહારાજનું સ્વાગત કર્યું. મહારાજનો જયનાદ કર્યો.

મહારાજા શતાનિકે મહામંત્રી સામે જોઈને કહ્યું : ‘મંત્રીશ્વર, પેલું રત્ન બતાવો...’

મહામંત્રીએ અમૂલ્ય રત્ન કાઢ્યું.

મહારાજાએ કહ્યું : 'ધન્યકુમાર, આ રત્નની કિંમત આંકો...!'

ધન્યકુમારે રત્ન હાથમાં લીધું અને થોડી વાર બાદ ખૂબ જ વિચારીને કહ્યું : 'મહારાજ, આ રત્નની કિંમત વીસ લાખ સોનામહોર ગણાય...'

મહારાજે આનંદમાં આવી જઈને પોતાના કંઠમાંથી મોતીનો હાર કાઢીને ધન્નાના કંઠમાં આરોપ્યો...અને કહ્યું : 'વાહ...આપ તો બુદ્ધિના ભંડાર છો... આ અમારો વિકટ પ્રશ્ન આપે ખૂબ જ સહેલાઈથી હલ કરી આપ્યો...'

અને ત્યારબાદ થોડી વાર આ અંગેની ચર્ચા થઈ અને સૌ વિદાય થયા.

રાજભવનમાં બપોરના ભોજન અર્થે ધન્નાને જવાનું હતું એથી તે દિવસના બીજા પ્રહર બાદ રાજભવનમાં આવ્યો.

મહારાજ ધન્નાની પ્રતિક્ષા કરી રહ્યા હતા. મહાદેવીએ સૌભાગ્યસુંદરીની વાત મહારાજને કરી દીધી હતી. મહારાજા શતાનિકે ધન્નાનું સ્વાગત કર્યું અને કહ્યું : 'આવો કુમાર, હું આપની પ્રતિક્ષા કરી રહ્યો હતો....!'

ધન્નાએ એક આસન પર બેઠક લીધી.

મહારાજા શતાનિકે કહ્યું : 'ધન્યકુમાર, મારા પર એક ચિંતા આવી પડી છે...તેનો ઉકેલ આપની પાસે છે....'

ધન્નો કંઈ સમજ્યો નહિ...છતાં તેણે કહ્યું : 'મહારાજ, આપને કયો પ્રશ્ન સતાવી રહ્યો છે ?'

'આપ શાંતિથી સંભાળજો...અને આપને જે નિર્ણય

લેવો હોય તે લેજો...આજ આપ રાજભવનના જિનાલયમાં સેવાપૂજા અર્થે ગયા હતા...!'

'હા...પ્રાતઃકાર્ય પતાવીને પૂજા અર્થે ગયો હતો.'

'ધન્યકુમાર, મારે એક પુત્રી સૌભાગ્યમંજરી છે તે મહેલની અટારી પર બેસીને વિચાર કરી રહી હતી ત્યાં સ્વાભાવિક રીતે તેની દૃષ્ટિ આપના પર પડી અને ત્યારે જ તેણે આપને મનોમન સ્વામી તરીકે માની લીધા. અને આપ તો જાણો છો કે આર્ય નારીના મનની શક્તિ કેટલી પ્રબળ હોય છે...તે આપની જીવનસંગિની બનવા ઇચ્છે છે...હવે આ પ્રશ્નનું શું કરવું તે આપના પર છોડું છું...'

'મહારાજ, અત્યારે હું બે સ્ત્રીઓનો સ્વામી છું...જો દેવી પોતાનું મન બદલાવે તો?'

'ધન્યકુમાર, આર્ય નારી જેને પતિ તરીકે સ્વીકારે છે તેના પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિથી જુએ છે. નારીનું મન ચલિત થતું નથી.'

'જો આપ સર્વની ઇચ્છા હોય તો હું આપની પુત્રી સાથે પાણિગ્રહણ કરીશ...' ધન્નાએ કહ્યું.

બપોરનું ભોજન પત્યું...રાજપુરોહિતને બોલાવવામાં આવ્યા અને ત્રણ દિવસ પછી ઉત્તમ દિવસ નીકળતો હોઈ ને ધન્નો ત્રીજી નારીનો સ્વામી થયો.

મહારાજા શતાનિકે કરીયાવરમાં એકસો હાથી, પાંચસો, અશ્વો, પાંચસો ગૌમાતા, અને અઢળક લક્ષ્મી આપી.

આઠ દિવસ બાદ ધન્યકુમાર સૌભાગ્યમંજરીને લઈને રાજગૃહી તરફ ગયો.

**જગતમાં** દંભી અને જુઠા માણસો વધારે સ્વચ્છં, પવિત્ર અને નિષ્પાપ હોવાનો દેખાવ કરતાં હોય છે. દંભને અને અસત્યને છુપાવવાની આ એક સનાતન કલા છે. આ કલા લોકની આંખને પણ અવળા પાટા બંધાવી દે છે...

રાજગૃહીમાં મહારાજા શ્રેણિકની રાજસભા ભરાઈ હતી...દિવસનો પ્રથમ પ્રહર વીતી ગયો હતો. સુર્યદેવના સહેજ તીખાં કિરણો જગતપટ પર વરસી રહ્યા હતા. પક્ષીઓ મુક્તપણે ગગનવિહારી બની ગયા હતા.

મગધ દેશમાં મહારાજા શ્રેણિકની રાજસભા નીહાળવા જેવી હતી. પરગામના અનેક લોકો રાજસભાનું સંચાલન જોવા આવતાં. રાજસભામાં આ અંગે અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. મગધરાજના રાજ્ય કર્મચારીઓ પણ અસાધારણ શક્તિઓ ધરાવતા હતા. તેમની રાજ્ય પ્રત્યેની ભક્તિ અપૂર્વ હતી. મહારાજના પ્રત્યેક બોલ પર પોતાની શક્તિ ખરચી નાંખવાને હંમેશા ખડેપગે

તૈયાર રહેતા...આથી અન્ય પ્રાંતોમાં મગધની કીર્તિ કસ્તુરીની સુગંધ માફક પ્રસરી હતી.

મગધદેશની રાજલક્ષ્મીના પદને સંપૂર્ણપણે વ્યક્ત કરતાં આદર્શ અને અત્યંત સુશોભિત વિશાળ સભાખંડમાં મહારાજા શ્રેણિક પોતાના બહુ મુલ્યવાન વસ્ત્રાલંકારો, હીરક વલય રૂપ રાજમુગટ ધારણ કરીને રત્નજડિત સુવર્ણમય સિંહાસન પર બીરાજ્યા હતા. મહારાજાની આજુબાજુ મંત્રીવર્ગ, રાજપુરોહિત અને મહાસેનાપતિ વગેરે બિરાજમાન હતા.

મહારાજા શ્રેણિકની ડાબી બાજુએ પરગામના રાજવીઓ બિરાજમાન હતા જે કુતૂહલથી રાજસભાનું સંચાલન નીહાળવા આવ્યા હતા. રાજ્ય કર્મચારીઓની પાછળ શ્રેષ્ઠીવર્ગ બિરાજ્યો હતો. ધન્નો અગ્રભાગે એક આસન પર બિરાજમાન હતો. ગોભદ્ર શેઠ શ્રેષ્ઠીઓમાં અગ્રભાગે બેઠા હતા. તેની પાછળ સ્ત્રીવર્ગ હતો.

મહારાજા શ્રેણિકની બંને બાજુએ સહેજ પાછળ ઊભા રહીને બે સેવકો મયુરપીંછના પંખ ઢાળી રહ્યા હતા.

રાજસભા ખીચોખીચ ભરાઈ હતી.

રાજપુરોહિતે ઊભા થઈને નમ્ર સ્વરે સ્વસ્તિવાંચન કર્યું અને કવિઓએ રાજાની પ્રસંશા કરી. મગધદેશના મંત્રી અભયકુમારનું અપહરણ થયેલ હોવાથી એમનું આસન ખાલી પડયું હતું.

એક મંત્રીએ ઊભા થઈને સર્વ સભાજનો તરફ

જોઈને કહ્યું : 'મહારાજાધિરાજ, અને સભાજનો, રાજસભાની કાર્યવાહી શરૂ થાય છે...આજની સભામાં આપ સૌની સમક્ષ દેવી અનંગસેનાનું નૃત્ય રજૂ થશે...નૃત્યકલામાં અભૂતપૂર્વ સાધના હાંસલ કરેલ છે. ગઈ કાલે કામરૂપ પ્રદેશની નર્તકી – અનંગસેના દેવીએ પોતાની ઇચ્છા મહારાજાને જણાવી અને મહારાજાધિરાજે પ્રસન્ન હૃદયે રાજસભામાં પોતાની કલા વ્યક્ત કરવાની અનંગસેના દેવીને રજા આપી...આ અંગે નગરીમાં જાણ કરવામાં આવી. આપ સૌ અનંગસેના દેવીની નૃત્ય-સાધનાને સત્કારશો, મહારાજા આજ્ઞા આપે એટલે અનંગ-સેના દેવી પોતાની કલા રાજસભામાં વ્યક્ત કરશે...' મંત્રીએ મહારાજા સમક્ષ જોયું.

શ્રેણિક મહારાજાએ મસ્તક પ્રસન્ન થઇને હલાવ્યું.

અને...!

જાજરમાન નર્તકી...

અનંગસેના...!

રાજસભાના મધ્યભાગમાં આવી. રાજ્યની વાદ્ય-મંડળીએ એક તરફ સ્થાન લઇ લીધું હતું અને સુમધુર સુરાવલિઓ વહેવડાવી શરૂ કરી...

ત્યાં સૌના આશ્ચર્ય વચ્ચે કામરૂપ પ્રદેશની નર્તકી અનંગસેના રાજ્યસભાના મધ્યભાગમાં આવી. શ્રેષ્ઠ અને સુવર્ણ, રત્નજડિત અલંકારો ધારણ કર્યા હતા. આજ તે રાજસભામાં પ્રસન્નતાભર્યું નૃત્ય રજૂ કરવાની

હતી. નૃત્યનું નામ ‘ મધુરિકા ’ હતું. શ્રેણિક મહારાજાની રાજસભામાં પ્રસંગ વગર આવા નૃત્યોના કાર્યક્રમ થતા નહિ પરંતુ આજ નર્તકીની કલાભાવનાને પોષવા ખાતર અનંગસેનાનું નૃત્ય રાખવામાં આવ્યું હતું.

અનંગસેનાએ આછા ગુલાબી રંગનો કંચુકી-બંધ ધારણ કર્યો હતો શ્વેતપટ્ટક હતું અને ઉત્તરીય ધારણ કર્યું હતું મસ્તકના કાળા ભમ્મર જેવા કેશની સૌંદર્યભરી લટોમાં કલાત્મક રીતે નાના પુષ્પો ગુંથી લેવામાં આવ્યા હતા. કંઠમાં સુવર્ણ રત્નજડિત અલંકારો હતા. બંને હાથે કમળ આકારના કંકણ હતા..પગમાં સુવર્ણના ઝાંઝર હતા.

સૌ પ્રથમ નર્તકી અનંગસેનાએ ભાવભર્યા હૈયે મહારાજાને નમન કર્યું...અને સમગ્ર પ્રેક્ષકો તરફ નજર કરી.

નૃત્ય શરૂ થયું...

સંગીતના પ્રસન્નતાભર્યા સ્વરો ગુંજવા લાગ્યા. અનંગસેનાની હસ્તની અને પગની ઝાંઝરો તાલ પ્રમાણે નૃત્ય કરવા લાગી.

થોડી વારમાં નૃત્ય યુવાનીમાં પ્રવેશવા લાગ્યું. નયનોના મદભર્યા નર્તનથી નૃત્યકલામાં જીવ આવ્યો.

નયનોની પરિભાષા અર્થે કવિઓએ અનેક તર્કો કર્યા છે. પરંતુ તેઓ નયનોની પરિભાષા પાર પામી શકતા નથી. નયનોની પરિભાષા કેવળ નયનોથી જ પરખાય

છે. અને એ પરિભાષામાં પ્રેમ, મોહ, કામ, રાગ, વાત્સલ્ય, રોષ, મધુર હાસ્ય અને એવા અંતરના ભાવો મૌનભાવે ઉભરતા હોય છે.

અનંગસેનાના નયનોમાં આનંદ પ્રગટ થતો હતો... સુંદર અને રસિકઉદ્યોનમાં જાણ્યે વસંતનું આગમન થયું.

પ્રેક્ષકો નાચી ઊઠ્યા...સૌના હૈયા પ્રસન્ન બન્યા... પ્રેક્ષકો બીરદાવે કોને ?

નૃત્યને કે નર્તિકાને...?

નર્તકી તો નર્તન દ્વારા પોતાના હાવભાવ પ્રદર્શિત કરતી હતી.

મહારાજા શ્રેણિક શાંતચિત્તે નૃત્ય નીહાળી રહ્યા હતા. ધન્નાકુમાર પણ નૃત્ય જોઈ રહ્યા હતા. કલા રસિકો કલ્પનાના રંગે જઈ ચૂકયા હતા અને અનંગસેનાની કલાને સ્વર્ગની અપ્સરા સાથે સરખાવી રહ્યા હતા. તેઓ કહી રહ્યા હતા કે ઈન્દ્રની રાજસભામાં જાણ્યે અપ્સરા નૃત્ય ન કરતી હોય તેવું જણાતું હતું...

ઘણા રસિકો નૃત્ય કરતાં નર્તકીમાં રસ લઈ રહ્યા હતા. નર્તકીના રૂપ, યૌવન અને તેની છટાના શિકારી બની ગયા હતા.

'મધુરિકા' નૃત્ય હર્ષનાદ વચ્ચે સમાપ્ત થયું. સૌ સભાજનો પ્રસન્ન બન્યા અને નર્તકીએ નાની ઉમ્રમાં મેળવેલી અપાર સિદ્ધિની પ્રશંસા કરવા લાગ્યા.

શ્રેણિક રાજાએ પ્રસન્ન સ્વરે નર્તકીની કલાને બીરદાવી અને રાજ્ય તરફથી શ્રેષ્ઠ શીરપાવ આપવામાં આવ્યો.

નર્તકી અનંગસેનાએ વિદાય લીધી.

મંત્રી ઊભા થયા અને પ્રસન્ન સ્વરે નર્તકીની કલાના ગુણગાન ગાયા અને કહ્યું : ' આજ કોઇને કશી ફરિયાદ રજૂ કરવી હોય તો આગળ આવે...'

ત્યાં બે વેપારીઓ ઊભા થયા અને મહારાજ સામે જોઈને કહ્યું : ' મહારાજ, અમારી ફરિયાદ સાંભળો ...'

મંત્રીએ કહ્યું : ' આગળ આવીને જણાવો...'

બંને વેપારી આગળ આવ્યા. તેમાં એક વેપારી એક આંખે કાણો હતો.

મહારાજે કહ્યું : ' કહો...શું કહેવું છે ? '

' મહારાજ, આ નગરીમાં ગોભદ્રશેઠ નામના કોટયાધિપતિ રહે છે...એકવાર હું એમની પેઢી પર ગયો હતો અને મેં તેમની પાસેથી એક લાખ સૌનેયા લીધી હતી તેની જગ્યાએ મેં મારી એક આંખ ધિરાણે મૂકી હતી... એ વાતને થોડોઘણો સમય ચાલ્યો ગયો. અને ગઈ કાલે હું એક લાખ સોનામહોર પાછી આપવા અને મારી આંખ પાછી મેળવવા ગયો હતો પણ ગોભદ્રશેઠ એમ કહે છે કે આંખ તે ઘરાણે મુકાતી હશે અને જાણે આ વાત જાણતાં જ ન હોય તે રીતે વર્તે છે...હવે આપ આ પ્રશ્નનું નિરાકરણ લાવો...હું એમનું કરજ ચુકવવા તૈયાર છું ગોભદ્રશેઠ જો મારી આંખ પાછી આપી ન

શકે તો એ બદલ રાજ્યે મને નુકશાની અપાવવી જોઈએ.

'તારે આંખ શા માટે પાછી જોઈએ છીએ?' મહારાજે કાણીયા વેપારી સામે જોઈને કહ્યું.

'મહારાજ, હમણાંથી લોકો મને ચીડવે છે એથી મારી પાસે શેઠની આપેલી રકમ આવતાં હું લાખ સોનામહોર આપું છું તે મારી આંખ પાછી માંગુ છું. ન્યાય આપો...'

સર્વ સભાજનો આ વિચિત્ર કોયડો સાંભળીને આશ્ચર્યમાં ગરકાવ બન્યા.

સૌને થયું કે આ કાણીયો વેપારી કંઈ એમને એમ એક લાખ સોનૈયા આપે નહિ તેથી તેની વાતમાં તથ્ય છે.

શ્રેણિક મહારાજે ગોભદ્રશેઠને આગળ બોલાવ્યા અને નમ્ર ભાવે પૂછ્યું: 'શેઠજી, આ કાણીયો વેપારી કહે છે તે વાત સાચી છે?'

ગોભદ્ર શેઠે કહ્યું: 'મહારાજ, આ આખી વાત અસત્ય છે. આ કાણો વેપારી એ રીતે મને પરેશાન કરવા માગે છે અને છળકપટથી મારી લક્ષ્મી લુંટવા માગે છે...'

મહારાજા શ્રેણિક આ વિવાદનો ન્યાય કરવા માંગતા હતા. પરંતુ બંનેમાં કોણ સાચું છે તે એમનાથી સમજાતું નહોતું અત્યારે અભયકુમારની ગેરહાજરી સાલવા લાગી....મહારાજે વિચાર્યું કે બુદ્ધિનો ભંડાર અભયકુમાર હાજર હોત તો આ પ્રશ્નનો ઉકેલ આવી ગયો હોત.

શ્રેણિક રાજાએ પોતાના જમાઈ ધન્નાકુમારને આ પ્રશ્ન સોંપી દીધો અને કહ્યું : 'ધન્નાકુમાર, આમાં મને કોણ સાચું છે તે જ સમજાતું નથી. આપ જ તેનો ઉકેલ લાવો ....કાણો વેપારી એક લાખ સોનૈયા ગોભદ્રશેઠને આપવા તૈયાર થાય...આટલી મોટી રકમ કોઈ કારણ વગર આપે નહિ તેથી તેની વાતમાં તથ્ય લાગે જ્યારે ગોભદ્રશેઠના કહેવા પ્રમાણે આ ઉપજાવી કાઢેલી વાત છે...તમે જ ન્યાય કરો...'

રાજસભાના દરેક સભ્યોની નજર ધન્ના પર ગઈ અને ધન્નાકુમાર આ પ્રશ્નનો ઉકેલ કઈ રીતે લાવે છે તે જાણવું હતું...

ધન્નાકુમારે કહ્યું : 'ગોભદ્રશેઠ, આપ લાખ સોનામહોર લઈ લો અને કાણા વેપારીની આંખ પાછી આપી દો... લાખ સોનામહોર જેવી મોટી રકમ કોઈ આપવા આવે ખરો ?'

કાણો ધૂર્ત વેપારી આનંદ પામ્યો અને મનમાં થયું કે હવે મારા તરફ ન્યાય થશે. તેણે આનંદમાં આવી જઈને કહ્યું : 'ધન્નાકુમાર, સોનામહોરની ખપ ખાતર મને લોકો કાણો કાણો કહે છે સહ્યું પણ હવેમારે આ પરિસ્થિતિમાં રહેવું નથી. આપ મને મારી આંખો અપાવો...'

'તારી વાત સત્ય છે તને તારી આંખ પાછી મળશે પણ એક વસ્તુ સાંભળી લે...ગોભદ્ર શેઠ રાજગૃહીના સૌથી વધુ ધનાઢ્ય શ્રેષ્ઠી છે...અઢળક સંપત્તિના સ્વામી

છે. એમને ત્યાં ઘણા પરિવારો કંઈને કંઈ ઘરાણે મુકી જાય...અને વધુ લક્ષ્મીની જરૂરત રહે તેથી નેત્ર પણ ઘરાણે મુકી જાય...બરાબર છે ને ?

'હા...ધન્નાકુમાર આપની વાત સત્ય છે.' પેલા ધૂર્ત કાણા વેપારીએ હર્ષભર્યા સ્વરે કહ્યું.

'પણ ગોભદ્રશેઠ પાસે આવી ઘણી આંખો છે. તેમાંથી તારી આંખ શોધવી કેવી રીતે ? જો તું તારી બીજી આંખ આપે તો શેઠ તોલ આકાર મેળવી તને તુર્ત જ તારી ઘરાણે રાખેલી આંખ આપી દેશે...'

ધન્નાએ આટલું કહીને કાણા વેપારી સામે જોયું ત્યારે કાણા વેપારીના મુખ પરનું નુર ઊડી જતું જોયું.

ધન્નાએ વાતને આગળ ચલાવતાં કહ્યું: 'એટલી વાત નક્કી છે કે ગોભદ્રશેઠે જ્યારે તારી આંખ ઘરાણે રાખી છે ત્યારે તેમનો એ એક જ વેપાર હોવો જોઈએ. આથી એમ માની શકાય કે તેઓની પાસે બીજી અસંખ્ય આંખો હશે. એમાં તારી આંખ કંઈ છે એ શોધવું મુશ્કેલ થઈ પડે...પણ જો તારી આ બીજી આંખ કાઢીને આપે તો ગોભદ્રશેઠ તારી આંખ શોધી આપે. અને આમેય તારો આંખ કાઢી આપવાનો જૂનો અભ્યાસ હશે, એટલે તને કોઇ મુશ્કેલી નહિ નડે....'

પેલો ધૂર્ત કાણો વેપારી ગભરાયો તે જાણતો હતો કે પોતાની એક આંખ રોગમાં જ ગુમાવી હતી અને હવે ધન્નાકુમારના કહેવા પ્રમાણે બીજી આંખ કાઢી આપું

તો....તો તો મુશ્કેલી સર્જાઈ જાય...આથી તે ભર રાજસભામાં નાસી જવા માગતો હતો પણ રક્ષકોએ બંધનગ્રસ્ત બનાવ્યો.

આ રીતે છળકપટના ગુન્હા હેઠળ મહારાજાએ ભારે રકમનો દંડ કરીને છોડી મૂકયો. ગોભદ્રશેઠ ધન્નાનો ન્યાય જોઈને હર્ષિત બન્યા અને પોતાના પર આવેલી વિપત્તિ ટળી ગઈ...

રાજગૃહીમાં ધન્નો બુદ્ધિનિધાન ગણાયો અને ન્યાય-પૂર્ણતાની આ વાત જોતજોતામાં સમગ્ર નગરીમાં ફેલાઈ ગઈ. શ્રેણિક મહારાજાએ ધન્નાને સર્વ મંત્રીઓમાં મુખ્ય મંત્રીનું સ્થાન આપ્યું.

ગોભદ્રશેઠ પોતાના વિશાળ ભવન પર પાછા આવ્યા ત્યારે ભદ્રાશેઠાણી સ્વામીની પ્રતિક્ષા જ કરી રહ્યા હતા. ભદ્રાશેઠાણીએ કહ્યું : 'સ્વામી, આજ આપને ઘણો વિલંબ થયો?'

'પ્રિયે, આજ તો મારી આબરૂની રક્ષા ધન્યકુમાર નામના બુદ્ધિનિધાન યુવાને કરી...જો તેઓ ન હોત તો મુશ્કેલી સર્જાઈ જાત...'

'મેં હમણાં ભવનની દાસી મારફત જાણ્યું પણ આપ વિગતવાર કહો...'

ગોભદ્રશેઠે કહ્યું : 'પ્રિયે, ગઈ કાલે એક કાણો વેપારી આપણી પેઢી પર આવ્યો હતો અને એક લાખ સૌનેયા આપીને પોતાની આંખ મેળવવાની માંગણી કરતો હતો

તેનું કહેવું એમ હતું કે મેં તેની આંખ ઘરાણે રાખી છે...મેં તેને ઘણું સમજાવ્યો અને આ વાત અહીં અટકી પડે એટલા ખાતર દસહજાર સોનાંમહોર આપવાનું કહ્યું પણ તે માન્યો નહિ અને આજ રાજસભામાં આવીને મહારાજ સમક્ષ મારા અંગે ફરિયાદ કરી. સૌ તેની ફરિયાદ સાંભળી વિચારમાં પડી ગયા. મહારાજને થયું કે આ પ્રશ્નનો ઉકેલ કઇ રીતે લાવવો ? ત્યારે ધન્નાકુમારે બુદ્ધિ-પૂર્વક કાણા વેપારીની છળવિદ્યા પકડી પાડી....અને ન્યાય-પૂર્ણ ન્યાય થયો...'

'સ્વામી, એક વાત આપને જણાવું...'

'કહે...' ગોભદ્રશેઠે કહ્યું.

'સ્વામી, એ બુદ્ધિનિધાન ધન્યકુમારને જોવાની મારી ઇચ્છા છે. તેઓને આપણા ભવન પર લઈ આવો અને અહીં ભોજન કરે...'

'ભલે...આવતીકાલે જ ધન્નાકુમારને લેતો આવીશ...' ગોભદ્રશેઠે કહ્યું.

બીજે દિવસે ગોભદ્રશેઠનું આમંત્રણ સ્વીકારીને દિવસના બીજા પ્રહર બાદ ધન્યકુમાર સુવર્ણજડિત રથમાં બેસીને ગોભદ્રશેઠના વિશાળ ભવન પર ગયો.

ભવનના દ્વારરક્ષકે ભાવભર્યું સ્વાગત કર્યું અને ધન્યકુમારના આગમનના સમાચાર કહેવડાવ્યા.

ગોભદ્રશેઠ અને ભદ્રા શેઠાણીએ ધન્નાને આવકાર આપ્યો. ભદ્રા શેઠાણી ધન્યકુમારને જોતાં જ લાગ્યું કે

આ સૌમ્ય છતાં અતિ તેજસ્વી મુખ ધરાવતો બુદ્ધિ-નિધાન યુવાન મારી પુત્રી સુભદ્રા માટે યોગ્ય છે. આ વાત નિરાંતે સ્વામીને કરીશ.

ધન્નો ગોભદ્રશેઠની સમૃદ્ધિ જોઈને ચકિત થઈ ગયો. ઓહ....ગોભદ્રશેઠ અપાર સંપત્તિના સ્વામી છે... ગોભદ્રશેઠે કહ્યુ : 'આવો ધન્યકુમાર, આપે જે ન્યાયપૂર્ણ ઉકેલ કર્યો છે તે બદલ મને ખૂબ જ હર્ષ થયો છે.'

'શેઠ, આપ મારી પ્રશંસા કરી રહ્યા છો...' ધન્નાએ નમ્ર સ્વરે કહ્યું.

થોડી વાર સામાન્ય વાતચીત કરીને ધન્યકુમાર ગોભદ્ર શેઠ, ભદ્રા શેઠાણી વિશાળ ભોજનખંડમાં ભોજન અર્થે ગયા.

ભોજનગૃહ ઘણો જ સુશોભિત હતો. સુવર્ણના આસનો બીછાવવામાં આવ્યા હતા. થોડી વારમાં સુવર્ણના પાત્રો એક સેવક મૂકી ગયો. ધન્નો ગોભદ્રશેઠની બાજુમાં બેસી ગયો. ભદ્રા શેઠાણી સ્વામીની સામે બેઠી.

થોડી વારમાં તો બત્રીસ જાતનાં પકવાન અને અસંખ્ય સામગ્રી પીરસવામાં આવી. ધન્નો આટલી સામગ્રી જોઈને આછા હાસ્ય સાથે કહ્યુ' : 'શેઠજી, આપે મારા સ્વાગતની પૂરેપૂરી તૈયારી કરી લાગે છે...અહીં જે પીરસવામાં આવેલી ભોજનસામગ્રી માત્ર ચાખું તો પણ તૃપ્તિ થઈ જાય...'

'ધન્નાકુમાર, અમે કંઈ વિશેષ કર્યું જ નથી...' ભદ્રા શેઠાણીએ કહ્યું.

ધન્નાએ કશો ઉત્તર ન આપ્યો પરંતુ શાંતિથી પોતાના પાત્રમાં ત્રણ-ચાર સામગ્રી લઈ લીધી. ગોભદ્ર શેઠે અતિ આગ્રહ કરી ધન્નાકુમારને જમાડયો.

ધન્યકુમાર ઊભો થયો ત્યારે શેઠના આગ્રહને વશ થઈને ભોજન વિશેષ લેવાઈ ગયું હતું.

ભોજનાદિ નિવૃત થઈને મુખવાસ ગ્રહણ કર્યો અને ધન્નાએ પોતાના ભવન પર જવા રજા માંગી... ધન્યકુમાર પોતાના રથમાં બેસીને વિદાય થયો.

આ તરફ ગોભદ્ર શેઠે કહ્યું : 'પ્રિયે, ધન્યકુમાર ખૂબ જ શાંત, ગંભીર અને ધર્મનિષ્ઠ છે...'

'તો પછી આપને વિચાર આવ્યો કે નહિ ?' ભદ્રાએ પૂછ્યું.

'કઈ બાબતનો વિચાર ?' ગોભદ્ર શેઠે સવાલ કર્યો.

'આપણી સુભદ્રાનો...!'

'ઓહ...ખરેખર જો સુભદ્રાનું નક્કી થાય તો સુભદ્રા ઘણી જ ભાગ્યવંત ગણાય...'

'તો પછી વાત કરોને...' ભદ્રા શેઠાણીએ કહ્યું.

'પ્રિયે, ધન્યકુમાર અત્યારે ત્રણ સ્ત્રીઓનો સ્વામી છે....'

'ભલે....પણ સુભદ્રા માટે ધન્યકુમાર જેવું બીજું કોઇ પણ પાત્ર મળશે નહિ...'

'તારી વાત બરાબર છે...હું આવતીકાલે જ ધન્યકુમારને પૂછી જોઈશ....'

'ભુલાય નહિ...' ભદ્રા શેઠાણીએ કહ્યું.

'પ્રિયે, હવે આ પ્રશ્ન મારો થઈ પડે છે...તું ચિંતા કરીશ નહિ...ગોભદ્ર શેઠે કહ્યું.

અને બીજે દિવસે ગોભદ્ર શેઠ ધન્યકુમારના ભવને એ મુનિમને લઈને ગયા અને વાત પાકી કરી લીધી. ધન્યકુમારે ગોભદ્ર શેઠની ભાવનાને નકારી શક્યો નહિ.

થોડા દિવસો બાદ ઉત્તમ મુહરત જોવડાવીને ધન્નાના વિવાહ સુભદ્રા સાથે થયા.

સુભદ્રા રૂપવતી જ નહોતી પણ સંસ્કારી, ધર્મિષ્ઠ અને સુશીલ નારી હતી.

ધન્નાના ભવનમાં આવ્યા બાદ ધન્નાએ તેને મુખ્ય સ્થાન આપ્યું.

થોડા વખતમાં તે બીજી ચાર સ્ત્રીઓનો સ્વામી થયો જે શ્રીમંતોની કન્યા હતી.

આમ તે આઠ રૂપવતી, શુશીલ અને સંસ્કારી સ્ત્રીઓનો સ્વામી થયો.

**ધન્નાના** આંગણે આજ વૈભવવિલાસની છોળો ઉડતી હતી. હજુ થોડા વખત પહેલાં જ્યારે નગરીમાં પગ મૂકયો ત્યારે ધન્નાને કોઈ જાણતું નહોતું અને આજ વૈભવ, વિલાસ અને સમૃદ્ધિ તેના પગ ચુમતી હતી. થોડા સમયમાં નગરીના લોકો ધન્નાના ગુણગાન ગાતાં થઈ ગયા હતા. તેજસ્વી, સુશીલ અને સંસ્કારી આઠ સ્ત્રીઓનો સ્વામી થયો.

એક દિવસ ધન્ના શેઠ પોતાના ભવનની અટારી પર બેઠા હતા અને વિચારતાં હતાં....

માનવીના દેહને જેમ યૌવનનું તેજ તેજસ્વી બનાવે છે તેમ ધનનું તેજ ઝળહળાટ આપે છે. એજ રીતે જો તપ અને જ્ઞાનનું તેજ જો દેહને સાંપડે તો કાયા દેવ કરતાંયે વધારે સુંદર અને સોહામણી બની જાય છે.

યૌવનનું તેજ સહુને જીવનમાં એક વાર સ્વાભાવિક મળે છે. અને તે તેજને સાચવી રાખવામાં આવે કે તેને પચાવી લેવામાં આવે તો માનવીનું આરોગ્ય અજોડ બની જાય છે...

ધનનું તેજ તો પુણ્યોદય હોય તો જ પ્રાપ્ત થાય છે...લક્ષ્મીનું તેજ તો માનવી જીરવી ન શકે તો લક્ષ્મી ચાલી જાય છે...અને સાથોસાથ વેદનાઓ મુકતી જાય છે...હૈયામાં વિષાદનાં વાદળો છવાઈ જાય છે.

પરંતુ પુરુષાર્થના બળે પ્રાપ્ત થતું જ્ઞાન અને તપનું તેજ જો માનવી મેળવી શકે તો માનવી સંસારના સર્વ દુઃખોને પી જવાની અને જન્મ મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવાની મહાશક્તિનો સ્વામી બને છે.

જ્યારે માનવીને દેહ પર, યૌવન, જ્ઞાન અને તપ એમ ત્રણ તેજ એકત્ર થાય ત્યારે એના ધન્ય જીવનની શી વાત કરવી? આવો ત્રિવિધ યોગ ભાગ્યે જ પ્રાપ્ત થતો હોય છે. જેનો આત્મા વિરલ હોય તેજ આ ત્રણેય યોગનો સ્વામી બની શકે છે.

સંસાર ચાલ્યો જાય છે...જન્મમરણની પ્રક્રિયા નિરંતર ચાલુ રહે છે. ક્ષણિક સુખ ખાતર માનવીની સંસાર પ્રત્યેની કામના અનંત હોય છે અને લોભામણા, સોહામણા સંસારને છોડી શકતો નથી.

માનવી એટલું વિચારતો નથી કે દેહ પણ આપણો નથી તો તેના પર મમત્વ શા માટે? યૌવન, સુખ, વૈભવનાં નશામાં રાચતો માનવીમે આવી કલ્પના ક્યાંથી આવે?

ધન્યકુમારના અંતરમાં વિચારોનો સંઘર્ષ જાગ્યો અને વૈભવ, વિલાસ અને સમૃદ્ધિ પર ઘૃણા જાગવા માંડી....

અને અંતરમાં મુક્તિની ઝંખના જાગી...

ધન્યકુમાર વધુ વિચારે તે પહેલાં જ સુભદ્રાએ પોતાના સ્વામીને વિચારોની વણઝારમાંથી જાગૃત કરીને મધુર સ્વરે કહ્યું : ' સ્વામી, મારા પિતાશ્રીની પેઢી પરથી તેમનો મુનિમ આપને સંદેશો આપવા આવ્યો છે...આપ પધારો છો કે ? '

' હા...પ્રિયે, ચાલ હું તારી સાથે જ આવું છું...' ધન્નાએ ધ્યાનમુક્ત થઈને કહ્યું.

ચાલતાં ચાલતાં સુભદ્રાએ કહ્યું : ' સ્વામી, આપ શા વિચારમાં હતા ? '

' પ્રિયે ભવોભવના બંધનોમાંથી મુક્ત થઈને અનંત-સુખની પ્રાપ્તિ માટે શું કરવું જોઈએ...તે અંગે વિચારતો હતો ! '

' સ્વામી, હજુ તો આપણા જીવનમાં વસંતઋતુ ખીલી છે અને આપના વિચારોમાં વૈરાગ્યના દર્શન થાય છે...'

' પ્રિયે, હું તને સંસારના સ્વરૂપ વિષે કહેવાનો હતો...યૌવનસુખ, વૈભવ, વિલાસ વગેરે ક્ષણિક સુખ છે જ્યારે અનંત સુખની આરાધના માટે માનવી જરા પણ પ્રયત્ન કરતો નથી...'

' સ્વામી, આપની વાત પછી સાંભળીશ...' સુભદ્રાએ આછા હાસ્ય સાથે કહ્યું.

ધન્યકુમાર પણ પોતાની પ્રિય પત્ની સાથે નીચે

અતિથિખંડમાં આવ્યો.

ગોભદ્ર શેઠનો મુનિમ ધન્નાકુમારને જોતાં જ ઊભો થયો અને વિનયવત વંદન કર્યાં અને ભાવભર્યા સ્વરે કહ્યું : 'ધન્ના શેઠ, આપને ગોભદ્ર શેઠ યાદ કરી રહ્યા છે...'

'ભલે...હું આવી જઈશ.' ધન્નાએ કહ્યું.

તરત જ એક સેવક દુગ્ધનું પાત્ર અને અલ્પાહાર મુકી ગયો. મુનિમે સંકોચવશ બનીને અલ્પાહાર કર્યો અને ધન્ના શેઠની વિદાય લીધી.

ધન્યકુમાર પોતાની પત્ની સુભદ્રાને કહ્યું : 'હું થોડી વારમાં વસ્ત્રપરિવર્તન કરીને પેઢી પર જાઉં છું... કંઈક મહત્ત્વનું કાર્ય હશે એથી જ મને બોલાવ્યો લાગે છે...'

'હા...સ્વામી, પણ આપ તુરત જ પાછા ફરજો...' સુભદ્રાએ કહ્યું.

'પ્રિયે, હું અત્રે આવવામાં વિલંબ નહિ કરું...!' ધન્ના શેઠે કહ્યું.

'અને આજ રાત્રિના પ્રથમ પ્રહર બાદ સોમશ્રી-દેવીનું વીણાવાદન છે...જે આપને પ્રસન્ન કરવા ખાતર બજાવવાના છે....'

'દેવી, હું સદાય પ્રસન્ન રહું છું જ્યારે પ્રસન્નતા વિષે વિચારું છું ત્યારે જ અપ્રસન્ન બની જાઉં છું...' ધન્ના શેઠે પોતાની પત્નીને કહીને હસતાં હસતાં ગોભદ્ર શેઠને મળવા ચાલ્યો ગયો.

દિવસનો ચોથો પ્રહર ચાલી રહ્યો હતો.

ધન્નાએ પોતાના ભવનની બહાર આવીને સુવર્ણ-જડિત રથમાં બેસીને તે ગોભદ્ર શેઠની પેઢી તરફ રવાના થયો. નગરીમાં જ્યારે ધન્નો નીકળતો ત્યારે નગરીના લોકો બે હાથ જોડીને ધન્ના શેઠને વંદન કરતાં હતાં. આમ ધન્નો સર્વના વંદન સ્વીકારીને ગોભદ્ર શેઠની પેઢી પર આવી ગયો.

ગોભદ્ર શેઠ પેઢીમાં અંદરના ભાગે બેઠા હતા અને ધન્નાની પ્રતિક્ષા કરી રહ્યા હતા. ધન્નાને જોતાં જ તેઓ હર્ષિત બન્યા અને ધન્નાનું સ્વાગત કર્યું અને મધુર સ્વરે કહ્યું : 'આવો આવો ધન્ના શેઠ, અહીં મારી બાજુમાં બીરાજો...!'

ધન્નો શેઠની બાજુમાં બેસી ગયો. થોડી વાર રહીને ગોભદ્રશેઠે કહ્યું : 'ધન્ના શેઠ, શાલીભદ્ર માટે બત્રીસ અતિ શ્રીમંત કુટુંબના કહેણ આવ્યા છે...અને બત્રીસ કન્યાઓ સુશીલ, સંસ્કારી અને રૂપવતી છે અને વાત એમ બની છે કે હું એક પછી એક દરેકને વચન આપી ચૂકયો છું...'

'શેઠ, આમાં મુશ્કેલી છે જ નહિ. આપ શાલિભદ્રને બત્રીસ કન્યાઓ સાથે પરણાવી દો...'

'ધન્ના શેઠ, બીજું એવું બન્યું છે કે મેં બત્રીસ કન્યાઓના પિતાને વચન આપ્યું તેથી બત્રીસ કન્યાએ પોતાના સ્વામી તરીકે શાલિભદ્રને સ્વીકારી લીધા છે એટલે આપના કહેવા પ્રમાણે શાલિભદ્ર બત્રીસ સ્ત્રીઓનો સ્વામી

બને....તે જ યોગ્ય છે અને શાલિભદ્ર વધુ સુખોપભોગ ભોગવે અને વૈભવ, વિલાસથી પોતાનું જીવન વ્યતિત કરે તેવી મારી ભાવના છે...ધનસંપત્તિનો પાર નથી, અઢળક સંપત્તિનો ભોગવનાર કેવળ શાલિભદ્ર છે...તેને સંસારના વ્યવહારનું જ્ઞાન નથી. અભ્યાસ કર્યો છે તે પણ ભવન પર રહીને...!'

'શેઠજી, હું સર્વ હકિકત જાણું છું...આપ આજે જ બત્રીસ કન્યાઓના પિતાને શુભ સંદેશ પાઠવી આપો અને પંદર વીસ દિવસોમાં જે મૂહુરત નીકળતું હોય તે દિવસે શાલિભદ્રના વિવાહ કરાવી લો...'

'ધન્ના, હું આજે જ રાજપુરોહિતને મળીને આ અંગે વાત કરીશ અને ચારેય મુનિમને મોકલીને સંદેશો પાઠવું છું...'

ધન્નો થોડી વાર આ પ્રશ્ન અંગે ચર્ચાવિચારણા કરીને વિદાય થયો. ગોભદ્ર શેઠ પોતાના ભવન પર આવ્યા અને ભદ્રા શેઠાણીને પોતાની પાસે બોલાવીને કહ્યું : 'પ્રિયે, આજ ધન્ના શેઠ સાથે વાત કરી લીધી. અને તેઓએ પણ તારી માફક જ કહ્યું...'

'સ્વામી, શાલિભદ્ર માટે ઉત્તમ કુળની અતિ શ્રીમંત કુટુંબની કન્યાઓના કહેણ આવ્યા છે અને આપ સર્વને વચન આપી ચૂકયા છો તો આ અંગે પ્રતિક્ષા કરવી યોગ્ય નથી. આપણો શાલિભદ્ર અનેક સુખોપભોગ ભોગવે અને તેના અંતરમાં સંસારની કશી ઉપાધિ, ચિંતા ન વસે તેની

કાળજી આપણે રાખવાની છે. શાલિભદ્રના જન્મ બાદ લક્ષ્મીદેવીની અસીમ કૃપા આપણા પર વરસી છે. શાલિભદ્રને નગરીમાં જવું ન પડે...ભવનમાંથી બહાર જવું ન પડે એ માટે આપણે ભવનમાં જ બધા પ્રકારની વ્યવસ્થા કરી દીધેલ છે...'

'પ્રિયે, તારી વાત સત્ય છે...' ગોભદ્ર શેઠે કહ્યું.

આ તરફ ધન્ના શેઠ પોતાના ભવ્ય અને કલાત્મક ભવન પર પહોંચી ગયા. સોમશ્રી અને સુભદ્રા સ્વામીની વાટ જોતી એક આસન પર બીરાજમાન હતી. સ્વામીને જોતાં જ બન્નેના હૈયા હર્ષિત થયા.

સુભદ્રાએ મધુર સ્વરે પૂછ્યું : 'સ્વામી, મારા પિતાશ્રી પાસે આપ ગયા હતા...કોઈ મહત્ત્વની વાત હતી...?'

'હા...પ્રિયે, તારા ભાઈ શાલિભદ્ર માટે બત્રીસ શ્રીમંત કુટુંબની કન્યાઓના કહેણ આવ્યા છે અને શાલિભદ્ર બત્રીસ સ્ત્રીઓનો સ્વામી થશે.'

'સ્વામી, એ વાતની મને ખબર હતી પરંતુ પિતાજી નિર્ણય નહોતા લેતા...પણ આપને પૂછીને નિર્ણય લીધે. લાગે છે...'

'હા...પ્રિયે, શાલિભદ્રના સુખોપભોગ માટે બત્રીસ પત્નીઓ હાજર રહે તે શું ઓછો ભાગ્યશાળી ગણાય....?'

'સ્વામી, શાલિભદ્ર તો સંસારનો વ્યવહાર જાણતાં

નથી...તેઓ એટલાં કોમળ છે કે બહારનો પ્રકાશ પણ સહન કરી શકતાં નથી.'

'પ્રિયે, તારી વાત સાચી છે...શાલિભદ્ર કદીય ભવનની બહાર નીકળતા નથી. તેઓની દરેક ઇચ્છાઓ-આકાંક્ષાઓ પૂરી થાય તેવી સગવડો કરવામાં આવી છે. શાલિભદ્રના ભવન જેવું રાજગૃહીમાં અન્ય કોઈ ભવન નહિ હોય...!'

'સ્વામી, આપ વસ્ત્રપરિવર્તન કરીને ભોજન-ગૃહમાં આવો. ચોઉવિહારનો સમય થઇ જશે...'

'હા...પ્રિયે, આજે સોમશ્રીના વીણાવાદનનો લાભ મળશે ને...!'

'હા...સ્વામી, આપના ચિત્તને પ્રસન્ન કરવા હું આજ વીણા બજાવીશ.' સોમશ્રીએ કહ્યું.

અને ધન્નો વસ્ત્રપરિવર્તન કરીને આવ્યો પછી ત્રણેય ભોજનગૃહમાં ગયા ત્યારે ધન્નાની છ પત્નીઓ વાટ જોતી આસન પર બેઠી હતી. ધન્નાને જોતાં જ છયે પ્રિયાઓ ઊભી થઈને સ્વામીનું સ્વાગત કર્યું.

ધન્નાએ વાળુ કર્યું અને જળપાન કરીને ચોઉ-વિહાર લઈ લીધા. તે ઊભો થયો. ધન્નાની આઠેય પત્નીઓએ જળપાન કરીને ચોઉવિહાર લઈ લીધા.

અને રાત્રિના પ્રથમ પ્રહર બાદ એક વિશાળ ખંડમાં શ્રેણિક મહારાજાની કલાપ્રિય પુત્રી અને ધન્નાશેઠની પ્રિયા સોમશ્રીએ વીણા લઈને મધ્યભાગમાં આસન જમાવ્યું.

કોઈ મૃદંગવાદક નહોતો. ખંડમાં માત્ર ધન્નાની પત્નીઓ હતી...અને ધન્ના સૌની વચ્ચે બિરાજમાન હતો.

સોમશ્રીએ ભાવભર્યા સ્વરે કહ્યું : ' સ્વામી, હું આજ આપના ચિત્તને પ્રસન્ન કરી મૂકે તેવો રાગ બજાવીશ...'

' પ્રિયે, તું ગમે તે રાગ બજાવીશ...મારું ચિત્ત પ્રસન્ન થશે...તારા હસ્તની કોમળ કમળની દાંડી જેવી સુંદર અંગુલિ વીણા પર ફરતી હોય અને તારા અંતરમાંથી ઉપસતી કલાનો રસાસ્વાદ માણવો એ એક સૌભાગ્ય છે...'

' સ્વામી, આપ મારી પ્રશંસા કરી રહ્યા છો...'

' નહિ પ્રિયે, હું સત્ય કહી રહ્યો છું...'

' આપની સાથે વાર્તાલાપમાં પહોંચી શકાય તેમ નથી...આજ હું ' દેવપ્રિયા ' આપની સમક્ષ રજૂ કરીશ... આપ આજ્ઞા કરો...'

' પ્રિયે, રાગ ઘણો જ સુંદર પસંદ કર્યો છે. હું પણ પ્રિયાઓની વચ્ચે છું અને તું ' દેવપ્રિયા ' રજૂ કરે છે...તું પ્રસન્ન ચિત્તે વીણા પર ' દેવપ્રિયા 'ના સ્વરો વહેવા દે...'

અને...

સોમશ્રીએ ' દેવપ્રિયા 'નો આલાપ રજૂ કર્યો. શૃંગારપ્રધાન રાગ...! માધુર્યથી છલકાતો રાગ અંતરમાં પ્રસન્નતા ઉપજાવે તેવો હતો.

સોમશ્રીએ આલાપમાં ' દેવપ્રિયા 'ને પ્રવેશ આપ્યો.

અને રાગનું રૂપ, સ્વરૂપ રજૂ કર્યું.

સુભદ્રા અતિ પ્રસન્ન બની ગઇ હતી...

ધન્નો પણ પોતાની પ્રિયાની કલા પાછળ ધ્યાનમગ્ન બની ગયો હતો અને વચ્ચે પ્રશંસાના પુષ્પો વેરતો હતો.

કલા એ સાધના છે...કલાને જીવંત મૂર્તિરૂપ બનાવવા માટે કલાકારે અખંડ સાધના કરવી પડે છે અને કલાની મસ્તીમાં ખોવાઈ જવું પડે છે. ત્યારે જ કલાની સાચી ભક્તિ જોવા મળે છે. માણવા મળે છે....

'દેવપ્રિયા'એ સૌના અંતરમાં સ્થાન મેળવી લીધું. અટારીએથી શીતળ અને મધુર પવન મંદ ગતિએ આવી રહ્યો હતો. ખંડમાં દીપમાલિકાઓનો પ્રકાશ મધ્યમ હતો. ભવનના અન્ય સેવકો પણ વીણાવાદન સાંભળવા બહારના ભાગે બેસી ગયા હતા...

'દેવપ્રિયા'ની વિલંબિત લય શરૂ થઇ...મૃદંગ વગર પણ રાગનું માધુર્ય અપૂર્વ હતું.

'દેવપ્રિયા' જાણચે પોતાના પ્રિયતમ કે દેવને મળવા થનગની રહી હોય તેવો ઉલ્હાસ, થનગનાટ અને તેવી મધુરી સ્વરોના આંદોલનોમાં જોવા મળતી હતી.

ધન્નો જોઈ રહ્યો હતો કે પોતાની પ્રિયાના કરની અંગુલિઓ જાણે વીણાને મળવા તલસતી ન હોય... તે રીતે ચાલી રહી હતી...

દેવપ્રિયા...!

મધુરો રાગ....!

સોમશ્રીએ દ્રુતલય શરૂ કરી...દેવપ્રિયાનો પ્રાણ જાગૃત થયો...અને રાગ ગતિશીલ બન્યો.

સર્વના હૈયા પ્રસન્ન થયા.

અતિ દ્રુતલય શરૂ થઈ...! ધન્નાને થયું કે મૃદંગ વગર પણ આ રાગ કેટલો મધુર અને સોહામણો ભાસી રહ્યો છે....

અને સોમશ્રીએ દેવપ્રિયાના ભાવભર્યા સ્વરોને વિદાય આપી.

રાગ સમાપ્ત થયો.

સૌએ સોમશ્રીને અભિનંદન આપ્યા. અને રાત્રિનો બીજો પ્રહર પૂરો થયો હતો. સૌ શય્યાખંડમાં વિદાય થયા.

બીજે દિવસે ધન્નો રાજસભામાં ગયો અને પોતાની બેઠક પર બીરાજ્યો. શ્રેણિક મહારાજા રાજસભામાં પધાર્યા નહોતા.

સભાજનો આવી ગયા હતા. અન્ય મંત્રીઓ પણ આવી પહોંચ્યા હતા. રાજકર્મચારી ગણ પણ આવી ચૂક્યો હતો.

શ્રેણિક મહારાજાના આગમનસૂચક બાંગ પોકારી... અને 'મહારાજાધિરાજ મગધપતિ રાજરાજેશ્વર શ્રી શ્રેણિક મહારાજા પધારે છે...'

સૌ સભાજનો પોતાના સ્થાને ઊભા થઈ ગયા અને મહારાજનું સ્વાગત કર્યું અને શ્રેણિક મહારાજા

હર્ષનાદના સૂરો વચ્ચે પોતાના રત્નજડિત સુવર્ણના આસન પર બિરાજમાન થયા.

રાજપુરોહિત ઊભા થયા અને સ્વસ્તિવાંચન કર્યું. અને મહારાજા શ્રેણિક મંગલ કલ્યાણ કામના કહી.

કવિઓએ ગુણગાન ગાયા....

ધન્ના મંત્રી ઊભા થયા અને પ્રસન્ન સ્વરે કહ્યું : 'મહારાજાધિરાજ, અને સભાજનો, રાજસભાનું કાર્ય વ્યવસ્થિત અને કુશળ રીતે ચાલી રહ્યું છે...આપના કોઈ પણ પ્રશ્નો હોય તો અવશ્ય જણાવો...'

પણ કોઈ ઊભું થયું નહિ...

જે રાજ્યમાં સત્ય, અહિંસા અને સદાચારની પૂજા થતી હોય અને જે રાજવી પોતે જ ન્યાયપ્રિયને વરેલો હોય ત્યાં નગરજનોને ફરિયાદ રહેતી નથી.

અને રાજસભાની કાર્યવાહી શરૂ થઈ.

અને એક ઘટિકા બાદ રાજસભાની કાર્યવાહી પૂરી થઈ. સૌ સભાજનો વિદાય થવા માંડયા. શ્રેણિક મહારાજા રાજભવન તરફ પોતાના રત્ન-સુવર્ણજડિત રથમાં બેસીને વિદાય થયા. ધન્નો પોતાના ભવન પર ચાલ્યો ગયો.

આ તરફ ગોભદ્ર શેઠના ભવન પર તોરણો બાંધ્યાં હતાં. આંગણામાં રંગબેરંગી રંગોળીઓ પૂરી હતી. જે કલાત્મક અને મોહક હતી. સુંદર પતાકાઓ શણગારવામાં આવ્યા હતા. ભવનના મુખ્ય દ્વાર પાસે સાચા મોતીના તોરણો અને કળામય સુવર્ણ પુષ્પોની હારમાળા કરવામાં

આવી. દાસ-દાસીઓ, સેવકો, રક્ષકો વિવિધ કાર્યમાં ગુંથાયા હતા...નગરીના લોકો આનંદમાં ગરકાવ થઈ ગયા હતા.... શાલિભદ્રના વિવાહની તૈયારીઓ થઈ રહી હતી...

શાલિભદ્રના ભવન બહાર અનેક શ્રેષ્ઠીઓના સુવર્ણ-જડિત રથો આવી રહ્યા હતા અને જઈ રહ્યા હતા. ગોભદ્ર શેઠ સૂચના આપી રહ્યા હતા. અને દરેક કાર્ય પોતાની દેખરેખ હેઠળ થઈ રહ્યું હતું. ધન્ના શેઠ પણ સમય મળ્યે આવી જતાં શાલિભદ્રની બત્રીસ પત્નીઓ માટે અનેક જાતના વિવિધ અને કલાત્મક સુવર્ણ અલંકારો, રત્ન-માળાઓ, હીર વલય અને બીજા આભુષણો જે અજોડ અને મૂલ્યવાન હતા...તે શાલિભદ્રના ભવન પર આવી ગયા હતા.

ભવનના પ્રાંગણમાં સુમધુર સંગીતની સુરાવલિઓ વાતાવરણમાં આનંદ અને પ્રસન્નતાના પુષ્પો વેરતી હતી...ગોભદ્ર શેઠે નગરીના શ્રેષ્ઠિઓ, શ્રીમંતો અને સંબંધીઓને શાલિભદ્રના વિવાહમાં પધારવાનું ભાવસર્યું નિમંત્રણ પાઠવ્યું હતું. રાજપુરોહિતે શ્રેષ્ઠ અને ઉત્તમ દિવસ જોઈ આપ્યો હતો. એ દિવસને આડે ફક્ત ચાર દિવસ જ રહ્યા હતા. પાકશાસ્ત્રીઓએ ભોજનની વ્યવસ્થા બરાબર જળવાય તે હેતુથી એક વિશાળ ભોજનગૃહ ભવનની બહાર ઊભું કર્યું હતું....

શાલિભદ્રનો વિવાહ જાણ્યે મહાન રાજવીના એકના

એક પુત્રનો વિવાહ થતો હોય તે રીતે તૈયારી થતી હતી...શ્રેણિક મહારાજાને આમંત્રણ અપાયું હતું પરંતુ રાજકાર્ય અંગે તેઓને પ્રવાસે જવું પડ્યું તેથી તેઓ આ પ્રસંગમાં હાજર રહી શકે તેમ નહોતા.

ગોભદ્ર શેઠે પોતાની પત્ની ભદ્રા શેઠાણીને મધુર સ્વરે કહ્યું: 'પ્રિયે, શાલિભદ્રના લગ્ન માટેની બધી તૈયારીઓ થઇ ગઈ છે...'

'સ્વામી મારી એક ઈચ્છા છે...'

'શું...?' ગોભદ્ર શેઠે પૂછ્યું.

'સમગ્ર નગરીના લોકોને જમાડીએ તો આપણો આ પ્રસંગ દીપી ઉઠશે....'

'પ્રિયે, આવતીકાલે નગરીના દરેક પરિવારને ભોજન અર્થે પધારવા માટેનું આમંત્રણ આપી દઈશું. જમણવાર પરમ દિવસે રાખીશું ને?'

'હા...સ્વામી, પરમ દિવસે જ જમણવાર ગોઠવો...'

એમજ થયું.

અને જમણવારના દિવસે નગરીમાં વસતા દરેક પરિવારના સભ્યો આનંદ અને ઉલ્લાસપૂર્વક ભોજન અર્થે આવી ગયા...આ જમણવારની વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે ગોઠવવામાં આવી હતી. ધન્ના શેઠ પણ વ્યવસ્થામાં માર્ગદર્શન આપી રહ્યા હતા.

અને ભોજનકાર્ય પૂર્ણ થયું.

બીજા બે દિવસ પછી શાલિભદ્રનો ધામધૂમ અને

સંગીતના મધુર નાદ વચ્ચે, પ્રસન્ન વાતાવરણ વચ્ચે બત્રીસ કન્યાઓ સાથે વિવાહ થયા.

શાલિભદ્ર ખૂબ જ શરમાળ પ્રકૃતિ ધરાવતા હતા... તે કોઈની સાથે વધુ વાતચીત પણ ન કરી શકે....

અને આઠ દિવસ પસાર થઇ ગયા. શાલિભદ્ર બત્રીસ પત્નીઓના અલભ્ય પ્રેમ વચ્ચે ઝકડાઈ ગયો અને તે સપ્તભૂમિ પર વૈભવ માણવા લાગ્યો.

શાલિભદ્રની એક પત્ની વીણાવાદનમાં પ્રવિણ હતી આથી તે શાલિભદ્રનું ચિત્ત પ્રસન્ન કરવા વીણા-વાદન કરતી....શાલિભદ્ર આખો દિવસ પોતાની પત્નીઓ સાથે હાસ્ય અને પ્રેમભર્યા વાર્તાલાપમાં પૂરો કરતો.

શાલિભદ્રે બત્રીસ પ્રિયાઓને હૃદયમાં પ્રેમભર્યું સ્થાન આપ્યું હતું. કોઇને અન્યાય ન થાય તે રીતે વ્યવહાર કરતો. તે રીતે શાલિભદ્રની બત્રીસ પત્નીઓ શાલિભદ્રના ચિત્તને સદાય પ્રસન્ન રાખવા અવનવાં પ્રયત્નો કરતી....અને શાલિભદ્રનો બોલ ઝીલી લેવા હંમેશાં તૈયાર રહેતી....

આ તરફ ઉજ્જેયિનીમાં ધન્નાના માતાપિતા, ભાઈઓ અને તેમની પત્નીઓની સ્થિતિ બદલાઈ ગઈ. ઉજ્જેયિનીમાંથી ધન્નાએ જ્યારે રાજગૃહી તરફ પ્રયાણ કર્યું ત્યારબાદ પેઢીમાં નુકશાની આવી અને પાયમાલ થઇ ગયા અને નગરી છોડવી પડી.

ધનસાર શેઠે કહ્યું પણ ખરું : 'હું તમને ત્રણેય

દિકરાઓને કહેતો રહું છું કે ધન્નાના પુણ્યબળથી જ લક્ષ્મી ટકી રહે છે...તેની વિદાયથી લક્ષ્મીદેવી સાથ આપતી નથી.'

ત્રણેય ભાઈઓ કશું બોલ્યા નહિ. અને ધનસાર શેઠનો પરિચય ઉજ્જેયિની નગરી છોડે તે પહેલા ધન-સાર શેઠ એક વ્યાધિમાં સપડાઇ ગયા. ધન્નાને યાદ કરતાં કરતાં, નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં દેહ છોડી દીધો.

ધનસાર શેઠ મૃત્યુને આધીન થયા.

ત્રણેય ભાઈઓ અત્યંત દુઃખી થયા. સંજોગોના વંટોળ સામે ઝઝુમતા હતા ત્યાં પિતાએ વિદાય લીધી. અંધકાર વ્યાપી ગયો. ધનસાર શેઠની ભાવના હતી કે એક વાર ધન્નાને મળી લઉં....પરંતુ કાળની ગતિને કોણ રોકી શકે છે? કાળ એનું કામ કર્યે જ જાય છે....

માતા શિયળવતીને પણ સ્વામીના નિધન પછી સંસારમાં રસ ન જાગ્યો. થોડા દિવસોના અંતરે જ શિયળવતીએ પણ દેહત્યાગ કર્યો.

ત્રણેય ભાઈઓને અને તેની પત્નીઓને એક સાથે બબ્બે વેદનાઓ સહન કરવી પડી.

સંસારનું સ્વરૂપ જ એવું છે કે પળ પહેલાં જ્યાં હાસ્ય રમતું હોય ત્યાં પળ પછી રૂદન આવી પડે છે.... પળ પહેલાં નિરાશા નાચતી હોય ત્યાં વળતી જ પળે

આશાની રંગોળી ચમકવા માંડે છે.

કાળ ક્યારે અટ્ટહાસ્ય કરે છે તેની ખબર પડતી નથી...કાળની એક જ ફૂંક વડે ક્યારે બધું અદશ્ય બની જાય છે એ વાતની કોઈની ખબર પડતી નથી....

ત્રણેય ભાઈઓ નિરાશાના વાદળ વચ્ચે દીન અવસ્થામાં આગળ ચાલ્યા જાય છે. સંપત્તિ હતી નહિ.... આથી તેઓ ગમે તે સ્થળે ભોજન કરી લેતા....પરિસ્થિતિમાં માનવી કેટલો લાચાર બની જાય છે.

ત્રણેય ભાઈઓ ફરતાં ફરતાં રાજગૃહી નગરીમાં આવ્યા. વસ્ત્રો જીર્ણ થઈ ગયા હતા.

એક દિવસ ધન્ના શેઠ પોતાના ભવનની અટારી પર બેસીને નગરીનું નિરીક્ષણ કરી રહ્યા છે....

દિવસનો પ્રથમ પ્રહર વીતી ગયો હતો. આજ રાજસભાનું કાર્ય નહોતું. મંદ મંદ પવન વહી રહ્યો હતો ત્યાં ધન્નાની દષ્ટિ માર્ગમાં ચાલતાં ત્રણેય બંધુઓ પ્રત્યે પડી અને બંધુપ્રેમ જાગૃત થયો.

તેણે સેવકને તરત જ ત્રણેય ભાઈઓને ભવનમાં લઇ આવવાનો આદેશ આપ્યો. ધન્નાને થયું કે ભાઈઓ કેમ આવી અવસ્થામાં જતાં હશે. ઉજ્જેયિનીમાં તેઓની પાસે સંપત્તિ વિશેષ હતી....

ત્યાં સેવક ત્રણેય ભાઈઓને લઇને ભવનમાં આવી પહોંચ્યો. ધન્નાએ ત્રણેય ભાઈઓને આવકાર આપ્યો. ત્રણેય ભાઈઓની આંખમાંથી આંસુ સરવા લાગ્યા....

ધન્નાની આંખમાંથી પણ બે બિંદુ ટપકી પડયા

અને આવી પરિસ્થિતિ કેમ થઇ તેમ પૂછ્યું ત્યારે મોટા ભાઇએ કહ્યું: 'ધન્ના, પેઢીને નુકસાન થયું.... બધુંય છોડીને ચાલી નીકળવું પડ્યું. મહારાજા ચંડપ્રદ્યોતે તારું ભવન લઈ લીધું....'

'ઓહ....પરંતુ માતાપિતા ક્યાં છે? તેઓ કેમ દેખાતાં નથી? ભાભીઓ ક્યાં છે? શું પાદરે બેઠા છે? રથ મોકલું....! હું સામો લેવા જાઉં....!' ધન્નાએ ભાવભર્યા સ્વરે અનેક પ્રશ્નો પૂછી લીધા.

'ધન્ના, કાળની ગતિને કોણ રોકી શક્યું છે? આપણા માતાપિતાએ જગતમાંથી વિદાય લીધી છે....'

'શું પિતાજી ચાલ્યા ગયા....! માતાજીએ પણ વિદાય લીધી?' આટલું કહીને ધન્નો મૂર્ચ્છાવશ થઈ ગયો.

તરત જ સેવકોએ જળ છંટકાવ કરીને મૂર્છા દૂર કરી ધન્નાની આંખમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યા. અને વિચારવા લાગ્યો કે પોતે માતાપિતાની સેવા કરી શક્યો નહિ....

તેણે ફરીને મોટા ભાઇને પૂછ્યું: 'મોટાભાઇ, આપ મારી મજાક તો કરતાં નથી તે....! એ બાહોશ અને ગમે તેવી સ્થિતિનો સામનો કરનાર આપણા પિતા ધનસાર શેઠે ખરેખર વિદાય લીધી છે....એમની શીળી છાયા મારા માટે આશીર્વાદ રૂપ હતી. પ્રેરણાદાયક હતી....ઓહ....માતાએ પણ પિતાજીની જ વાટ પકડી....! હું એકલો થઇ ગયો....ભાઇ, હું એકલો થઇ ગયો....!' ધન્નો ધ્રુસકે ધ્રુસકે રડી પડયો.

'ધન્ના, શાંત થા મારા ભાઈ, માતાપિતા તને યાદ કરતાં હતાં....પરંતુ વ્યાધિમાં સપડાયા અને ચાલ્યા ગયા....'

ધન્નો ધ્રુસકે ધ્રુસકે રડે છે....

ધન્નાનું મન શાંત થતું નથી....ત્રણેય ભાઈઓ શાંત પાડવા માટે પ્રયત્નો કરે છે ત્યાં ધન્નાની આઠેય પત્નીઓ આવી અને સમાચાર જાણ્યા પછી અત્યંત દુઃખ અનુભવે છે.

સુભદ્રાએ ધન્ના પાસે આવીને કહ્યું: 'સ્વામી, આપ જાણો છો કે આ કાયા પડવાની છે....આપ શાંત થાઓ. આ દેહ આપણો નથી....તો પછી મોહ શા માટે ?'

ધન્નાના અંતરમાં વૈરાગ્યની ચિનગારી સળગી ઊઠી હતી....તે શાંત થયો.

ત્રણેય ભાઇઓએ આશ્વાસન આપ્યું.

ધન્નાએ જળપાન કરીને સ્વસ્થ થઈને પ્રશ્ન કર્યો: 'મોટા ભાઇ, મારી ભાભીઓ ક્યાં છે? તેઆને દેરાણી નીહાળવાનો લાભ લેવો હતો....'

'ધન્ના, અમારી પરિસ્થિતિ એટલી વિકટ થઇ ગઇ કે બપોરના ભોજનસામગ્રી માટે આગલે દિવસે વિચાર કરવો પડતો કે શું કરવું? એ પરિસ્થિતિમાં અમે ત્રણેયની પત્નીઓને પિયર મોકલી આપી. તેઓ જવા ઈચ્છતી જ ન હતી પરંતુ અમે મૂકી આવ્યા અને તુરત જ પાછા આવશું તેવું જણાવ્યું.'

'મોટા ભાઇ, થોડા સમયમાં અણધાર્યું બની ગયું. એ હાસ્યકલ્લોલ, એ રસભરી વાતો વગેરે આજ ગણુ યાદ આવે છે.'

'ધન્ના, સંસારમાં આવું બન્યા જ કરે છે....' વચલા ભાઈએ કહ્યું.

ધન્નાએ તરત જ ત્રણેય ભાઈઓની સેવામાં સેવકો મુકી દીધા અને ત્રણેય ભાઈઓ ઘણા દિવસોથી પૂરું ભોજન જમ્યા નહોતા આથી ભરપેટ ભોજન કર્યું. સ્નાન વગેરેથી નિવૃત્ત થયા. ઉત્તમ વસ્ત્રો ધારણ કર્યાં અને અલંકારો ધારણ કર્યાં.

ધન્નાએ ત્રણેય ભાઈઓને પોતાની સાથે રાખ્યા. થોડા દિવસો બાદ રાજગૃહીમાં ધર્મઘોષ સુરિશ્વરજી મહારાજ પધાર્યા. જે મહાજ્ઞાની અને તેજસ્વી હતા. અનેક લોકો તેમની દેશના સાંભળવા જતાં.

ધન્નાએ એક દિવસ ત્રણેય ભાઈઓને કહ્યું : 'ભાઇ, આપણી નગરીમાં મુનિમહારાજ ધર્મઘોષસુરિ પધાર્યા છે....આપને તેમની દેશના સાંભળવા આવવું છે ?'

ત્રણેય ભાઈઓએ હા પાડી....દિવસના પ્રથમ પ્રહર બાદ નગરીના ઉદ્યાનમાં ચારેય ભાઈઓ દેશના સાંભળવા અર્થે રથમાં બેસીને વિદાય થયા. ધન્નાની આઠ પત્નીઓ નિયમિત પ્રવચન સાંભળવા જતી.

નગરી બહારના ઉદ્યાનમાં મુનિ ધર્મઘોષસુરિ એક વૃક્ષ નીચે આસન પર બેઠા છે....હજારો નગરજનો તેમની દેશના સાંભળવા એકત્ર થયા છે....તેમની વાણીને

પ્રભાવ અલૌકિક હતો. તેમના મુખની છાયા પર તપનું તેજ દૈદિપ્યમાન હતું.

મુનિરાજે ભાવભર્યા સ્વરે કહ્યું : 'ભાગ્યવંતો, રાગ માનવીને અંધ બનાવી મૂકે છે....જ્યાં સુધી માનવી રાગનો દાસ રહે છે, ત્યાં સુધી તે સત્યને જાણી શકતો નથી કે સત્યનો પરિચય મેળવી શકતો નથી. રાગ એ મોહમમતાનું જ એક સ્વરૂપ છે. રાગને છોડ્યા વગર વિતરાગ બની શકાતું નથી...અને વિતરાગ બન્યા વગર જન્મ, જરા અને મૃત્યુ પર વિજય મેળવી શકાતો નથી. મોહને કે મમતાને પરવશ બનેલો માનવી વિતરાગના દર્શન કરી શકતો નથી. રાગી બનો મુક્તિમાર્ગના અને વિરાગી બનો મોહમમતાના....આત્માના કલ્યાણ અર્થે રાગનો ત્યાગ કરવો જ પડે છે....જ્યાં સુધી માનવી રાગની પાછળ આંધળી દોટ કરી રહ્યો છે ત્યાં સુધી તે આત્માનું કલ્યાણ કરી શકવાનો નથી....અનંત સુખની પ્રાપ્તિ થઈ શકવાની નથી. સંસારના લોભામણા આકર્ષણો વૈભવ, વિલાસ, પ્રેમ, લાગણી, મમતા, મોહ, વૈર, ઈર્ષ્યા વગેરે સારા કે નરસા પણ તેની ચમક માનવીને ઝકડી રાખે છે....'

મુનિમહારાજે શ્રેષ્ઠ અને ઉત્તમ શબ્દોમાં દેશના આપી....સર્વ શ્રાવક–શ્રાવિકા અને જૈનેતરના હૈયા પ્રસન્ન બન્યા. સૌ વંદન કરીને વિદાય થવા માંડ્યા.

ધન્ના શેઠ પણ પોતાના ભાઈઓ સાથે વંદન કરવા ગયો ત્યારે ધન્નાએ વંદન કરીને મુનિ મહારાજને પ્રશ્ન

કર્યો : 'મહારાજ, મારા ભાઈઓ પર વારંવાર દુર્દશા આવવાનું કારણ શું ?'

ત્યારે મુનિમહારાજે શાંત ચિત્તે ધન્ના સામે જોઈને કહ્યું : 'સાંભળ ભદ્રે સંસારમાં પસ્તાવો થવાથી કેવાં ફળ ભોગવવાં પડે છે....લક્ષ્મીપુર નામના ગામમાં તારા ત્રણેય ભાઈઓ ગયા ભવમાં કઠીયારા ભાઇઓ હતા. ત્રણેય ભાઇઓ શાંતિથી પોતાનું જીવન વ્યતિત કરતા હતા. એક દિવસ વનમાં રોજીંદા કાર્ય અંગે જતા હતા ત્યાં માર્ગમાં એક મુનિ મહારાજ મળ્યા. તેઓશ્રીને ત્રણેય ભાઇઓએ પોતાનું ભાતું સારી રીતે વહોરાવ્યું પણ પાછળથી મહારાજને ભાતુ આપ્યું તે બદલ ખૂબ પસ્તાવો થયો. ત્યાંથી ચ્યવીને તેઓ વ્યંતર થયા....અને ત્યાંથી તારા ભાઇઓ થયા....તેઓને દાનથી લક્ષ્મી મળી....પણ પસ્તાવો કરવાથી ભોગવી શકતાં નથી....'

મુનિમહારાજે વાત પૂરી કરી....

ત્રણેય ભાઇઓના અંતરમાં મુનિમહારાજની વાત સાંભળીને વૈરાગ્યનો અગ્નિ પ્રગટી ઊઠયો હતો.

અને સર્વની સંમતિ લઈને ત્રણેય ભાઈઓએ ધર્મ-ઘોષ મુનિમહારાજ આગળ દીક્ષા અંગીકાર કરી. ધન્નાએ આ પ્રસંગે અઢળક ખર્ચ કર્યો.

આ પ્રસંગ પરથી ધન્નાના અંતરમાં પણ વૈરાગ્યના ભાવ ઉપસવા માંડયા. તે ઘણી વાર ગમગીન બની જતો અને આત્મમંથન કરવા માંડતો....

## ૧૫ : : રત્નકંબલનો વેપારી

હાસ્ય, કલ્લોલ અને આનંદ વચ્ચે પસાર થતા દિવસો કેમ ચાલ્યા જાય છે તેની ખબર નથી પડતી.

ગોભદ્ર શેઠ અને ભદ્રા શેઠાણી સુવર્ણજડિત હિંડોળા પર બેઠાં છે. પ્રાતઃકાળનો સમય વીતી ગયો હતો. સૂર્યના તેજસ્વી કિરણો પ્રખર બની રહ્યા હતા. વાતાવરણ શાંત અને પ્રસન્ન હતું.

ગોભદ્ર શેઠે પ્રસન્ન સ્વરે પોતાની પત્નીને કહ્યું : 'પ્રિયે, છેલ્લા ઘણા સમયથી સંયમ ગ્રહણ કરવાની ભાવના થયા કરે છે....પણ તારી રજા મળે ન મળે એ હેતુથી આ પ્રશ્ન કરી શકતો નહોતો....પણ સદ્ગુણી, સંસ્કારી અને સુશીલ નારી ક્યારેય પોતાના પતિનું અકલ્યાણ ઇચ્છતી જ નથી....જો તું આજ્ઞા આપે તો સર્વત્યાગના પંથે પગલા માંડું....આ સુખ, વૈભવ, વિલાસ, આનંદ વગેરે ક્ષણિક છે....'

'સ્વામી, આપના વિચારો ઉત્તમ છે. સંસારમાં

રહીને સંસારનું સુખ ભોગવવાનું કર્તવ્ય છે અને તે કર્તવ્ય પૂરું થાય ત્યારે માનવીએ મુક્તિની જ આરાધના કરવી જોઈએ....અનંત સુખની પ્રાપ્તિ માટે પ્રયત્ન આદરવા જોઈએ, હું આપને હસતા હૈયે રજા આપું....પણ આપણે શાલિભદ્રની સારસંભાળ કોણ દાખવે....? મારી પણ ભાવના સર્વત્યાગના પંથે જવાની છે....પણ શાલિભદ્રની સંભાળ રાખવી તે પણ આપણું કર્તવ્ય છે.'

'પ્રિયે, એક માર્ગ નીકળે ખરો....?'

'કયો....?'

'હું સર્વત્યાગના પંથે જઉં અને તું શાલિભદ્રની સંભાળ લે....તું હર્ષથી મને આજ્ઞા આપ....'

'સ્વામી, સંયમનો માર્ગ ઘણો જ કઠિન છે...'

'પ્રિયે, જ્યારે અંતરમાં વૈરાગ્યનો પ્રકાર જાગૃત થયો હોય ત્યારે સંયમનો માર્ગ કઠિન નહિ પણ સરળ થઈ પડે છે....'

'સ્વામી, આપની ભાવના સાકાર બનો....મારું અંતર હજુ શાલિભદ્રની સારસંભાળમાં રહેલું છે તેથી હું થોડા સમય પછી દીક્ષા અંગિકાર કરીશ....'

'પ્રિયે, તું શાલિભદ્રની સંભાળ રાખજે....આપણો શાલિભદ્ર દરેક પ્રકારના સુખોપભોગ ભોગવે તેવી મારી ભાવના છે....' ગોભદ્રશેઠે કહ્યું.

અને ઉત્તમ દિવસે ભગવાન મહાવીર સ્વામી પાસે ગોભદ્રશેઠે દીક્ષા અંગીકાર કરી અને તપ આરાધન કરીને

ઉત્તમ સંયમ પાળીને કાળધર્મ પામ્યા ત્યાંથી દેવલોકમાં મહર્દ્ધિક નામે દેવ થયા.

તે પુત્ર પરના સ્નેહને કારણે દરરોજ દિવ્ય આભુષણો, અલંકારો, વસ્ત્રો મોકલીને દેવ જેવું સુખ આપતાં. ગોભદ્રશેઠને દેવલોકમાં પૂર્વભવને યાદ કર્યો હતો. અને શાલિભદ્ર પ્રત્યે સ્નેહ રહી જવાથી ગોભદ્રશેઠે વિચાર્યું કે શાલિભદ્ર શા માટે માનવજીવનની વિશીર્ણ થતી સામગ્રીઓને મેળવવા પ્રયત્ન કરે....હું એને મનુષ્ય-જીવનમાં દેવ જેવું સુખ ન આપું....!

આમ વિચારીને તેત્રીસ પેટિકાઓ તૈયાર કરાવી....
બત્રીસ પેટિકાઓ શાલિભદ્રની પત્નીઓ માટે હતી.
અને એક પેટિકા શાલિભદ્ર માટે મોકલાવી....!

તેત્રીસ પેટિકાઓમાં ત્રણ ભાગ પાડી નાખવામાં આવ્યા હતા. એક ભાગમાં સુવર્ણ, રત્ન, હીરના કલાત્મક અને દેવ દુર્લભ આભુષણો, અલંકારો મૂકવામાં આવે.

બીજા ભાગમાં સુંદર, પૃથ્વીલોકમાં દુર્લભ એવા ઉત્તમ કોટિના વસ્ત્રો મૂકવામાં આવે.

ત્રીજા ભાગમાં અમૃતરસને યાદ કરાવે તેવા મધુરા અને રસભર્યા મધુર મિષ્ટાન્નો, વાનગીઓ મૂકવામાં આવે....

આમ રોજ પ્રાતઃકાળે તેત્રીસ પેટિકાઓ શાલિભદ્રના આવાસમાં આવે અને શાલિભદ્ર અને તેની બત્રીસ પ્રિયાઓ તેનો ઉપભોગ કરે....

આજના ધારણ કરેલાં અલંકારો બીજે દિવસે નહિ કરવાના....

આજના ઉત્તમ વસ્ત્રો બીજે દિવસે ધારણ નહિ કરવાના....

આ ઉતરેલા અલંકારો અને વસ્ત્રો માટે બે મોટા વિશાળ કૂવા રાખવામાં આવ્યા હતા....જે બીજે દિવસે અલંકારો અને વસ્ત્રો નાખવામાં આવે.... !

દરરોજ દેવલોકમાંથી શાલિભદ્રના પિતા પોતાના પુત્રના સ્નેહને કારણે તેત્રીસ પેટિકાઓ મોકલતાં....આવી હતી શાલિભદ્રની સાહ્યબી, વૈભવ વિલાસ....!

જ્યાં રાજા, મહારાજા પણ સુખ સાહ્યબી ન માણી શકે તેવા ભોગવિલાસ શાલિભદ્ર માણી શકતા હતા.

દરરોજ નેત્રપટ્ટ, પ્રતિપટ્ટ, ઉદરપટ્ટ, ઉત્તમ વસ્ત્રો, કુંડલ, રત્નજડિત મુલ્યવાન અલંકારો અને અન્ય આભુષણો આવતાં....વળી હંસરૂવાટી સરખી સુંવાળી તળાઈ પણ પાથરી જતાં હતાં.

જેમ દેવલોકમાં જેમ દેવો અપ્સરાઓ સાથે જેમ ક્રિડા વૈભવવિલાસ ભોગવતાં તે રીતે શાલિભદ્ર પોતાની પ્રિયાઓ સાથે દિવ્યભોગ ભોગવતા હતા.

ભવ્ય સપ્તભૂમિનો પ્રાસાદ....! અને તેમાંય દેવ-દુર્લભ વસ્ત્રો અલંકારો અને શ્રેષ્ઠ ઉત્તમ પ્રકારના મિષ્ટાન્નો નિયમિત આવતા રહે....

સમય ચાલ્યો જાય છે. તેની ગતિ વણથંભિત છે....

ઘણો સમય ચાલ્યો ગયો.

પ્રાતઃકાળનો સમય હતો....

સૂર્યદેવના કિરણો ધરતીને ભીંજવવા આવી ગયા હતા....સૂર્યનો આછો પ્રકાશ હતો....પંખીઓનું ગાન ગગનમાં મધુરું સંગીત વાગી રહ્યું ન હોય તેમ જણાતું હતું. પંખીઓનો મીઠો કલરવ ઉગતી પ્રભાતને સત્કારી રહ્યું હતું.

આજ રાજસભા હતી....

મંત્રી અભયકુમાર રાજગૃહમાં આઠ દિવસ થયા આવી ગયા હતા...મહારાજા ચંડપ્રદ્યોતને ત્યાંથી યુક્તિથી નીકળી ગયા હતા. રાજગૃહીના લોકોએ અભયકુમારનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ધન્ના શેઠ પણ રાજભવનમાં જતા હતા.

રાજભવનમાં મહારાજા શ્રેણિક પ્રાતઃકાર્ય વિધિ પૂર્ણ કરીને વસ્ત્ર પરિવર્તન કરીને રાજસભામાં જવા માટે ઉતાવળ કરી રહ્યા હતા.

દિવસનો પ્રથમ પ્રહર પૂરો થયાની ઝાલરી રણકી. મહાપ્રતિહાર ભવનની બહાર મહારાજા શ્રેણિકની પ્રતિક્ષા કરતો ઊભો હતો. મહારાજા શ્રેણિકનો સુવર્ણ-રત્નજડિત રથ ઉત્તમ પ્રકારનો હતો....શ્રેણિકનો સારથી પણ રથ-ચાલનમાં ઉત્તમ હતો.

થોડી જ વારમાં મહારાજા શ્રેણિક રથમાં બેસીને રાજ-સભામાં જવા વિદાય થયા. આજ પ્રિયદત્તનું બાંસુરી-

વાદન હતું....કલાકારનું સન્માન કરવું તે રાજાનો ધર્મ થઇ પડે છે. તે હેતુથી મહારાજા નગરીમાં આવતાં કલાકારોનું રાજસભામાં સન્માન કરીને તેનો કાર્યક્રમ ગોઠવતા.

રાજસભા ખીચોખીચ ભરી હતી.

સભાજનો આવી ગયા હતા.

મહારાજા શ્રેણિકની પ્રતિક્ષા થઈ રહી હતી. ધન્ના શેઠ, અભયકુમાર મંત્રી પણ સભામાં આવી ગયા.

ત્યાં બાંગ પોકારવામાં આવી : ' મહારાજાધિરાજ શ્રેણિક મહારાજા પધારી રહ્યા છે....'

સર્વ સભાજનો પોતાની બેઠક પરથી ઊભા થઈ ગયા અને હર્ષનાદ વચ્ચે મહારાજાનું સ્વાગત કર્યું.

રાજસભાનું આયોજન એવું સુંદર અને ઉત્તમ પ્રકારનું હતું કે જાણયે ઈંદ્રની રાજસભા જોઈ લ્યો. આજ ચેલ્લણાદેવી પણ મહારાજની સાથે પધાર્યા હતા.

અત્યંત મૂલ્યવાન રત્નોથી સુશોભિત સુવર્ણમય રાજસિંહાસન પર મહારાજા શ્રેણિક અને ચેલ્લણાદેવી બિરાજમાન થયા. ચેલ્લણાદેવી અત્યંત મોહક અને રૂપવતી હતાં. ભદ્ર કુમારિકાઓ, અને સુલક્ષણી યુવતીઓ ચેલ્લણારાણીના સૌંદર્યના અને રાજરાજેશ્વર મગધપતિના શૌર્યના વખાણ કરતાં થાકતી નહોતી.

જમણી બાજુએ રાજ્યના સ્થંભ સમા બુદ્ધિપ્રધાન મહામાત્ય અભયકુમાર પોતાનો પ્રભાવ પાડતાં પોતાના

આસનને શોભાવી રહ્યા હતા.

ધન્ના શેઠ પણ પોતાના આસન પર બિરાજમાન હતા. શ્રેષ્ઠિપત્નીઓનો પણ વર્ગ હતો તેમાં ધન્યકુમારની પત્ની સુભદ્રા અને અન્ય સ્ત્રીઓ બિરાજમાન હતી. આજ ભદ્રા શેઠાણી પણ આવ્યાં હતાં.

ચેલ્લણા મહારાણીનું ચંદ્રને ઝાંખુ પાડે તેવું તેજસ્વી મુખ અને કમળને શરમાવે તેવું નયનોમાંથી ખરતું અમૃત જોનારને શિતળતા અર્પતા હતા.

ચેલ્લણાદેવીએ અતિ મૂલ્યવાન આભુષણો પહેર્યા હતા....આભુષણો જાણયે ચેલ્લણાદેવીથી શોભતા ન હોય તેવું જોનારના હૈયાને થતું....

રાજપુરોહિતે ઊભા થઈને પ્રણાલી પ્રમાણે સ્વસ્તિ વાંચન કર્યું. કવિઓએ યશગાથા ગાઈ....

અને બાહોશ અને બુદ્ધિપ્રધાન મંત્રી અભયકુમાર પોતાના સ્થાનેથી ઊભા થયા. અને અતિ નમ્ર સ્વરે કહ્યું: ‘ મહારાજાધિરાજ, સભાજનો, રાજસભાનું કાર્ય શરૂ થાય છે....આજના પ્રસંગે અતિથી કલાકાર પ્રિયદત્તનું બાંસુરીવાદન થશે તેમનું યોગ્ય સ્વાગત કરવામાં આવશે....’

અને....!

રાજસભાની વચ્ચોવચ્ચ એક મંચ ગોઠવવામાં આવ્યો હતો. સર્વ સભાજનો નીહાળી શકે તે રીતે મંચ સહેજ ઊંચો કરવામાં આવ્યો હતો. મંચ પર બે વ્યક્તિ બેસી

શકે તે પ્રમાણેની વ્યવસ્થા હતી.

મહારાજની આજ્ઞા પ્રાપ્ત થતાં પ્રિયદત્ત પોતાની બાંસુરી લઈને મંચ પર આવ્યો અને તેની સાથે મૃદંગ-વાદક પણ હતો. પ્રિયદત્તે કહ્યું: 'મહારાજાને અને ચેલ્લણાદેવીને ભાવભર્યા વંદન કરીને કહ્યું: 'મહારાજાધિરાજ, ચેલ્લણાદેવી, આ રાજ્ય અતિ સમૃદ્ધ અને વૈભવવાળું છે...જ્યાં કલાની પૂજા થાય છે, ભક્તિ થાય છે અને સન્માન થાય છે તે રાજ્યનો રાજવી અત્યંત ઉદાર, ન્યાયી અને કલાભક્ત હોય છે...આપ સૌની આજ્ઞા મળતાં હું બાંસુરી પર રાગ 'નયન રંજની' રજૂ કરું છું....હું કાંઈ મોટો કલાકાર નથી...પણ કલાનો સાધક છું...'

સૌએ કલાકારનું હર્ષનાદ વડે સ્વાગત કર્યું. પ્રિયદત્તે મહારાજ સામે દૃષ્ટિ કરી. મહારાજા શ્રેણિકે આછા હાસ્ય સાથે કલાપ્રદર્શિત કરવાની અનુમતિ આપી.

પ્રિયદત્તે 'નયન મંજરી'નો આલાપ બાંસુરી પર બજાવવો શરૂ કર્યો.

નયનમંજરી....!

મધુર રાગ...

કલાકાર તન્મય બનીને રાગના સ્વરૂપને ઓપ આપતો હતો...અને વાતાવરણ શાંત બની ગયું અને સૌ સભાજનો શ્રોતા બનીને નયનમંજરીના રસસાગરમાં ખોવાઈ ગયા...

અર્ધઘટિકા પસાર થઈ ગઈ...

નયનમંજરીએ સૌના હૈયા હરી લીધા.

કલા અને કલાકાર જ્યારે એકબીજામાં ખોવાઈ જાય છે ત્યારે કલા જીવંત બનીને પ્રકાશમાં આવે છે...

પ્રિયદત્તે 'નયનમંજરી' વિલંબીત લયમાં બજાવવો શરૂ કર્યો. મૃદંગવાદકે બત્રીસ માત્રાનો તાલ બજાવવો શરૂ કર્યો. સૌના હૈયા ડોલી ઊઠયા.

થોડી વારમાં પછી દ્રુતલય શરૂ થઈ...

સૌ સભાજનો ઝૂમી ઊઠયા...વાહ વાહ...ધન્ય કલાકાર...ધન્ય સાધના કહીને કલાકારની કલાને બીરદાવવા લાગ્યા.

અતિ દ્રુતલય શરૂ થઈ..

મૃદંગવાદક સજાગ બની ગયો...

સભામાં સન્નાટો ફેલાઈ ગયો. સૌ એકચિત્તે સાંભળવામાં લીન બની ગયા હતા. કલાકાર કલાની મસ્તીમાં મસ્ત બનીને નયનમંજરીનો આખરી ઓપ આપી રહ્યો હતો.

'નયનમંજરી' વિદાય લઈ રહી હતી...

અને...!

રાગ સમાપ્ત થયો.

સૌએ હર્ષ વ્યક્ત કર્યો. મહારાજા શ્રેણિક પણ કલાકારની સાધના જોઈને આનંદિત બન્યા. ત્યારબાદ કલાકારનું સન્માન કરવામાં આવ્યું. યોગ્ય પુરસ્કાર આપ-

વામાં આવ્યો.

તે પછી મહામંત્રી અભયકુમાર ઊભા થયા અને ભાવભર્યા સ્વરે સભાજનો તરફ દૃષ્ટિ કરીને કહ્યું : 'સભાજનો, આજના પ્રસંગે કલાકાર પ્રિયદત્તે જે બાંસુરીવાદન કરીને કલા પ્રદર્શિત કરી તે બદલ મહારાજા અને રાજ્ય તરફથી કલાકારનું અને કલાનું સન્માન કરવામાં આવ્યું. આપ સર્વેએ કલાકારને બીરદાવ્યો અને કલાના ગુણગાન ગાયા તે હર્ષની વાત છે. હવે કોઈને કશી ફરિયાદ હોય તો આગળ આવે....'

મહામાત્ય અભયકુમાર પોતાના આસન પર બેસી ગયા ત્યાં પરદેશી વેપારી આગળ આવ્યો અને મહારાજને વંદન કરતાં કહ્યું : 'મહારાજાધિરાજ, હું રત્નકંબલનો વેપારી છું. દૂર દેશાવરથી આવું છું. મારી પાસે કલાત્મક, અતિ મુલ્યવાન અને સર્વોત્તમ રત્નકંબલ છે. જે મારી પાસે સોળ જ નંગ છે. મેં મારું સમગ્ર જીવન આ સોળ રત્નકંબલ તૈયાર કરવામાં જ ગાળ્યું છે....અનેક દેશમાં ફર્યો અને ફરતાં ફરતાં જાણ્યું કે આ રત્નકંબલ મહારાજા શ્રેણિક ખરીદી શકે છે....'

મહારાજા શ્રેણિકને રત્નકંબલના વેપારીમાં રસ પડયો. મહારાણી ચેલ્લણા રત્નકંબલ નીહાળવા ઉત્સુક બની હતી. સર્વસભાજનો પણ ઉત્સુકભરી નજરે જોઈ રહ્યા હતા.

મહારાજાએ રત્નકંબલના વેપારીને આગળ આવવા જણાવ્યું.

રત્નકંબલનો વેપારી ધીમે પગલે રાજસિંહાસન

પાસે ગયો. અને મહારાજને મહાદેવી ચેલ્લણાને દંડવત્ પ્રણામ કર્યા.

શ્રેણિક મહારાજે નમ્ર સ્વરે પૂછ્યું : 'વેપારી, રત્નકંબલ અમારી સમક્ષ રજૂ કર....'

રત્નકંબલનો વેપારી આગળ આવ્યો એક રત્નકંબલ મહારાજ સામે રાખ્યું.

સમગ્ર સભા રત્નકંબલની રચનાથી દિગ્મૂઢ બની ગઈ હતી. શ્રેષ્ઠ અને ઉત્તમ કલાકારીગીરીથી સુશોભિત રત્નકંબલ દીપી ઊઠ્યું હતું. સૌને થયું કે આ રત્નકંબલ અતિ મૂલ્યવાન હશે....કલાકારની કલા દીપી ઊઠતી હતી.

શ્રેણિક મહારાજાએ કહ્યું : 'તું આજ દિવસના ત્રીજા પ્રહર બાદ રાજભવનમાં આવજે ત્યારે વાત કરીશું....'

રત્નકંબલનો વેપારી નમન કરીને પોતાના સ્થાને બેસી ગયો અને મહારાજાનો જયનાદ કર્યો.

રાજસભાનું કાર્ય પૂરું થયું....

મહારાજા પોતાની પ્રિયા ચેલ્લણાદેવી સાથે રાજભવન તરફ રથમાં બેસીને વિદાય થયા.

માર્ગમાં ચેલ્લણાદેવીએ મધુર સ્વરે શ્રેણિક મહારાજા સામે જોઈને કહ્યું : 'સ્વામી, રત્નકંબલ ભવ્ય અને કલાત્મક હતી....એ કંબલમાંનાં મઢેલાં રત્નો દૈદિપ્યમાન હતાં....'

'પ્રિયે, જો તને ગમી છે તો ખરીદ કરીશું....'

'સ્વામી, એ રત્નકંબલ અતિ મૂલ્યવાન જણાય છે....'

'હા...' શ્રેણિક મહારાજા આગળ કંઈ કહે તે પહેલાં જ રાજભવનનું મુખ્ય દ્વાર આવી ગયું.

રથ ઊભો થઈ ગયો.

શ્રેણિક મહારાજા નીચે ઉતર્યા, પાછળ ચેલ્લણાદેવી ઉતર્યાં અને રાજવન તરફ જવા લાગ્યા. દ્વારરક્ષકે નમન કરીને જયનાદ કર્યો.

મહારાજા અને રાણી ચેલ્લણાની પાછળ મહા-પ્રતિહાર ચાલી રહ્યા હતા.

સૌ રાજભવનમાં આવ્યા.

દિવસનો બીજો પ્રહર પૂરો થયો હતો.

મહારાજા વસ્ત્રપરિવર્તન અર્થે એક ખંડમાં ગયા. મહારાણી ચેલ્લણા પણ વસ્ત્રપરિવર્તન અર્થે અન્ય ખંડમાં ગઈ...મહારાણી ચેલ્લણાના અંતરમાં રત્નકંબલ રમી રહી હતી....ઓહ્ કેટલી ભવ્ય અને ઉત્તમ હતી...! પણ અતિ મૂલ્યવાન જણાતી હતી...

મહારાણી ચેલ્લણાને વિચારમાં પડેલા જોઈને વસ્ત્રપરિવર્તનમાં મદદ કરી રહેલી એક દાસીએ નમ્ર સ્વરે કહ્યું: 'દેવી, આપ કોઈ ગંભીર વિચારમાં પડી ગયા છો? આપને શી ચિંતા સતાવી રહી છે?'

'મંગલા, આજે રાજસભામાં રત્નકંબલનો વેપારી આવ્યો હતો. મારા અંતરમાંથી એ રત્નકંબલ ખસતી નથી...જો અતિ મૂલ્યવાન હશે તો મહારાજ ખરીદ કરવાની ના પાડશે...'

'દેવી, મહારાજા આપની ઈચ્છા પૂરી કરશે...'

મંગલાએ કહ્યું. મંગલા દાસી હોવા છતાં ચેલ્લણાની સારસંભાળ અને તેના દરેક કાર્યો કરતી. ચેલ્લણા ઘણી વાર મંગલાને સખી માનીને વાતો કરતી...

મહારાજા શ્રેણિક વસ્ત્રપરિવર્તન કરીને ભોજન. ગૃહમાં આવ્યા ત્યારે ચેલ્લણા આવી નહોતી પરંતુ અન્ય રાણીઓ હાજર હતી. શ્રેણિક મહારાજાએ એક સેવકને બોલાવીને ચેલ્લણાદેવીને તુરત જ અહીં આવવાની આજ્ઞા કરી.

સેવક નમન કરીને વિદાય થયો.

થોડી વારમાં ચેલ્લણા આવી અને મહારાજે કહ્યું : ‘ કેમ પ્રિયે, વિલંબ થયો ? ’

‘ સ્વામી, હું ભોજનકક્ષ તરફ આવતી જ હતી...’

‘ હવે ભોજન અર્થે બેસી જાઓ....’

સૌએ આસન લીધું....શ્રેણિક મહારાજાનું વિશાળ અને સર્વોત્તમ ભોજનગૃહ....બત્રીસ જાતના પકવાન અને અન્ય ઉત્તમ ભોજનસામગ્રી બનાવવામાં આવતી હતી. ભોજનગૃહના સેવકોએ સુવર્ણના પાત્રો મુકયા અને ભોજનસામગ્રી પીરસવા લાગ્યા.

ભોજનકાર્યથી નિવૃત્ત થઈને સૌએ મુખવાસ ગ્રહણ કર્યો અને મહારાજા શ્રેણિક પોતાના ખંડમાં જવા વિદાય થયા અને વિશાળ શય્યા પર આડે પડખે થયા. એક સેવક ચામર ઢાળી રહ્યો હતો. વાતાવરણમાંથી મંદ મંદ વાયુ આવી રહ્યો હતો.

ત્યાં દેવી ચેલ્લણા આવી પહોંચ્યાં.

મહારાજે આવકાર આપ્યો અને સ્નેહભર્યા સ્વરે કહ્યું : ' આવ પ્રિયે, અહીં આસન પર બેસ....'

ચેલ્લણા એક આસન પર બેસી ગઈ....

' પ્રિયે, તારે થોડી વાર વિરામ લેવો નથી....આજ રાજસભામાં આવી હતી તેથી તને શ્રમ લાગ્યો હશે....'

' ના....સ્વામી, મને શ્રમ લાગ્યો નથી....' ચેલ્લ-ણાએ મધુર સ્વરે કહ્યું.

' તો થોડી વાર મારી સાથે વાતો કર....' શ્રેણિક મહારાજાએ કહ્યું. સામેના વાતાયનમાંથી પવન આવી રહ્યો હતો. સૂર્યનો પ્રખર તાપ વરસી રહ્યો હતો.

ચેલ્લણાએ પોતાના સ્વામી સાથે અવનવી વાતો કરવા માંડી પણ અર્ધઘટિકામાં ચેલ્લણાની આંખો ઘેરાવા લાગી અને મહારાજ પાસેથી વિદાય લઈને પોતાના ખંડમાં આવી....અને શય્યા પર પડતા વેંત જ નિદ્રાને આધિન થઈ ગયા.

દિવસનો ત્રીજો પ્રહર પૂરો થયાની ઝાલરી રણકી ઊઠી....મહારાજા શ્રેણિક પોતાની શય્યા પરથી ઊભા થયા અને જળ વડે હાથમુખ સ્વચ્છ કરીને સ્વસ્થ બન્યા ત્યાર બાદ એક દાસીને બોલાવીને ચેલ્લણાદેવીને જાગૃત કર-વાનું કહ્યું.

દાસે તરત જ ચેલ્લણાદેવીની માનીતી દાસી મંગ-લાને આ વાત કરી. મંગલા તરત જ ચેલ્લણાદેવીના ખંડમાં આવી ત્યારે મહારાણી ચેલ્લણા શય્યા પર ગુલાબી નિદ્રા માણી રહ્યા હતા.

મંગલાએ વિચાર્યું કે જાણે આકાશમાંથી ચંદ્ર ઉતરી આવ્યો હોય તેવું રૂપ અને કમળદંડ જેવા સુંવાળા હાથ. અતિ દિર્ઘ કેશકલાપ અને ખીલતી કળી જેવા નાજુક પયોધર નવયૌવનના રસમાં તરબોળ બનેલી દેહલત્તાના ઉપવનમાં શોભી રહ્યા હતા. કમળને પણ શરમાવે તેવા નયનોમાંથી ઝરતું અમૃત....

મંગલા આગળ વિચારે તે પહેલાં જ ચેલ્લણા એકાએક જાગૃત થઈ ગયા....અને મંગલાને જોતાં જ કહ્યું : 'મંગલા, શું કાર્ય અર્થે આવી છો ?'

'દેવી, આપને મહારાજ યાદ કરી રહ્યા છે....'

'સંદેશો મોકલાવી દો કે દેવી સ્વસ્થ થઇને આવે છે....' ચેલ્લણાએ કહ્યું.

મંગલાએ તરત જ એક સેવક મારફત આ સંદેશો મોકલાવ્યો. ચેલ્લણા વસ્ત્રપરિવર્તન કરીને સ્વસ્થ થઈને જ્યાં શ્રેણિક મહારાજા પ્રતિક્ષા કરતાં હતાં તે ખંડમાં ગઇ....

શ્રેણિકે પોતાની પ્રિયાનું સ્વાગત કર્યું. ચેલ્લણાએ મધુર સ્વરે કહ્યું : 'સ્વામી, રત્નકંબલનો વેપારી આવ્યો નથી ને ?'

'ના....તે હવે આવવો જોઈએ....'

ત્યાં એક સેવક આવ્યો અને નમન કરતાં કહ્યું : 'મહારાજ જય થાઓ....દેવીનો જય થાઓ....'

'કહે....' મહારાજે કહ્યું.

'મહારાજ, રત્નકંબલનો વેપારી દ્વાર પાસે ઊભેલ

છે....આપને મળવાની આજ્ઞા માંગે છે....'

'તેને અહીં મોકલ....'

'જેવી આજ્ઞા....કૃપાનાથ....' ફરીને તે સેવક બન્નેને નમન કરીને વિદાય થયો.

થોડી વારમાં રત્નકંબલનો વૃદ્ધ વેપારીએ ખંડમાં પ્રવેશ કર્યો અને મહારાજા અને ચેલ્લણાદેવીનો જયનાદ કર્યો મહારાજે મીઠો આવકાર આપતાં કહ્યું : 'આપ આ આસન પર બીરાજો....'

રત્નકંબલના વેપારીએ આસન પર બેઠક લીધી. ચેલ્લણાદેવીએ કહ્યું : 'મારે ફરી વખત તે રત્નકંબલ નીહાળવું છે....!'

'હા....' એમ કહીને વેપારી એક રત્નકંબલ ચેલ્લણાદેવીના હસ્તમાં મૂક્યું.

ચેલ્લણાદેવી રત્નકંબલની કલા પર જ મોહિત થઈ ગયા અને ખરીદ કરી લેવાનું મન થયું.

મહારાજાએ વેપારીને પૂછ્યું : 'ભાઈ, તમારી પાસે રત્નકંબલો કેટલી છે ?'

'મહારાજ, સોળ રત્નકંબલો છે....પણ હજુ સુધી એકપણ વેચાઈ નથી. મેં જાણ્યું કે આ રત્નકંબલ આપ જ લઈ શકો તેમ છો....કારણકે આપ કલાકારની કીંમત આંકી શકો તેમ છો...'

'રત્નકંબલની વિશિષ્ટતા શું છે ?' ચેલ્લણાએ રત્નકંબલ હાથમાં ફેરવતાં કહ્યું.

'મહાદેવી, આ રત્નકંબલની વિશિષ્ટતા એ છે કે

વર્ષા આવે તો તેને કોઈ અસર થતી નથી....ગરમની ઋતુમાં શીતળતા અર્પે છે અને ઠંડીની ઋતુમાં ઉષ્ણતા આપે છે. અગ્નિની અસર થતી નથી. ત્રણેય ઋતુના રોગો હરે છે....અને સદા શુદ્ધ રહે છે....'

'આની કીંમત કેટલી છે?'

'એક રત્નકંબલની કિંમત સવાલાખ સોનૈયા છે....' વૃદ્ધ વેપારીએ મધુર સ્વરે કહ્યું.

રાણી રત્નકંબલ ખરીદવાની માગણી કરે તે પહેલાં જ શ્રેણિકે વ્યાપારીને કહ્યું: 'વેપારી, આપે જે વિશિષ્ટતાઓ કહી તે રત્નકંબલમાં હશે જ....પણ આ રત્નકંબલ પહેરવામાં આવે શોભી ન ઉઠીયે....સવા લાખ સૌનેયા આ રત્નકંબલ પાછળ ખર્ચવા તેના કરતાં સવાલાખ સોનામહોરે પુરૂષરત્ન કેમ ન સંઘરીયે જે અવસરે માર્ગ તો કાઢે....'

ચેલ્લણા તરત જ વાત પામી ગઈ....

મહારાજાની ઈચ્છા રત્નકંબલ ખરીદવાની નથી.... તે કશું બોલી નહિ. મૌન ભાવે બેસી રહી....ચેલ્લણાની આશા પડી ભાંગી હતી.

આશાનું જ્યારે અવસાન થાય છે ત્યારે માનવી ગારા જેવો બની જાય છે....

રત્નકંબલનો વેપારી મહારાજની આજ્ઞા લઈને રાજભવનની બહાર નીકળી પડયો....તેનું મન ભાંગી પડયું....જ્યાં એક રત્નકંબલ મહારાજે ખરીદ ન કર્યું તો મારા સોળ રત્નકંબલો કયાંથી અને કોણ લઈ શકશે....?

**અંતઃકરણમાં** પ્રગટતી આશાઓ અમર પણ હોય અથવા ક્ષણિક પણ હોય...જો આશા પાછળ શ્રદ્ધા અને પુરૂષાર્થ હોય તો તે આશા જીવંત બને છે.

રત્નકંબલનો વેપારી આઠ દિવસથી નગરીમાં ઘૂમી રહ્યો છે અને મોટા અવાજે કહી રહ્યો છે....' લ્યો કંબલ ....લ્યો કંબલ....'

સૂરજના સોનેરી કિરણો ધરતીને ચુમવા આવે ત્યારથી તે વૃદ્ધ વેપારી પોતાની પાસે રહેલી જીવન મુડી સમી, પોતાના જીવતરની મહેનતરૂપ રત્નકંબલો લઇને નીકળી પડતો....

એક માત્ર આશાએ....પોતાની મહામુલી રત્નકંબલોની કિંમત કરી જાણે....એક કલાકૃતિ સમી રત્નકંબલો લઈ જાણે....મનમાં એવો પણ વિચાર આવતો જ્યાં મહારાજ પણ ખરીદી ન શકયા ત્યાં બીજું કોણ ખરીદી શકે ? છતાં જ્યાં સુધી માનવીના અંતરમાં આશાનો દોર છે ત્યાં સુધી તે શ્રદ્ધા, અને પુરૂષાર્થથી આશાને જીવંત

બનાવવાનો પ્રયત્ન કરતો હોય છે.

રત્નકંબલનો વેપારી શ્રેષ્ઠિ પરિવારના ભવનો તરફ ફરી રહ્યા હતો અને આશાજનક શબ્દોમાં 'રત્નકંબલ લ્યો....કહી રહ્યો હતો. પણ સવા લક્ષ સૌનૈયાની અતિ મૂલ્યવાન રત્નકંબલ કોણ ખરીદી કરવાનું હતું ?'

રત્નકંબલના વેપારીને મનમાં હતું કે આ નગરીની પ્રજા અતિ સમૃદ્ધ અને સુખી છે તેથી મહારાજ ન લઈ શકયા તો કોઇ શ્રેષ્ઠિ પરિવાર ખરીદશે....

પણ શ્રેષ્ઠિ પરિવારમાંથી કોઈ આવી મોંઘીદાટ રત્નકંબલ ખરીદવા તૈયાર થયું નહિ. વેપારી એક પછી એક વિસ્તારમાં જતો ગયો અને શાલિભદ્રના વિશાળ ભવન પાસેથી નીકળે છે....

દિવસનો પ્રથમ પ્રહર હતો.

સૂર્યના સહેજ તીખા કિરણો પૃથ્વી પર પ્રકાશી રહ્યા હતા. વાતાવરણ શાંત હતું....

'રત્નકંબલ લ્યો....' રત્નકંબલનો વેપારી કહી રહ્યો હતો....થોડી વાર બાદ તેણે કહ્યું : 'ઓહ....આ નગરીના મહારાજા પણ રત્નકંબલ ખરીદી ન શકયા તો શું કોઇ શ્રેષ્ઠિ પણ ખરીદી નહિ શકે ?'

અને....!

આ શબ્દો ભદ્રા શેઠાણીએ સાંભળ્યા. તેણે એક દાસીને બોલાવીને કહ્યું : 'બહાર માર્ગ પર કોઈ વૃદ્ધ વેપારી અવાજ કરી રહ્યો છે....તે કંઇક કહી રહ્યો છે. તેને સન્માનપૂર્વક અહીં લઈ આવ....'

'ભલે...' એમ કહીને તે દાસી વેપારીને સન્માન-પૂર્વક ભદ્રા શેઠાણી પાસે લાવી.

ભદ્રા શેઠાણીએ વેપારીને એક આસન પર બેસવાનું કહ્યું :

રત્નકંબલનો વેપારી સુવર્ણજડિત આસન પર ન બેસતાં નીચે બેસી ગયો ત્યારે ભદ્રા શેઠાણીએ કહ્યું : 'ભાઈ, આપ આસન પર બીરાજો....'

પછી રત્નકંબલનો વેપારી આસન પર બેઠો....

એક દાસી જળનું પાત્ર મુકી ગઈ....

ભદ્રા શેઠાણીએ મધુર સ્વરે કહ્યું : 'ભાઇ, હમણાં માર્ગ પર આપ શું કહી રહ્યા હતા....?'

'બહેન, એક આશાએ આવ્યો હતો પરંતુ આવતી કાલે તો નગરી ત્યાગ કરી દઇશ....સંસારમાં બધી આશાઓ ફળીભૂત થતી નથી....'

'મને આપની વાત સમજાણી નહિ....'

'બહેન, હું રત્નકંબલનો વેપારી છું....અહીંના મહારાજાધિરાજ મારા રત્નકંબલો ખરીદશે તે આશાએ દેશદેશાવર ફરીને આવું છું પણ મહારાજ મારા રત્ન-કંબલો ખરીદી ન શકયા....આથી અંતરમાં થયું કે જે નગરી આટલી સમૃદ્ધિ અને વૈભવવિલાસવાળી છે તો કોઈ શ્રેષ્ઠિ ખરીદશે પણ તેમાંય મને નિરાશા સાંપડી.... હું આવતી કાલે અન્ય નગરીમાં ચાલ્યો જઇશ.'

'નહિ ભાઈ, આ નગરીમાં તમે જે આશા અને

અરમાનો સાથે આવ્યા છો તે પૂરી થશે. આ નગરીનું ગૌરવ જળવાશે....'

'બહેન, મારી પાસેની વસ્તુઓ મહારાજે પણ ખરીદી નથી....'

'આપને આમ ન કહેવું જોઈએ....'

રત્નકંબલનો વેપારી સમજી ગયો. આ ગૌરવ અને પ્રતિભાશાળી શેઠાણી રાજાનું અને રાજ્યનું ગૌરવ ઝાંખુ પડે તેવું ઇચ્છતી નથી. તે કંઇ ઉત્તર આપે તે પહેલાં જ ભદ્રા શેઠાણીએ કહ્યું : 'ભાઈ, અમારા મહારાજા આ આપની કીમતી વસ્તુ ન ખરીદે એ સ્વાભાવિક છે....કારણ કે રાજભંડારમાં જે લક્ષ્મી છે તે પ્રજાની છે અને પ્રજાની લક્ષ્મી ગમેતેમ વાપરી નાંખવાનો રાજાને અધિકાર ન હોય....એમ અમારા મહારાજા માને છે અને વર્તનમાં પણ ઉતારે છે....અમારા રાજવી પ્રજાવત્સલ, આદર્શ અને ગૌરવશાળી છે....'

'બહેન, મારા કહેવામાં ભૂલ થઈ હોય તેમ જણાય છે....ક્ષમા માંગું છું....'

'હવે કહો આપની પાસે કઈ સામગ્રી છે?....' ભદ્રા શેઠાણીએ કહ્યું.

રત્નકંબલના વેપારીએ ખૂબ જ સ્વસ્થતાપૂર્વક કહ્યું : 'બહેન, મારી પાસે રત્નકંબલો છે....'

'એની કિંમત કહો....'

'દરેકની કિંમત સવાલક્ષ સુવર્ણ મુદ્રા છે....'

'આપની પાસે રત્નકંબલો કેટલી છે?'

'સોળ નંગ છે....' રત્નકંબલના વેપારીએ કહ્યું.

'સોળમાં શું થાય....? મારે ત્યાં બત્રીસ પુત્ર-વધૂઓ છે. પ્રત્યેકને એક એક પણ ન આપી શકાય... માટે તો બત્રીસ નંગ જોઈએ...'

શેઠાણીના શબ્દો સાંભળીને રત્નકંબલનો વેપારી અવાક્ થઇ ગયો અને વિચારવા લાગ્યો કે જ્યાં મહારાજા એક રત્નકંબલ ખરીદ કરી ન શક્યા ત્યાં આ શેઠાણી બત્રીસ રત્નકંબલની વાત કહે છે....! વેપારી આશ્ચર્ય-વિમૂઢ બની ગયો.

ભદ્રા શેઠાણીએ ફરીને રત્નકંબલના વેપારી સામે જોઇને કહ્યું: 'શું આપની પાસે રત્નકંબલો વધુ નથી....?'

'ના....બહેન, આ સોળ રત્નકંબલ બનાવવા પાછળ મેં મારું જીવતર ગાળ્યું છે....' રત્નકંબલના વેપારીએ કહ્યું. ત્યાં દુગ્ધના પાત્રો આવ્યા.

રત્નકંબલના વેપારીએ જ્યારે દુગ્ધપાન કર્યું ત્યારે સ્વાદ મુખમાં રહી ગયો. અનેક કીમતી અને ઉત્તમ દ્રવ્યોયુક્ત દુગ્ધ હતું....વેપારીને થયું કે આટલું સ્વાદિષ્ટ અને શ્રેષ્ઠ દુગ્ધપાન મહારાજાને ત્યાં પણ કર્યું નથી.

'તો ભાઇ, એમ કરો કે આ રત્નકંબલોના બે બે ભાગ કરી આપો જેથી હું મારી બત્રીસ પુત્રવધૂઓને આપી શકું...!'

'બહેન, આ કલાત્મક અને શ્રેષ્ઠ અને કીમતી

રત્નકંબલના આપ ભાગ કરવાનું કહો છો.'

'હા....ભાઈ, એ સિવાય બીજો કોઈ માર્ગ નથી....!' ભદ્રા શેઠાણીએ મૃદુ સ્વરે કહ્યું. જાણયે સાધારણ વાત કરતાં હોય તે રીતે કહ્યું.

'બહેન, મેં મારું સમગ્ર જીવન આ સોળ રત્નકંબલ બનાવવા પાછળ ગાળેલ છે. હવે આવી રત્નકંબલો બનશે કે કેમ તે એક પ્રશ્ન છે....મને સુવર્ણમુદ્રાઓ કરતાં મારી કલા વધુ પ્રિય છે....મારાથી મારી જ કલાનું અપમાન થઈ શકશે નહિ....!' રત્નકંબલના વેપારીએ ભાવભર્યા હૈયે કહ્યું.

'ભાઈ, આપને ધન્ય છે. આપ સુવર્ણમુદ્રાઓ કરતાં આપની કલાને મહાન ગણો છો. આપની કલા મહાન છે. પણ હું આપની કલાનું અપમાન કરતી નથી. આપની કલાનું ગૌરવ કરું છું....મારી મુશ્કેલીનો માર્ગ આપે કાઢવાનો છે....!'

'બહેન, આપને ધન્ય છે. આપે મારી કલાનું સન્માન કર્યું....હવે આપની ઇચ્છા પ્રમાણે રત્નકંબલના બે ભાગ કરી આપીશ. પણ કપાતા હૈયે....'

'ભાઈ, કોઇ પણ પ્રકારનો રોષ રાખશો નહિ. અંતરમાં રોષ પ્રગટાવીને કલાનું અપમાન કરશો નહિ....'

ઓહૂ....શેઠાણી મારા કરતાં વિશેષ કલાની કિંમત સમજે છે. ભદ્રા શેઠાણીએ ફરી વાર કહ્યું : 'ભાઇ, કલાની પૂજા હોય....કલાનું ગૌરવ હોય....કલાનું સન્માન હોય....

આપનું હૈયું કંપતુ હોય તો રહેવા દેજો....'

'ના....બહેન....ના....આપે તો મારી કલાને ગૌરવભર્યું સ્થાન આપીને સિંહાસન પર બીરાજી દીધી....' એમ કહીને વેપારી સોળ રત્નકંબલના બે ભાગ કરી આપ્યા.

ભદ્રા શેઠાણીએ દાસીને બોલાવીને કહ્યું : 'મુનિમજીને કહે કે આ ભાઈને વીસ લક્ષ સુવર્ણમુદ્રાઓ આપે....'

અને તરત જ મુનિમજીએ વીસ લક્ષ સુવર્ણમુદ્રા રત્નકંબલના વેપારીના હસ્તમાં મુકી.

ભદ્રા શેઠાણીએ વેપારીને કહ્યું : 'આપની કલાને અમર રાખજો....કલાના ગૌરવને જાળવજે....'

વેપારીએ હર્ષભર્યા હૈયે શેઠાણીને નમન કર્યાં અને વિદાય થયો અને ભદ્રાશેઠાણીના વૈભવ, વિલાસ અને સમૃદ્ધિની પ્રશંસા કરતો કરતો ભવનની બહાર નીકળ્યો.

ભદ્રા શેઠાણીએ મુખ્ય દાસીને બોલાવીને કહ્યું : 'સુનંદા, આ રત્નકંબલોના બત્રીસ નંગ છે....આવતી કાલે સવારે બત્રીસ પૂત્રવધૂના હાથમાં સોંપજે....'

'ભલે....' સુનંદા બત્રીસ રત્નકંબલો લઈને સોપાન-શ્રેણી પરથી પસાર થઈને પ્રથમ ભૂમિ પર આવી અને સાચવીને રત્નકંબલ મૂકી દીધી.

શાલિભદ્ર સપ્તભૂમિ પર એક ખંડમાં પોતાની બત્રીસ પ્રિયાઓ સાથે રંગભરી વાતો કરી રહ્યો હતો. જ્યાં વૈભવવિલાસની છોળો ઉડતી હતી.

શાલિભદ્રની બત્રીસ પ્રિયાઓ શાલિભદ્રનું મન પ્રસન્ન રાખવા માટે વિવિધ વાતો કરી રહી હતી.

શાલિભદ્રે પોતાની સંગીતજ્ઞાતા પ્રિયા સામે જોઈને કહ્યું : 'પ્રિયે, વીણા પર સવારનો મનપ્રિય રાગ બજાવ...'

'સ્વામી, હું આપની સમક્ષ 'સૂર્યનંદન' રાગ વીણા પર બજાવીશ....જે આપના હૈયાને આનંદ આપશે.'

'પ્રિયે, 'સૂર્યનંદનની માધુરીથી વાતાવરણને પ્રસન્ન બનાવી દે...'

એમ જ થયું.

શાલિભદ્રની પ્રિયાએ વીણા પર 'સૂર્યનંદન'ની સૂરાવલિ બજાવવી શરૂ કરી....

સૂર્યનંદન....!

ઘણો પ્રાચીન રાગ...!

વાતાવરણમાં 'સૂર્યનંદન'ના સ્વરો વહેવાથી પ્રસન્નતા સભર વાતાવરણ બન્યું...શાલિભદ્રની અન્ય પ્રિયાઓ 'સૂર્યનંદન'નો રસાસ્વાદ માણવા લાગ્યા.

સુમધુર રાગ...અને તેનો કળામય આલાપ...

વીણા પર અંગુલિઓ જાણેચે રમતી હતી...!

શાલિભદ્ર પ્રસન્ન થયો અને અંતરની ઊર્મિ દર્શાવવા લાગ્યો. વીણા પર થોડી વાર આલાપ વગાડીને સૂર્યનંદનને વિલંબિત લયમાં મૂકયો. સૌએ વિચાર્યું કે મૃદંગ વગર પણ રાગ કેટલો દીપી ઉઠે છે. રાગની માધુરી છલકાય છે...!

થોડી વારમાં કલારસિક પ્રિયાએ મધ્યલય શરૂ કરી...

થોડી વારમાં દ્રુતલય શરૂ થઈ. રાગના સ્વરૂપને આલેખીને નવયૌવન રૂપ આપીને કલાપ્રિયાએ રાગને અતિ દ્રુતલયમાં મૂકયો અને થોડી વારમાં ભાવભરી વિદાય આપી.

સૌના હૈયા પ્રસન્ન બન્યા.

શાલિભદ્રે ‘ ધન્ય ધન્ય ’ કહીને પોતાની કલારસિક પ્રિયાની પ્રશંસા કરતાં કહ્યું : ‘ પ્રિયે, તારી કલા–સાધના પર મને અતિ આનંદ અને હર્ષ થાય છે....’

‘ સ્વામી, આપના ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય તે જ મારા માટે ઘણું છે...આપ પ્રસન્ન રહો એ સિવાય મારી કોઈ ઇચ્છા કે ભાવના નથી....’ કલારસિક પ્રિયાએ ભાવભર્યા સ્વરે કહ્યું.

શાલિભદ્ર કશું બોલ્યો નહિ.

દેવલોકમાંથી ગોભદ્ર શેઠ નિયમિત રીતે દરરોજ દેવદુર્લભ વસ્ત્રો, અલંકારો અને ભોજનસામગ્રી મોકલી રહ્યા હતા....જ્યાં અપાર સંપત્તિ, વૈભવ છે જેની સંભાળ અને ચિત્ત પ્રસન્ન રાખવા માટે બત્રીસ પ્રિયાઓ મન-ગમતી વાતો અને સંગીતની સૂરાવલીઓ બજાવી શકે તે પરમ ભાગ્યશાળી શાલિભદ્રની રિદ્ધીસિદ્ધી અપૂર્વ હતી....

બીજે દિવસે....

પ્રાતઃકાળનો સમય થયો. સૂર્યનાં તેજસ્વી કિરણો

ધરતીને ભીંજવી રહ્યા હતા. નગરીના લોકો જાગૃત બનીને પ્રાતઃકાર્યની વિધી આટોપી રહ્યા હતા. એક પ્રહર પૂરો થાય એટલે નગરીમાં ઝાલરી રણકી ઉઠતી. પક્ષીઓનો મધુર કલરવ વાતાવરણને શોભાવી રહ્યો હતો. શીતળ વાયુ વહી રહ્યો હતો.

શાલિભદ્ર પોતાની શય્યામાં સુખથી નિદ્રા માણી રહ્યા હતા. વાતાયનમાંથી શિતળ વાયુ શાલિભદ્રના કેશની લટોને સ્પર્શી રહ્યો હતો. આથી કેશની લટો વેરવિખેર થઇ ગઈ હતી. શય્યા સુવર્ણજડિત હતી. સૂર્યનો પ્રકાશ વાતાયનમાં પ્રવેશ્યો....

શાલિભદ્રને હંમેશ નિદ્રામાંથી જાગૃત કરવા માટે સવારની મધુર રાગિણીઓ બજાવવામાં આવતી...સવારની રાગિણીના મીઠા અને માદક સ્વરોથી વાતાવરણમાં પ્રસન્નતા છલકાઈ ઉઠતી....

શાલિભદ્ર સંગીતના મધુરા સ્વરો સાંભળીને જાગૃત થઈ જતો અને પ્રાતઃકાર્યની વિધિમાં રચ્યોપચ્યો રહેતો....બત્રીસ પ્રિયાઓ હાજર થઈ જતી અને શાલિભદ્રને સ્નાન કરાવતાં....સુગંધમય અને ઉત્તમ દ્રવ્યોના મિશ્રણથી જળ માદક અને ચિત્ત સ્વસ્થ અને પ્રસન્ન બની જાય તેવું હતું. ઉત્તમ પ્રકારના વસ્ત્રો અને મહામૂલાં અલંકારો પહેરાવવામાં આવતાં....ત્યારબાદ બત્રીસ પ્રિયાઓ....શાલિભદ્રની સાથે જ સ્નાનક્રિડા કરતાં....

આજ શાલિભદ્ર સાથે બત્રીસ પ્રિયાઓ સ્નાના-

ગારમાં જાય તે પહેલાં સુનંદાએ આવીને નમ્ર સ્વરે કહ્યું : ‘ માતાજીએ આપને માટે રત્નકંબલ ખરીદી છે....માતાએ સવા લક્ષ સોનામહોર આપીને એક એક રત્નકંબલ ખરીદી છે....આપને માટે માતાજીએ મોકલી છે....આપ તેનો ઉપયોગ કરજો....’

‘ ભલે....’ શાલિભદ્રની બત્રીસ પ્રિયાઓએ ઉત્તર આપ્યો.

અને....!

સ્નાન કર્યા પછી માતાજીનો આગ્રહ હતો એટલે બત્રીસ પુત્રવધૂઓએ રત્નકંબલનો એક એક ભાગ લીધો અને પહેર્યો થોડી વારમાં સુનંદાને બોલાવવામાં આવી.

‘ સુનંદા, આ તો અમને ગમતું નથી....’

સુનંદાએ તરત જ નીચે ભદ્રાશેઠાણીને આ વાત કહી ત્યારે ભદ્રા શેઠાણીએ વિચાર્યું કે દેવલોકમાંથી આવતી સામગ્રી પહેરનાર પોતાની પૂત્રવધૂઓને રત્નકંબલ કેમ ગમે ?

ભદ્રા શેઠાણીએ સુનંદા સામે જોઈને કહ્યું : ‘ સુનંદા, તું ઉપર જા અને મારી પુત્રવધૂઓને કહેજે કે આપને ન ગમે તો કાઢી નાંખજો, મન બગાડીને પહેરશો નહિ અથવા માતાજીને સારું નહિ લાગે તેમ માનીને પહેરશો નહિ....’

‘ ભલે માતાજી, હું આપનો સંદેશો કહી આવું’

છું....' સુનંદા ચાલી ગઇ અને ઉપર જઈને ભદ્રા શેઠાણીએ કહ્યું તે પ્રમાણે જણાવ્યું.

સુનંદાના સંદેશા બાદ બત્રીસ પુત્રવધૂઓએ પોતાના પગ લુંછીને કંબલો કાઢી નાંખી અને નિર્માલ્યના કૂવામાં નાંખી દીધી.

આ તરફ ધન્નાશેઠે પોતાની ત્રણેય ભાભીઓને પિયર સંદેશા મોકલ્યા હતા કે પોતાના ત્રણેય ભાઈઓ દીક્ષા લઇ લીધેલ છે....અને અનંત સુખની આરાધના અર્થે સર્વત્યાગનો પંથ લીધો છે....તેઓ તપ કરી રહ્યા છે....ત્રણેય ભાભીઓએ આ સમાચાર જાણ્યા ત્યારે તેઓને પણ સંસાર પર વૈરાગ્ય પ્રગટ થયો અને દીક્ષા લઈ લીધી.

ધન્ના શેઠ પોતાના ભવનની પ્રથમ ભૂમિકાની અટારીએ બેસીને પોતાના જીવનકાળ બની ગયેલી ઘટનાઓ અંગે વિચાર કરવા લાગ્યા....સંસાર સોહામણો છે છતાં કેટલો દુઃખોથી ભરેલો છે. સુખની ભ્રમણા જ થયા રાખે....!

સંસારની માયાજાળમાં સપડાયેલો માનવી સહેલાઇથી છૂટી શકતો નથી....!

ધનસાર શેઠ પોતાના પર અગાઢ પ્રેમ દાખવનાર સ્નેહની મૂર્તિ સમા પિતા સંસારત્યાગ કરીને ચિરનિદ્રામાં પોઢી ગયા.

મમતા અને વાત્સલ્યભરી માતા પણ પિતાને પગલે

ચાલ્યા ગયા....પોતાના ત્રણ મોટા ભાઈઓ પણ વૈરાગ્યને પંથે ચાલ્યા ગયા અને મુક્તિની આરાધના કરવાં લાગ્યા.

ત્રણેય ભાભીઓ....! ઓહ્ એ દિવસો....ભાભીઓ સાથેની રસભરી વાતો....વાર્તાલાપ....વગેરે...કંઇ રહ્યું નહિ....આજ ત્રણેય ભાભીઓ દીક્ષા અંગિકાર કરીને મુક્તિની આરાધના કરી રહી છે....!

એક દિર્ઘકાળ વીતી ગયો.

ધન્નાના અંતરમાં એક સવાલ ઊભો થયો....પોતે શું મેળવ્યું ? સંસારની આ સુખભ્રમણા પાછળ ભટકતો રહું છું....આત્મકલ્યાણની આરાધના કરી શકતો નથી....!

ત્યાં સુભદ્રા આવી સ્વામીને વિચારતંદ્રામાં પડેલા જોઈને એ પળ ઊભી રહી અને સ્નેહથી પોતાનો હસ્ત ધન્નાના બાહુ પાસે અડાડીને કહ્યું : ' સ્વામી, આપને હું થોડા સમયથી જોઉં છું કે કશાક વિચારમાં ગરકાવ થઇ જાઓ છો....! શું થયું છે આપને ? '

' પ્રિયે, ભૂતકાળના સ્મરણો ડોકિયા કરે છે....આજ મારા માતાપિતાની સ્મૃતિ થઇ....ભાઈઓ યાદ આવ્યા. ભાભીઓના સ્નેહ યાદ આવ્યા....એક સમૃદ્ધ પરિવાર છિન્ન ભિન્ન થઈ ગયું...! '

' સ્વામી, વીતી ગયેલી વાતોને ઢંઢોળવાથી શું પ્રાપ્ત થશે ? ભવિષ્ય સામે નજર કરો....વર્તમાન પળને યાદ રાખો....ભૂતકાળને સંભારવો નહિ. અને ભાવિની ચિંતા કરવી નહિ....એજ જીવનની સાચી મજા છે... વર્તમાન એજ જીવન છે....'

'પ્રિયે, તારી વાત સત્ય છે. ભૂતકાળમાં ડોકિયાં કરવાથી કશું વળવાનું નથી...વારંવાર મને એક વિચાર આવ્યા કરે છે. હું શું કરું છું....સંસારના સુખોપભોગને વળગી રહ્યો છું....મુક્તિની આરાધના પાછળ મન રહે છે....'

'સ્વામી, અત્યારે આપ શ્રમિત થયા છો....આપ અંદર ખંડમાં પધારો....'

'પ્રિયે, ચાલ હું તારી સાથે જ આવું છુ....' કહીને ધન્નો ઊભો થયો.

ધન્નો અને સુભદ્રા અંદરના ખંડમાં ગયાં ત્યારે ધન્નાની અન્ય સાત પત્નીઓ આવી ગઈ. સુભદ્રાએ સોમશ્રીને કહ્યું : 'સોમશ્રી, તું વીણા પર સુંદર રાગ બજાવીને સ્વામીનું ચિત્ત પ્રસન્ન કર....'

સોમશ્રીએ તરત જ એક દાસ મારફત વીણા મંગાવી અને મનને પ્રસન્ન કરે તેવો રાગ વીણા પર વગાડચો.

ધન્નો પ્રસન્ન થઈ ગયો. થોડી જ પળોમાં આઠેય પ્રિયાઓ સાથે સ્નેહભરી વાતોમાં ગુંથાઇ ગયો.

ખરેખર સંસારમાં નારી જેમ એક મમતાની મૂર્તિ સમી માતા છે તેમ તેનામાં સામાના હૃદયની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની કળા છે....!

સુભદ્રાએ વાતવાતમાં કહ્યું : 'સ્વામી, આપ આવતી કાલે રાજસભામાં જવાના છો ?'

'હા....પ્રિયે, પણ મહામંત્રી અભયકુમાર આવી ગયા છતાં મહારાજે મને એ જ હોદ્દો અને માન આપ્યું છે....શું કંઈ કાર્ય આવી પડયું છે ?'

'સ્વામી, મારી ભાવના હતી કે મારા માતા પાસે જઇ આવવું....આપ સાથે આવો....ઘણા દિવસથી માતાના દર્શન કર્યા નથી....'

'પ્રિયે, આપણે આજ દિવસના ચોથા પ્રહર બાદ ચઉવિહાર કરીને જઇશું....'

એમ જ થયું....

ધન્ના શેઠ અને સુભદ્રા એક રથમાં બેસીને શાલિભદ્રના ભવન પર આવ્યા ત્યારે ભદ્રા શેઠાણીએ બન્નેનું ભાવભર્યું સ્વાગત કર્યું સામસામા કુશળ પૂછયા.

ભદ્રા શેઠાણીથી ધન્નાને પૂછ્યું : 'આપ કુશળ છોને ?'

'હા....માતાજી, આપને જોઈને વિશેષ આનંદ થયો....'

'આપ બન્ને ઘણા દિવસ પછી અત્રે પધાર્યા....!'

'માતાજી, રાજકાર્યમાં મારે રોકાઈ રહેવું પડતું હોવાથી અત્રે આવી શકાતું નહોતું. આજ સુભદ્રાએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી આથી અમે બન્નેએ અહીં આવવાનું રાખ્યું....શાલિભદ્ર કુશળ છેને ?'

'શાલિભદ્ર આનંદમાં છે....' ભદ્રા શેઠાણીએ કહ્યું.

થોડી વાર બેસીને સુભદ્રાને લઈને ધન્નો પોતાના ભવન પર આવ્યો. સુભદ્રા પોતાની માતા ભદ્રાશેઠાણીને મળવાથી અત્યંત હર્ષિત બની ગઇ હતી.

જ્યારે બન્ને રથમાં બેસીને ભવન પર પહોંચ્યા ત્યારે રાત્રિના પ્રથમ પ્રહરની બીજી ઘટિકા ચાલી રહી હતી. ચંદ્રનો આછો પ્રકાશ ધરતી પર જોઈ શકાતો હતો. માર્ગ પર દીપમાલિકાઓ પ્રગટાવી હતી....માર્ગો પર અવરજવર પણ ઓછી હતી.

નગરીમાં રાત્રિકાળે નૃત્યો, નાટકો વગેરે ચાલતાં અને રસિકજનો નૃત્યો કરતાંય મદભરી અને રૂપવતી નર્તકીનું પાન કરવા જતાં. અને સંતોષ મેળવતા....

અનંત કાળથી માનવી કામવાસનાનાં આંદોલનોમાં સપડાતો રહ્યો છે. રૂપપ્યાસી બનીને તે ઘણીવાર ન કરવાનું કરી બેસે છે....માનવતા ભૂલી જાય છે. કર્તવ્ય ચૂકી જાય છે. ધર્મને ઠોકરે ચડાવે છે અને અંદરથી રાક્ષસ થઈને કેવળ અંધ બનીને માત્ર દોડતો જ હોય છે! તેની કોઈ દિશા નથી....કોઈ માર્ગ નથી....બસ દોડતો જાય છે....!

## ૧૭ : : શ્રેણિકનું સ્વાગત...

બીજે દિવસે સૂર્યના તેજસ્વી કિરણો જગતપટને શોભાવી રહ્યા છે. આશા ભર્યો સંદેશો કહી રહ્યો છે....જાગો ....ક્યાં સુધી નિંદ્રાધીન રહેશો....! પણ અનંતકાળથી સુખની ભ્રમણામાં ભટકાતો માનવી સૂર્યના આ દિવ્ય સંદેશને સાંભળી શકતો નથી ને સાંભળવાની દરકાર કરતો નથી....એતો સંસારના ભોગવિલાસના સાધનોમાં મસ્ત બનીને પોતાનું જીવન વ્યતિત કરે છે....!

મહારાણી ચેલ્લણા રાજભવનની પ્રથમ ભૂમિની અટારી પર બેઠેલા છે....!

પક્ષીઓનો મધુર ગુંજારવ શાંત વાતાવરણને ગતિશીલ બનાવી રહ્યો હતો જાણયે સૂર્યના આશાભર્યા સંદેશાને ગગનવિહારી બનીને મુક્તપણે મીઠો કલરવ કરીને અનંતકાળથી નિદ્રાધીન થયેલાઓને ઢંઢોળતા હોય તેમ જણાતું હતું. રાજમાર્ગ પર અવરજવર શરૂ થઈ ગઈ હતી.

મહારાણી ચેલ્લણાનું ધ્યાન રાજમાર્ગ પર માર્ગ સ્વચ્છ કરનારી પર હતું...

મહારાણીનું ધ્યાન એટલા માટે ગયું કે તે માર્ગ સ્વચ્છ કરનારીએ રત્નકંબલનો એક ભાગ પહેર્યો હતો...

ચેલ્લણા આશ્ચર્યચકિત બની ગઈ....તેને થયું કે આપણી નગરીની એક માર્ગ સ્વચ્છ કરનારી પાસે આ રત્ન-કંબલ ક્યાંથી આવ્યું....!

ઓહ....જે રત્નકંબલ માટે મેં મહારાજને વિનંતિ કરી હતી....છતાં મહારાજે ખરીદ કરીને લઈ આપવાની લાચારી બતાવી....

ચેલ્લણાએ તરત જ એક દાસીને હુકમ કર્યો અને કહ્યું: 'તું નીચેની અને પેલી રાજમાર્ગ પર જે માર્ગ સ્વચ્છ કરે છે તેને પુછી જો કે આ રત્નકંબલ ક્યાંથી આવ્યું? અને કેવી રીતે મેળવ્યું?'

દાસી તરત જ રાજભવનની બહાર આવી અને માર્ગ સ્વચ્છ કરનારી પાસે આવીને કહ્યું: 'એ બહેન, તું આ કંબલ ક્યાંથી લઈ આવી?'

'જી....મને તો આ ગોભદ્ર શેઠના ભવન પાસેથી મળ્યું....મને આ ગમ્યું એટલે લઈ લીધું....'

'ભલે....!' દાસી એટલું કહીને તરત જ ચેલ્લણા પાસે આવી અને બધી વાત કરી....

ચેલ્લણાને થયું કે ઓહ....હું જે રત્નકંબલ પ્રાપ્ત કરવા ઇચ્છતી હતી તે આ નગરીની માર્ગ સ્વચ્છ

કરનારીઓ પહેરે છે....!

ચેલ્લણાને મહારાજની અરસિકતા અને કૃપણતા પર રોષ થયો. ચેલ્લણાએ હઠ લીધી મારે રત્નકંબલ જોઇએ....!

મહારાજ શ્રેણિક આવ્યા અને બધી વાત જાણ્યા પછી થયું કે શું આવી કિંમતી વસ્તુઓ ખરીદનાર મારા નગરમાં હસ્તી ધરાવે છે !

ચેલ્લણા રાણી રીસાયા છે....રત્નકંબલની હઠ પકડીને બેઠા હતા. શ્રેણિક મહારાજા વિચારે ચડયા કે રાણીને કેમ સમજાવવા ? ત્યાં એકાએક વિચાર આવ્યો કે મંત્રી અભયકુમારને આ પ્રશ્ન સોંપી દઉં....

આમ વિચારીને મહામંત્રી અભયકુમારને બોલાવ્યા અને બધી હકિકત જણાવી પછી કહ્યું : ' અભયકુમાર, તું ભદ્રાશેઠાણીને ત્યાં, જઈને સવા લક્ષ સુવર્ણમુદ્રાઓ આપીને એક રત્નકંબલ લઈ આવ....'

' ભલે....પિતાજી....' મહામંત્રી અભયકુમાર વિદાય થયો. તે એક રથમાં બેસીને ભદ્રા શેઠાણીના ભવન પર આવ્યો અને ભદ્રા શેઠાણીના દ્વારરક્ષકે મહામંત્રી અભયકુમારનું સ્વાગત કર્યું અને સન્માન સહિત અભયકુમારને લઇ જવામાં આવ્યા.

ભદ્રા શેઠાણીએ મહામંત્રી અભયકુમારનું ભાવભર્યું સ્વાગત કર્યું અને કહ્યું : ' પધારો મહામંત્રીશ્વર....! '

' માતાજી....! આપ કુશળ છો ને ? '

'હા...આપ...?' ભદ્રા શેઠાણીએ પૂછ્યું.

'માતાજી, આપના આશીર્વાદથી સર્વ વાતે કુશળ છું પણ આજ એક વિચિત્ર પ્રશ્ન ઊભો થયો છે તેથી મારે આપની પાસે આવવું પડ્યું છે....'

'કહો....મંત્રીશ્વર, વિનાસંકોચે જે હકિકત હોય તે જણાવો....'

'માતાજી, મારા એક માતાજી ચેલ્લણાદેવીએ રત્નકંબલની ઇચ્છા વ્યક્ત કરી છે....આપને યાદ હોય તો થોડા દિવસો પહેલાં રાજદરબારમાં રત્નકંબલ વહેંચવા માટે આવેલો પરંતુ મહારાજાએ ત્યારે ખરીદ કર્યું નહોતું પાછળથી જાણવા મળ્યું કે રત્નકંબલ આપે ખરીદી છે....!'

'હા....મહામંત્રીશ્વર, વેપારી પાસેથી સોળ રત્નકંબલો મેં ખરીદ કરી હતી....પણ આપને જણાવતાં સંકોચ થાય છે કે રત્નકંબલો તો પુત્રવધૂઓએ નિર્માલ્ય કરી કૂવામાં ફેંકી દીધી હતી....'

'સોળે સોળ રત્નકંબલો?' અભયકુમારે પ્રશ્ન કર્યો.

'હા....વાત એમ હતી કે મારે બત્રીસ પુત્રવધૂઓ છે અને વેપારી પાસે રત્નકંબલ સોળ નંગ હતી આથી રત્નકંબલના બે ભાગ કરાવીને સૌને આપ્યા પરંતુ તેઓને અનુકૂળ ન આવવાથી બીજે જ દિવસે ફેંકી દીધી.'

અભયકુમારે ભદ્રા શેઠાણી પાસેથી વિદાય લઈને આ વાત મહારાજા શ્રેણિકને કહી સંભળાવી....

મહારાજા, મહારાણી ચેલ્લણા આશ્ચર્ય પામ્યા. વિચારવા લાગ્યા કે આવો પુણ્યશાળી નાગરિક આપણી નગરીમાં વસવાટ કરે છે કે જેની સ્ત્રી સવાલક્ષ સુવર્ણ-મુદ્રાનું વસ્ત્ર આજ પહેરીને કાલ ફેંકી દે છે...! તો પછી એમની સમૃદ્ધિ કેટલી હોવી જોઈએ? રાજગૃહીના શ્રેષ્ઠિઓ આટલાં ઋદ્ધિવંત હોય તો એમની સરખા-મણીમાં મહારાજા તો હીન માનવી ગણાયને!

મહારાજા શ્રેણિકે અભયકુમારને કહ્યું: 'તું ભદ્રા-શેઠાણી પાસે જા અને શાલિભદ્રને લઈ આવ...મારે એ પુણ્યશાળી આત્માના દર્શન કરવા છે....'

'ભલે....મહારાજ....' અભયકુમાર ભદ્રા શેઠાણીના ભવન તરફ ગયો. અભયકુમાર તો શાલિભદ્રની ઋદ્ધિ જોઈને જ દંગ પામી ગયો હતો. ભદ્રા શેઠાણીએ અભય-કુમારને ફરી વાર આવેલા જોઇને કહ્યું: 'કેમ મહામંત્રી-શ્વર....! ફરીને આવવું થયું?'

'માતાજી, મેં મારા પિતાશ્રીને વાત કરી ત્યારે તેઓને શાલિભદ્રના દર્શન કરવાની ભાવના જાગી છે.... આપના પુત્રને મહારાજા નીરખવા માગે છે...'

ભદ્રા શેઠાણી થોડી વાર વિચારમાં પડ્યા પછી મધુર સ્વરે કહ્યું: 'મહામંત્રીશ્વર, અમે ઘણા ભાગ્યશાળી કહેવાઈએ કે 'મહારાજે અમને યાદ કર્યા. પણ એક મુશ્કેલી છે...!'

'કહો...માતાજી, આપની મુશ્કેલી શું છે?' અભય-

કુમારે કહ્યું.

'મહામંત્રીશ્વર, મારો પુત્ર શાલિભદ્ર જેણે સુખ અને વૈભવ સિવાય કશું જોયું નથી. નીહાળ્યું નથી. શાલિભદ્રને કઈ રીતે વાતચીત કરવી તેની ખબર નથી.... તેણે ભવનની બહાર પગ મૂક્યો નથી. આપ તો બુદ્ધિના સ્વામી છો...યુક્તિપૂર્વક મહારાજાને અમારા ભવન પર લઈ આવો અને અમારું ભવન મહારાજના પગલાંથી પાવન થઈ જશે. અમને અત્યંત આનંદ થશે....'

અભયકુમાર મહામંત્રીને આ વાત જરા ન ગમી પણ થોડી વાર વિચાર કરીને કહ્યું : 'આપ ચિંતા કરશો નહિ. હું અને ધન્યકુમાર આ અંગે વિચારીને યોગ્ય ગોઠવણ કરશું....'

અભયકુમાર મંત્રી સીધા પહોંચ્યા ધન્ના શેઠ પાસે.... ધન્ના શેઠ અતિથી ખંડમાં બેઠા હતા. ધન્ના શેઠે આવકાર આપ્યો. ધન્ના શેઠે પૂછ્યું: 'કેમ મહામંત્રીશ્વર, અત્યારે આપને આવવાનું થયું ?'

'ધન્ના શેઠ, આપને કશી વાતનો ખ્યાલ નહિ હોય...!'

'કઈ વાતનો...?'

'રત્નકંબલની વાત જાણો છો...?' અભયકુમારે કહ્યું.

'ના....આપ કહો....!' ધન્નાએ કહ્યું.

અભયકુમારે ધન્નાને સમગ્ર હકિકતથી વાકેફ કર્યા અને

છેવટે ભદ્રા શેઠાણીને ત્યાં થયેલી વાત પણ જણાવી ત્યારે ધન્નાએ કહ્યું : 'મંત્રીશ્વર, મહારાજા સહેલાઈથી ભદ્રા-માતા પાસે નહિ જાય....!'

'એ અંગે તો હું ચિંતિત છું....' અભયકુમારે કહ્યું.

'તો એક વિચાર સુઝે છે...!'

'શું....?' અભયકુમારે પ્રશ્નભરી નજરે ધન્ના સામે જોયું.

'આપ મહારાજ પાસે શાલિભદ્રના ભવનની પ્રશંસા કરો...એ પ્રશંસામાં લલચાઈને મહારાજ ભદ્રા શેઠાણીને ત્યાં આવવાનું સ્વીકારે...'

'આપની વાત બરાબર છે...' અભયકુમાર થોડી વાર આ પ્રશ્ન અંગે ચર્ચા કરીને વિદાય લીધી.

મહારાજા અને ચેલ્લણાદેવી અભયકુમારના આગ-મનની પ્રતિક્ષા કરી રહ્યા હતા અને વારંવાર રાજભવ-નની અટારીએથી અભયકુમારનો રથ આવ્યો કે નહિ તે જોતા હતા.

ઘણી વાર પ્રતિક્ષાની પળો અતિ વિષમ અને દીર્ઘ જણાતી હોય છે.

શ્રેણિક મહારાજાએ પોતાની પ્રિયા ચેલ્લણાદેવી સામે જોઈને કહ્યું : 'પ્રિયે, અભયને ઘણો સમય લાગ્યો ?'

'હા....સ્વામી,' ચેલ્લણાએ કહ્યું.

ત્યાં એક સેવકે આવીને જણાવ્યું કે મહામંત્રી-

શ્વર અભયકુમાર પધારી રહ્યા છે....

પ્રતિક્ષાનો અંત....!

પ્રતિક્ષાનો અંત આવે ત્યારે માનવીની જિજ્ઞાસા પ્રબળ બને છે. શ્રેણિક મહારાજાના અંતરમાં શાલિભદ્રને નીહાળવાની ભાવના જાગી હતી.

અભયકુમારે ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે ચેલ્લણા દેવી એક સુવર્ણજડિત આસન પર બિરાજમાન હતાં. મહારાજા શ્રેણિક આકુળવ્યાકુળ જણાતા હતા. અભયને જોતાં જ બોલી ઊઠયા : 'મહામંત્રીશ્વર, શાલિભદ્ર આવ્યા છે કે નહિ ?'

'મહારાજ, ત્યાંની સમૃદ્ધિ અને વૈભવ જોયા પછી મને અંતરમાં થયું.... શું શાલિભદ્ર સમૃદ્ધિ....! શું એનો વૈભવવિલાસ....! શાલિભદ્રને અહીં નીહાળવા કરતાં આપણે જ ત્યાં જઈએ તો તેમની સમૃદ્ધિનો ખ્યાલ આવે....દેવોની ઋદ્ધિ–સમૃદ્ધિ કેટલી ભવ્ય અને આકર્ષક હોય છે. પણ અહીં તો શાલિભદ્ર દેવ અને શાલિભદ્રનું ભવન એટલે દેવલોકનું ભવન....મહારાજ, આ તો સાક્ષાત નીહાળ્યા બાદ જ અનુભવી શકાય....શાલિભદ્રે હજી ભવન બહાર પગ મૂકયો નથી....સુખ, સમૃદ્ધિ અને વૈભવ વચ્ચે તે દેવની જેમ રહે છે....'

'ઓહ....તું શાલિભદ્રની અને તેના વૈભવની આટલી પ્રશંસા કરે છે તો આપણે ત્યાં નજરે જોવું જોઈએ....!'

'મહારાજ આપ ઇચ્છા કરો ત્યારે જઇએ....' અભયકુમારે મહારાજ શ્રેણિકને મનાવી લીધા.

'આપણે બે દિવસ બાદ દિવસના પ્રથમ પ્રહર પછી શાલિભદ્રને ત્યાં જઈશું....'

'મહારાજ, હું આ સંદેશો ભદ્રા શેઠાણીને ત્યાં મોકલી આપું છું...'

મહારાજા શ્રેણિકે સમંતિ આપી.

ભદ્રા શેઠાણીને સમાચાર મોકલવામાં આવ્યા. ભદ્રા-શેઠાણી એ મહારાજના સ્વાગત માટેની તૈયારી કરવા માંડયા....પોતાના દરેક મુનિમને અને અનેક દાસદાસી-ઓને સ્વાગતની તૈયારી માટે માટે રોકી લીધા.

દિવસને જતાં વાર લાગતો નથી....વર્ષોના વર્ષો ચાલ્યા જાય છે....સમયની ગતિને કોણ રોકી શકયું છે?

જે દિવસે મહારાજા શ્રેણિક શાલિભદ્રના ભવન પર પધારવાના હતા ત્યારે તેમની સાથે પોતાના રાજકુટુંબોના એકસો જેટલા સભ્યો હતા. મહારાણી ચેલ્લણા સહિત અન્ય રાણીઓ પણ સામેલ હતી....પાંચસો જેટલા અમાત્યો પણ હતા. નગરીના પ્રતિષ્ઠિત નાગરિકો પણ હતા.

ભદ્રા શેઠાણીએ ઉચ્ચ અટ્ટાલિકાઓના શિરોભાગમાં વિવિધ પ્રકારની પ્રશસ્ત પતાકાઓ ચઢાવી હતી....

રાજગૃહના વિશાળ માર્ગોમાં ઊભા કરવામાં આવેલાં પુષ્પદ્વાર, તોરણદ્વાર અને કૃત્રિમ વિશાળ ઉદ્યાનો જોનારની દૃષ્ટિએ આશ્ચર્યચકિત કરી મૂકે તેવા હતા.

રાજમાર્ગોની બન્ને બાજુએ વિવિધ પુષ્પોના રંગબેરંગી કુંડા ગોઠવવામાં આવ્યા હતા. માર્ગ પર સુગંધિત દ્રવ્યનું જળસિંચન કરવામાં આવ્યું હતું. જે માર્ગેથી મહારાજ અને તેમનો પરિવાર આવવાનો હતો તે માર્ગો પર કિંમતી તોરણો બાંધવામાં આવ્યા હતા.

દરેક ચોકમાં રંગોળી પુરવામાં આવી હતી.

ભદ્રા શેઠાણીએ પોતાના ભવનના મુખ્ય દ્વાર પર માણેક રત્ન, હીરા, અંક રત્ન તથા અન્ય રત્નો શોભા માટે લટકાવ્યા. ભવનની બહાર વિવિધ પ્રકારના રંગોથી સુશોભિત રંગાવલી તૈયારી કરાવી....તેના પર રત્નાવલીનો અત્યંત દીપી ઉઠે તેવો સાથીયો કરાવ્યો.

મલ્લિકા, માલતી પુષ્પોને ગુંથાવીને તેની માળા તૈયારી કરાવી અનેક સ્થળોએ મૂકવામાં આવી....!

વચ્ચે વચ્ચે કેળના સ્તંભોની પણ શ્રેણી ઊભી કરવામાં આવી. રાજભવનથી ભદ્રા શેઠાણીના ભવન સુધીનો માર્ગ અત્યંત દીપી ઊઠતો હતો.

માર્ગ પર વસ્ત્રોના લાંબા લાંબા પટ્ટક બનાવ્યા જેથી મહારાજાને સૂર્યનો તાપ ન લાગે....ચંદન વગેરે સુગંધી દ્રવ્યો અને જળ મિશ્રીત કરીને સર્વ સ્થળો પર છંટકાવ કરવામાં આવ્યો.

અને....

મહારાજા શ્રેણિક અને રાજપરિવારના સભ્યે,

રાણીઓ મહામંત્રી અભયકુમાર તથા નાગરિકો રાજમાર્ગ પરથી નીકળ્યા.

ભદ્રા શેઠાણીએ પોતાના ભવનને અને રાજભવનને શણગારવામાં જરાપણ કચાશ દાખવી નહોતી....

આજની સજાવટ અને શણગાર જોતાં મહારાજા શ્રેણિક પણ આશ્ચર્ય પામી ગયા. તેઓ વિચારવા લાગ્યા કે નગરીમાં એવા શ્રીમંતો છે જે મગધપતિના વૈભવથી વિશેષ વૈભવથી રહે છે....

લગભગ દિવસના બીજા પ્રહરની બીજી ઘટિકાએ મહારાજાએ, રાજપરિવારે શાલિભદ્રના વિશાળ મહાલયમાં પગ મૂકયો....સંગીતના સુમધુર સ્વરો મહારાજાના આગમનને સત્કારી રહ્યા હતા.

ભદ્રા શેઠાણી પોતાની નગરાના મહારાજાનું ભાવભર્યું સ્વાગત કર્યું. અનેક દાસ-દાસીઓ મહારાજા અને તેના પરિવારની સેવામાં રોકાઈ ગઈ....

ભદ્રા શેઠાણીએ ક્ષેમકુશળ પૂછયા.

મહારાજા શ્રેણિક ભવન જોવામાં તલ્લીન બની ગયા હતા. તરત જ ભદ્રા શેઠાણીના સેવકોએ કેસર, કસ્તુરી અને બીજા શ્રેષ્ઠ દ્રવ્યોથી સભર વાનગીઓ લાવવા માંડયા.... અનેક પ્રકારના પકવાનો મૂકવામાં આવ્યા. અનેક દિવ્ય મિષ્ટાનો મુકવામાં આવ્યા. જે મહારાજા શ્રેણિકે કદી નિહાળી નહોતી કે સ્વાદ પણ માણ્યો નહોતો.

મહારાજા શ્રેણિક અત્યંત હર્ષિત બન્યા. ઓહ....! આ તો દેવદુર્લભ મિષ્ટાનો છે....અભયકુમારે જણાવી હતી તેવી જ સમૃદ્ધિ છે....! તેવો જ વૈભવ છે....!

મોતી, માણેક, હીરા તેમજ શ્રેષ્ઠ સુંદર વસ્ત્રોનું ભેટણું મહારાજાને આપ્યું.

શ્રેણિક મહારાજાએ કહ્યું : 'હજુ શાલિભદ્ર કેમ દેખાતો નથી ?'

ભદ્રા શેઠાણીએ વિનમ્ર સ્વરે કહ્યું : 'મહારાજ, શાલિભદ્ર ઉપરની ભૂમિમાં છે....'

'તેને બોલાવો....ના....ના...આપણે સૌ ત્યાં જઈએ....' શ્રેણિક આસન પરથી ઊભા થયા.

ભદ્રા શેઠાણીએ ફરી વાર વિનંતી કરી જોઇ પણ મહારાજે કહ્યું : 'આપણે જ ત્યાં તેની પાસે જઇશું....મારે ભેટવું છે....'

પ્રથમ બે ભૂમિ અત્યંત આકર્ષક, સ્વચ્છ અને નિરાળી હતી....અનેક સાધનસામગ્રીથી સુશોભિત હતી.

ભવનમાં મંગલ દિવ્ય સંગીતના સ્વરો વાગી રહ્યા હતા. મહારાજાએ અનુભવ્યું કે આવું દિવ્ય સંગીત પોતે ક્યારેય સાંભળ્યું નથી....

મહારાજા શ્રેણિક તૃતિય ભૂમિ પર આવ્યા. શ્રેણિક રાજાએ માન્યું કે આ ભૂમિ પર મહેમાનોનો સત્કાર થતો હશે....કેટલી ઉત્તમ સાધનસામગ્રી બીછાવેલી છે! સુવર્ણ-જડિત આસનો....! આમ વિચારી મહારાજા એક આસન પર બેસવા માટે વિચારે છે ત્યાં ભદ્રા શેઠાણીએ કહ્યું : 'મહારાજ, ક્ષમા કરશો, આપણે આગળ ચાલવાનું છે....!' આ તો અમારા દાસ-દાસીઓ માટેનો વિભાગ છે....'

શ્રેણિક વિચારમાં પડ્યા કે શાલિભદ્રના દાસદાસીઓ પણ વૈભવથી રહે છે...

ચતુર્થ ભૂમિ પર આવ્યા.

હવે મહારાજાને શ્રમ પડતો હતો. મુખ પર શ્રમિતની રેખા અંકિત થઇ ગઈ હતી.

ભદ્રા શેઠાણીનો પાંચમી ભૂમિ પર લઈ જવા માંગતા હતા પરંતુ મહારાજે આગળ વધવાની અનિચ્છા દર્શાવી ...અને શ્રમિત સ્વરે કહ્યું : 'હું હવે અહીં જ વિશ્રામ લઇશ. આપ શાલિભદ્રને અત્રે બોલાવો....'

આટલું કહીને મહારાજ એક સુવર્ણ રત્નજડિત આસન પર બેસી ગયા. અને ખંડની કલાત્મક સાધનસામગ્રી નીહાળવા લાગ્યા.

'ભલે....હું શાલિભદ્રને અહીં બોલાવી લાવું છું...' ભદ્રા શેઠાણીએ કહ્યું.

ભદ્રા શેઠાણી શાલિભદ્રને મહારાજ, શ્રેણિક પાસે લઈ અવવા માટે સોપાનશ્રેણી ચડવા લાગ્યા...

શાલિભદ્ર વૈભવવિલાસમાં રહેલો હોવાથી સ્વાગત, સમારંભ વિષે કશું જાણતો નહોતો....શાલિભદ્ર દેવો જેવું સુખ ભોગવતો હતો...બત્રીસ પ્રિયાઓ વચ્ચે રહીને સુખોપભોગ માણી રહ્યો હતો. ભદ્રાશેઠાણી પણ પુત્રસ્નેહને કારણે શાલિભદ્રની ખૂબ જ સંભાળ લેતા...અને જ્યારે કોઈ મળવા માટે આવે ત્યારે ભદ્રા શેઠાણી જ અતિથીનું સ્વાગત કરતાં અને સન્માન કરતાં....શાલિભદ્રને બોલાવતા નહિ....અને શાલિભદ્ર પણ સમજતો કે માતાજી કયારેય પણ ખાસ કાર્ય વિના ઉપર આવતાં નહિ....

આજ મહારાજા શ્રેણિક શાલિભદ્રના મહાલયમાં પધાર્યા હતા....અને શાલિભદ્રને ભેટવાની ઇચ્છા વ્યક્ત

કરી...શાલિભદ્ર જેવા પુણ્યશાળી આત્માને નિહાળવાની ઇચ્છા થઇ....દેવ જેવા સુખોપભોગ ભોગવતાં પુણ્યશાળી આત્માના દર્શન કરવાની ભાવના જાગી....!

ભદ્રા શેઠાણી શ્રેણિક મહારાજની ભાવના જાણી ગયા અને ન છુટકે પુત્રને મહારાજ પાસે લઇ આવવા માટે જવું પડયું....શાલિભદ્ર જે વસ્તુ ઇચ્છે તે હાજર થઈ જતી. આજ રાજમાર્ગ પર જે તોરણો અને સુગંધીમય દ્રવ્યોનો છંટકાવ....અને સ્વાગત માટે ઊભા કરાયેલા તોરણદ્વારો એક દિવસમાં થઇ જાય તે અસંભવ ગણાતું પણ શાલિભદ્રને મળવા આવનાર મહારાજ શ્રેણિકનું સ્વાગત ભવ્ય થાય અને ન જોયું હોય તેવા પુષ્પો, મધુર વાતાવરણ ઊભુ કરવા માટે ગોભદ્ર શેઠનો આત્મા જાણી ગયો હતો. આથી દેવલોકમાંથી આવીને રાતોરાત આ સઘળું તૈયાર થઈ ગયું....ભદ્રા શેઠાણી આ વસ્તુસ્થિતિ સમજી ગયા અને ગોભદ્ર શેઠના આત્માને ભાવથી વંદન પણ કર્યું હતું....

ભદ્રા શેઠાણી શાલિભદ્ર જે ખંડમાં હતો તે તરફ ગયા એ વખતે શાલિભદ્ર અર્ધનિદ્રામાં પોતાની શય્યામાં પડયો હતો. વાતાયનમાંથી મંદમંદ ગતિથી પવનની લહેરીઓ શાલિભદ્રને સ્પર્શી રહી હતી....શાલિભદ્રની બત્રીસ ત્રિયાઓ ત્યારે હાજર નહોતી. શાલિભદ્ર નિદ્રાધીન હોવાને કારણે તેની પત્નીઓ અન્ય ખંડમાં ચાલી ગઈ હતી....

ભદ્રા શેઠાણી મોટેભાગે નીચેથી જ શાલિભદ્રના સમાચાર જાણી લેતા. તેઓ જાણતાં કે શાલિભદ્રના આવાસમાં

મધુરી સંગીતની સુરાવલિઓ અને નૃત્યની લહેરી હોય ત્યારે તે પ્રસન્ન છે તેમ માની લેતા....આથી વારંવાર નાના પ્રશ્નો પૂછીને તેના સુખવૈભવમાં વચ્ચે આવતાં નહિ....શાલિભદ્રના સ્વભાવની ભદ્રાશેઠાણીને જાણ હતી.

ભદ્રા શેઠાણી શય્યા પર સુતેલા શાલિભદ્રના ચહેરા પર પડી....દ્વાર પાસે ચાર સેવકો ઊભા હતા. ભદ્રાશેઠાણીને જોતાં નમન કર્યા અને તેઓ કંઈ પ્રશ્ન કરે તે પહેલાં જ ભદ્રા શેઠાણીએ શાંત રહેવા જણાવ્યું....

સંગીતની માદક સુરાવલિઓ વહેતી હતી....પણ સંગીતના સ્વરો ઘણા ધીમા હતા....!

શાલિભદ્ર નિદ્રાને આધિન છે....!

ભદ્રા શેઠાણી પોતાનો પુત્ર જાગૃત થાય તેની પ્રતિક્ષા કરવા લાગ્યા આજનો પ્રસંગ જરા જુદો હતો. નગરીના મહારાજા શ્રેણિક આજ અત્રે પધાર્યા હતા અને તેઓએ શાલિભદ્રને મળવાની ઇચ્છા વ્યક્ત કરી....જો કોઈ બીજો સામાન્ય પ્રસંગ હોત તો ભદ્રા શેઠાણી શાલિભદ્રને નિદ્રાધીન જોઈને નીચે પાછા ચાલ્યા ગયા હોત....!

શાલિભદ્રની શાંતિમાં કે સ્વસ્થતામાં, નિદ્રામાં વિઘ્ન નાંખવું એમાં એમને વાત્સલ્યનું અપમાન દેખાતું....

જે માતા પોતાના પુત્રની આટલી કાળજી લેતી હોય તે પુત્રના સુખવૈભવ કેવા હશે....! કેટલા ભવ્ય હશે....!

ભદ્રા શેઠાણી થોડી વાર પ્રતિક્ષા કર્યા બાદ શાલિભદ્રની શય્યા પાસે આવ્યા....પ્રેમથી શાલિભદ્રના મસ્તક પર હાથ ફેરવ્યો....

**માનવીના** અંતરમાં ઘણી વાર વૈરાગ્યનો પ્રકાશ એકાએક ચમકે છે....પરંતુ એ પ્રકાશ જો દુઃખના પ્રત્યાઘાત રૂપે ચમકેલો હોય તો દુઃખનું શમન થતાં વૈરાગ્ય મનને રંગી શકતો નથી....માત્ર વૃત્તિને જ રંગે છે.... તેમાંય જો કોઇ કોઇ આત્માને જો એ પ્રસંગે જ્ઞાનનો સહારો મળી જતો હોય છે તો ક્ષણિક પ્રકાશ સ્થિર બની શકે છે....!

શાલિભદ્ર શય્યામાં અર્ધનિદ્રામાં હતો....માતા ભદ્રા શેઠાણીએ શાલિભદ્રના મસ્તક પર હાથ ફેરવીને જાગૃત કર્યો.

શાલિભદ્ર કમળનયન જેવી અતિ તેજસ્વી આંખો ખોલી....માતાને જોતાં જ નમી પડયો અને મધુર સ્વરે ભદ્રા શેઠાણીને પૂછ્યું : 'માતાજી, આપ અત્રે આવ્યા ?'

'શાલિભદ્ર, આપણે ત્યાં શ્રેણિક આવ્યા છે....' ભદ્રા શેઠાણીએ મધુર સ્વરે પોતાના પુત્રની સામે જોઇને કહ્યું.

શાલિભદ્ર શ્રેણિક કોણ છે તે જાણતો નહોતો તેણે માતા સામે જોઈને કહ્યું : ' માતાજી, એમાં મને શું પૂછો છો ? શ્રેણિક (ચોખા)નું મૂલ્ય મને ખબર નથી.... આપને જે યોગ્ય લાગે તે કિંમત આપીને ખરીદી લો.... અને અન્નભંડારમાં મૂકાવી દો....'

ભદ્રા શેઠાણીના મુખ પર આછું હાસ્ય ફરકી ઊઠયું : ' શાલિભદ્ર, આ શ્રેણિક કોઈ ખરીદ કરવાની વસ્તુ નથી.... તે તો તારા અને મગધદેશના નાથ છે....મહારાજા છે, તે તને મળવા આવ્યા છે....તું નીચે આવ. સજ્જન માણસો લોકવ્યવહારને ટાળતાં નથી....આપણા ભવનમાં આવેલ છે....'

' માતાજી, મગધના મહારાજા હોય કે મોટો ચક્રવર્તી હોય તેમાં મને કશી લેવાદેવા નથી....એ બોલાવે એટલે મારે ત્યાં તેમની પાસે જવું જ જોઈએ ?' શાલિભદ્રે કહ્યું.

શાલિભદ્રે જે કંઈ કહ્યું તે યોગ્ય હતું. સુખ વૈભવમાં મગ્ન રહેનારો અને સંસારની ઉપાધિઓથી મુક્ત રહેનારો શાલિભદ્રને મહારાજા સાથે કશો સબંધ નહોતો.

ભદ્રા શેઠાણી મુંઝવણમાં પડયાં કે હવે શું કરવું ?

શાલિભદ્રને સમજાવવો શી રીતે ? જો હવે વધારે સમય લાગે તો મહારાજા ક્રોધિત થાય અને ન થવાનું થઈ જાય....રાજસત્તા આગળ બધી સત્તાઓ પાંગળી છે.

ભદ્રા શેઠાણીએ મધુર સ્વરે કહ્યું : 'શાલિભદ્ર, આમાં આજ્ઞા કે દાસત્વની વાત નથી...એ મહારાજ તને નીહાળવા માગે છે...તારા દર્શન કરવા માંગે છે.... મહારાજા તો શ્રેષ્ઠિને ત્યાં ભાગ્યે જ જાય...આપણે ત્યાં મહારાજા પોતે પધાર્યા છે...માત્ર એક વાર તને નીહાળવા માગે છે...' ભદ્રા શેઠાણીના અવાજમાં ઉદ્વેગ અને કંપ જણાતો હતો.

શાલિભદ્ર...!

શાલિભદ્રનું મન ચકડોળે ચડ્યું...!

ઓહ...શું મારા પર પણ કોઇ નાથ છે? હું સાચે જ અધૂરો છું...શાલિભદ્રે કદી નહિ સાંભળેલું એવું આજ સાંભળ્યું...

શાલિભદ્ર માતાના આગ્રહને વશ થઈને મહારાજાને મળવા તૈયાર થયો...પણ અંતરમાં વિચારનો પ્રવાહ ચાલી રહ્યો હતો...

'ઓહ...મારા પર કોઈ નાથ છે...! અને થયું કે આજ કશુંક પોતાના પર બની ગયું...

શાલિભદ્રનું અંતર ઘવાયું...

જે પોતાને એકાકી અને સર્વસ્વ માની બેઠો હોય તેને કોઇની આજ્ઞા ઊઠાવવી પડે...સામે ચાલીને મળવા જવું પડે...ત્યારે આત્મગૌરવ હણાય...'

વિચારોનો પ્રવાહ નિરંતર ચાલવા લાગ્યો. સોપાન-

શ્રેણીનાં પગથિયાં ઉતરતાં ઉતરતાં એના અંતરમાં એક જ ચિંતા સતાવી રહી હતી....

સ્ત્રીઓને સ્વામી હોય તે બરાબર છે પણ પ્રજાજનોના પણ સ્વામી હોય અને તે ગમે ત્યારે કહેણ મોકલે ત્યારે વિના વિલંબે હાજર થઇ જવું....! આ પરંપરા કોણે કરી હશે ?

પણ માતાજીની ઇચ્છા છે એટલે મારે જવું જોઇએ.... શાલિભદ્ર વિચારતો હતો.

શાલિભદ્ર રોજના સુખોપભોગથી, રંગરાગથી થાકી ગયો હતો....અને તેમાંય આજ માતા દ્વારા જાણવા મળ્યું કે આપણા પર પણ નાથ હોય છે...આથી તેનું અંતર વિચારવા લાગ્યું કે પ્રજાજનોનો સ્વામી ઇચ્છે ત્યાં સુધી આ સુખોપભોગ માણવા દે...જો તેની ક્રૂર નજર થઈ ગઇ તો સુખોપભોગ છીનવી પણ લે....દેવલોકને શોભે એવો વૈભવ પણ ચાલ્યો જાય....!

આમ ચિંતા કરતાં જે થોડોઘણો વૈભવવિલાસ પ્રત્યે રસાસ્વાદ હતો તે પણ ચાલ્યો ગયો....

શાલિભદ્ર નવા વિચારમાં ખોવાઈ ગયા હતા...

ભદ્રા શેઠાણી શાલિભદ્રને લઇને જ્યાં શ્રેણિક મહારાજા બિરાજમાન હતા ત્યાં આવ્યા.

ભદ્રા શેઠાણી હર્ષિત બન્યા....આજ ઘણા વર્ષો પછી શાલિભદ્ર નીચે આવી રહ્યો હતો....

માતાજી ભદ્રા શેઠાણીને ખ્યાલ નહોતો કે શાલિભદ્રના ચિત્તમાં ચિનગારી સળગી ઊઠી હતી....વૈરાગ્યની ભાવના સાકાર રૂપ લેતી હતી....

હૃદય વચ્ચે વૈરાગ્યની જ્યોત પ્રગટાવવા કોઈ ઇંધણની જરૂર પડતી નથી પરંતુ ત્યાં તો કેવળ ટકોરાની જ જરૂર પડે છે.

શ્રેણિક મહારાજા સુવર્ણ રત્નજડિત આસન પર બિરાજમાન હતા....શાલિભદ્રને જોતાં જ અતિ હર્ષિત બની ગયા અને હર્ષવિભોર બનીને શાલિભદ્રને ભેટી પડ્યા.... અને પોતાના ખોળામાં બેસાડ્યા...

શાલિભદ્ર ખૂબ જ કોમળ અને શરમાળ હતો....

મહારાજા શ્રેણિક પાસે બેસીને શાલિભદ્ર અકળાવા લાગ્યો અને પ્રસ્વેદની ધારાઓ વહેવા લાગી...જાણે કે હમણાં જ મુચ્છિંત બની જશે તેમ જણાતું હતું.

ભદ્રા શેઠાણીની દૃષ્ટિ શાલિભદ્ર પર પડી...

તે વખતે મલ્લિકા–માલતી પુષ્પોની માળા કરમાઈ ગઇ...એટલે ભદ્રા શેઠાણીએ વિનમ્ર સ્વરે કહ્યું: 'મહારાજ, હવે આપ શાલિભદ્રને મુક્ત કરો...કારણ કે તે ગુંગળામણ કે ઉષ્ણતા સહી શકતો નથી...'

શાલિભદ્રના ચહેરા પર ગ્લાનિ અને વિષાદની છાયા જોઈને શ્રેણિક મહારાજને થોડું દુઃખ થયું.

ભદ્રા શેઠાણીના કહેવાથી મહારાજે શાલિભદ્રને બીજા

આસન પર બેસાડ્યો પણ શાલિભદ્ર તરત જ સપ્તભૂમિ પર આવીને પોતાના ખંડમાં વાતાયન પાસે બેસી ગયો.

શાલિભદ્રની બત્રીસ પ્રિયાઓ આવી પહોંચી.... શાલિભદ્રને મનમાં થયું કે મારી પ્રિયાઓ સુખની સંગાથી છે...બત્રીસ પત્નીઓએ શાલિભદ્રના ચિત્તને પ્રસન્ન કરવા માટે રસભરી વાતો કરવા માંડી....

પણ શાલિભદ્રને ક્યાંય ગમતું નથી....!

ભદ્રા શેઠાણી માનતાં કે શાલિભદ્રને દરેક પ્રકારના સુખ, વૈભવ અને વિલાસની તમામ સામગ્રી મળી રહે.... જ્યાં દુઃખ, દર્દ અને વિષાદની ઘેરી છાયા ન હોય, ત્યાં કેવળ આનંદ, ઉલ્લાસ અને પ્રેમની જ વાતો થતી હોય.... વૈભવવિલાસમાં જ પોતાનો પુત્ર મસ્ત રહે તેવી ભાવના હતી અને તકેદારી લેતા....

પણ આજનું ચિત્ર જુદું હતું.

ભદ્રા શેઠાણીની ભાવનાથી જુદું જ ચિત્ર શાલિભદ્રનાં અંતરમાં રચાઈ ગયું હતું.

ભોગવિલાસ અને વૈભવના અનેક સાધનો વચ્ચે શાલિભદ્ર કંઈક શોધી રહ્યો હતો....તેનું ચિત્ત વિષાદ અનુભવી રહ્યું હતું....

મહારાજા શ્રેણિકના આગમન પછી તેના અંતરમાં એકાએક વિચારોની વણઝાર ચાલવા માંડી હતી....

કેવળ એક શબ્દથી શાલિભદ્રનું ચિત્ત વિહ્વળ બની ગયું....

નાથ....!

નાથ....!

નાથ....!

આપણા પર કોઈ સ્વામી છે....! કોઈની સત્તા છે.... તેની આજ્ઞાને આધિન થવું પડે છે....!

બત્રીસ બત્રીસ સુંદર, શ્રેષ્ઠ અને ઉત્તમ ગુણવાળી પ્રિયાઓ પણ આજ શાલિભદ્રના ચિત્તને પ્રસન્ન કરી શકતી નથી...!

હવે આ તરફ ભદ્રાશેઠાણીએ શ્રેણિક મહારાજાને કહ્યું : 'મહારાજ આપ શ્રમિત થયા છો....આપ સ્નાન-કાર્ય કરી લો....'

મહારાજા શ્રેણિકે સ્નાન માટે સંમતિ દર્શાવી....

તરત જ ભદ્રા શેઠાણીના સેવકો, શ્રેણિક મહારાજાને યાંત્રિક ધારાગિરિ પાસે લઈ ગયા....

સુગંધથી મહેકતું જળ જોઈને શ્રેણિક મહારાજાને થયું કે ઓહ....આવી દિવ્ય સુગંધ ક્યાંથી આવતી હશે ! અરેખર શાલિભદ્ર મહારાજાનો મહારાજા છે...!

આ તરફ શ્રેણિક આવા વિચારો કરે છે ત્યારે શાલિભદ્રના હૈયામાં વૈરાગ્યની વિચારોધારા પ્રગટી છે....!

એકમાં રાગ પ્રત્યેની પ્રશંસા છે.

જ્યારે શાલિભદ્ર વિરાગ પ્રત્યેની મમતા પ્રગટતી જાય છે....!

મહારાજા શ્રેણિક સ્નાન કરતા હતા ત્યાં હસ્તનું મુદ્રારત્ન જળની અંદર પડી ગયું....

મહારાજે તપાસ કરી પણ ન મળ્યું.

આથી સ્નાનકાર્યથી નિવૃત થઈને વસ્ત્રપરિવર્તન કરીને ભદ્રા શેઠાણી પાસે મહારાજ આવ્યા.

મહારાજે ભદ્રા શેઠાણીને કહ્યું: 'મારું મુદ્રારત્ન સ્નાન કરતાં પડી ગયું. તો તે જરા ગોતાવી આપો....'

ભદ્રા શેઠાણીએ તરત જ સુનંદાને બોલાવી અને આજ્ઞા આપતાં કહ્યું: 'સુનંદા, મહારાજાનું મુદ્રારત્ન સ્નાન કરતાં પડી ગયું છે તો તે અત્રે લઈ આવ....'

સુનંદા નમન કરીને ચાલી ગઈ....સુનંદાએ જ્યાં અનેક દિવ્ય આભુષણો ભેગાં થતાં હતાં તે નિર્માલ્ય કુવામાંથી પાંચ-છ પાત્રોમાં અલંકારો ભરી લીધા અને તે મહારાજ અને ભદ્રા શેઠાણી જ્યાં બિરાજમાન હતા ત્યાં આવી....

મહારાજા શ્રેણિકનો જયનાદ કર્યો અને બીજી ચાર દાસીઓ મારફત લઈ આવવામાં આવેલ અલંકારોના પાત્રો મહારાજ સામે ધર્યા અને ભાવભર્યા સ્વરે કહ્યું: 'મહારાજ, આમાં અનેક રત્નો છે....આપને તરત જ મળી જશે....'

એમ કહીને ઉત્તમ દિવ્ય રત્નો, અલંકારોનો ઢગલો

ર્યાં. શ્રેણિક રાજાને થયું કે ઓહ્‌....આવા દિવ્ય અલંકારો, રત્નો ત્યાગી દેતા હશે....!

અને થોડી વારમાં મહારાજા શ્રેણિકે પોતાની રત્નમુદ્રા શોધી કાઢી....પણ શાલિભદ્રના રત્નો વચ્ચે મહારાજાની રત્નમુદ્રા કશા હિસાબમાં નહોતી....

શ્રેણિક મહારાજા આ વસ્તુ જાણી ગયા....આથી શ્રેણિકે ભદ્રા શેઠાણીને કહ્યું : ' આપ આવા દિવ્ય અને સર્વશ્રેષ્ઠ અલંકારો, રત્નો વગેરેનો ત્યાગ શા માટે કરો છો ?

' મહારાજ, હંમેશાં નવાંનવાં આભુષણો, અલંકારો પહેરીને બીજે દિવસે નિર્માલ્ય કૂવામાં નાંખી દેવામાં આવે છે ! '

મહારાજા શ્રેણિક આશ્ચર્ય પામ્યો....

ત્યારબાદ દિવ્ય અને ઉત્તમ સામગ્રીથી બનાવવામાં આવેલું ભોજન પીરસવામાં આવ્યું.

રાજા અને તેનો પરિવાર અત્યંત આનંદિત બન્યો....શાલિભદ્રની ઋદ્ધિસિદ્ધિ જોઈને સૌના મન હરખાયા....

દિવસના ચોથા પ્રહરબાદ મહારાજાએ ભદ્રા શેઠાણી પાસેથી વિદાય લીધી....

ભદ્રા શેઠાણીએ ભાવભરી વિદાય આપી અને કહ્યું : ' મહારાજ, અમારા સ્વાગતમાં, સન્માનમાં ક્યાંય પણ કચાશ રહી ગઈ હોય તો ક્ષમા કરશો....'

'ના....ના....આવું ભવ્ય સ્વાગત, સન્માન મેં ક્યાંય જોયું નથી....' શ્રેણિક રાજાએ ભાવભર્યા સ્વરે કહ્યું અને પોતાના રાજભવન પર રસાલા સાથે વિદાય થયા.

શાલિભદ્ર વિચારમાં મગ્ન બન્યા હતા....આ સુખ, સંપત્તિ પરથી ચિત્ત ઊઠી ગયું હતું....

તેઓ વિચારતા હતા કે : ઓહ્ ખરેખર નિભાગી અને અતિ પ્રમાદમાં રચ્યોપચ્યો રહ્યો છું....મારી બત્રીસ પ્રિયાઓમાં આસક્ત રહીને મનુષ્યજીવનને ઓળખી ન શક્યો....મેં પૂર્વ ભવમાં કોઈ સતકર્મ કર્યા હશે તો જ આ ભવમાં દેવતાઈ સુખ પ્રાપ્ત થયું....વળી મારા અંતરમાં એક વાત ગુંજતી રહે છે મારા પર કોઈ સ્વામી છે....!

ભદ્રા માતાને શાલિભદ્રના વિષાદની માહિતી મળી ત્યારથી ચિંતિત બની ગયા અને ભદ્રા શેઠાણીની આંખમાંથી આંસુઓની ધારા વહે છે....

સંસારમાં માતાનું સ્થાન અદ્વિતિય છે....માતા ક્યારેય પોતાના સંતાનનું અમંગળ ઇચ્છતી નથી.... સંતાન ક્યારેય પણ વિષાદ સેવતો હોય કે કશું થયું ત્યારે માતાની આંખમાંથી લાગણીના આંસુ સરતા હોય છે. માતા પુત્રનો પ્રેમ અજોડ હોય છે....

શાલિભદ્ર સુખોપભોગમાં રચ્ગ્રોપચ્યો રહેતો હતો અને એકાએક વિષાદની ઘેરી છાયા કેમ આવી ગઇ....! આવો અચાનક પલટો કેવી રીતે આવ્યો તે ભદ્રા શેઠાણીને સમજાણું નહિ....

મહારાજા શ્રેણિકના સ્વાગત અને સન્માન કરવા માટે ભદ્રા શેઠાણીના હૈયામાં હર્ષ માતો નહોતો.... તે સૌભાગ્ય સમજતી હતી....તેજ સૌભાગ્ય શાલિભદ્ર માટે વિષાદની છાયા જેવું થયું....

ભદ્રા શેઠાણી અંતર અશાંત બન્યું છે....! પોતાના વિશાળ ખંડમાં એક આસન પર બેસીને શાલિભદ્ર અંગે ચિંતા કરી રહ્યા હતા.

ભદ્રા શેઠાણીએ વિચાર્યું કે મારે શાલિભદ્ર પાસે જવું જોઈએ અને વિષાદની છાયામાંથી મુક્ત કરવો જોઈએ...

આમ વિચારી ભદ્રા શેઠાણી શાલિભદ્રના આવાસ તરફ ગયા. દાસદાસીઓના મુખ પર હાસ્ય ફરકતું નથી....

ભદ્રા શેઠાણી સપ્તભૂમિ પર આવ્યા....

ભદ્રા શેઠાણીએ અનુભવ્યું: નથી સુમધુર સંગીતની સ્વર લહેરીઓ નથી પ્રેમભર્યો વાર્તાલાપ...!

ઓહ....એ આનંદ ક્યાં વિલિન થઈ ગયો! બત્રીસ પ્રિયાઓ વચ્ચે રસભરી વાતો કરતો શાલિભદ્ર આજ ક્યાં ખોવાઈ ગયો છે!

મધુર સંગીતની સુરાવલિઓમાં મસ્ત બનીને રહેતો મારો પુત્ર શાલિભદ્ર આજ કેમ ગમગીન છે....?

બત્રીસ પ્રિયાઓનો સમૂહ આજે શુષ્ક અને નિરાધાર કેમ જણાય છે?

એ આનંદમંગલ અને ઉત્સવના ગીતો ક્યારે ગવાશે ? એ રસભરી કવિતાઓની ઝલક ક્યારે નીહાળવા મળશે....!

ભદ્રા શેઠાણી પાછાં રડી પડયાં....

ભદ્રા શેઠાણીની આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે.... સાંત્વન આપનાર કોઈ નથી....

આટલી સમૃદ્ધિ, સુખ અને વૈભવ વચ્ચે રહેનારો શાલિભદ્ર આજ કંઈ કહેતો નથી....વિચારોના વંટોળમાં ખોવાઈ ગયો છે....!

દાસદાસીઓ મૌન બનીને ઊભા છે....નથી કોઈના ચહેરા પર ફરકતું મંદમંદ હાસ્ય....

જાણે અંધકાર ભાસી રહ્યો હતો.

ભદ્રા શેઠાણી પુત્રની નજદીક આવ્યા. શાલિભદ્ર વિચારમગ્ન વદને આસન પર બેઠો હતો.

ભદ્રા શેઠાણી રડી ઊઠયાં....

આંખમાંથી આંસુ ચાલ્યાં ગયાં....

અને કરુણ ભાવે રડતા રડતા માંડ બોલી શક્યા :

'શાલિભદ્ર,'

શાલિભદ્રે માતાની સામે દૃષ્ટિ કરી....માતાની આંખમાંથી આંસુ જોઈને શાલિભદ્ર થોડો વિહ્વળ બન્યો અને વિનયવત્ બનીને કહ્યું : 'માતાજી, આપ ઉપર મારા ખંડમાં આવ્યા ?'

'હા....શાલિભદ્ર, આજ મારે રડતા હૈયે તારી પાસે આવવું પડ્યું છે....! તારા ચહેરા પર વિષાદની છાયા નીહાળવા આવી છું....પણ....' ભદ્રાશેઠાણી આગળ બોલી શકયા નહિ.

શાલિભદ્રએ માતા સામે જોઇને કહ્યું : 'માતાજી, આપ શું કહેવા ઇચ્છો છો ?'

'શાલિભદ્ર, આજ આઠ દિવસ થયા તારા આવાસમાં અંધકાર કેમ વ્યાપી ગયો છે ? નથી સંગીતની મધુર સુરાવલિઓ સંભળાતી...! નથી કોઈના વદન પર મધુર હાસ્ય...પુત્ર...શું હકિકત છે....? આજ મારું હૈયું ઝાલ્યું ન રહ્યું આથી હું તારી પાસે ચાલી આવી.... માનું હૈયું અતિ કોમળ હોય છે. તે પોતાના પુત્રને દુઃખી થતો જોઇ શકતી નથી....'

'માતા, આપ સ્વસ્થ થાઓ....'

'ભદ્રા શેઠાણીએ જોયું કે શ્રેણિક મહારાજા આવ્યા તે પહેલાંના શાલિભદ્રમાં અને અત્યારના શાલિભદ્રમાં ઘણો તફાવત છે.

ભદ્રા શેઠાણી સ્વસ્થ થયા....શાલિભદ્ર નો દૈદિપ્યમાન ચહેરો નીહાળ્યો....તેમાં વિષાદની રેખા જણાતી નહોતી પણ શાંત, ધીર, ગંભીરના રૂપ દેખાયા.

શાલિભદ્રના વદન પર અત્યારે જે દીપ્તિ પ્રકાશતી હતી તે જાણે કે ભોગવિલાસના શુભ્રપટ પર ત્યાગની જ્યોત્સના પથરાઈ હોય એમ જણાયું.

ભદ્રા શેઠાણી વિચારમગ્ન બન્યા. અને શાલિભદ્રની પ્રતિભા જોઈને થયું ખરો શાલિભદ્ર આ જ છે....! શ્રૃંગાર, પ્રમોદ, વૈભવવિલાસમાં રાચતો શાલિભદ્ર ચંચળ-શ્રાંત દેખાતો હતો તે જાણે બધા બંધનો તોડીને મુક્ત બન્યો હોય તેવો જણાતો હતો.

શાલિભદ્રના મુખ પર ગૌરવની છાયા વરતાતી હતી....

ભદ્રાને સત્ય હકિકતની જાણ વિચારતાં વિચારતાં થઈ...છતાં ભદ્રા શેઠાણીનું હૈયું એક માતાનું હતું.... એમનું માતૃત્વ ઊભરાઇ આવ્યું.

ભદ્રા શેઠાણીએ ભાવભર્યા સ્વરે શાંતચિત્તે કહ્યું : ‘ શાલિભદ્ર, તારામાં વૈરાગ્યની જ્યોત જાગી છે....તારો ચહેરો તેજસ્વી બન્યો છે....તું જે માર્ગે જવા ઇચ્છે છે તે સરળ નથી પણ કંટક સમાન છે....જેનું હૈયું વૈરાગ્યના ભાવથી સંપૂર્ણપણે ભરેલું હોય તે જ આ માર્ગે જાય છે....સંયમનો માર્ગ સહેલો નથી. આમ કહીને હું તારા માર્ગને રોકવા માંગતી નથી કે વિઘ્ન ઊભું કરવા માંગતી નથી....તારા પુણ્ય હજુ ઉત્તમ છે તો તું તે પુણ્યો ભોગવી લે....’

શાલિભદ્રે કહ્યું : ‘ માતાજી, સર્વત્યાગનો પંથ કઠિન હોય છે તે હું જાણું છું....હું મારી શક્તિની મર્યાદા પણ સમજું છું...પિતાજી જે માર્ગે ગયા તે માર્ગે

જવાનો પ્રયત્ન કરીશ....આપના આશીર્વાદ હશે તો કુળને કે ધર્મને કલંકિત નહિ કરું...'

શાલિભદ્રના પિતા ગોભદ્રશેઠ એક દિવસે વિરક્ત બની સંસારના સુખ તજીને ચાલી નીકળેલા. ભદ્રા શેઠાણી પુત્ર સ્નેહને કારણે રોકાઈ ગયા...ભદ્રા શેઠાણીને થયું કે શાલિભદ્ર પિતા કરતાં સવાયો નીકળશે...આમ માનીને આક્રંદ કરવાનું છોડી દીધું. પોતાની અંતરવ્યથા અંતરમાં જ સમાવી દીધી.

ભદ્રા શેઠાણી ક્યાંય સુધી બોલી શક્યાં નહિ...

અંતરમાં એક વાત નક્કી થઈ ગઈ કે શાલિભદ્ર હવે સંસારના સુખવૈભવ, ભોગવિલાસ ને સાપની કાંચળી માફક તજી દેશે અને સર્વત્યાગના પંથે ચાલ્યો જશે. આથી ભદ્રા શેઠાણીએ શાલિભદ્રને કહ્યું: 'શાલિભદ્ર, તેં હજુ સંસારના રંગરાગ જોયા નથી. સંસારનો વ્યવહાર જોયો નથી...આત્મકલ્યાણની સાધનામાં ઉતાવળ કરવી યોગ્ય નથી. આથી તું ક્રમે ક્રમે આ જંજાળનો ત્યાગ કર તે વધુ યોગ્ય ગણાશે...!'

શાલિભદ્રને આ સલાહ યોગ્ય લાગી.

રાજગૃહી નગરીમાં ધર્મઘોષ મુનિ વિચરતા વિચરતા ફરીને અણુચિંતવેલ–ઓચિંતા નગરીના ઉદ્યાનમાં પધાર્યા હતા. નગરીના હજારો લોકો દર્શનાર્થે જતા હતા અને દેશના સાંભળતા....

મહારાજા શ્રેણિક પણ પોતાના પરિવાર સાથે દર્સનાર્થે ગયા હતા. ધર્મઘોષ મુનિ મહારાજ અતિ પ્રતિભાશાળી અને અત્યંત જ્ઞાની હતા.

શ્રેણિક મહારાજે પરિવાર સાથે વંદન કર્યું અને કંઇક દેશના આપવા જણાવ્યું. શાલિભદ્ર પણ ત્યાં આવી પહોંચ્યા જે સુખોપભોગમાં રચ્યોપચ્યો રહેલો જીવ આજ નગરીમાં મહારાજને વંદન કરવા અને દેશના સાંભળવા આવ્યો હતો. હજારો નગરજનો શાંતિથી બેઠા હતા.

ભદ્રા શેઠાણી પણ આવ્યાં હતાં.

ધન્નાનો પરિવાર પણ ધર્મદેશના સાંભળવા અર્થે આવેલ હતો.

ધર્મઘોષ મુનિ મહારાજાએ પોતાનું પ્રભાવક પ્રવચન આપતાં કહ્યું : ' ભાગ્યવંતો, સંસાર ચાલ્યો જાય છે.... એની ગતિ અવિરત છે....સંસારના સુખોપભોગમાં રાચતો માનવી ક્યારેય પણ આત્મકલ્યાણની સાધના કરી શકતો નથી. જે લોકો સંપત્તિ, રૂપ, યૌવન, દેહ વગેરેનું અનિત્ય સમજી શકતા નથી. તે લોકો જ એની પાછળ દોડતા હોય છે....પરંતુ જેના જ્ઞાનરૂપી અંતરચક્ષુ મુક્ત થયા હોય છે. તે સમૃદ્ધિ, રૂપ, યૌવન કે કાયાની અનિત્યતા જોઇ શકે છે. અને તેથી જ પરિગ્રહથી દૂર રહી બને તેટલું છોડતા હોય છે....કારણ કે જ્ઞાની ભવ્યાત્માઓ સમજે છે કે સર્વત્યાગ વગર શાશ્વત સુખ પ્રાપ્ત થવાનું નથી. માનવીના પરિણામો પણ જ્યાં સુધી તત્ત્વદૃષ્ટિ સાધે નહિ ત્યાં સુધી પરિવર્તન પામ્યા કરે છે. જે આજ ગમતું હોય છે તે આવતી કાલે અણગમતું થઇ પડે છે. જે ગઈ કાલે ઉત્તમ જણાતું હતું તે આજ ત્યાજ્ય થઈ પડે છે. સંસારના સુખોને સાપની કાંચળી માફક ત્યજીને સર્વત્યાગના પંથે જનારા માનવીનું અંતર દૃઢ અને વૈરાગ્યથી સંચિત હોય છે....'

અને ધર્મઘોષ મહારાજાએ ધર્મદેશના પુરી કરી

શાલિભદ્ર રડી ઊઠચો.

શાલિભદ્રની આંખમાંથી આંસુઓની ધારા વહેવા લાગી...તેના અંતરમાં વૈરાગ્યની ભાવના મુનિમહારાજના

પ્રવચન બાદ મજબૂત બની પણ આજ દિવસ સુધી સંસારના સુખોપભોગમાં રચ્યોપચ્યો રહેવાથી મુક્તિનું ગાન, આત્મકલ્યાણની વાણી સાંભળી શકયો નહોતો....

આજ શાલિભદ્રને વૈરાગ્યનું સુખ અતિ દિવ્ય અને મધુર લાગ્યું....

સૌ નગરજનો વિદાય થવા લાગ્યા.

શ્રેણિક મહારાજા પોતાના પરિવાર સાથે વિદાય થયા. શાલિભદ્રે મુનિ મહારાજ પાસે જને વિનયવત પ્રણામ કર્યા અને ભાવભર્યા સ્વરે કહ્યું : ' મહારાજ, અમારા નાથ કોણ....? '

' ભદ્રે, જયાં સુધી તું સંસારમાં છો ત્યાં સુધી તારા નગરીના મહારાજા તારા નાથ કે સ્વામી ગણાય છે જયારે જિનેશ્વરના સંયમથી સેવકભાવ થતો નથી....એટલે કે તારા પર સ્વામી ભાવ રૂપે શ્રેણિક છે.... તો તે સંયમ લેવાથી ન થાય....'

અને શાલિભદ્રના હૈયામાં અપૂર્વ વૈરાગ્યભાવ પેદા થયો અને ભાવમંગલની પ્રાપ્તિ થઈ.

શાલિભદ્ર પોતાની માતા સાથે ભવન પર પાછો આવ્યો. તેના હૈયામાં વૈરાગ્યનો દીપક પ્રગટી ઊઠયો હતો. તે રોજ એક પછી એક શય્યાનો ત્યાગ કરતો હતો.... તે કઠણ શય્યામાં સુઈ શકાય તે રીતે શરીરને કેળવવા લાગ્યો.

તે સમયે પુણ્યયોગે કેવળજ્ઞાન-વિલાસી શ્રી વીર ભગવંત મહાવીર સ્વામી સમવસર્યા.

નગરીમાં જ્યારે ધર્મઘોષસુરિના પ્રવચન સાંભળવા માટે ધન્ના શેઠ પરિવાર સાથે ગયા હતા ત્યારથી ધન્ના અંતરમાં તપ, સંયમ અને ઉપશળ એજ માનવજીવનની સમૃદ્ધિ છે. છેલ્લા ઘણા વખતથી તેઓ વિચારમગ્ન રહેતા હતા. તે ધર્મઘોષસુરિના પ્રવચન બાદ જાણી લીધું કે સંસારમાં સુખોપભોગમાં રાચતો માનવી અનંત સુખ મેળવવા પ્રયત્નો કરતો નથી....

ધન્ના શેઠને જીવનનું તત્ત્વ સમજાઈ ગયું હતું...

તે દિવસથી ધન્ના શેઠ પ્રથમની જેમ જ સૌ સાથે વાર્તાલાપ કરે છે...મુખ પર કોઈ ભાવ પ્રગટ કરતાં નથી જેથી તેમની દરેક પ્રિયાને દુઃખ થાય, સંતાપ થાય. શ્રેણિક મહારાજાની રાજસભામાં નિયમિત જાય છે. રાજકાર્યમાં ભાગ લે છે...

પ્રાતઃકાર્યથી નિવૃત્ત થઈને ધન્નો વિશાળ સ્નાનગૃહમાં સુવર્ણજડિત આસન પર સ્નાન અર્થે બિરાજ્યો હતો.

ધન્નાની આઠેય પ્રિયાઓ ધન્નાને સ્નાન કરાવવા અર્થે આવી હતી.

એક પાત્રમાં ઉષ્ણજળ હતું બીજા પાત્રમાં શીતલ જળ હતું.

વાતાવરણ શાંત હતું. પક્ષીઓનો કલરવ સંભળાતો હતો. દિવસના પ્રથમ પ્રહરની બીજી ઘટિકા ચાલી રહી હતી....

શાલિભદ્રની બહેન સુભદ્રા ધન્નાને શરીરે અભ્યંગન કરી રહી હતી.

ધન્ના શરીરે અભ્યંગન કરતાં કરતાં સુભદ્રા શાલિભદ્રના વિચારે ચડી અને તે જાણતી હતી કે થોડા દિવસોમાં પોતાનો પ્રિય ભાઈ સર્વત્યાગના માર્ગે જઈ રહ્યો છે.

સુભદ્રાની આંખમાંથી આંસુ પડવા લાગ્યા.

સુભદ્રાના મોતી જેવા આંસુ ધન્નાના શરીર પર પડવાથી ધન્નાએ સુભદ્રા સામે જોઈને કહ્યું : 'કેમ પ્રિયે ? આજ તારી આંખમાંથી અશ્રુ ટપકે છે ? શું કોઈએ તારું અપમાન કર્યું ? '

સુભદ્રા રડતી રહી....

ધન્નાએ ફરીને એ સવાલ પૂછયો ત્યારે સુભદ્રાએ ભાવભર્યા સ્વરે કહ્યું : 'સ્વામી, આપ મારા નાથ છો ત્યાં સુધી મારું અપમાન કોણ કરી શકવાનું છે ? મારા એકના એક ભાઈ શાલિભદ્ર સર્વત્યાગના પંથે જવા તૈયાર થયા છે. સંયમના માર્ગે જઇ રહ્યા છે. તેઓ દરરોજ એક એક શય્યાનો ત્યાગ કરે છે....અનેક સુખો વચ્ચે રહેલો મારો ભાઈ સંયમના માર્ગને અપનાવી રહ્યો છે....'

'પ્રિયે, તારો ભાઈ તો કાયર અને ડરપોક છે.... જ્યાં ક્ષણની ખબર નથી ત્યાં બત્રીસ બત્રીસ પત્નીઓ માટે બત્રીસ દિવસ સુધી રાહ જોશે....ખરેખર તારા ભાઈને સંયમનો માર્ગ પકડવો છે તો શા માટે એકી

સાથે બધી સ્ત્રીઓનો ત્યાગ કરતો નથી....?'

સુભદ્રાએ કહ્યું: 'સ્વામી, આમ કહેવું સહેલું છે કરવું દોહ્યલું છે. જો આપ શૂરવીર જ છો તો તમે સાધુ કેમ થતા નથી?' આ તો અનુભવ વિના સમજાય નહિ. કરી જુઓ તો ખબર પડે.'

ધન્નાને નિમિત્ત જોઈતું હતું તેણે ઉત્તર આપ્યો: 'લે ત્યારે મેં આઠેને છોડી....હું આટલી જ રાહ જોતો હતો....'

એમ કહીને આસન પરથી ઊભા થઈ ગયા.

સુભદ્રા રડી પડી....જાણે માથા પર વજ્રપ્રહાર થયો હોય તેવું લાગ્યું.

ધન્ના સામે જોઈને કહ્યું: 'સ્વામી, હું તો મજાક કરી રહી હતી...ખરેખર તમે તમારા બોલ સાચા ઠેરવ્યા... અરેરે....સ્વામી, આપ મારા વચનો પર વિશ્વાસ કરો નહિ....મને એનો વિરહ સહી શકાશે નહિ...હે પ્રાણેશ તમારો નિર્ણય અફર હશે તો હું પણ પ્રવજ્યા ગ્રહણ કરીશ.'

ધન્ના સ્નાનાગારમાંથી પહેરેલા વસ્ત્રે ચાલી નીકળ્યા અને ભવન બહાર નીકળ્યા. સુભદ્રા અને સોમશ્રી ભવનદ્વાર પાસે ઊભા રહીને સ્વામીને જતા જોઇ રહ્યા.

ધન્નાશેઠ તરત જ શાલિભદ્રના ભવન પર પહોંચ્યા અને સહેજ ઊંચા અવાજે કહ્યું: 'ચાલવું હોય તો મારી સાથે ચાલી નીકળો....ક્ષણનો પણ ભરોસો નથી,

ત્યાં આપ બત્રીસ દહાડાનો ભરોસો કરીને કેમ બેઠા છો ? સંયમની રઢ લઈને બેઠેલા ને વળી એકએકના ત્યાગ શોભતા હશે ? ત્યાગભાવના જાગી એટલે સર્વથા ત્યાગ....!

શાલિભદ્ર તરત જ નીચે ઉતર્યા.

ભદ્રા શેઠાણીએ બન્નેને રોકયા ઘણું સમજાવ્યા પણ ધન્ના, શાલિભદ્ર ન સમજ્યા જેના અંતરમાં વૈરાગ્યનો પ્રકાશ પ્રગટી ઊઠયો હોય ત્યારે સંસારના સુખોપભોગ પાંગળા જણાવા માંડે છે.

શાલિભદ્રને પોતાની નિબળતા જણાયી શાલિભદ્રને મનમાં થયું કે ખરેખર ધન્ના શેઠે મને પરાજીત કર્યો છે. હોડમાં મારી આગળ નીકળી ગયા.

બન્ને સાથે નીકળી પડયા.

ચૈત્યાલયોમાં જીનેશ્વર ભગવંતોની ઉત્તમ પ્રકારની પૂજા–પ્રભાવના કરાવી. દાનની ધારાઓ વહેવડાવવામાં આવી જયાં વીર ભગવંત સમવસરણમાં હતા ત્યાં બન્ને પહોંચ્યા ત્યારે સુભદ્રા અને ધન્નાની સાતેય પત્નીઓ વૈરાગ્યના પંથને ઉજવાળવા નીકળી પડયા હતા.

દેવતાઓની સાક્ષીએ પ્રભુએ દીક્ષા આપી....ત્યારે અમૃતથી સિંચાયા હોય તેવા આનંદિત બન્યા.

સુભદ્રાએ પ્રવજ્યા અંગિકાર કરી.

ધન્નાની અન્ય સાત પત્નીઓએ પણ સર્વત્યાગના પંથે પગલા માંડયા.

શાલિભદ્ર અને ધન્ય એ બંને મુનિઓએ દીક્ષા લીધા બાદ અગીયાર અંગોનો અભ્યાસ કર્યો. બંને ભગવંતની સાથે વિચરતા હતા. બન્નેએ કઠોર તપ આદર્યું હતું. માસક્ષમણ, બે માસ, ત્રણ માસ, પાંચ માસની આરાધા સાથે ઉપવાસ કરવા લાગ્યા. રસનો મોહ જતો રહ્યો હતો.

આમ ઉગ્ર તપશ્ચર્યાને કારણે બન્નેની કાયામાંથી રંગ ઉડી ગયો હતો. કાયાનું મોહક પણ ન રહ્યું પણ તપનું તેજ મુખ પર દૈદિપ્યમાન બન્યું.

આમ વિચરતા વિચરતા બારવર્ષના વહાણાં ચાલ્યા ગયા....

અને એક દિવસ વીરભગવંત વિચરતા વિચરતા પોતાના શિષ્ય સમુદાય સાથે રાજગૃહી આવ્યા.

રાજગૃહીમાં મહા ઉત્સવ રચાયો.

નગરીમાં પ્રભુ પધાર્યા હોવાથી નગરજનોના હૈયા હર્ષિત બન્યા.

ભદ્રાશેઠાણીને જાણવા મળ્યું કે પ્રભુ શ્રમણસંઘ સાથે રાજગૃહીના ઉદ્યાનમાં ઉતર્યા છે....ત્યારે એમનું અંતર ધન્ના અને શાલિભદ્રને નીરખવા માટે નાચી ઊઠયું.

રાજગૃહી સુધી આવનાર શાલિભદ્ર તથા ધન્ના અણુગાર પોતાને ત્યાં પગલાં કર્યા વિના ન રહે એ વાતની ભદ્રા શેઠાણીને શ્રદ્ધા હતી.

ભદ્રા શેઠાણીએ પોતાના દાસદાસીઓને અને પુત્ર-વધૂઓને ધન્ના શાલિભદ્ર મુનિના સત્કારની, સન્માનની સૂચના આપી દીધી હતી.

આજ શાલિભદ્ર અને ધન્નાને માસક્ષમણુનું પારણું હતું....

એક સાધુએ આવીને ધન્ના શાલિભદ્રને કહ્યું : ' આપશ્રીને પ્રભુ યાદ કરી રહ્યા છે....'

ધન્ના શાલિભદ્ર પ્રભુ પાસે ગયા અને પ્રભુંવદના કરી અને પ્રભુ સામે જોયું.

વીરભગવંતે શાલિભદ્ર સામે જોઇને કહ્યું : ' આજ

માતાના હસ્તનો આહાર વહોરી આવો....[૨]

શાલિભદ્ર અને ધન્ના વંદના કરીને વહોરવા માટે ચાલી નીકળ્યા.

ઘેર ઘેર ગોચરી માટે ફરતા હતા.

રાજગૃહીના માર્ગ પર બન્ને બાર વર્ષ પછી ચાલતા હતા. અતિ સમૃદ્ધ અને ભવ્ય જીવન માણી ચૂકેલા ધન્ના અને શાલિભદ્ર પર કોઇની દૃષ્ટિ નહોતી.

એક દિવસ એવો હતો કે ધન્ના શાલિભદ્રની સાહ્યબી જોઈને સૌના મસ્તક નમી પડ્યા....

પણ આજ....!

આજ ધન્ના શાલિભદ્ર રાજમાર્ગ પર ઉઘાડા પગે ગોચરી માટે ફરતા હતા. કોઈ સામે મળે તો પણ જાણતા નથી તેવા ભાવ દર્શાવીને એય તરફ ચાલ્યા જતા.

શ્રમણોને તો આ વાતનું દુઃખ લાગતું નથી અને આવી નાની ક્ષુદ્ર બાબતોની પરવા કરતાં નથી.

બન્ને શ્રમણો ભદ્રા શેઠાણીના ભવન પર પહોંચ્યા.

ત્યારે ત્યાં સૌ કોઈના સ્વાગત માટેની તૈયારી કરી રહ્યા હતા.

શાલિભદ્ર અને ધન્ના મુનિવરોએ 'ધર્મલાભ' કહ્યા પરંતુ કોઈનું ધ્યાન ન રહ્યું.

ભદ્રા શેઠાણી ધન્ના અને શાલિભદ્રના સ્વાગત માટે તૈયારી કરી રહી હતી પણ જેની રાહ પ્રતિક્ષા અને મળવાની જે ઉત્કૃષ્ટ ભાવના છે તે પોતે જ ભવનમાં એક તરફ ધર્મલાભ કહીને ઊભા છે તે તરફ ધ્યાન ગયું નહિ.

ત્યાં થોડી વારમાં ભવનમાંથી ભદ્રા શેઠાણી પરિવાર સાથે ધન્ના શાલિભદ્ર મુનિવરના દર્શન અર્થે નીકળી ત્યારે આ બંને શ્રમણોને ઓળખી શકયા નહિ. સાથોસાથ નગરીના ઉદ્યાનમાં પહોંચવા માટે ઉતાવળ થતી હતી આથી તેઓ તુરત જ નીકળી પડ્યા.

મહિનાના ઉપવાસના પારણાના દિવસે એક વખતના પોતાના જ ભવનના આંગણામાં આવનાર આ શ્રમણો થોડી વાર ત્યાં ઊભા રહ્યા.

જે ભવનમાં એક વખતે સહેજ ઇશારો થતાં વીસ-પચ્ચીસ સેવકો, દાસ દાસીઓ હાજર થઈ જતાં....જ્યાં દરરોજ કિંમતી વસ્ત્રો, અલંકારો અને ભોજનસામગ્રી

દેવલોકમાંથી ગોભદ્ર શેઠ મોકલતાં અને બીજે દિવસે નિર્માલ્ય કૂવામાં ચાલી જતી એ વૈભવના ભોક્તાઓને આજ થોડો આહાર વહોરાવનાર નહોતું....!

સંસારની લીલા અપાર છે....!

શ્રમણો ત્યાંથી પાછા ફર્યા....

બંને શ્રમણોના અંતરમાં ન તો કોઈ પ્રકારની ગ્લાનિ તે વિષાદ પ્રવેશ્યો હતો....!

પણ પ્રભુએ કહ્યું હતું કે માતાના હાથનો આહાર લઈ આવો....! એનો શું અર્થ સમજવો ?

ધન્ના અને શાલિભદ્ર રાજગૃહીના ઉદ્યાન તરફ પાછા વળ્યા શાલિભદ્ર વિચારમાં હતા 'માતાના હાથનો આહાર....એ અંગે વિચારી રહ્યા હતા.

ત્યાં સામેથી મહિયારણ આવતી હતી.

મહિયારણને થયું કે આ શ્રમણને જોઈને અંતરમાં લાગણીનો પ્રવાહ કેમ વહેવા લાગ્યો....?

માતૃત્વના તાર ઝણઝણી ઊઠયા....

મહિયારણ વિચારવા લાગી જો આ શ્રમણ આટલું મારું ગોરસ વહોરે તો હું કૃતાર્થ થઈ જાઉં....!

મહિયારણે બંને શ્રમણોને ઊભા રાખ્યા અને શાલિભદ્ર સામે જોઈને કહ્યું : 'ભગવંત, આટલું ગોરસ કૃપા કરીને વહોરશો.'

શાલિભદ્રે મહિયારણની વિનંતીનો સ્વીકાર કરી લીધો અને ગોરસ પોતાના પાત્રમાં વહોરી લીધું તે પોતાના સ્થાને જવા વિદાય થયા.

માતાના ત્યાંથી શાલિભદ્ર ખાલી હાથે પાછા ફર્યા હતા એને પ્રભુએ કહ્યું હતું કે માતાના હાથનો આહાર મળશે....તો....આ મેં ગોરસ વહોર્યું...!

શાલિભદ્ર વીર ભગવંત પાસે પહોંચીને કહે છે કે 'ભગવંત, આજે મને માતાએ વહોરાવ્યું નથી....!'

પ્રભુએ શાલિભદ્રને કહ્યું : 'જેણે તને ગોરસ વહોરાવ્યું તે નક્કી તારા ગયા ભવની માતા છે. જે મહિયારણે ભક્તિભાવથી ગોરસ વહોરાવ્યું તે તારા ગત જન્મની માતા જ હતી....માતા પાસેથી આહાર વહોરી લાવો તેનો અર્થ હવે તને સમજાશે.'

ત્યાર પછી વિચારણા કરતાં પ્રભુને પ્રણામ કરતાં શાલિભદ્રને જાતિ સ્મરણ જ્ઞાન થયું.

ગતભવની માતાએ કહી વહોરાવ્યું તેનાથી શાલિભદ્રે પારણું કરી લીધું.

ભદ્રા માતા આખો દિવસ પ્રતિક્ષા કરતાં બેસી રહ્યા. એમને કોણ કહે કે જેમની તમે પ્રતિક્ષા કરો છો તે તો આંગણે આવીને આહાર લીધા વિના ચાલ્યા ગયા. જેની તમે સ્વાગત માટે તૈયાર કરી છે તે તો ચાલ્યા ગયા છે....

પરંતુ જ્યારે બીજે દિવસે જાણવા મળ્યું કે ધન્ના શાલિભદ્ર પોતાના આંગણે આવ્યા હતા પરંતુ આહાર લીધા વિના પાછા ફરેલ છે ત્યારે ભદ્રા શેઠાણી મૂર્છિત બની ગયા અને ઊંડો આઘાત અનુભવ્યો.

આ તરફ ધન્ના અને શાલિભદ્રે પ્રભુ પાસે અનસન કરવાની આજ્ઞા માંગી. પ્રભુએ અનુમતિ આપી.

ભદ્રા શેઠાણી કલ્પાંત કરતાં કરતાં રાજગૃહીના ઉદ્યાનમાં આવ્યાં ત્યારે તેઓને જાણવા મળ્યું કે શાલિભદ્ર અને ધન્ના અણગાર વૈભારગિરિ પર અનસન આદરીને ક્યારનાંય કાયોત્સર્ગમાં સ્થિર બની ગયા છે.

પ્રભુએ ભદ્રા શેઠાણીને કહ્યું: 'તારા ભવન પર ધન્ના મુનિ અને શાલિભદ્ર મુનિ આવ્યા હતા પણ માર્ગમાં પૂર્વજન્મની મહિયારી માતાએ દહીં વહોરાવીને પારણું કરાવ્યું.'

ભદ્રા શેઠાણીના અંતરમાં આંગણે આવેલા પુત્રને

ઓળખી ન શકયાનું દુઃખ રહી ગયું....

ભદ્રા શેઠાણી તરત જ જયાં અનસન વ્રત લઈને બેઠેલા ધન્ના શાલિભદ્ર પાસે આવ્યા. દૂરથી બન્ને વાંદ્યા, વિનવ્યા અને અંતરની ઊર્મિ રજૂ કરી અને કહ્યું : 'ભવનમાં આવેલા પુત્રને મેં ઓળખ્યો નહિ....ખરેખર મહિયારણ તે તારી કૃતાર્થ માતા છે....જેણે માર્ગમાં તને દહીં વહોરાવ્યું...' સુખોપભોગમાં તું ઉછર્યો છે.... તેં દુઃખ જોયું નથી....કયાં તરુણીઓના તરંગવાળા સંગીતના મધુર શબ્દો અને કયાં વનવગડામાં વિકરાળ પ્રાણીઓના ચિત્કાર ભર્યા અવાજો....' તું આવા દુઃખો કઈ રીતે સહી શકે છે....? '

ત્યારપછી ધન્નાને સંબોધીને કહે છે : ' હે ધન્ય, તું પણ નામ પ્રમાણે ધન્ય છે....અતિ પુણ્યવંત એવા શાલિભદ્રને તે એકલા ન મૂકયા....'

આમ અતિવિલાપ કરીને ભદ્રા શેઠાણી સંધ્યા સમયે પોતાના ભવન પર પાછી ફરી....

ભદ્રા શેઠાણીના અંતરમાં ત્યાગનો દીવડો જાગ્યો. વૈરાગ્ય જાગ્યો અને પ્રવ્રજ્યા ગ્રહણ કરી....સંસારના સુખોપભોગનો ત્યાગ કરીને મુક્તિના માર્ગે ચાલી નીકળ્યા.

બંને મુનિવરો મેરુ પર્વતની જેમ અતિ સ્થિર,

શુકલધ્યાન કરતાં તેમાં જ એકાગ્ર રંગવાળા ઉપસર્ગ-સમૂહના સંસર્ગમાર્ગમાં સ્વભાવથી જ લેશ માત્ર ચલાયમાન ન થયા.

આ પ્રમાણે બન્ને ક્ષીણ આયુષ્યવાળા થયા એટલે તે બન્ને શુભાધ્યાનના બળે સર્વાર્થસિદ્ધિ પામ્યા. ઉત્તમ પ્રકારના દેવ થયા.

કાળક્રમે કેવળજ્ઞાન પામીને મુક્તિને વરશે.

# ઉપસંહાર

ધન્ના શાલિભદ્ર જેમ સુખ વૈભવવિલાસ માણી શકયા તે પ્રમાણે તે રાગના ત્યાગી બન્યા અને ધન્ના શેઠે સંસારત્યાગ કરતાં ક્ષણ માત્રની વાર ન લગાડી...

રાજગૃહી નગરીમાં ધન્ના શાલિભદ્રની રાગ ત્યાગની વાત સાંભળીને અનેક લોકો સર્વત્યાગના માર્ગે ગયા.

મહારાજા શ્રેણિક ધર્મ પ્રત્યે દૃઢ ભાવનાવાળા બન્યા.

સંસારની આરાધનાનો પુરૂષાર્થ ભવભ્રમણના વિષ-ચક્રમાં માનવીને દોરી જાય છે.

મુક્તિની આરાધના જન્મ-મરણ પરના મહાવિજય તરફ માનવીને દોરી જાય છે.

એક આરાધના ક્ષણિક, નાશવંત અને બંધનના વિષથી સભર છે.

બીજી આરાધના પરમ સુખ, પરમ આનંદ અને પરમમંગલથી સમૃદ્ધ બનેલી છે.

[ સમાપ્ત ]

નવયુગ પુસ્તક ભંડાર
રાજકોટ

જેકેટ – સર્વોદય પ્રિન્ટરી
રાજકોટ.

શ્રી વસ
સાર્વજનિ
૨૮